**રાજેન્દ્રકોષના અજવાળા**

પ્રવચન પ્રવાહ
મુનિ શ્રી **વૈભવરત્નવિજય** મ.સા.

............................................................................................................

## મોહ મલ્લને વિદારો

આખુય જગત મોહના મહાસમ્રાજ્યમાં લપટાઈને ગુમરાહ બની ગયું છે, તારક તીર્થંકર પરમાત્માઓ મોહમલ્લનું વિદારણ કરીને તેની ગુલામીની જંજીરોમાંથી કાયમ માટે મુક્ત થવાનું કહી રહ્યા છે. પરમાત્મા આ જ એકાંતિક અને આત્યંતિક આજ્ઞા છે. તેના માટે પ્રચંડ પુરૂષાર્થ કરવો અનિવાર્ય છે. મોહની જંજીરોમાં જકડાયેલા આત્માને તેમાંથી છૂટવુ સહેલું નથી. મોહની મોહનીય જાળમાં ફસાયેલો કહે છે કે હું મોહ છોડી દઉં, એમ કાંઈ મોહ છૂટી ન જાય, તેના માટે પ્રચંડ પુરૂષાર્થની આવશ્યકતા છે, કોઈક ચાર ગુંડા કે મવાલીના હાથમાં પકડાઈ ગયા પછી, એના તાબામાં આવી ગયા પછી તમે એમને કહો કે મને છોડી દો. શું એટલા માત્રથી તમને છોડી દે ? ના, તેના માટે પ્રચંડ પુરૂષાર્થ કરવો પડે. તે સિવાય તેની પકક્ડમાંથી બહાર આવવું ઘણું દુશ્કર છે.

આજે તો બહુ દયનીય પરિસ્થિતિ છે. પોતનો જાની દુશ્મન એવા મોહને જ દોસ્ત માની બેઠા છીએ. હકીકતમાં જે મિત્ર છે તેને દુશ્મન અને દુશ્મનને મિત્ર માની બેઠા છીએ.

ચાતુર્માસના ચાર મહિના આરાધના માટે મળ્યા હોય, આ ચાર મહિનામાંથી આરાધના કરીએ માત્ર દોઢ મહીનો એટલે કે પર્યુષણ સુધી અને એમાં મજબુત મોહની પક્કડમાંથી છૂટવાનો પ્રચંડ પુરૂષાર્થ કરવાનો દાવો કરીએ એ શું વ્યાજબી છે ?

**સભા :** ના ! ગુરૂદેવ, પણ વિક્ષેપો બહુ આવે છે.

**સાહેબજી :** એક વસ્તુ સમજી રાખવા જેવી છે કે કલ્યાણકારી કાર્યો હંમેશા વિઘ્નોથી ભરેલા હોય છે. નીતિ શાસ્ત્રોમાં લખ્યું છે કે **શ્રેયાંસ બહુ વિઘ્નાનિ** કલ્યાણના માર્ગમાં જ વિઘ્નોની વણઝાર પેદા થાય છે, તમે આટલા વિઘ્નોથી કે વિક્ષેપથી ડરી જાવ અને પીછેહઠ કરો તો મોહનો સંગ્રામ જીતવો તમારા માટે અતિદુષ્કર બનશે. આ સંગ્રામ માટે જ્ઞાનની અતિ જરૂરિઆત છે, જ્ઞાનના અભાવના કારણે આરાધનામાં વેગ આવતો નથી. વિઘ્નો વિક્ષેપોથી પેલે પાર જવાતુ નથી, વચ્ચે જ અટકી પડાય છે, હકીકતમાં જોવા જઈએ તો માત્ર જ્ઞાનથી જ મોક્ષ ન પમાય, જે કોઈ જ્ઞાન છે. તે મોક્ષની રૂચિવાળું હોવું જોઈએ, નહિ તો ઘણા એવા

અજ્ઞાની જીવો છે કે જેને બીજા ત્રીજા વિષયનું ઘણું જ્ઞાન છે અને યાવત્ મોક્ષમાર્ગનું પણ જ્ઞાન છે. પણ એ જ્ઞાનમાં અભિરૂચિ ન હોવાથી તે અધ્યાત્મનું જ્ઞાન એનું કલ્યાણ કરનાર નથી. એક વસ્તુ લખી રાખજો કે જેને મોક્ષની રૂચિ છે. તેનો આત્મિક વિકાસ શીઘ્રતાથી આગળ વધશે. માટે કોઈક જગ્યાએ કહ્યું છે કે મોક્ષરૂચિવાળો પાપી કષાઈ પણ સારો છે. મોક્ષરૂચિ વગરનો ધર્મીમાનવ પણ નકામો છે. કારણ કે પેલાની પ્રવૃતિ દેખાવે પાપવાળી છે. પણ મનથી એની રૂચિ મોક્ષ તરફની હોવાથી પ્રવૃત્તિ પોતે નથી કરતો પણ કર્મશત્રુ એને આવી પ્રવૃતિ કરવા મજબૂર કરે છે અને ધર્મી માનવની પ્રવૃતિ દેખાવે ધર્મવાળી દેખાય છે પણ હકીકતમાં મનમાં સંસારિક રૂચિ બેઠેલી છે, જે તેના સંસારને લીલોછમ રાખે છે. આપણે તો સંસારની લીલીછમ માયા સુકવી નાખવી છે માટે પ્રવૃત્તિ કરતા  વૃત્તિની વિચરણા આધ્યાત્મ માર્ગમાં અતિ વિચરણીય છે.

**સભા :** સાહેબ અમારા પુરૂષાર્થમાં આત્મિક રૂચિ નથી ભળતી તો શું કરવાનું ?

**સાહેબજી :** પુરૂષાર્થ વગર કોઈને કશું મળ્યું નથી, અને મળવાનું પણ નથી. પુરૂષાર્થ માં ક્યાંક ને ક્યાંક ખામી ચોક્કસ જણાઈ રહી છે. જેથી આત્મિકરૂચિનું પ્રગટીકરણ નથી દેખાતું. આજ સુધી આ જીવ સંસારમાં રખડયો છે, રઝળ્યો છે. કારણ કે તેને અવળો પુરૂષાર્થ કર્યો છે. કદાચ અધ્યાત્મિક પુરૂષાર્થ કર્યો છે તો પણ તેમાં આત્મિક રૂચિ ન ભળવાના કારણે તે પુરૂષાર્થની સાધ્નાએ આપણને સિધ્ધિ ન અપાવી.

સિધ્ધિનો અર્થ તમને ખબર છે કે શું થાય છે ? કારણ કે, તમે સિધ્ધિ એટલે પેલી શાલીભદ્રની રિધ્ધિ સિધ્ધિ નહીં સમજતા. અહીં સિધ્ધિનો અર્થ થાય છે મોક્ષ. તમારા અનુષ્ઠાનોમાં માટે તમને પૂછું છું સાચો જવાબ આપજો.

**સાહેબજી :** તમારા અનુષ્ઠાનોમાં ધર્મ વધે કે સંસાર વધે ?

**સભા :** સંસાર.......

**સાહેબજી :** તમે સાચુ બોલ્યા, કારણ કે તમારૂં લક્ષ જ સંસાર તરફનું છે.

તમારો ભાવ જે તરફનો હોય તે તરફ તમારી ગતિ થવાની. જો ખરેખર સંસારને ઓગળી નાખવો હોય, સંસારને મોળો પાડવો હોય તો સંકલ્પ કરો કે મારી આરાધના એક પણ પરમાત્માની આજ્ઞા વિરુધ્ધની ન હોવી જોઈએ. કારણ કે પરમાત્માની આજ્ઞા જ ભવસાગરથી આત્માને ઉગારે છે. હા ! પરમાત્માની આજ્ઞા વગરની આરાધના પણ એક પ્રકારની વિરાધના જ છે માટે તમારે એમ બોલવું પડશે કે મારી આરાધના પ્રભુ આજ્ઞામાં વસેલી હોવી જાઈએ.

લોગસ્સ સૂત્રમાં કહ્યું છે કે, **આરૂગ્ગબોહિલાભં સમાહિવરંમુતમંદિંતુ,** તમે એનો અર્થ જાણો છો ?

**સભા** : આપ જણાવો.

**સાહેબજી** : એ તો મને ખબર છે કે હું આ અભણોની સભામાં બેઠો છું. આટલી જિંદગીના વર્ષોમાં તમને એક વાક્યનો પણ અર્થ આવડતો નથી, ખાલી ધર્મ નામે રૂઆબ કરી જાણો છો. આ વાક્યનો અર્થ કરતા મહાપુરૂષો કહે છે કે, હે પરમાત્મા ! તમારી આ સ્તવના દ્વારા મને બોધિરૂપ આરોગ્યની પ્રાપ્તિ થાવ, બોધિ એટલે સમ્યગ્દર્શન, જ્યાં સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. ત્યાં આરાધનાનું કોઈ મુલ્ય નથી. બધી આરાધનાઓ એકડા વગરના મીંડા જેવી છે. શૂન્યની મોટી ભરમાર લાગેલી હોય તોય એની કોઈ કિંમત ખરી? અને જો માત્ર એકડો આગળ બેસી જાય તો એની કિંમત લાખો કરોડો ઘણી થઈ જાય છે. તેમ સમ્યગ્દર્શન યુક્ત કરાયેલી આરાધના પણ એકડાની સાથે મીંડાની જેમ ઘણી મૂલ્યવાન બની જાય છે. જો કે આત્મામાં સમ્યગ્

દર્શન પ્રગટ નથી થયુ. તે આત્મા જૈનશાસનની બહાર ગણાય છે. તત્ત્વતઃ તેનો જૈન શાસનમાં કોઈ પ્રવેશ નથી. તમારી જાતને જો ધર્મી માનીને બેઠા હો તો સમજી રાખજો કે સમ્યગ્દર્શનના ઠેકાણા નથી અને ધર્માત્મા તરીકે ઓળખાવાને ડોળ કરવો એ એક પ્રકારનો માયા મૃષાવાદ સેવી રહ્યા છો. જેનું ભયંકર પાપ તમને બંધાઈ રહ્યું છે. અહીં આપણે આરોગ્ય મેળવવા આવીએ છીએ પણ તમે આરોગ્ય બગાડીને જાવ છો. જ્યાં સુધી આત્મામાંથી મિથ્યાત્વની ગંદકી દૂર નહીં કરો ત્યાં સુધી આત્માને આરોગ્ય પ્રાપ્ત થવું અતિદુષ્કર છે.

આગળ વધીને લોગસ્સસૂત્રમાં પરમાત્માની સ્તવના કરતા કહે છે કે **ચંદેસુ નિમ્મલયરા** એટલે કે હે પરમાત્મા ! તમે ચંદ્ર કરતા પણ અતિ નિર્મળ અને શીતળ છો. ભગવાન ! તમારી સ્તવના દ્વારા અમારી અંદર પણ આવી નિર્મળતા અને શીતળતા પ્રગટ થાવો. પ્રભો ! અમે કષાયોની આગમાં શેકાઈ ગયા છીએ, તમારા સિવાય અમારો કોઈ સહારો નથી. આ જગતમાં રહેલ શીતળમાં શીતળ ચંદ્ર પણ અમારી આગને ઠારી નથી શકતો. જો શીતળતા આપી શકો તો પ્રભો આપની અસીમ કૃપા જ અમારા પર શીતળતા પાથરી શકે છે.

**સાહેબજી** : તમારે શીતળ બનવું છે ને કે ગરમ રહેવું છે.

**સભા** : સાહેબ, બનવું જ હોય ને !

**સહેબજી** : તો સમ્યગ્દર્શન જેના મૂળમાં છે તેવી ધર્મ આરાધનાઓ માટે પુરૂષાર્થ કરો.

ત્યારપછી લોગસ્સમાં કહ્યું છે કે તીર્થંકરો કેવા છે ? **આઇચ્ચેસુ અહિયં પયાસયરા** પેલા સૂર્યની તેજસ્વીતા માત્ર બહારના અજવાળા પાથરે છે. જ્યારે પરમાત્માના પરમતત્ત્વની તેજસ્વીતા અંતર આત્મામાં પડેલા અંધકારને ચીરીને જ્ઞાનના અજવાળા પાથરે છે. માટે

પરમાત્મા તમે આદિત્ય કરતા પણ અધિક પ્રકાશ કરનારા છો. આ સ્તુતિ કરવા આ જ વાક્યનુ રટણ કરનારો સાધક તેના આત્મામાં પડેલ અજ્ઞાનનાં અંધકારને ચીરીને જ્ઞાનન પ્રકાશ તરફ નક્કી પ્રયાણ કરી જાય છે.

**સાગરવર ગંભીરા** : હે પ્રભો તમે તો સાગરથી પણ વધારે ગંભીર છો કારણ કે સાગર તો ઘણી વાર પોતાનામાં કેટલી તાકાત છે. તેનો પડકાર મોજાની છોળો ઉછાળીને અનુભૂતિ કરાવવાનો મિથ્યાપ્રયાસ કરી બસે છે. પરમાત્મા ! તમારી ગંભીરતા જાણવા માટે તમે ક્યારેય તમારા ભક્તને આવી આસુરીશક્તિઓના ચમત્કારો બતાવવાનો મિથ્યાપ્રયાસ નથી કર્યો, શાને કરવો પડે ? કારણ કે તમારી અદ્ભુત દેહયષ્ટિ અને મુખારવિંદ ફેલાવતો તેજપૂંજ જ તમે અતીવ ગંભીર છો તેમ કહી જાય છે.

**સિધ્ધા સિધ્ધં મમ દિસંતુ** : અને છેલ્લી પ્રાર્થના લોગસ્સસૂત્રમાં સિધ્ધ-તીર્થંકરોને અનુલક્ષીને કરવામાં આવી છે કે હે સિધ્ધ-તીર્થંકરો મને પણ તમારા જેવી સિધ્ધિ આપજો, એટલે કે સિધ્ધપણુ આપજો !

પ્રભુ ! આપનું દર્શન મારા આત્મામાં આત્મદર્શન કરાવનારૂં બને ! આપનું દર્શન મોહના અનંતશઃ પર્યાયને છેદનારૂં બને. મારી દૃષ્ટિમાં એવી સૃષ્ટિનું સર્જન કરજો કે મને સર્વ ત્ર તુંહિતુહિનો નાદ ગુંજતો રહે, કારણ કે આજ સુધી મારી દૃષ્ટિનો મારા માટે ઉપયોગ કર્યો જ નથી. પણ બીજાઓ શું કરે છે તે જ જોયા કર્યું છે. ભગવાન ! તમારા દર્શન કરવા આવું છું તો પણ તમારા આંતર ગુણ વૈભવને જોવા કરતા પુદ્ગલમય તમારી અષ્ટપ્રતિહાર્યની શોભાને જ જોતો રહ્યો અને ઝંખતો રહ્યો છું. તેથી ફલિત થાય છે કે તમારા કરતાં પણ અધિક પ્રેમ મને પુદ્ગલમાં છે. આખરે મારી એક જ પ્રાર્થના છે કે પ્રભુ મને પુદ્ગલ જગતમાંથી બહાર કાઢીને આંતર જગતમા પ્રવેશ થાય તેવો મારા પર અનુગ્રહ કરો. ખરેખર ! તમારા વૈરાગ્ય ધીરતા ગંભીરતા ગજબ છે કે આવા અષ્ટપ્રાતિહાર્યની શોભાને ધરવા છતાં પણ જરાય તેનાથી લાલાયિત નથી. જ્યાં આખું જગત ગાંડુ છે તેવું આ અષ્ટપ્રાતિહાર્ય સ્વરૂપ કેવું અદ્ભૂત છે ?

00000000000

## અવનવી અતિશયની શોભા

**૧. અપાયાપગમાતિશય :**

પરમાત્માનો અચિન્ત્ય પ્રભાવ હોય છે. પ્રભુ પૃથ્વીતલ પર જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં કોઈ જાતના માનસિક વાચિક કાયિક દુ:ખો હોતા નથી. ઉપરોક્ત અતિશયનો અર્થ છે કે અપાય એટલે અનિચ્છિત અનિષ્ટ અને અપગમ એટલે દૂર કરવું. અર્થાત્ અપાયાપગમ એટલે દુ:ખોને દૂર કરવું તે તથા અતિશય એટલે પરમાત્માનો પ્રભાવ અર્થાત્ કોઈ પ્રકારના દુ:ખોને દૂર કરવાની તાકાત પરમાત્માના આ અતિશયમાં પડેલી છે. પ્રભુ જ્યાં વિચરે તેનાથી દશે દિશામાં એક યોજન પર્યન્ત ક્યાંક પણ મારી મરકીના ઉપદ્રવો જન્મ ન પામે.

**સાહેબજી :** બોલો, તમારે મન દુ:ખો કયા?

**સભા :** બાહ્ય સંસારના !

**સાહેબજી :** હું એ જ જાણવા માંગતો હતો કે તમે બાહ્ય ભાવમાં રમો છો કે આંતર ભાવમાં ? તમે અમારો પણ ઉપયોગ શાના માટે કરો છો ? મારા પરમતારક પરમાત્માના અને મારા પંચમહાવ્રતધારી ગુરૂદેવો તથા અહિંસા સંયમ તપમય એવા ધર્મનો ઉપયોગ માત્ર સાંસારિક સુખો મેળવવામાં અને તે સંબંધી દુ:ખો દૂર કરવામાં જ ઉપયોગ કરી રહ્યા છો. પરમાત્મા આવા બધા પ્રભાવો સાંભળામાં તમને બહુ જ આનંદ મજા આવે પણ ક્યારેય અમને એમ કહ્યું કે, સાહેબ, અમને પરમાત્માના પ્રભાવ કરતા સ્વભાવમાં રસ છે. કારણ કે પ્રભાવ તો ક્યારેય દેખાય,જ્યારે સ્વભાવ તો કાયમી દેખાય, જે પ્રભાવથી જ પ્રભાવ જ ખેંચાય છે. તે કાયમ નથી ટકતો પણ જે સ્વભાવથી ખેંચાય છે તે જ કાયમી ટકે છે.

**સાહેબજી :** બોલો તમે અમારા પ્રભાવથી ખેંચાવ કે સ્વભાવથી ?

**સભા :** અમને તો ચમત્કાર કરે તેવા બાપજી વધારે પ્રભાવશાળી લાગે.

**સાહેબજી :** હા, તમારા બધા અંદરના કાટલાઓ આવા જ છે ને ! એટલે જ તો અમે બધા જંતર મંતર, દોરા ધાગા અને દેવ દેવીની સાધનાઓ પાછળ સંયમ મૂકીને બેસી ગયા.

પુન્યશાળી ! હવે તમારી આંખો ઉઘાડો અને બાહ્યભાવમાંથી બહાર નીકળી આંતરિક દશાને પ્રગટાવાનો પ્રયત્ન કરો. કોઈક લક્ષ્યને નક્કી કરો. જેમ કોઈપણ ધંધોનો પ્રારંભ કરીએ ત્યારે કેટલો નફો આમાં થશે તે ધંધો કરનાર માણસ ગણતરી કર્યા વગર ક્યારેય કરે ? તેમ તેમ પણ પૌષધાદિ આરાધનાઓ કરો ત્યારે મને આ આરાધનાઓથી શું મળશે ? કયાં ગુણો આમાંથી પ્રગટ થશે, તે સંબંધી કેમ વિચાર નથી કરતા ? અગર તો શા માટે કોઈક લક્ષ્ય નથી બાંધતા ?

હવે જ્યારે પણ પરમાત્માના દર્શન કરવા જાઓ ત્યારે એટલું નક્કી ને કે ભગવાન તમે જ મારા ત્રાણ છો ! પ્રાણ છો ! જીવનના આધાર છો ! તમારા સિવાય હું બીજા કોઈને નમવાનો નથી. જો આ મસ્તક બધેય નમવાનું હોય તો આ મસ્તકની કોઈજ કિંમત નથી, ભલે પછી એ મસ્તક તમને નમન કરે. કારણ કે કોઈક જગ્યાએ કહ્યું છે કે **નમન નમન મેં ફેર હૈ,**

**બહુત નમે નાદાન.** નાદાન જીવો બધે મસ્તક નમાવે, હું તો પરમાત્મા તમારા જેવા દેવ પામ્યા પછી બીજા કોઈપણ દેવને નમવાનું મારૂં મન જ નથી.

તમે તો પરમાત્માની દ્રવ્યભક્તિ પણ ઠીક-ઠીક કરો છો. વળી - ઘણા જીવો તો એવા હોય કે માત્ર ને માત્ર દ્રવ્ય-ભક્તિમાં જ એમને રસ પડે. પણ સમજી રાખજો દ્રવ્યભક્તિનું આમ જોવા જઈએ તો શાસ્ત્રમાં બહુ જ ઝાઝું મૂલ્ય નથી. જે મૂલ્ય છે તે ભાવભક્તિનું મૂલ્ય છે.

આજે આપણે જિનશાસન પામ્યા. આવા પરમાત્મા પામ્યા અને અદ્‌ભૂત અવસર આપણને એમની ભક્તિ કરવાનો મળ્યો છે. પણ માનવમનની એક નબળાઈ છે કે જે નથી મળ્યું એને માંગે છે અને જે મળ્યું છે તેની એને કોઈ જ કિંમત નથી. તમે અમારા ઉપકરો વાળવા માટે ગમે તેટલું કર્યું હશે પણ ગુરૂનો કે દેવનો સાચો ઉપકાર ક્યારે વળે ? જ્યારે તમે તમારૂં જીવદળ ભાવધર્મને લાયક બનાવો. યાવત્ ભાવચરિત્ર સુધી તમારા આત્માને તમે લઈ જાઓ ત્યારે

તમને અપાયાપગમાતિશયનો અર્થ બરાબર સમજાઈ ગયો કે કીડી જેવો નાનો જીવ પણ પરમાત્માની ઉપસ્થિતિમાં કોઈપણ જાતની પીડાનો અનુભવ કરતો નથી. હવે ત્યાર પછી બીજા અતિશય તરફ આપણે આગળ વધીશું.

**૨. પૂજાતિશય :**

આ અતિશયથી પરમાત્મા જ્યાં પણ પધારે છે ત્યાં લોકોની નજરમાં પૂજનીયતાનો ભાવ પ્રગટ થાય છે, પરમાત્માની પ્રતિમા જોઈને પણ પૂજનીયતા જો આપણી અંદર પ્રગટ થઈ જતી હોય તો સાક્ષાત્ ભાવતીર્થંકરને જુએ ત્યારે સુતરામ્ આપણને તેમની પૂજા કરવાનું મન થઈ જાય, તીર્થંકરો જન્મથી પૂજાતા આવ્યા છે. જ્યારે ગર્ભમાં પ્રવેશ કર્યો ત્યારથી લઈને નિર્વા ણ સુધીના તમામ પર્યાયોમાં આત્મા લોકો પાસેથી પૂજા પામતા હોય છે. આ અતિશયના પ્રભાવે પરમાત્મામાં પૂજ્યત્વપણાનું આપણને દર્શન થાય છે. અને અતિશયયુક્ત પરમાત્માની જેઓ પૂજા કરે છે તેઓ પણ તેમના અતિશયના ભાગી બને છે.

**૩. વચનાતિશય :**

તેમની વાણી ૭૨ કલાક સુધી એક ધારી સાંભળે તો પણ સાંભળનાર શ્રોતા થાકતો નથી. ઉપરથી તેને થાય છે કે પરમાત્મા હજુ વધારે બોલે તો સારૂં, તેમના વચનાતિશયના કારણે બધા જ અલગ ભાષાના જાણકાર મનુષ્યો, તેમજ પશુસૃષ્ટિ પણ તેમની બોલાયેલી ભાષાને સમજી શકે છે, વિચાર કરો. અહીં તો એક માણસ બીજા માણસને શું કહે છે ને પલો શું સાંભળે મનુષ્ય મનુષ્ય પણ પરસ્પરની વાણી સમજી શકતા નથી. તો બીજાની તો વાત જ ક્યાં આવે ?

**સભા :** પણ સાહેબ એ તો પરમાત્મા હતા ને !

**સાહેબજી** મને ખબર છે. માટે જ તો પરમાત્મા કોઈ કહે છે ? કારણ કે આત્માના

તો ઠેકાણા નથી તો પરમાત્મા તમને વળી કોણ કહે, તમે તમારો બચાવ પક્ષ શોધી લો છો. એ પરમાત્મા છે તો તમે આત્મા તો ખરા ને ! અને તોય તમે અમારી વાત સમજી શકો છો ?

તમને વાણી ૧૨ યોજન સુધી બધાને સંભળાય છે. વાણીનો અવાજ પ્રતિધ્વનીત થઈને સુંદર રીતે શ્રોતગણ સુધી પહોંચે છે, તેમનો અવાજ મેઘનાદ જેવો ગંભીર હોય છે. તેમના વચનની તાકાત એટલી બધી અદ્‌ભૂત હોય છે કે જો જીવ લઘુકર્મી હોય અને તેની ભવિતવ્યતા પાકી ગઈ હોય તો તે અસર થયા વગર રહે નહિ. તેમના વચનની અદ્‌ભૂત તાકાત છે, કે મોહના હાંજા ગાંજા ગગડાવી મૂકે, માટે કોઈક સ્તવનમાં લખ્યું છે કે

**જિમ ત્રિભુવનપતિ સિંહાસને બેઠા,**
**તત્ખીણ મોહ દિંગતે પેઠા.**

ત્રિભુવનપતિ જેવા સિંહાસન પર બેઠા કે મોહ રાજા ભાગીને કોઈક ખૂણામાં લપાઈ ગયો, જે ખરેખર પરમાત્માની વાણીને અહીં બેસીને પણ ગંભીરતાથી સાંભળે છે. તેને સંસારના તમામ વ્યવહારો ભૂલવાની તાકાત જરૂર પ્રગટ થાય જ.

**૪. જ્ઞાનાતિશય :**

**પુષ્કરાર્વત મેઘો, દુરિત તિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ**

પરમાત્માનો જ્ઞાનાતિશય એટલે કેવળજ્ઞાન. જો કે તે પૂર્વે જન્મથી પરમાત્માનો આ અતિશય હોય છે, પરમાત્મા વિશિષ્ટ જ્ઞાનથી યુક્ત હોય છે,જ્યારે ગર્ભાવાસમાં હોય છે. ત્યારે, જન્મ થાય છે ત્યારે પરમાત્મા અવધિજ્ઞાનથી યક્ત હોય છે, દીક્ષા જીવન સ્વીકારતા પરમાત્માને કરેમિ સામાઇયંનો પાઠ ઉચ્ચારતા જ ચોથું મન:પર્યવજ્ઞાન પ્રગટ થાય છે અને છેલ્લે સમગ્ર જ્ઞાનાવરણીય કર્મનું ભેદન થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

પરમાત્મા આ જ જ્ઞાનબળે ભવિ જીવોના અજ્ઞાનના અંધકારને ઉલેચે છે, જેમ પુષ્કરાવર્ત નામનો મેઘ વરસે તો ૧૨ વર્ષ સુધી દુષ્કાળ ન પડે, મેઘ જેમ વરસે ને જમીનમાં વનસ્પતિના જાતભાતના અંકુરાઓ ફૂટે તેમ પરમાત્માની વાણી રૂપ મેઘ વરસવાથી ભવિ જીવોના બોધીબીજના અંકુરાઓ ફૂટે છે અને આખરે તે અંકુરાઓ સર્વ વિરતિરૂપ અંતિમ વટવૃક્ષના સ્વરૂપને ધારણ કરે છે.

આ ચારેય અતિશયમાં જે જ્ઞાનાતિશય છે તે તો આ જગત્ પર અદ્‌ભૂત રીતે ઉપકાર વરસાવે છે. જો કે જગતના જીવો પર તો પરમાત્માના ચારેય અતિશયો કોઈકને કોઈ રીતે તો ઉપકાર જરૂર કરે છે, જ્યારે જીવને તેની અસર બરાબર થાય છે ત્યારે તે જીવના મોહમા પડેલો ઢીલો પડે છે તે જીવ પોતના આધ્યાત્મિક વિકાસની યાત્રામાં ત્વરીતપણે વેગવાન બની જાય છે. અને તે મોહનીયની પેદાશમાંથી ઉત્પન્ન થયેલા સુખોને છોડાવે છે.

ફરી એકવાર રિપીટ કરું છુ કે અતિશય અને પ્રાતિહાર્ય એ બન્નેનો રાગ આત્માને એક પુદ્‌ગલભાવ તરફ ખેંચી જાય છે, જ્યારે તેમના ગુણરૂપ અતિશય અને પ્રાતિહાર્ય આપણને તેમના ગુણ તરફના આકર્ષણને જમાવે છે. શાસ્ત્રમાં બતાવેલા અનુષ્ઠાનો પૈકીના પ્રીતિ ભક્તિ

અને વચનઅનુષ્ઠાનનો પ્રાદુર્ભાવ પરમાત્માના આંતરિક ગુણવૈભવના આકર્ષણથી થાય છે.

જેઓએ પણ પરમાત્મતત્ત્વની સમીપ પહોંચવું છે. તેઓએ પરમાત્માનું જ્ઞાતિશયપૂર્વકનું ગુણમય એવું ધ્યાન કરવું જોઈએ.

**યૈ શાન્ત રાગ રૂરિભિ: પરમાણુભિસ્ત્વમ્ ।**
**નિર્માપિત સ્ત્રીભુવનૈક લલામભૂત ।**
**તાવન્ત એવ ખલુ તે પ્યણવ: પૃથિવ્યાં ।**
**તત્તે સમાનપરં ન હિ રૂપમસ્તિ ।।**

ભક્તામરસ્તોત્રના રચયિતા શ્રીમદ્વિજયમાનતુંગસૂરીશ્વરજી મહારાજા, પરમાત્માની સ્તવના કરતા કહે છે કે, હે ભગવાન ! આ દુનિયામાં જે પ્રશાન્તાર -ઉપશાન્ત પરમાણુઓ હતા, તે જ પરમાણુઓ દ્વારા તમારા સ્વરૂપનું નિર્માણ થયું લાગે છે. વળી તે બધા જ પરમાણુઓ તમારા નિર્માણ સ્વરૂપમાં વપરાઈ ગયા લાગે છે. કારણ કે તમારા જેવું રૂપ બીજે ક્યાંય જોવા મળતું ન હોવાથી, અને તમારા સમાન બીજું રૂપ પણ ક્યાંય દેખાતું નથી. શું આ બ્રહ્માંડમાં બીજા કોઈ પરમાણુઓ પણ નથી. કે જેથી તમારા જેવું બીજું રૂપ નથી, તમારા મુખ પર જે તેજસ્વિતા અને જે ઉપશાંતવાહિતા છે તેનો આ દુનિયામાં જોટો પણ જડે એમ નથી. સમવસરણમાં ઈન્દ્ર મહારાજા તમારા મુખની જ્યારે સ્તવના કરે છે એ સ્તવના ખરેખર અમારી રાગદશાને તોડી નાખે છે, અને વળી સદાય રાગના-ભોગના સાધનોની વચમાં રહેનારા ચક્રવર્તીઓ-વાસુદેવો અને બળદેવોની પણ રાગદશા તમારી મુખાકૃતિ જોતા ટળી જાય છે. જેથી આપના મુખ રાગમાં વિરાગ સમાયેલો છે. બહુ જ મોટું આશ્ર્વર્ય છે કે રાગ કરનારી સામગ્રીમાં પણ વિરાગ ભાવ પ્રગટે છે અને આ આશ્ર્વર્ય માત્ર ને માત્ર તમારા મુખારવિંદને જોતા જ અનુભવાય છે. હે ત્રણલોકના નાથ, હે દેવાધિદેવ પરમાત્મા ! તમારા મુખનું દર્શન અમારા માટે અવિચલપદને અપાવનારૂ બનજો.

**ભવાભિનંદીપણું :**

જે પુદ્ગલઆનંદી છે. જેને આ સંસારના ભવચક્રમાં આનંદ આવે છે, પુદ્ગલ એ જ દુનિયા છે. ભવ સંસારના અનેકવિધ નાટકોના નાચમાં જ જેને આનંદ સમાયેલો છે, શાસ્ત્રોએ તેવા લોકોને ભવાભિનંદી તરીકે કહ્યા છે, જ્યાં સુધી જીવ આત્માનંદી નહીં બને, મોક્ષાનંદી નહીં બને,ત્યાં સુધી તમાં વૈરાગ્યના અંકુરા ફૂટવાના નથી. ભવાભિનંદી આત્મા હંમેશા પોતની રાગદશાને પોશતો રહ્યો છે, રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાન આમાં જ તેની મજા હોય છે, જેમ કોઈ ભુંડને ખાવા માટે શીરા પુરી અને મીઠાઈના મધુરા પકવાન્ન આપે તો પણ ભુંડ તેને છોડીને સીધુ વિષ્ટામાં મોઢું નાંખશે, કારણ કે તેનો સ્વભાવ જ ગંદકી પકડવાનો છે. તેને જ ખાવાનો છે, એ જ ભુંડને ઊચકીને કોઈક સારી જગ્યાએ બેસાડવામાં આવે તો તે ભુંડ ત્યાંથી ભાગીને સીધું વિષ્ટાથી ભરેલી ગંદી ગટરમાં આવી જશે. તેવી જ રીતે ભવાભિનંદી આત્માને હંમેશા કામ ક્રોધ લોભ મોહ અજ્ઞાન અને રાગમાં જ મજા આવે, તેને મધુરા પકવાન્ન જેવા

ઉપશાંતભાવ મોહત્યાગ જ્ઞાન, જેવા ગુણોમાં ક્યારેય આનંદ નથી આવતો. કારણ કે ભવાભિનંદીની જાત એ વિષયની ગટરમાં રહેલી ભુંડ જેવી છે, ભુંડને જેમ વિષ્ટામાં આનંદ આવે તેમ ભવાભિનંદી આત્માને પુદ્ગલ જગતમાં આનંદ આવે. ભાગ્યવાનો ! તમારો નંબર શામાં ભવાભિનંદીમાં કે આત્માનંદીમાં ?

oooooooooooo

- જેના માથે કર્મનો ભાર છે. તે એમ ઈચ્છે કે મારે તરવું છે, તો કેવી રીતે તે આત્મા તરશે ? જેમ સમુદ્રમાં પડેલો જીવ કોઈક વજનદાર લોખંડના ગોળાને ગળે બાંધે તો શું થાય ? પહેલા તે સમુદ્રના તટ પર તરી શકતો હતો. પણ જ્યારે આ ગોળો એના ગળે બંધાયો પછી એને ડૂબવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. તેમ ભવરૂપી સાગરને પાર પામવું હોય તો કર્મના ભારને હળવો કરવો જરૂરી છે.
- જેના જીવનની અંદર પરમાત્માનો રાગ જીવંત નથી, એનો મતલબ એ કે તે પુદ્ગલાનંદી- ભવાભિનંદિ જીવ છે અને તેવા જીવોની રાગદશાનો ક્યારેય અંત નથી આવતો. કારણ કે રાગદશાને છોડવાની કોઈ ક્રિયા એમના જીવનમાં દેખાતી નથી.
- એક સિમ્પલ દૃષ્ટાંત તમને આપું કે દવા લઈએ તો તાવ ઉતરવો જાઈએ કે વધાવો જોઈએ ? અને જો તાવ દવા લેવા છતાં વધે તો તે દવા દવા કહેવાય ખરી ? તેવી જ રીતે જે ધર્માત્મા ધર્મ કરે છે. તેને જઈને પૂછો કે ધર્મ કરવાથી મોહનો તાવ ઉતરવો જોઈએ કે વધવો જોઈએ ? પણ અહીંયા તો ઉલ્ટું રીએકશન દેખાય છે, જેટલા ધર્મના નામે ધર્માત્માઓ ઓળખાય છે. એમના જ જીવનમાં મોહનો તાવ વધારે ચડેલો દેખાય છે, ખરેખર આવો ધર્મ કરીને ધર્મની મહાનતાને ધક્કો પહોંચાડવાનું કામ આ લોકોએ બંધ કરવું જોઈએ.
- ધર્મની અપ્રતિમ તાકાતથી નક્કી આત્માની રાગદશા તૂટે જ છે પણ સવાલ માત્ર શ્રધ્ધાનો અને પુરૂષાર્થનો છે. જ્યાં આ બન્ને ચીજોનો અભાવ છે. ત્યાં મને કહેવા દો કે ધર્મની પ્રભાવક્તા પણ એકવાર વામણી સાબિત થાય છે.
- લાભી-કૃપણ-રાગી-અજ્ઞાની-પુદ્ગલસ્વભાવી જીવ ઇહલોકના સુખ વૈભવમાં મજા લેનારો જીવ ખરેખર ભવાભિનંદી છે, તવા જીવો માટે ધર્મની સાધના અતીવ દુર્લભ છે, તેમ ધર્મસાધનાની ભાવના ઉત્પન્ન થવી તે પણ તેમના માટે દુર્લભ છે. કારણ કે ધર્મને પ્રાપ્ત કરવા માટે સૌથી પહેલા વૈરાગ્ય હોવો જરૂરી છે. જે ભવાભિનંદીપણામાં જોવા મળતું નથી.

- ભવાભિનંદી જીવ રાગ-દ્રેષ અને કષાયોને ઓછા કરવાની જગ્યાએ સતત તેમાં વૃધ્ધિ કરનારો હોય છે. અને આના કારણે તેના અનંત સંસારનુ સર્જત થયા કરે છે. સંસારની સાયકલનો અંત તેવો જીવોનો આવવો તે દુષ્કર છે.
- જિનેશ્વર પરમાત્માનું શાસ્ત્રીય ફરમાન છે કે સાધકના જીવનમાં જેમ જેમ ધર્મની વૃધ્ધિ થાય તેમ-તેમ રાગનો ઘટાડો થતો જોવા મળવો જોઈએ, જો આમ ન થતું હોય તો સમજ જો કે કોઈ જગ્યાએ ખામી છે. જેનો નિકાલ કરવો જરૂરી છે.
- દુનિયામાં મહા મોહના ઝેરને ઉતારવા માટે માત્ર એક જ વસ્તુ છે અને તે છે પરમાત્માની જિનવાણી, આ વાણનું પાલન કરનારો આત્મા એક જરૂર નિર્વિષ બની જાય છે. પણ તમને લાગે છે કે હું ઝેરીલો છું ? મારા આત્મામાં મોહનું ઝેર ભરાયેલું છે. ઉલ્ટા તમે તો અમને ગળે પડો કે આજના બાપજીઓને મગજમાં ગાંડપણ સવાર થયું છે કે જેને જુએ તેને સીધી દીક્ષાની જ વાત કરે છે. હા ! તમને અમે ગાંડા જ લાગવાના ને ! કારણ કે ગાંડાને ડાહ્યો પણ ગાંડો લાગે. બરાબર ?
- પુન્યવાનો ! તમારા જીવનમાં એટલો પણ નિયમ ખરો કે પરમાત્માની વાણી સાંભળવાનું ક્યારેય ચુકવું નહિ. કારણ કે પરમાત્મા મારા પરમોપકારી છે જેમના પ્રભાવે આજે હું સુરક્ષિત છું તથા ભવિષ્યમાં પણ મને પણ મને એમના પ્રભાવથી રક્ષણ મળશે. માટે આટલો નિયમ તો જરૂરથી હોવો જોઈએ કે પરમાત્માની વાણી સાંભળ્યા સિવાયનો દિવસ મારો પસાર ન થવો જાઈએ.
- ધર્મની કરણી કર્યા પછી જો ભવની પરંપરાનો અંત આવવાની જગ્યાએ વૃધ્ધિ થયા કરે તો સમજ જો કે પેલા કિંપાકના મધુરા ફળ ખાધા અને આરોગ્ય વધવાની જગ્યાએ મોતનું કડવું ફળ ચાખવું પડયું, હકીકતમાં તે ધર્મ નહોતો કર્યો પણ ધર્મના નામે કોઈ ભળતી ચીજ કરી નાંખેલી બાકી સજ્જન માણસ જેમ ક્યારેય હલકા કૃત્યો ન કરે, સમુદ્ર ક્યારેય પણ પોતાની મર્યાદા ન છોડે તેમ ધર્મ ક્યારેય પણ ભવની પરંપરા વધવા ન દે.
- જેમ કોઈક માણસને શરીરમાં ઝેરીલા સર્પનું વિષ ચડી ગયું હોય અને જ્યારે ગારૂડીક પાસે જાય ત્યારે ગારૂડીક મંત્ર પ્રયાગ દ્રારા વિષધર સર્પને બોલાવીને તેની પાસે પેલા ઝેર ચઢેલા માણસનું ઝેર ચુસાવી દે તેમ જીવનમાં થઈ ગયેલા પાપોને આલોચતો, પાપોની નિંદા કરતો, ગર્હા કરતો અને તેના પ્રાયશ્ચિતને ગ્રહણ કરીને પુનઃ પોતાના આત્માની શુધ્ધિ કરનારો શુધ્ધ થાય છે.
- તે માણસ ગારૂડીક પાસે જાય કે જેને ઝેર ચડયું હોય આખુંય શરીર ઝેરથી કાળું થઈ ગયું હોય, અહી ભગવાને અમને ગારૂડીક જેવા કહ્યા છે. જેમ ગારૂડીક બીજાના વિષને દૂર કરે , તેમ આ સંસારમાં મોહવિષને જાતે કરીને પીનારા અને પચાવનારા લોકોને મોહરૂપી વિષને ઉતારવાનું કાર્ય અમે કરી રહ્યા છીએ, પણ તમને એમ લાગે છે કે ચાલો ગુરૂ મ. સા. જઈએ અને કહીએ કે ગુરૂદેવ અમારા આત્મામાં મોહનું વિષ ભરયેલું પડયું

છે. તે ગારૂડી મંત્ર દ્વારા દૂર કરી આપો. પણ મતે ખાત્રી છે કે તમે અમને કહેવા નથી આવવાના કારણ કે તમને લાગતું જ નથી કે અમને વિષ ચડયું છે ? બરાબરને !

- ધર્મ સૌથી પહેલા તમને - અમને કહે છે કે તમારી જાતને ઓળખતા શીખો. જ્યાં સુધી તમે તમને નથી ઓળખતા અથવા તમને કયો રોગ લાગુ પડયો છે તેનું ભાન પડતું, ત્યાં સુધી તેની દવાના ઉપાયો કઈ રીતે અજમાવશો ?
- સંસારમાં જેને રાગદશા ખૂબ ભોગવવી ગમે છે. તે ખરેખર સંસારની જન્મ-મરણની પરંપરા વધારે છે. જે સંસારમાં રહે તેનો હજુ જ્ઞાનીઓને વાંધો નથી. પણ આત્મા સંસારમાં રહેવાની જગ્યાએ રમવાનું કામ કરી બેસે તો કહેવું પડશે કે ખરેખર મોટી ભૂલ કરીને તેના ભાવિને તે જોખમમાં નાખી રહ્યો છે.
- એક ચિંતાનો વિષય છે. જે મારા મનને ખૂબ જ મૂંઝવે છે. જે આત્મા સંસારમાં ખરેખર ગળાડૂબ થઈ ગયો છે, જેના જીવનમાં અંશત: પણ ધર્મનો પ્રવેશ દેખાતો નથી, તેવા જીવોને સાક્ષાત ભગવાન પણ આવે તો તારી શકે તેમ નથી. આવા જીવોની ખરેખર દયનીય પરિસ્થિતિ છે. તેને કોણ બચાવશે ?
- દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો શુધ્ધ માર્ગ છે. જે સાધક આ ત્રિપદીનો આશ્રય કરે છે. તે ચોક્કસપણે મોક્ષ માર્ગને વહેલો મોડો પામે છે. અર્થાત્ મોક્ષની મંઝિલને પ્રાપ્ત કરેશે.
- તમે કદાચ દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રિપદીની રચનાનું રહસ્ય નહીં જાણતા હો, તમને કહી સંભળાવું કે દર્શન જ્ઞાન ચારિત્ર આ ત્રણેયમાં જ્ઞાનને વચમાં એટલા માટે મૂક્યું છે કે જ્ઞાન વિનાનું દર્શન પણ નકામું અને જ્ઞાન વિનાનું ચારિત્ર પણ નકામું છે.
- જેમ જંગલમાં નૃત્ય કરતા મયુરનેપીંછા ન હોયે તો નૃત્યની શોભા ખરી ? તેમ દર્શન અને ચારિત્રની આરાધના ઉત્તમોત્તમ કરતો હોય પણ જો જ્ઞાન ન હોય તો તેની કોઈ જ શોભા રહેતી નથી.
- ખરેખર ચક્રવર્તી ધર્મને પામવા ખાતર પોતાની છ ખંડની પૃથ્વીનો પણ ત્યાગ કરી શકે અને તમારે ખાલી છ રૂમનો ફ્લેટ પણ છોડવો હોય તો તમે ગલ્લ-તલ્લા કરો, પાણીમાં બેસી જાઓને !
- સમ્યગ્ દર્શનના પ્રકારોમાં ઔપશમિકદર્શન અને ક્ષાયોપશમિક દર્શન બન્ને જ્ઞાનને આધીન છે.
- આટલા પ્રવચનો સાંભળ્યા, અનેક ધુરંધરો અને મહારથીઓને સાંભળ્યા આટલા દાન શીયળ તપ અને સુંદર ભાવનાઓ ભાવી, અનેકગણી ધર્મની આરાધના કરી.....તો પણ તમારા જીવનમાં ધર્મનો જન્મ કેમ નથી થતો ? ક્યારેક તો વિચાર કરો ! નહીં તો

અનંતા જન્મો આ રીતે પૂરા કર્યા તેમ એક આ જન્મ પણ પુરો થશે.

- હે જીવ ! તને અભિમાત કઈ બાબતમાં પદા થાય છે. શું તારી પાસે દુન્યવી અથાગ સંપત્તિ છે તેના કારણે તું એમ સમજે કે આ દુનિયાનો હું બેતાજ બાદશાહ છું. શું ઈતિહાસને ભૂલી ગયો કે સિંકદર જેવો સિંકદર પણ કહી ગયો કે
  **જર જમીન જર ઝેવર, તેરે સાથ કુછ ન આયેગા ।**
  **ખાલી હાથ આયા સિંકદર, ખાલી હાથ જાયેગા ।।**
  તું નહિ જાણતો હોય કે સામાન્ય દેવલોકમાં રહેલા દેવના જુતામાં જે રત્ન હોય તે રત્ન વેચવા નીકળે તો, સમગ્ર હિન્દુસ્તાનને વેચી નાખે તોય તેની કિંમત ચૂકવી ન શકે, તો તારી પાસે તેનું ફોતરુંય નથી. અને મારી પાસે આટલી સંપત્તિ છે, તેનું ડિંડિંમ વગાડવા નીકળી પડયો છે. જરા વિચાર કરો કે જ્યારે તું બટાટાના ભવમાં ઉત્પન્ન થયેલો ત્યારે તારી કિંમત કેટલી હતી ? બે રૂપિયે શેર કે તેથી વધારે ? માટે હે જીવ, તું શા માટે ગુમાન કરે છે !
- પરમાત્માનાં પાંચે કલ્યાણની ઉજવણી દેવાત્માઓ કરતા હોય છે. દેવલોકમાં દિવ્ય સુખને આરોગનારા દેવોને પણ એમ થાય કે પરમાત્માની ભક્તિ આપણને ક્યારે કરવા મળે ? જ્યારે મેરૂગિરિ પર પરમાત્માનો અભિષેક થતો હોય છે. ત્યારે દરેક દેવોના હૈયામાં પરમાત્માનો અભિષેક કરવાની તીવ્ર ભાવના હોય છે. તે ન મળે તો પ્રભુનો ચરણ સ્પર્શ, અને તે ય ન મળે તો છેલ્લે પ્રભુને પ્રણામ કરવાનું સૌભાગ્ય તો મળવું જોઈએ જ, આવા મનોરથ કરવા દ્વારા તેઓ પોતાના જીવનને ધન્ય બનાવે છે.
- રે જીવ ! તારી પાસે દેવો કરતા કરોડોમા ભાગની પણ સંપત્તિ નથી છતાં પણ રાગમાં આટલો ગળાડૂબ છે. તને મળી મળીને શું મળ્યું છે, કદાચ દેવલોકના દેવો પુદ્ગલના સુખમાં પાગલ બની જાય, કારણ કે તેમની પાસે ઉત્તમકોટિના સુખ વૈભવો છે. જેને જોવા માત્રથી લલચાવાનું મન થઈ જાય. જ્યારે તારી પાસે તો બધો એઠવાડ જ ભેગો થયો છે. જેમ પેલી કચ્ચરપટ્ટીને સાફ કરનારા માણસને અંદરથી કાંઈક કાંઈક ચીજ મળે, પણ તે કહેવાય તો એઠવાડ જ ને. છતાં ય તેના માટે મૂલ્યવાન બની જાય, તમે પણ એવા એઠવાડમાં મોઢું નાંખો છો. તમારા જેવા ધર્માત્માઓને પણ આવા પુદ્ગલના છેલ્લી કક્ષાના એઠવાડમાં આનંદનો અનુભવ થાય, તો તે કેવું પડશે કે પુદ્ગલમાં તમારી રૂચિ કેવી વિચિત્ર છે.
- સાચું કહું તો તમને જેટલી ભાવધર્મમાં મઝા નથી આવતી તેટલી દ્રવ્યધર્મમાં મજા આવે છે, તમને પૂછું કે પરમાત્માની દેરાસરમાં પૂજા કરવા જાઓ, ત્યારે દ્રવ્યપૂજામાં વધારે તમારો આનંદ હોય કે ભાવપૂજામાં. જો ભાવપૂજામાં વધારે આનંદ આવે તો હજુ સુધી તમે સંસારમાં રસી કસીને બેઠા ન હોત, પણ અમારી જોડે ક્યારનાય જોડાઈ ગયા હોત.

- આપણે જયણા ધર્મનું પાલન કર્યું, પણ નિશ્ચયનયથી આપણે ક્યારેય જયણા ધર્મનું પાલન નથી કર્યું, હંમેશા દ્રવ્યપ્રાણોની દયા કરી છે, ભાવપ્રાણના રક્ષણ કરવા માટે ક્યારેય કોઈ પ્રયત્ન કર્યા નથી. પૂ. યશોવિજયજી ઉપાધ્યાયે કહ્યું છે કે
**જે રાખે પર પ્રાણને દયા તાસ વ્યવહારે**
**નિજ દયાવિણ કહો પર દયા હો વે કવણ પ્રકારે.**
બીજાના પ્રાણોની દયા ચિંતવવી તે વ્યવહારનયનો ધર્મ છે, પણ સ્વપ્રાણની દયા કરવી તે નિશ્ચયનયનો ધર્મ છે, મારો આત્મા પણ અનાદિ દુર્ગતિમાં દુ :ખને ભોગવતો આવ્યો છે. આ ભવસંસારના ચક્રમાં ભમતા ભમતા ૦.૦૧% જેટલું જ સુખ ભોગવ્યું છે. તે ય જેને પ્યાર સુખ કહેવાય તેવું નહિ પણ દુ :ખથી મિશ્રિત, તો જ્યારે મારો આત્મા આવી યાતનાઓને ભોગવીને આવ્યો હોય, તો તેને હું દુ :ખથી કેવી રીતે મુક્ત કરીશ ? જે આવો વિચાર કરે છે તે ભાવદયા ચિંતવે છે.
- તમારે આત્માની જયણા કરવી છે ? જો હા ! તો આત્મામાં પડેલા રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાન અહંકાર આદિને તિલાંજલિ આપો, જલાંજલિ આપો. આત્માની આ જ સાચી જયણા છે. આવી જયણાને આપણે ક્યારે પાળતા થઈશું ? તે જ્ઞાની જાણે.

- આ જગતનો એક સનાતન નિયમ છે કે કોઈના માટે કશું કરી શકતો નથી, પેલી ગુજરાતી કહેવત છે કે **આપ મર્યા સિવાય સ્વર્ગે ન જવાય,** મને લાગે કે આ કહેવત અધ્યાત્મ માર્ગ સાથે ઘણી મળતી આવે છે. સાક્ષાત્ અનંતા તીર્થંકરો ભેગા થાય તો પણ જો આત્માનો મોક્ષકાળ પાક્યો નથી, તેને મોક્ષે લઈ જઈ શક્તા નથી, ખુદ પરમાત્મા કહે છે કે તું મને ભલે તારા ખોળામાં બેસાડીને અભિષેક કરે, તારી મારા માટેની ભલે અદમ્ય ભક્તિ હોય, પણ જ્યાં સુધી તું પોતે તારા ઉધ્ધાર માટે પ્રયત્ન નહીં કરે, ત્યાં સુધી તારૂં આત્મકલ્યાણ થવું અશક્ય છે, આજ સુધી આ અનંતા આત્માઓ, પોતાનું કલ્યાણ સાધી ગયા, તે સ્વપ્રયત્નથી કે સ્વપુરૂષાર્થથી જ પોતાનું કલ્યાણ કર્યું છે, જેમ જમવા માટે પીરસાયેલી થાળી તમારી સામે મૂકવામાં આવી હોય, પણ હાથ હલાવો જ નહિ, તો શું અર્થ છે ? તેમ અધ્યાત્મમાર્ગમાં જ્યાં સુધી સ્વપ્રયત્ન ન કરવામાં આવે, ત્યાં સુધી જીવનું કલ્યાણ નથી થતું, પરમાત્મા બહુ બહુ તો આપણને ઉપદેશ આપીને મોક્ષમાર્ગ બતાવે, પણ ચાલવું તો આપણે પોતે જ પડે, તેમાં ગલ્લા-તલ્લા કરીએ અને ભગવાન મને તારીલો. ભગવાન મને ઉગારી લો. મારી આ જીવનનૈયાને પેલે પર ઉતારી દો ! આ બધી ખાલી વાહિયાત અને ફોગટ વાતો કરો તો કાંઈ ન વળે, તમે

કલ્યાણની કેડી પર પગ માંડો, પછી સહાય અને માર્ગદર્શન તો ગમે ત્યાંથી મળી જશે, કહ્યું છે કે **હિંમતે મર્દા તો મદદે ખુદા !** તમારા ખુદા તમને ત્યારે કામ લાગી જશે.

- પુદ્‌ગલના રંગારાગમાં રાચી-માચીને જીવનારા લોકોનું સતત અકલ્યાણ થયા કરે છે, સતત દુર્ગતિના પોટલાઓ બાંધીને આત્માને દુગતિની પરંપરાના મહાભંયકર ખપ્પરમાં હોમી નાંખે છે, તમને અજ્ઞાનદશામાં ખબર નથી પડતી કે, આ ઝેરીલો અજગર જો કરડે તો બહુબહુ એક જ મોત આવેને ! પણ પુદ્‌ગલનો ઝેરીલો અજગર કરડે તા અનંતા મોત તમારી સામે આવીને ઉભા રહે, માટે વધુ તો આ પદ્‌ગલના અજગરથી ડરવા જેવું છે, પણ તમે તો ઊંધા છો, પેલાથી વધારે ડરો છો અને આની સામે બિદાસ્ત બનીને ડોક્યા કરો છો, આને તો મૂર્ખતા સિવાય બીજું શું કહેવાય ?
- કોઈક જગ્યાએ શાસ્ત્રમાં લખ્યું છે કે
**શુધ્ધ ધમ્માઓ સંપત્તિઓ** શુધ્ધ ધર્મ એ જ સાચી સંપત્તિ છે તે આપણી પાસે અને સાથે રહે છે, અને જે પણ આપણને રસ્તા વચ્ચે મૂકીને ચાલતી પકડે, તે આપણી સંપત્તિ કહેવા છતાં પણ વાસ્તવિક રૂપે તે આપણી નથી. તમારી પાસે જે સંપત્તિ છે, તે કેવા પ્રકારની છે ? તમારી પાસે જે સંપત્તિ છે, તે કેવા પ્રકારની છે ? તમારી પાસે અને સાથે રહે તેવી છે કે રસ્તામાં અધવચ્ચે દગો દે તેવી છે ? જો તેવી હોય તો તમારી ન કહેવાય. પણ પરાઇ છે, જ્ઞાનીઓ કહે છે કે આ દુનિયામાં ધર્મ એવી સંપત્તિ છે કે તમે જ્યાં જાઓ,ત્યાં ત્યાં તમારી પાસે અને સાથે રહે છે. માટે જે સાથે રહે, પાસે રહે, તે આપણું, બાકી બધું પરાયુ સમજવું.
- આ સંસારમાં રાગી આત્મા હંમેશા સંસાર વધારવાની વાત કરે છે, અને વૈરાગી જીવ સંસાર કેવી રીતે કપાય ? તેના રસ્તાઓ વિચારે, આ બંનેમાંથી તમારો નંબર ક્યાં છે. વિચાર કરજો.
- શાસ્ત્રમાં કહ્યું છે કે જ્યારે ધર્મ કરવાનું મન ન થાય ત્યારે મૃત્યુને યાદ કરવું, જે મૃત્યુને યાદ કરે છે તેને જરૂર એક દિવસ ધર્મ કરવાની ઈચ્છા થયા વગર રહેતી નથી. મૃત્યુ એક એવી ચીજ છે કે, જેનાથી ભલભલા પહેલવાન પણ ડરી જાય, જ્યાં મોતના પડકારને ઝીલવાનું છે, ત્યાં મરદનો બચ્ચો પણ પીછેહઠ કરી નાંખે છે, જો તમને આ ભય લાગી જાય કે આ મારો છેલ્લો શ્વાસ છે તો ધર્મ કરવાની ઈચ્છા થઈ જાય છે. માટે સવારો ઉઠીને મૃત્યુનું ચિંતન કરવું જોઈએ.

- ઘણા માણસોના મગજમાં એક રાઈ ભરાયેલી પડી છે કે અત્યારે બધા જલસા કરી લ્યો. જ્યારે મોત આવશે ત્યારે બાપજીને બોલાવીને ચાર શરણા સ્વીકારી લઈશું. અને નવકાર સાંભળી લઈશું. હવે, જેને આખી જિંદગીમાં ધર્મ કર્યો નથી, તેને છેલ્લી ઘડીએ ધર્મ યાદ આવવો દુષ્કર છે, મૃત્યુની તૈયારી છેલ્લી પળે કરે તે ન ચાલે પળેપળે કરવી જોઈએ, તો ય છેલ્લી પળની કોઈ ગેરેન્ટી નથી. કારણ કે પળપળના પલટાઓ જીવનમાં આવ્યા કરે છે. પ્રવીણ દેસાઈએ પોતાના ગીત રચનામાં લખ્યું છે કે, આ **'મોતની ઘડી સુધી જો નહિ કરૂં ધરમ, તો કયાં થશે જનમ.'** પરલોકની ચિંતા જેને કરી નથી. તેનો પરલોક અંધકારથી ભરેલો રહેવાનો, માનવ તેને જ કહેવાય જે ભવિષ્યની ચિંતા કરે. ભવિષ્યની ચિંતાનો અર્થ બરબરા સમજજો. ભવિષ્ય એટલે આ જન્મનાં ૨૫-૫૦ વર્ષનો અર્થ નહિ કરતા, આંખ મીંચાયા પછીના ભવિષ્યની હું વાત કરૂં છું, જો કે તમારા વિજ્ઞાને આ જન્મના ભવિષ્યને કદાચ સુરક્ષિત કરી નાંખ્યું છે. પણ તમે ભાન ભૂલ્યા કે વિજ્ઞાન પોતાનો ચમત્કાર માત્ર આંખ ખુલ્લી રહે ત્યાં સુધી બતાવે છે, જ્યારે ધર્મ આંખ મીંચાયા પછીનો ચમત્કાર પણ બતાવે છે, બોલો તમને શામાં રસ છે ? ૨૫/૫૦ વર્ષના ભવિષ્યમાં રસ છે કે ત્યાર પછી આવનારા અનંતા જનમો જનમના ભવિષ્યમાં રસ છે ? વિચારજો.....જેનામાં રસ કેળવવા જેવો લાગે તેમાં આગળ વધજો. આ નિર્ણય તમારા પર છોડું તો ખોટો નિર્ણય નહીં કરોને ! કારણ કે તમારો નિયમ છે, કે **'આજનો લ્હાવો લીજીયે રે કાલ કોણે દીઠી રે'** પણ મને તમારા ઉપર વિશ્વાસ છે કે, તમે આવું નહી કરો..બરાબરને !
- શાસ્ત્રો કહે છે કે **જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ :** અર્થાત્ જ્ઞાન અને ક્રિયા બન્નેનો સમન્વય કરીને જે આરાધના કરવામાં આવી હોય તે આરાધના આત્માના કલ્યાણ માટે કામ કરી જાય છે. જ્યાં એકલું જ્ઞાન છે. ત્યાં પણ આત્માનું કલ્યાણ નથી અને જયાં એકલી ક્રિયા હોય છે તે પણ આત્માનું કલ્યાણ કરી શકતી નથી.
- જ્ઞાનપૂર્વકની ક્રિયા કરનારાને ખબર પડે કે હું શાના માટે આ ક્રિયા કરી રહ્યો છું, પણ જે માણસ બેભાન રહીને ધર્મની ગમે તેટલી ક્રિયા કરે તો તે વગરની છે, જેમાં લક્ષ-પક્ષ-હેતુ- પ્રયોજન નથી. તેવી નિષ્ફલારંભી ક્રિયાથી આત્માને કોઈ લાભ નથી. આજ સુધી ભલે ગમે તેમ ઘુંટી નાખ્યું. મન ફાવે તેમ ધર્મ કર્યો, પણ હવે સમજણના ઘરમાં આવ્યા પછી ખૂબ જ સાવધાની રાખવા દ્વારા બધો જ ધર્મ આચરવો છે, તેટલું જીવનમાં નકકી કરો.
- તમે જે પાપનો માલ કર્મને મોકલ્યો છે, તેનું પેમેન્ટ જાણો છો શું આવે ? હૉસ્પીટલો, વૃધ્ધાશ્રમો, અનાથશ્રમો, જીવનમાં અનેક જગ્યાએ જાકારો, સતત ત્રાસમય જીંદગી

વગેરે. જ્યારે આ બધું ભોગવવાનો વારો આવે, ત્યાર આંખમાંથી આંસુડા પડે, ત્યારે આંખમાંથી આંસુડા પડે, ત્યારે પણ જો અક્કલ આવે કે મેં કેવા કર્મો કર્યા છે, જેનું મને આવું ફળ ભોગવવું પડે છે ? શાસ્ત્રો કહે છે કે **'હસતા તે બાંધ્યા કર્મ, નવિ રોતા છુટે'** રાચી- માચીને, મઝેથી પાપ કરીને, સારા ફાળની અપેક્ષા રાખનારા ખેતરમાં કાંટા વાવીને, આંબાની અપેક્ષા રાખે છે, બોલો આ શક્ય છે ? આંબા ખાવા હોય તો બાવળીયા ન વવાય, એમ ભોગ સુખો પણ તમને જાઈતા હોય તો પણ ધર્મ સિવાય કોઈ માર્ગ નથી. પણ, તેના માટે ધર્મ કરવો તે તો બિલકુલ વ્યાજબી નથી. મોક્ષ માટે કરાયેલ ધર્મના પ્રભાવે સંસારના સુખો મળી જાય તે તેની એક સાઈડ પ્રોડક્ટ છે, ખેતરના પાકમાં ઘઉં માટે મહેનત કરાય કે ઘાસ માટે ? અને જે ઘાસ માટે મહેનત કરે તે માનવ કહેવાય કે જનાવર ?

- મને કહો કે સંસારની અંદર બેસનારા તમે ચોવીસ કલાકમાંથી કેટલા કલાક ધર્મ માટે રાખ્યા છે ? તમે જીવનમાં ધર્મ માટેના કલાક નક્કી કર્યા ?
- પ્રત્યેક આરાધનાઓ કરતા પૂર્વે અને કર્યા પછી જીવનમાં માત્ર એટલો વિચાર કરજો કે જે આરાધનાઓની તાકાત મોહને નીચોવી નાખવાની છે, હકીકતમાં તે તાકાત મારા મોહને કેટલી નીચોવી શકી ? જો આમ નહિ બને તો તમારે અવશ્યમેવ સાવધાની રાખવાની જરૂઆત છે.
- શાસ્ત્રમાં કહ્યું છે કે જે વ્યક્તિ જે ગુણ સ્થાનકને અુનલક્ષીને પોતાનું અસ્તિત્વ ધરાવે છે. તે વ્યક્તિઓને તે ગુણસ્થાનકને યોગ્ય ધર્મ-પ્રવૃતિ કે ક્રિયા કરવી જોઈએ, જો તેને અનુરૂપ તદ્‌યોગ્ય ક્રિયાઓ ન કરવામાં આવે તો તેના દ્વારા યોગ્ય પરિણામ આવી શકતું નથી. મને કહો કે જેને રોટલી પચવાની તાકાત હોય તે શીરો ખાય તો ઝાડા થાય કે બીજું કાંઈ ?
- જે સાધક આત્માને પોતાની આત્મિક ચેતનાને તંદુરસ્ત રાખવી છે. તેને તદ્‌યોગ્ય ભૂમિકાને અનુરૂપ આરાધના કરવી જોઈએ, જેમ હોજરીને યોગ્ય ખોરાક માણસ ખાય તો તેની તંદુરસ્તી અને બરાબર જળવાઈ રહે છે. અન્યથા જોખમાય છે.
- કેટલાક લોકોની વૃતિ બહુ વિચિત્ર હોય છે. એ લોકો કહે છે અમે તો નિશ્ચયવાદી છીએ, અને અમે ક્રિયા વિગેરેમાં માનતા નથી. આ તો બધો વ્યવહાર છે. વ્યવહાર ક્રિયા તો બાળ લોકો કરે છે. પૂ. ઉપાધ્યાયજી મા.સા. તેઓન માટે સવાસો ગાથાના સ્તવનમાં કહે છે કે **'નિશ્ચયનય પામી શકે ને, નવિ પાળે વ્યવહાર.**
**પુણ્ય રહિત એહવાજી, તેહને કવણ આધાર.**
નિશ્ચયનો ધર્મ, વ્યવહારધર્મથી પ્રગટે છે, અને શુધ્ધ નિશ્ચયને પામેલો વ્યકિત નક્કી વ્યવહાર ધર્મ આદરે છે, જો વ્યવહાર ધર્મને ક્રિયાધર્મને પોતાના જીવનમાં આદરભાવ અને આચાર- ભાવ ન આપે તો બેધડક તેના માટે જ્ઞાનીઓ સ્ટેટમેન્ટ જાહેર કરે છે કે

તે નિશ્ચયનયનો ધર્મ પામ્યો નથી. કેમકે બંને ધર્મો એકબીજાની અરસ પરસ ચાલે છે, જેને માત્ર વ્યવહાર ધર્મનો જ એકાંત છે, પણ નિશ્ચયધર્મની પડી જ નથી અને જેને માત્ર નિશ્ચયધર્મનો એકાંત છે અને વ્યવહાર ધર્મનું કોઈ મૂલ્ય નથી, તે વ્યક્તિ ક્યારેય પણ મોક્ષમાર્ગને પામી શકશે નહિ, માટે નયો ને સમાનપણે ચલાવવામાં જ આત્માનું કલ્યાણ સમાયેલું છે.

- આ જીવની એક વિચિત્ર અવદશા છે કે જ્યાં માન-સન્માન મળતું હોય ત્યાં પહેલો આગળ જાય છે, હવે આ વસ્તુ એણે ધર્મના સ્થાનમાં પણ આગળ વધારી છે. ધર્મમાં મનોરંજન થાય, Entertainamnaent થાય તે ધર્મ તેને ગમે અને બાકીના ધર્મ માં એને આળસ ચડે છે, જેમ પરમાત્માની દ્રવ્યપૂજા સેવામાં બહુ જ આનંદ આવે. જ્યારે તમો બધાની વચમાં પરમાત્માની સામે સ્તવન ગાવાનું હોય તો જોર શોરથી ગાય. બીજાને એમ લાગે કે કેટલા ભક્તિભાવથી પરમાત્માની સ્તવના કરે છે ? હકીકતમાં લોકોને પેલો બતાવી રહ્યો છે કે મારો રાગ કેવો સરસ છે, મને તમારી કરતાં ગાતા સારૂં આવડે છે, અને દેરાસરમાંથી જ્યારે બહાર નીકળે, ત્યારે કોઈક આવીને કહે તમે કેટલું સરસ ગાતા હાતા. Once More, Once More, ફરી એક વાર ગાઓને. તો તો વળી ઔર ફુલાઈને ફાકડા થઈ જાય ? પણ ઘરે એકલા બેસીને સામાયિક પડિકકમણું કરવાનું કહ્યું હોય, અને તેમાં તમને સ્તવન ભક્તિ આદિ કરવાનું કહ્યું હોય તો કેવી રીતે કરો ?

- **સભા :** બહુ જ સારી રીતે કરીએ.
  **સાહેબજી :** પાછળના બારણેથી આવીને જોવું, તો ખબર પડે કે તમે કેટલા સાચા બોલા હરણા છો, મને તમે ઉલ્લું નહી બનાવો, કેમકે તમે બહુ હોંશિયાર છો. ગામમાંથી દોરી લોટો લઈને આવેલા, અહીં કરોડોનું સામ્રાજ્ય જમાવી દીધું છે, માટે તમને બધાને હું સારી રીતે ઓળખું છું, જીંદગીમાં નક્કી કરો કે દુનિયામાં મારી મજબુરી છે કે હું બધાને ઠગું છું પણ દેવ-ગુરૂ-ધર્મની સામે ક્યારેય ઠગાઈ નહિ આચરું ?
- ધર્મમાં ઘણા લોકોને પ્રદર્શન કરવાની ટેવ પડી હોય છે, ઘણા લોકો અમારા વ્યાખ્યાનમાં પણ શા માટે આવે ? અમારા દર્શન કરવા માટે કે અમારૂં વ્યાખ્યાન સાંભળવા માટે નહિ બલ્કે, તેમનું પોતાનું પ્રદર્શન કરવા માટે આવતા હોય છે, બાકી **સાધુનાં દર્શનં પુન્યમ્** જો તમે દર્શન કરવા આવતા હોય તો ક્યારનુંય તમારૂં ઠેકાણુ પડી ગયું હોત. પણ તમે તો પ્રદર્શનમાંથી જ ઊંચા નથી આવતા. સાંસારિકા કષાયો પણ તમે મંદિર-ઉપાશ્રયમાં ઉચકી લાવો છો. ખરેખર તમારા જેવા જીવોનો ઉધ્ધાર કરવો ખૂબ અઘરો છે. જે હોસ્પિટલમાં પણ રોગ ઉભો કરે એને નીરોગી ક્યાં બનાવવો ? તના જેવું તમે કરી રહ્યા છો જાહેરમાં પ્રતિકમણ કરે તો ઉભો-ઉભો અને વ્યવસ્થિત કરે અને

ઘરમાં પ્રતિક્રમણ કરે તો બેઠો-બેઠો, આળસ મરોડતો અને કેટલીય અવિધિ કરતો પ્રતિક્રમણ કરે માટે તમારા આરાધનના કાટલા જુદા છે. જાહેરમાં અલગ દેખાવ અને ખાનગીમાં અલગ દેખાવ.

- ઘણા તપસ્વીઓને તપ કરવાની ઈચ્છા કેમ જાગે ? શું એમને બહુ ખાધું હવે ખાઈને કંટાળી ગયા કે પછી અણહારી પદ મેળવવાની તીવ્ર તાલાવેલી લાગી છે, માટે તેઓ તપ કરે છે ? જો તમે હોય તો બરાબર. પણ હું તપ કરીશ એટલે મારો વટ પડી જાય, મારા માટે સરસ મજાનું ફંકસન થાય. બેંડ વાગે, શરણાઈઓ રેલાય અને લોકો ખૂબ જ માન સન્માન આપે, આવી તુચ્છ ભાવનાઓ તપધર્મ કરવા પાછળ હોય તો તે કરીને પણ માન કષાયને પોષવાનો ધંધો કર્યો, તમે કેવું ગાંડપણ કર્યું ? દુકાનમાં ધંધો કરીને કમાવવાની જગ્યાએ નુકશાન કરીને બહાર આવ્યા. આખી દુનિયા જ્યાં કમાય છે, ત્યાં તમે નુકશાન કરીને આવો, તો તમને મૂર્ખ સિવાય બીજું શું કહેવાય ?

- આરાધના હંમેશા મોહને ઘટાડે તેવી કરવી જાઈએ, હકીકતમાં તેને જ સાચી આરાધના કહેવાય, નહિ તો આરાધનાના નામે બીજી કોઈ ભળતી ચીજ કહેવાય.
- જેના જીવનમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉત્તમ આરાધનાઓ જાગતી જીવંત અને ધબકતી છે. તેને આ સંસારની કોઈ પણ મિથ્યાપ્રવૃત્તિઓ રાગી બનાવી શકતી નથી. આવી આરાધના આત્માને જ્યાં સુધી મોક્ષની સંપૂર્ણપણે પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સાથી રહે છે.
- જે વ્યક્તિ માત્ર સાધનાના એક યોગને જ ઓળખી શકે છે અને તેમાં જ તે આગળ વધે, જેમકે માત્ર ઘણા લોકોને તપ કરવામાં જ રૂચિ હોય, પણ જ્ઞાન ભણવામાં બિલકુલ રૂચી ન હોય, તો આવા જીવો માત્ર એક યોગ દ્વારા પોતાના આત્માને સિધ્ધ નથી બનાવી શકતા.
- આપણા જ્ઞાની મહાપુરૂષોની એક અને માત્ર એક જ તારક આજ્ઞા છે કે, હે જીવ ! પુદ્‌ગલાનંદી નહીં બન, પણ આત્માનંદી બન.
- આજ સુધી આ જીવે પરમાત્માના દર્શન ચામડાની આંખથી કર્યા છે, હે જીવ ! જ્યારે તારા અંતર આત્મામાં તત્ત્વનો ઉઘાડ થશે એટલે કે આંતરચક્ષુઓ ખુલશે, (આંતરચક્ષુને બીજા અર્થમાં જ્ઞાનચક્ષુઓ કહે છે,) તે જ્યારે ખુલશે અને એ-આંખોથી પરમાત્માના દર્શ ન કરશે, તે દર્શનમાં જ પરમાત્મ તત્ત્વના મૌલિક ગુણોનું દર્શન થઈ આવશે. અને પછી

પરમાત્મા કેમ દર્શનીય-વંદનીય-પૂજનીય તેનો જવાબ તને પ્રાપ્ત થશે.

- અધ્યાત્મશાસ્ત્રો કહે છે કે સંસાર જેને ઉકળતા ચરૂ લાગે, અર્થાત્ ઉકળતા ચરૂ જેવો લાગે તો તે તેમાંથી તરત બહાર નીકળીને આવે, પણ જેને તેમાં એરકન્ડીસન અનુભવાય તે તેમાંથી બહાર કેવી રીતે આવવાનો ?તમને એટલી પણ શ્રધ્ધા ખરી કે, પરમાત્માએ પોતાના દિવ્યજ્ઞાનમાં આ સંસારને ઉકળતા ચરૂની ઉપમા આપી છે, તે ક્યારેય પણ મિથ્યા ન હોય. કેમકે આ દુનિયામાં નિ:સ્વાર્થભાવની જો કોઈ વ્યક્તિ હોય તો તે પરમાત્મા છે.નહિ કે બીજું કોઈ. જેને રાગ નથી દ્વેષ નથી, તે જ નિસ્વાર્થભાવને પામી શકે અને આવી વ્યકિત જ્યારે તત્ત્વનું શ્રોતાગણ સમક્ષ પ્રકાશન કરે, ત્યારે તેમાં અસત્યતાની શંકાનો વિચાર પણ ન કરાય, માત્ર તમે તેટલા પૂરતું પણ જો વિચારો કે પરમાત્મા જે કહે છે તે જ સત્ય છે અને તે જ આચરવા લાયકા આદરવા લાયક છે તો પણ તમારો બેડો પાર થઈ જાય.
- જેની દૃષ્ટિમાં ગુણસૃષ્ટિ વસી છે. તેના જીવનમાં ગુણનો પ્રવેશ સહજ છે, પણ જેની દૃષ્ટિમાં દોષસૃષ્ટિ વસેલી છે તેની દૃષ્ટિમાં દોષ જ પ્રવેશવાના છે.
- પરમાત્માએ આપણા પર અચિન્ત્ય કરૂણા કરી છે તેનો તમોએ ક્યારેય વિચાર કર્યો છે ખરો ? કેવી કરૂણા તેમને પોતાના ભૂતકાળમાં ભાવી હશે ? ! જીવો પ્રત્યે કેટલી ઋજુતા હશે ? પરમાત્મા જે ભૂમિ પર વિચરણ કરે છે. તેમાં એક યોજન માત્ર વિસ્તારમાં ક્યાંક કોઈ જીવને નાનકડી પણ પીડા થતી નથી, આજે વ્યાખ્યાન કરી રહ્યો છું. ત્યાં મારી પાસે સમાચાર આવે છે કે સાહેબ ટેરરિસ્ટો મુંબઈમાં હુમલો કરવા આવી રહ્યા છે, તેઓ મુંબઈને ઘમરોળી નાખવાનો નકશો પ્લાન તૈયાર કરીને બેઠા છે. કઈ ક્ષણે આ મુંબઈ પર ત્રાટકે, તેનો કોઈ જ ખ્યાલ નથી. ભારતના આર્થિક શહેર અવા મુંબઈના માથે મૃત્યુના ભયની તલવાર લટકી રહી છે, ત્યારે મને વિચાર આવે કે કાશ ! પરમાત્મા જો આ પૃથ્વીતલને પાવન કરતા હોત તો બિચારા આ જીવોની ભય યાતના દૂર થઈ જાય, પણ પુન્યહીન જીવોને પરમાત્માના દર્શન ક્યાંથી થાય, પરમાત્માની અમાપ કરૂણા બધા સુધી પહોંચે પણ જેનું પુન્ય ન હોય તેને પરમાત્માની કરૂણા તેની આજુ બાજુમાં આંટા મારવા છતાં પણ તેને સ્વીકારી શક્તો નથી, જેમ આંધળા માણસને ધગધગતી ગરમીમાં પાણીની તરસ લાગેલી છે, પાણી બાજુમાં જ પડયુ છે, તેમ છતાં પુન્યહીન હોવાથી આંખ મળી નથી. માટે બાજુમાં પડેલા શીતળ પાણીને સ્પર્શી શકતો નથી તેવી જ પરિસ્થિતિ પુન્યહીન લોકોની છે.
- સંસારદાવાનલ સૂત્રમાં આ સંસારને દાવનલની ઉપમા આપીને પૂ. હરિભદ્રસૂરિજી કહી રહ્યા છે કે **સંસાર દાવાનલ દાહનીરં -** આ સંસાર ભડકીલી અગ્નિની જ્વાળા છે. આ એવી જ્વાળા છે કે તેને ભગવાન સિવાય કોઈ બુઝવી શકે નહિ, તેમને પરમાત્મા વીરની સ્તુતિ કરતા લખ્યું છે કે કેવળ પરમાત્મા જ આ સંસારરૂપી ભડકીલી અગ્નિને શાંત

કરવામાં નીર જેવા છે, નીર એટલે પાણી, પવનથી આગ કદી ન બુઝાય પણ પવનથી આગ વધે, બલ્કે અગ્નિને બુઝાવવા પાણી જ માત્ર કાફી છે, જે ખરેખર પરમાત્માની સાચી ભક્તિ કરે છે, તેની સંસાર દાવનલની આગ શાંત થઈ જાય છે.

- પરમકતારક પરમાત્માએ સમ્યગ્દૃષ્ટિસાધક આત્માઓ માટે એક આજ્ઞા ફરમાવી છે કે તેઓએ ક્યારેય પણ ઘોર પાપ કરનારા અને મિથ્યાદૃષ્ટિ આત્માઓ સાથે કોઈ પણ વ્યવહારી સંબંધો રાખવા ન જોઈએ. કેમકે ક્યારેક તેમની સાથેના સંબંધો પોતાના ધર્મ સ્તંભોને, ધર્મના લીલછમ બની ગયેલા વટવૃક્ષોને ઉખેડીને ફેંકી શકે છે, તેઓનું જીવન સતત ૧૮ પાપોથી ત્રાહિત અને વ્યથિત છે, નીતિશાસ્ત્રમાં લખ્યું છે કે ક્યારેય ધંધામાં નબળા માણસની દોસ્તી ન કરવી. તેમ ધર્મશાસ્ત્રોમાં પણ આ આજ્ઞા ફારમાવી કે અધર્મી ઓની દોસ્તી ન કરવી.
- પરમાત્માએ કહ્યું કે હે જીવ તું બીજા જીવોની જેમ જીવદયા પાળે છે, તેમ તારા આત્માની પણ જીવદયા પાળજે, તેઓની જેમ જયણા જાળવે છે તેમ તારી પણ એટલે કે તારા આત્માની પણ જયણા પાળજે, જો તેમ નહીં કરે તો પેલી પાળેલી જીવદયા તને કોઈ જ કામમાં લાગવાની નથી. હકીકતમાં તારી જીવદયા પાળવા માટે તારે તે જીવોની જીવદયા પાળવાની છે.
- પરમાત્માનો ધર્મ કેવો અદ્ભૂત છે ? તો કહ્યું કે **જાઇ-જરા-મરણ શોગ પણાસણસ્સ** એટલે કે જન્મ-જરા-મરણ અને શોકને નાશ કરનાર છે. પણ તમને આ બધા ક્યાં નાશ કરનાર લાગે છે, તમે તો એમને મહેમાન બનાવીને સાચવી રાખ્યા.
- જ્યાં સુધી તમારી પાસે દૃષ્ટિનો ઉઘાડ નથી ત્યાં સુધી તમને આપણા પરાયા લાગશે અને પરાયા આપણા લાગશે, અત્યારે સૌથી પહેલું કામ દૃષ્ટિ ઉઘાડવાનું કરવાનું છે.
- પરમાત્માએ આગમોમાં બતાવેલું જ્ઞાન આપણને તારક છે કોઈક જગ્યાએ કહ્યું છે કે-
  **કલિકાલે જિનબિંબ જિનાગમ ભબિયણ કુ આધારા.**
  આ પાંચમા આરામાં આપણા માટે આધારભૂત જો કોઈ તો, જિન-મંદિર-જિનમૂર્તિઓ તથા જિનગમો, જે સાધક આત્મા આ ત્રણેનો આશ્રય વર્તમાનકાળમાં ગ્રહણ કરશે. તે જ આ હુંડા અવસર્પિણી જેવા વિચિત્ર કાળની અસરમાંથી મુક્ત રહેશે, અન્યથા ભલભલા સાધકને આ પાંચમો આરો અજગરની જેમ ભરખી જશે.
- આ જીવની એક ખાસિયત છે કાર્યમાં નિષ્ફળતા મળે તો કાર્યને ધિક્કારવું , ધર્મ કર્યા પછી તેની અપક્ષા હોય છે કે ચોક્કસપણે સફળતા મળવી જ જોઈએ, જો કે નક્કી તેને સફળતા મળતી જ હોય છે. પણ, જીવના એક ભવના કર્મો આડા નથી આવતા, અનેક ભવોના હિસાબો વસુલવાના હોય છે. પણ અધુરીયા જ્ઞાનવાળા લોકો તરત જ આવું બોલી બેસે છે કે વિચારી બેસે છે અને વળી એક વાર ધર્મ કર્યા પછી કદાચ તમને નિષ્ફળતા મળી એટલે શું તે પ્રવૃતિ છોડી દેવાની ? કરોળીયો એક વાર દીવાલ પર

ચડયો અને ઉપર ન પહોંચી શક્યો એટલે એને પ્રયત્ન કરવાનું છોડી દીધું ? કે બમણી તાકાતથી ફરી એણે પ્રયત્નો કર્યો, તો શું તમે તેનાથી પણ ગયા, જેમાં હજારો નિરાશાઓ છુપાયેલી છે, તેમાં એકાદ આશા જરૂર છૂપાયેલી છે બસ એ આશાના મીઠા ફળ તમને ક્યારે ચાખવા મળે છે ? તેની રાહ જોવાની છે. હા ! શાસ્ત્રોમાં જે ધર્મ પામવા માટે ગુણો બતાવ્યા છે તેમાં ધૈર્યગુણ પણ બતાવ્યા છે, શા માટે એ ગુણ મૂક્યો છે તેનો વિચાર કરજો.

- જૈન શાસ્ત્રો કહે છે કે એક મોતથી ડરનારો માણસ અધ્યાત્મવાદી નથી. પણ હજારો મોતથી જે ડરે છે તે જ અધ્યાત્મવાદી છે, જો કે મોટા ભાગના જીવોને પોતાનું એક માત્ર મોત પણ નથી દેખાતું તો હજારો મોતની વાત ક્યાં કરવી ?
  **સભા :** સાહેબ ! અમને મોત દેખાય છે, તેનાથી બચવાનો કોઈ ઉપાય બતાવો ને !
  **સાહેબજી :** હજારો ઉપાય તમને બતાવ્યા છે, પણ તમને એ ઉપાયો ભણવાની ક્યાં પડી છે ? અને તમને મોતનો ડર લાગે છે ? હા. એ બોલ્યા, તે હૈયેથી કે હોઠેથી બોલ્યા છો તે સાચ્ચું બોલજો, તમારા બોલવાના કાટલા અને મનમાં વિચારવાના કાટલા બંને જુદા છે, જે તમારી જાત છ, તે જ મારી જાત છે, જે માના પેટમાંથી તમે બહાર આવ્યા છો. તેવી જ માના પેટમાંથી હું બહાર આવ્યો છું. તમે કહો છો કે મને મોતથી ડર લાગે છે. તમારા જીવવાના ડોળ જોતા મને નથી લાગતું કે તમને મોતનો ડર લાગતો હોય, હા ! અમને મોતનો ડર લાગે છે એટલે અમે બધી જ તૈયારી કરીને તાવ-કાયં-ઠાણેણં-માણેણં-ઝાણેણં અપ્પણં વોસિરામિ કરીને બેઠા છીએ. અને તમે આમાંથી શું કર્યું ? કેટલું કર્યું ? જેથી તમને મોતનો ડર લાગતો હોય, ૭૦ વર્ષના ડોસા થયા પછી પણ હજુ ટી.વી. સામે નટડીયોના નાચ જોવા ગમે છે, ઓફિસો અને પેઢીઓમાં ધંધા પર જવાની ઈચ્છાઓ જાગે છે, તમે ખોટું ન બોલો કે અમને મોતનો ડર લાગે છે.
- પરમાત્માની ભક્તિ શું કામ કરવાની ? તમારી પાસે જે પુદ્ગલના સુખોના ભંડાર પડયા છે તેનાથી છૂટવા માટે, નહિ કે તેની બેલેન્સને તગડી કરવા માટે. પરમાત્માની દ્રવ્ય અને ભાવપૂજા કર્યા પછી ધર્માત્મા શ્રાવક શું માંગે ? તે માંગે કે, હે ! ભગવાન મને આ મોહ દશામાંથી ઉગારી લે, તમે જેમ તમારા આત્માને સર્વકર્મોથી મુક્ત બનાવ્યો, અને આ જગતને પણ સર્વ કર્મોથી મુક્ત બનવાનો ઉપદેશ પાઠવ્યો, તેમ મને પણ સર્વ કર્મોથી મુક્ત થવા માટેનો ઉત્સાહ જગાડ, હે પ્રભો ! આ જગતની અંદર પુદ્ગલના સુખોને તો ઘણીવાર પામયો, પણ આત્માના સુખોને અનંત ભવોથી શોધવા છતાં પણ પામી શક્યો નથી, તારી ભક્તિનો ખરેખર જો કોઈ પ્રભાવ હોય તો, મને પુદ્ગલની વાસનામાંથી મુક્ત કર, મારા જીવનને અધ્યાત્મ માર્ગે વાળ, ક્યારેક પરમાત્માની સામે નયનથી નયનનું મિલન કરીને હૈયાની આરજુ ઠાલવો. બીજા બધાની સામે રડયા પછી ક્યારેય પરમાત્માની સામે તમે રડયા છો ! જાઓ આજ સુધી જે કાંઈ કર્યું તે માફ પણ હવે જો આંખ ઉઘડતી હોય તો પ્રભુની સામે એકવાર મન મૂકીને રડી

લો, હા ! ધ્રુસકે ધ્રુસકે પ્રભુની સામે રૂદન કરો, એ આંસુના અર્પણ કરેલા બુંદો મને લાગે છે કે તમારા-અમારા જીવનની દિશાઓ અને દશાઓને બદલી નાંખશે. વિશ્વાસ ન આવે તો એકવાર કરી જુઓ.....અવશ્ય સફળતા મળશે અને પ્રયોગ સફળ પણ થશે તેની ગેરેંટી મારી.

- ધર્મ શાસનના બે વિભાગ છે. પહેલું લોકોત્તર અને બીજું લૌકિક, લોકોત્તર ધર્મ કરનારો આત્મા જલ્દીથી મોક્ષ પરિણમને પામે છે, લૌકિક ધર્મ કરનાર આત્મા માત્ર હલ્કી કોટીનું પુણ્ય બાંધે છે, જેનાથી અધ્યાત્મ માર્ગમાં ખાસ કોઈ ફાયદો થતો નથી.
- પરમાત્માનું શાસન પામ્યાપછી પણ જે આત્મા અહીંયાથી મિથ્યાત્વ જ લઈને જાય, પણ સમ્યગ્‌દર્શનનો અંશ સુધ્ધાં જે નથી પામી શકતો, તેને ખરેખર કહેવું પડશે કે તળાવે આવીને તરસ્યો ગયો.
- પરમાત્માનું શાસન પામ્યા પછી પણ ૯૯%સંસારની વૃત્તિ-પ્રવૃત્તિઓમાં જ રચ્યા-પચ્યા રહીને અને માત્ર ૧%જેટલો ધર્મ કરીએ તે યોગ્ય નથી.
- પ્રત્યેક આત્મા પરમાત્મા તુલ્ય છે,દરેક આત્મામાં પરમાત્મા બનવાનું સત્વ સમાયેલું છે,જેમ પેલું સિંહનું બચ્ચું ઘેટાના ટોળામાં બેસી ગયું હોય તો ઘેટાની જેમ બે-બે કરવાનું છે પણ જ્યારે એને ખબર પડશે હું તો સિંહનું સંતાન છું.ત્યારે એનામાં સિંહ સત્વનો ઉઘાડ થાય છે, તેમ તમારે પણ તમારા આત્મામાં આવી જ્ઞાનદશા પ્રગટાવાની છે. કારણકે તમારા આત્મામાં પણ મેરૂ કંપવાની શક્તિ પડેલી છે. માત્ર તમે એનો વિકાસ નથી સાધતા માટે બકરાની જેમ બેઠા છો.

  જે વસ્તુ નાશવંત છે, તેનો નાશ થયે તમને શોક નથી થતો. જેમ તમે બજારમાં ગયા બે વસ્તુની ખરીદી કરીને લાવ્યા, જેમાં એક હતી ફુલની માળા અને બીજી હતી કાચના કપ-રકાબી. જયારે સાંજ પડે છે, ત્યારે ફુલની માળા કરમાઈ જાય છે, જે સવારે કપ-રકાબી નવા ખરીદીને લાવેલા, તેને ઠેસ પહોંચવાથી તે તૂટી જાય, બોલો વધારે દુ:ખ શામાં લાગશે ? કરમાઈ ગયેલી માળામાં કે ફુટી ગયેલા કપ-રકાબીમાં ?

  **સભા :** ફુટી ગયેલા કપ-રકાબીમાં.

  **સાહેબજી :** કારણ કે ફુલની માળા માટે તમને ખબર હતી કે સાંજે કરમાઈ જવાની છે અને જ્યારે કરમાઈ ગઈ ત્યારે તમને જરાપણ દુ:ખનો અનુભવ નથી થયો. આનું કારણ એ છે કે તેની નાશવંતતાની તમને ખબર છે. અને પેલી વસ્તુની તમને ખબર નથી. જે વસ્તુ નાશ થવાના સ્વભાવવાળી છે, તે નાશ થાય તો આપણને રંજ ન થવો જોઈએ કે હાય ! હાય ! મારી પેલી વસ્તુ કે વ્યક્તિ ચાલી ગઈ, કોઈ પ્રિયજનના મૃત્યુ માટે પણ શોક કરવો તે અજ્ઞાનતા છે.
- પુન્યના અચિન્ત્ય પ્રભાવથી, તમને બધી જ સામગ્રી મળી, આગળ મળીને સારામાં સારી

બુધ્ધિ પણ મળી, કે દેશમાંથી ખાલી હાથે આવેલા તમે લોકોએ આજે કરોડોના સામ્રાજ્ય મુંબઈમાં ખડકી નાંખ્યા, પણ ક્યારેય તમારી સારી બુધ્ધિનો તમારા ધર્મ વિકાસ કાજે કોઈ ઉપયોગ કર્યો ? જેના પ્રભાવથી તમને મળ્યું તેને જો તમે ભૂલી ગયા ? જો તેને ભૂલી જાવ તો ગદ્દાર ગણાવો.

- ઘણા માણસો પોતાના જીવનમાં દુઃખ આવે એટલે ભગવાનને ગાળો ભાંડે, એને ખબર નથી કે, તારા દુઃખોનું સર્જન તું જાતે કરે છે, તું જ એને આમંત્રણ આપીને બોલાવી લાવે છે, અને દુઃખ આવે ત્યારે ભગવાનને દોષ દે છે, કહે છે કે ભગવાન અમારી સામું જોતા નથી, જે ધર્મ બહુ કરે તેને જ તકલીફ વધારે આવે, ધર્મીને ઘરે જ ધાડ પડે, આવા-આવા હાઉ લોકોના જનમાનસમાં ફેલાવાનું પાપ આચરે. અરે! ખુદ ભગવાને પોતાના પર આવી પડેલા દુઃખોને સહન કર્યા છે. આ જગતમાં કર્મની આગળ કોઈનું કશું જ ચાલતું નથી. કર્મના હિસાબો ગમે-તેવા બળીયા વ્યક્તિને પણ ચૂકવવા જ પડે, એક વસ્તુ તમારા મગજમાં લખી રાખો કે પરમાત્માએ જગત બનાવ્યું નથી. પણ જગત્‌ને બનાવ્યું છે. ના ઉપદેશક માત્ર જ છે.
- પ્રભુની કરૂણાનો ક્યારેક વિચાર કરીએ તો આપણને પરમાત્મા તરફ ખૂબ જા અહોભાવ જાગે છે. પલો બ્રાહ્મણ કંઈક માંગવા માટે પરમાત્માને શોધતો-શોધતો પ્રભુ પાસે પહોંચી જાય છે, જ્યાં પ્રભુ નિષ્પરિગ્રહી અને નિઃસંકોચ અવસ્થામાં વિહરી રહ્યા છે, પ્રાયઃ તેમની પાસે દાન દેવા યોગ્ય હવે કોઈ જ વસ્તુ રહી નથી, પણ જ્યારે બ્રાહ્મણ પરમાત્માની સામે કરગરીને કાંઈક આપોની માંગણી કરે છે, ત્યારે પરમાત્મા પાસે છેલ્લે છેલ્લે બચેલું દેવદષ્ય પણ આપી દે છે, કેવી પ્રભુની કરૂણા ! આ જગતનો કોઈપણ જીવ ક્યારેય દુઃખી ન થાય અને મારાથી શક્ય તેટલું તે જીવોના દુઃખો દૂર કરવાનો શક્ય પ્રયત્ન કરૂં. આવી ભાવનામાંથી તે આત્મામાં તીર્થંકરપણાનો જન્મ થાય છે.
- જૈનકુળ, આર્યદેશ અને આવા-દેવ-ગુરૂ પામીને આપણે ધન્ય-ધન્ય બની ગયા છીએ, મને તો કહેવાનું મન થાય કે આપણને લોટરી લાગી ગઈ છે એમાંય વળી સંયમજીવનો સોનાનો બંગલો આપણા માટે પરમાત્માએ નિર્માણ કર્યો છે, પણ તમને જવું હોય તો ને ?
- સંસાર એ આગ છે. એ લોકો હજુ બેભાન છે. જેમ ઘસઘસાટ ઉંઘમાં માણસ સુતો હોય અને ઘરમાં આગ ભભુકે અને તો ખબર પણ ન પડે કે ઘરમાં આગ લાગી છે પણ જ્યારે આગ પોતાના શરીર સુધી પહોંચે અને જરાક બળતરા થવાથી શરૂઆત થાય, ત્યારે ચોંકીને જાગી જાય, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. તમે પણ આના જેવા છો. સંસારમાં ભડગતી આગ લાગી છે, તમે ઉંઘમાં હોવાથી તેનું તમને ભાન નથી, જ્યારે દુઃખોરૂપી આગ અડકે છે, ત્યારે રોતા-રોતા અમારી પાસે આવો છો. બાપજી ! હવે આગમાંથી નીકળવાને કોઈ માર્ગ બતાવો ? ત્યારે અમે શું કરીએ. માનવજન્મના

મુલ્યવાન સમયને ભોગ-સુખના રંગ-રંગમાં ઘોઈ નાખ્યો, જ્યારે લીંબુ પૂરેપૂરું નીચોવાઈ જાય, જ્યારે શેરડીના કુચ્ચા બરાબર નીચોવાઈ જાય, ત્યારે અમારી પાસે આવે, બાપજી ! આ ડોકરાનો ઉધ્ધાર કરો, શું ઉધ્ધાર કરૂં ?

- પરમાત્મા સમવસરણમાં બેસીને દેશનાની શરૂઆત કરે ત્યારે કહે કે- **ભો ભો ભવ્યા શ્રુણુંત** હે ભવ્ય જીવો તમે મારા વચનને સાંભળો, આ સંસાર અનંત દુ:ખમય છે, જેમાં માત્ર દુ:ખની પરંપરાઓ સિવાય બીજું કાંઈ નથી. હે આત્મન્! તું મોહની નીદ્રામાંથી બેઠો થા અને તારા સત્ત્વને ઉજાગર કર, જે માનવભવ મળ્યો છે તેને દેવલોકના દેવો પણ ઝંખે છે, ખરેખર તે દેવોને સ્વર્ગના વિલાસો પણ ડંખે છે.
- આપણા ભાગ્યનો ચમકારો છે કે પ્રભુ આપણને આહવાન કરે છે, આપણા કલ્યાણ માટે પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી શાસનની સ્થાપના કરી છે. જો કે પરમાત્માએ પોતાનું કલ્યાણ તો સાધી લીધું છે. તેમને શાસન સ્થાપનાની કોઈ જ જરૂરિયાત નહોતી, માત્ર આપણા માટે કરૂણાથી પ્રેરાઈને તેમને શાસન સ્થાપ્યું છે.
- કોઈકે ગાયું છે કે-
  **મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુઝ હૈયામાં વહ્યા કરે,**
  **શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય વહે,**
  જીવોનો મોક્ષ ન થતો હોય અને ગુણસ્થાનકમાં એનો પ્રવેશ ન થતો હોય તો તેનું મુખ્ય કારણ છે લબ્ધિમનમાં પડેલો જીવો પ્રત્યેનો દ્વેષભાવ. વિના કારણે પણ તે આત્માઓ માટે દ્વેષની વૃત્તિ પડી રહેવાથી શાસ્ત્રોએ મૈત્રી ભાવનાની વાત કરી છે, **મિત્તિ મે સવ્વભૂએસુ.** આ જગતમાં સહુ કોઈ જીવો મારા મિત્ર છે. કોઈ જ જીવ મારૂં કશું જ બગાડી શક્તો નથી. સહુ જીવો કર્મને વિવશ છે, સાધક આત્મા ક્યારેય પણ વ્યક્તિનો દોષ ગણતો નથી. બાકી મૂળ રોલ તો કર્મ જ ભજવે છે.
- સાધનામાં હંમેશા સિંહવૃત્તિથી આગળ વધવું જોઈએ, શ્વાનવૃત્તિથી નહિ, સિંહની સામે પથ્થર આવે તો સિહ પથ્થરને બચકાં નથી ભરતો પણ પથ્થર ક્યાંથી આવે છે તેને ઓળખીને સામે પ્રહાર કરે છે જ્યારે કૂતરો તો પથરાને બચકા ભરે છે.
- પરમાત્માએ બતાવેલ મોક્ષમાર્ગરૂપ શાસન જીવ નહીં પામે તો દુર્ગતિની પરંપરાના ખપ્પરમાં હોમાઈ જશે. મોહ અજગરની જેમ મોં ફાડીને આત્માનો કોળીયો કરવા બેઠો છે. ઉપકાર માનો એ પ્રભુનો કે જેમણે આપણને દુર્ગતિના દુ:ખોથી બચવાનો માર્ગ બતાવ્યો.
- ભગવાન્ ! તમે રાગ-દ્વેષના જિતારી છો, મોહશત્રુને તમે હણ્યા છે, સંવગ-નિર્વેદની દેશના આપી છે, જેથી દેવો એવા અમે પણ તમારી પાછળ ગાંડા છીએ, બીજા દેવો સાંસારિક ભોગસુખો કેવી રીતે ભોગવવા તેના ઉપાયો બતાવે છે,જ્યારે આપ તો મળેલા ભોગ-સુખોનો કેવી રીતે ત્યાગ કરવો ? તેનો ઉપદેશ આપી રહ્યા છો, ખરેખર

તમારી ઉપદેશ કળાને પણ લાખ-લાખ વંદન છે.

- ભલે અત્યારે તમને પરમાત્માની વાતોમાં શંકા પદા થતી હોય, પણ મને વિશ્વાસ છે કે કાલ એવી જરૂર ઉગશે કે જેમાં પ્રભુના વચનો પર તમને શ્રધ્ધા થયા વગર નહિ રહે, પેલી પંક્તિ કોઈકે ગાઈ છે કે- **મહાવીરના ચીંધ્યા રાહે, આ દુનિયાને એક દિન જાઉં પડશે.** એક દિવસ અહિંસાના આ સંદેશને વિશ્વમાં ઉદ્ગોષ કરવો પડશે., કારણ કે એમને બતાવેલા સિદ્ધાન્તો જ આત્માને સાચા-સુખ તરફ લઈ જશે.
- સમ્યગ્દૃષ્ટિ દેવો તમારા ભાવની ઈર્ષ્યા કરતા હોય છે. તેમને મળેલા ઉત્તમ ભોગસુખની સામે તમને મળેલા માનવભવને વધારે મૂલ્યવાન માનતા હોય છે. કારણ કે ગમે તેટલી સંપત્તિ મળી હોય તો શું કામની ? જ્યાં એક નાનકડું પણ વ્રત ગ્રહણ કરવાની તાકાત ન હોય, દેવો દુન્યવી બધી જ સુખ-સાહિબી પામ્યા છે પણ તમારા જેવું એક નવકારશી-મુટ્ઠસિનું પચ્ચક્ખાણ નથી પામ્યા. હા ! ખરેખર આ બાબતે તેમની મુખાકૃતિ પર બિચારાપણાનો ભાવ દેખાઈ આવે, પણ તમને તમારા માનવભવની કાંઈ પડી નથી, પેલા દેવો તમને ઝંખે છે, અને તમે એમને ઝંખો છો, ખરેખર તમારા માટે કેવી કરૂણા છે ?
- ભોગોની ભીખ માંગનારા તમને ખબર નથી કે આ ભીખ કેટલા કાળથી તમે માંગી રહ્યા છો, તમારી આટલી પણ ઈચ્છા જ્યારે પરિપૂર્ણ ન થતી હોય તો શા માટે એવી ભીખ લેવા કર્મ સત્તાની પાસે કૂતરાની જેમ પૂંછડી પટપટાવો છો ? રસ્તા પર રખડતા ભીખરીને પણ સમજણ પડે છે, કે પેલા બેઠેલા માણસ પાસે દશવાર ભીખ માંગી અને છતાંય એ આપતો નથી. તો તેની પાસે ભીખ માંગવાનું બંધ કરે છે, તમારી પાસે એટલી પણ સમજણ ખરી ?
- વ્રત સિવાયનું જીવન નકામું છે, જેમ બંધન સિવાયના હરાયા ઢોરની હાલત વધારે કફોડી છે, જેમ એક ખીલે ન બંધાયેલા વાંઢા માણસ ઉપર કોઈ વિશ્વાસ નથી રાખતું તેવી રીતે વ્રત ગ્રહણના બંધાયેલા માનવની પણ પરલોકમાં કફોડી પરિસ્થિતિ છે.

- આ દેવોની પાછળ કોણ પડે ? ભોગસુખના ભિખારી કે બીજા કોઈ ? વીતરાગી પરમાત્માને છોડીને દેવોના બમણા-તમણા ચડાવાઓ આજ-કાલ વધવા લાગ્યા છે. તમને ખબર નથી એ દેવો પરમાત્માના પરમ ભક્ત છે. તેમને ખબર પડે કે, પરમાત્માની ભક્તિ છોડીને આ લોકો હવે અમારી તરફ વળ્યા છે. અમારી ભક્તિ કરવા માંડયા છે, તો ઉંચકીને તમને ચાર તમાચા ઠોકે, અને પછી કહે કે નાલાયક ! ખબર

નથી પડતી કે તું પરમાત્માની આટલી મોટી આશાતના કરે છે, ભક્તિના મહાનપાત્રને છોડીને તું અમારી પાસે ક્યાં આવ્યો ?

તમે કેવા છો ? અમારી ભક્તિ છોડીને કોઈ નીચે બેઠેલા વોચમેનના પગ દબાવે તો બહારથી આવનારો ડાહ્યો માણસ પેલાને કહેશે કે, ગાંડીયાં તારામાં બુધ્ધિ છે કે નહિ ? પગ દબાવવા હોય તો ગુરૂ મ.સા.ના દબાવ, આ વોચમેનના પગ દબાવવા ક્યાં બેસી ગયો ? અત્યારે સાંભળતી વખતે તમારા માથા બરાબર ડોલે છે મને તમારા મોંઢાના ઈશારાથી દેખાય છે કે સાહેબ તમારી વાત સાચી છે, પણ તોય કરો છો તો એ જ ધંધાને !

- ભૌતિક સુખો માંગીને આપણે ઘણી મોટી ભૂલો આ ભવસંસારમાં કરી છે. જેની વિડંબના આપણે ભોગવી રહ્યા છીએ. હવે તો પરમાત્માની પાસે માત્ર એક જ ચીજ માંગવી છે અને તે જ કે ભગવંત ! ભવ ભ્રમણના ફેરા મારા ટાળો. તે સિવાય મને હવે કોઈ જ અપેક્ષા નથી.
- સમ્યગ્દર્શનની મહાનતાની તમને ક્યાં કશી ખબર છે, સમ્યગ્દર્શન તો ધગધગતા દુ:ખોની વચમાં આત્માને સુખના એરકન્ડીશનમાં રાખે છે, સૌથી વધારે વેદના અને દુ:ખો જેમાં છે એવી સાતમી નરકમાં પણ સમ્યગ્દષ્ટિને જોઈને પૂછો કે ભાઈ તમે શાતામાં છો ? તો કહેશે કે અમને દેવગુરૂની કૃપાથી શાતા છે, કારણ કે સમ્યગ્દર્શનનો અચિન્ત્ય પ્રભાવ છે કે, માણસને માનસિક રીતે ખૂબ જ પ્રસન્ન રાખે છે, તમને પૂછું કે સાતમી નરકના દુ:ખો-યાતનાઓ અને વેદનાઓની કોઈ સીમા ખરી ? તો પણ આટલી તીવ્ર વેદનાઓ વચ્ચે એમનો આત્મા શાતા ભોગવે છે. વિચાર કરો ! આત્મામાં ખાલી એક સમ્યદર્શનનો ગુણ પણ આત્માને આટલી શાતા ઉપજાવે છે. તો જ્યારે આત્માના એક-એક પ્રદેશ પર અનંત-અનંત ગુણનોવાસ હોય તો કેટલું સુખ આત્માને પ્રાપ્ત થાય ? માટે કહ્યું કે, મોક્ષમાં અનંત સુખ છે. પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજય મ.સા.એ તેમની ચોવીસીમાં ગાયું છે કે, **એક-એક પ્રદેશ તાહરે ગુણ અનંતનો વાસ રે.** પરમાત્મા તમારા આત્મપ્રદેશ પર જેમ અનંતગુણનો વાસ થાય અને આત્મા નિર્મલ બની જાય, તો હું પણ સુખી-સુખી બની જાઉં.
- સમકિતી આત્મા પોતાના દુ:ખો માટે ક્યારેય દેવો પાસે રડવા જતો નથી. કારણ કે એ કર્મના મર્મને સમજતો હોય છે, તમને રસ્તામાં ઠોકર લાગી હોય તો ઘરે પાછા આવો અને, વિચારો કે આજે પેલા દેવાનો ફોટો નીચે ખસેડયો એટલે આમ થયું, આવા નિ:સત્ત્વશાળી જીવો ક્યારેય શુધ્ધ ધર્મ પામી નહીં શકે.
- ક્રિયાનું સ્વરૂપ જાણીને કરવામાં આવે તો તેનાથી ક્રિયામાં પૂરેપૂરી સફળતા પ્રાપ્ત થાય પણ તમારી પાસે એવો ટાઈમ જ ક્યાં છે ? કે તમે ક્રિયારૂપ ધર્મના મર્મને સમજવા આવો, તમે ઈન્સ્ટન્ટ જમાનાના માણસ છો. બધુ જ ફાસ્ટ જોઈએ.

- મને બધી જ ખબર છે કે, સંસારમાં તમે હોંશિયારી વાપરી બધો જ નગદમાલ ભેગો કર્યો છે, પણ ધર્મના ક્ષેત્રે પણ થોડોક નગદ માલ ભેગો કરી મજબૂત ધર્મ કરો, તો ભવિષ્યમાં તમને કામ લાગશે.
- તીર્થંકરો જે તીર્થંકરપણાને પામે છે. તેના મૂળમાં એક જ ગુણ રહેલો છે અને તે છે **પરાર્થવ્યસનીપણુ,** જેમ-જેમ આત્મામાં આ ગુણ વધતો જાય, તેમ-તેમ આત્મામાં તીર્થંકરપણાના બીજનું વપન થતું જાય, જેમ વૃક્ષ પોતે કાળ-ઝાળ ગરમીમાં ઉભું રહીને રસ્તામાં તડકે ચાલતા મુસાફરોને છાંયડો આપે છે. ધૂપ પોતે પોતાના શરીરનું બલિદાન કરીને, બીજાઓને સુગંધની મહેકથી મહેકાવી દે છે, દીપક પોતે સળગી જઈને અંધકારને ઓરડામાંથી બહાર ઉલેચે છે, તેમ તીર્થંકરના જીવો સ્વયં પોતે ઘણું સહીને બીજાઓને શાતા આપતા હોય છે, જેમ વિશ્વના તમામ જીવોની ચિંતા હોય, તે વિશ્વની માતા છે. માટે તો ગાઈએ છીએ કે **પ્રભુ માતા તું જગતની માતા** જે માતા હોય તેને જ પોતાના બાળકની ચિંતા હોય છે, આ વિશ્વના જીવો પરમાત્માના સંતાનો છે, માટે પણ તે જીવોની દયા આપણે કરવી જોઈએ, બીજાઓ માટે જે મરી પડે છે, તે જ આત્મા તીર્થંકરપદની પ્રાપ્તિ કરે છે, અત્યારે તો વીશ સ્થાનક તપ કરતો હોય અને બીજાઓ માટે તેને ભારોભાર ધિક્કાર તિરસ્કારનો ભાવ હોય, અત્યંત સ્વાર્થીપણું હોય તેવા લોકો આવા હજારો વીશસ્થાનક તપ કરે તો પણ તીર્થંકર પદ પામી ન શકે, બીજી તરફ જેના હૈયામાં બીજા જીવો પ્રત્યે અપાર કરૂણા છે, ભલે તેને તપ નથી કર્યો તો પણ તે જરૂર તીર્થંકરપદ પામી શકવાની લાયકાત ધરાવે છે.
- બોધિબીજોના પણ આપણા શાસ્ત્રમાં પ્રકાર બતાવ્યા છે. જે આત્માને વરબોધિ હોય છે. તેના ચિત્તમાં એટલી વિશુધ્ધિ પ્રગટી ગઈ હોય છે અને એના કારણે, જગતના દુ:ખી જીવો પર તેને ખૂબ કરૂણા ઉભરાઈ આવે છે, એ આત્મા દુ:ખ કરવાનો લોકોત્તર ઉપાય દુ:ખી જીવોને બતાવતા રહે છે.
- દુ:ખોને દૂર કરવાના આ જગતમાં ઘણા ઉપાયો બતાવેલા છે, તે બધા જ ઉપાયો લૌકિક છે, લોકોત્તર કક્ષાના ઉપાયો જે શ્રી તીર્થંકરનો પ્રભુએ આપણને બતાવ્યા છે, વરબોધિને પામેલા તીર્થંકરનો આત્મા દુ:ખને દૂર કરવા માટે લોકોને લોકોત્તર કક્ષાના જ ઉપાયો બતાવે છે નહિ કે લૌકિક, કારણ કે લૌકિક ઉપાયોથી આ આત્માનું દુ:ખ ક્યારેય સંપૂર્ણપણે નાશ નથી થતું.
- આ જીવને મોહ છે, મોહના કારણે જ્ઞાનમાં રૂચિ નથી, જ્ઞાનમાં રૂચિ નથી કારણ કે સુખ પામવાની તેમને ઈચ્છા નથી, આમાંની એકાદ ચેનલ પણ જો તમારા જીવનમાં સેટ થઈ જાય તો આગળની બધી ચેનલો બરાબર ચાલવા માંડે.
- ભગવાનનું વચન ક્યારેય મિથ્યા ન થાય, પરમાત્માએ કહ્યું કે, જે આત્માને સમ્યગ્દર્શનનો પરિણામ પ્રાપ્ત થયો છે, તેનો સંસાર અર્ધપુદ્ગપરાવર્ત કાળથી વધારે ન રહે.

- જિનાલયના જીર્ણોદ્ધાર કરવાની જીવનમાં ઘણા લોકોને બાધા હોશે, નિયમ હશે, પણ પોતાના આત્માના જીર્ણોધ્ધારની ઈચ્છાની તમને બાધા ખરી ? જેને આત્માના જીર્ણોધ્ધારની ઈચ્છા નથી તેને જિનાલયના જીણોધ્ધારની ઈચ્છા તારી શકતી નથી. પરિણામના માધ્યમથી જીર્ણોધ્ધાર લાવવો તે આત્માની પરિણતિનો જીર્ણોધ્ધાર છે.
- એકેન્દ્રિયથી માંડીને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોની પુન્યહીનતા કેટલી છે ? એની સામે તમારા પુન્યની બડભાગીતા કેટલી છે ? વિચાર કરો ! તમને જે મળ્યું છે, તે લોટરી લાગી ગઈ છે, બગાસું ખાવા મોં ખોલ્યું ને પતાસું મોઢામાં આવી ગયું. પણ તમારા જીવનમાં એનો આનંદ ક્યાં છે ? લોકોને ધર્મ કરવાનો ઉપદેશ આપવામાં તમે શૂરા છો, તમારી જાતને તો થોડો ઉપદેશ આપો !
- માત્ર જીવનનો નિર્વાહ કરવો, તે કાંઈ આત્માનું કલ્યાણ નથી, જીવનનિર્વાહ તો જાનવરો પણ કરે છે. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના બધા જ જીવો પોતાના જીવન નિર્વાહ કરે છે, પણ જીવનને પ્રભુ આજ્ઞા મુજબ કલ્યાણની દિશામાં દોરી જવું. તે જ જીવનનો મોટો બદલાવ છે.
- તમારી ચોવીસ કલાકની પ્રવૃત્તિ જોતા મને એમ લાગે છે કે તમે માત્ર કમાવવાનું લક્ષ્ય લઈને જન્મ્યા લાગો છો તે સિવાય બીજી કોઈ પ્રવૃતિમાં તમને રસ નથી. જેની પ્રવૃત્તિ ધર્મની ગમે તેટલી દેખાતી હોય, પણ મનમાં તો ભોગસુખને મેળવવા એનો આત્મા તલપાપડ હોય તો તેવા જીવોને દ્રવ્યધર્મ તો શું ભાવધર્મ પણ તારી શકવાનો નથી. પ્રભુમિલનના સંગીતમય કાર્યક્રમોમાં મેં ઘણા લોકોને ડોલતા જોયા છે, અને જોતા લાગે છે કે પરમાત્મા ભક્તિમાં આ લોકો કેવા રસિક છે ? પણ પછી જ્યારે પૂછું કે ભાગ્યશાળી વ્યાખ્યાનમાં રેગ્યુલર કેમ નથી આવતા, તો મને જવાબ મળે કે ઓફિસે પહોંચતા મોડું થઈ જાય છે. એટલે સાહેબ ફક્ત રવિવારે વ્યાખ્યાનમાં આવું છું. પેલી પંક્તિ, કોઈકે તમારે માટે બરાબર બનાવી છે. **હું તને ભજું છું રવિવારે, બાકી ક્યાં છે ? સમય પ્રભુ મારે ?**
- ઘણા લોકોને જૈનની વ્યાખ્યા ખબર નથી, માત્ર નામથી તમે જૈન નથી બની જતા, અથવા તમે જૈન કુળમાં જન્મ લીધો એટલે જૈન નથી બની જતા, તમારામાં જો જૈનને શોભે તેવું એક પણ લક્ષણ જોવા ન મળે તો જૈન તમે શાના ? લખી રાખજો કે, જૈન જન્મથી નહિ પણ કર્મથી બનાય છે. સુવર્ણ પોતાની તેજસ્વિતાથી ઓળખાય છે, હીરો પોતાના તેજથી પ્રસિધ્ધ બન્યો છે. ખાણમાંથી નીકળવા માત્રથી હીરો ન કહેવાય.
- જૈન શાસન પામ્યા પછી તેનું ચરમ ફળ છે વિરતિધર્મ પ્રાત્પ કરવો તે. આપણો પાપોદય છે કે હજુ સુધી અવિરતિ આપણા જીવનમાંથી જતી નથી. પ્રભુને પ્રાર્થના કરો કે ભગવાન તમારી ભક્તિના પ્રભાવથી મારા જીવનમાં અવિરતિનો નાશ થાવો અને જીવનમાં શુધ્ધ વિરતિધર્મનું પ્રગટીકરણ થાવો.

- પેલા એકેન્દ્રિયાદિ જીવો તો કદાચ હજું પાપ કરતા બચશે. કારણ કે પાપ કરવા માટે એમને પૂરી સામગ્રી પણ નથી મળી, પણ તમને પાપ કરવા માટે બરાબર સામગ્રી પ્રાપ્ત થઈ છે. જો સાવધાની નહિ રાખો તો, કેવા ય કાતિલ પાપો તમારા હાથે થઈ શકે છે, જેના વિપાકો ભોગવતા તમે આંખમાંથી આંસુ સારો તો પણ છુટકો નહિ થાય.
- શ્રી જિનેશ્વર ભગવંતનું શાસન પામ્યા તેની ખાતરી શું ? કારણ કે હજુ સંસારના વ્યવહાર ચલાવવા માંગો છો, હજુ જરૂરિયાતથી વધારે પૈસા કમાવવો ગમે છે, હજુ પણ મોહ વધે તેવા જ કાર્યો કરવા ગમે છે, અને હજુ સંસારની વૃધ્ધિ કેમ થાય તેવા જ કામો કરે છો, તો કેવી રીતે કહીએ કે તમે શ્રી જિનેશ્વર ભગવંતનું શાસન બરાબર પામ્યા છો !
- સંસારમાં જેમ-જેમ નિરૂપાધિકપણુ ઘટે તેમ તેમ તમારામાં ધર્મ પ્રવેશ્યો છે તેની અનુભૂતિ થાય. નિરૂપાધિકપણાનો અર્થ આવડે છે ? ક્યાંથી આવડે ? કોઈ દિવસ જાણવાનો પ્રયત્ન કર્યો છે ? નિરૂપાધિકપણું એટલે પુદ્ગલની આધિવ્યાધિ અને ઉપાધિ ઘટવી તે. શાસ્ત્રોમાં પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા પોતાના સવાસો ગાથાના સ્તવનમાં લખે છે કે, **જે - જે અંશે નિરૂપાધિકપણુ, તે-તે જાણો રે ધર્મ । સમ્ય્ગ્દૃષ્ટિ ગુણઠાણા થકી, જીવ લહે શિવશર્મ ।।**
  હકીકતમાં ચોથા ગુણસ્થાનક પર સાધના કરતો સાધક ત્યારે આંશિક નિરૂપાધિકપણાની શુભ શરૂઆત થાય છે, તે પહેલા કરાતો ધર્મ, શાસ્ત્ર દૃષ્ટિએ ધર્મ નથી, તેથી સમ્યગ્દર્શનની ધર્મના ક્ષેત્રમાં કેટલી અગત્યતા છે, તેનો તમને ખ્યાલ આવે છે.
- જ્યાં-જ્યાં ઉપાધિ ટળે ત્યાં ત્યાં ધર્મની શરૂઆત થાય સમ્યક્ત્વવાળો જીવ મિથ્યાત્વનો જેમ-જેમ ત્યાગ કરતો જાય. તેમ-તેમ ઉપાધિ ટાળતો જાય છે.
- ઘર વ્યવહારની ઉપાધિ ટળે તે તાત્ત્વિક ઉપાધિ ટળી ન કહેવાય કારણ કે, મોહની ઉપાધિ ટળે તે જ ઉપાધિ ટળી કહેવાય. તમારી ગણતરીઓ જુદી ચાલતી હોય છે માટે હું સ્પષ્ટા કરૂં છું.
- બોધિબીજની સામગ્રી ન મળી હોય ને બેઠા રહીએ તે વાત જુદી છે. પણ ધર્મ પામવાની ભરપૂર સામગ્રી મળ્યા પછી પણ આત્મા પ્રમાદ કરીને બેઠો રહે તો તેના માટે માત્ર કરૂણા કરવા સિવાય બીજો કોઈ માર્ગ નથી.
- મહામોહના ઘરની ઉપાધિ ન ટળે ત્યાં સુધી બીજી બધી ઉપાધિ ગમે તેટલી ટળે તેનાથી શું ફાયદો ? કારણ કે આત્મિક સુખ મેળવવા માટે મોહનીયના ઘરની ઉપાધિ ટાળવી જરૂરી છે.

ત્રણ ગારવ :

- **રસગારવ** : ભક્ષ્યાભક્ષ્યાના પદર્થોના વિભિન્ન રસોના આસ્વાદ કરવા, જીભના લટકા-ચટકા વધારવા, નિત નવા સ્વાદોની રેસિપીઓ શોધવી, તમે તો વળી એના કુકિંગ ક્લાસો કરવા જાઓ છો, જાણે કે રસગારવ આટલો ઓછો પડે છે માટે રસગારવ હજુ વધારે ગાઢ બને તેવા પ્રયત્નો કરો છો, ખરેખર તમે કરૂણાપાત્ર છો.
- **ઋદ્ધિગારવ** : રિધ્ધિ-સિધ્ધિ અને સંપત્તિમાં આળોટયા કરવું, વધુ ને વધુ સંપત્તિ વધારવાના પ્રયત્નો કરવા, મળેલી સંપત્તિમા આસક્તિ કેળવીને સુખ ભોગવવું, પોતાની ભૌતિક સંપત્તિના અસ્તિત્વનો ઘમંડ રાખવો, મગજમાં અભિમાનનો કૈફ લઈને ફર્યા કરવું, આ બધું ઋધ્ધિગારવ કહેવાય, તમારો નંબર આમાં નહિ હોય ને ?
- ધર્મ પામવા માટે જો ચિંતન નહીં કરો તો, આ જગતમાં એવી એવી ગતિઓમાં એવા-એવા ભવો ધારણ કરવા પડશે કે તમને ચિંતન ન કરવાના ફળ સ્વરૂપે ચિંતા કરવાનો વારો આવશે, માટે હજુ વહેલું છે. ચિંતા ન કરવી હોય તો ચિંતન કરવા લાગી જાવ.
- **શાતા ગારવ** : ! શરીરની શાતામાં રચ્યો-પચ્યો રહે, જરાય શરીરને કષ્ટ આપવાની તસ્દી ન લે, શરીરને ખૂબ જ પંપાળી-પંપાળીને રાખે, તેનો વધુ પડતો મોહ રાખે, તેને શાતાગારવ કહેવાય, આવો શાતાગારવ રાખવાથી શરીરનું ખૂબ મમત્વ ઉભું થાય છે. જે મમતા મોક્ષમાર્ગમાં અધ્યાત્મકના સાધકને મોટું નડતર ઉભું કરનાર બને છે.
- રસગારવ, ઋધ્ધિગારવ, અને શાતાગારવ આ ત્રણેય મોહના પડછાયા છે, તેઓ મોહના સામ્રાજ્યને આત્મામાં અત્મામાં અકબંધ રાખે છે.
- મોહના મહાસામ્રાજ્યમાં જે કોઈ પ્રવેશે છે તે શરૂઆતમાં ભલે ચકાચૌધ થઈ જાય પણ પાછળ તો ધમપછાડા જ કરે છે.
- કેટલાક માણસો ડૉકટર પાસે જાય છે, ડૉકટર રોગનું નિદાન કર્યા પછી, કહે કે ઈજેકશન લેવું પડશે, ત્યારે તમારામાંના ઘણા બાહોશ લોકો ડૉકટરને કહે છે કે, સાહેબ ઈજેકશનની જગ્યાએ ગોળી આપોને. ઈજેકશન ન લેવું પડે તો સારૂં, બોલો ! ઈજેકશનની નાનકડી પીડાથી પણ જે માણસો ગભરાય છે, તે લોકો મોહના કડવા ફળો કેવી રીતે ભોગવશે ? માટે દુર્ગતિથી પણ જો ગભરાવો તો ય તમને ધર્મ કરવાનું મન થાય.
- મોહનીયના વળગાડને કાઢવો તે સામાન્ય કાચા-પોચાનું કામ નથી, તેને કાઢવા માટે ખૂબ ચતુર અને શક્તિશાળી માણસનું કામ છે, સદ્ગુરૂની કૃપા સિવાય મોહના વળગાડને દૂર કરવો અશક્ય છે.
- જેનામાં આત્મિક ગુણોનો વિકાસ થઈ ચુકયો છે કે થઈ રહ્યો છે તેને મોહના

સામ્રાજ્યનો ગુલામ કોઈ બનાવી શક્તું નથી.

- અનુકુળતાઓને છોડો અને પ્રતિકુળતાઓને સામે ચાલીને ભેટો, મળેલી કે મેળવેલી અનુકુળતાઓ ભોગવવી તે પાપ છે, અને મળી ગયેલી કે સામે ચાલીને આવેલી પ્રતિકુળતાઓને ભોગવવી તે કર્મનિર્જરાનું જબરજસ્ત એક સાધન છે.
- તમે કેવા છો ? તમને પ્રભુ ગમે છે. પણ પ્રભુની વાતો નથી ગમતી, સાધુ ગમે સાધુની વાતો નથી ગમતી, આ તો સારૂં છે અમે સાવધાન છીએ નહીં તો તમે અમને તમારી વાતોમાં ભોળવી નાંખો. આજે દેખાય છે કે આખો સંસાર છોડીને નીકળનારા મહાત્માઓને તમારા જેવા કોઈક ધુતારાઓને લાંબો પરિચય થઈ ગયો અને પેલા વૈરાગી મહામુનિ શિથિલાચારની ચાદર તળે સુઈ ગયા, તમે આવા પાપો બંધ કરો, તમે જ અમારામાં શિથિલચાર ઘુસાડીને,પછી બહાર જઈને નિંદા કરો છો. આ ભયંકર કોટિનું પાપ છે.
- પ્રભુએ નિ:સ્વાર્થ ભાવે, કરૂણા ભાવે. આ જગતને હિતનો ઉપદેશ આપ્યો છે. પરમાત્મા વીતરાગી છે. તેમને કોઈ રાગ-દ્વેષ ન હોવાથી ક્યારેય અસત્ય ઉપદેશ ન આપે, માત્ર તેમની વાતો પર અપ્રતિમ શ્રધ્ધા રાખો તો પણ તમારા આત્માનું કલ્યાણ થઈ જાય.
- મૃત્યુને મંગળ બનાવવું છે ? મૃત્યુને મહોત્સવ બનાવવું છે ? તો ધર્મમય, આચારમય, સદ્‌વિચારમય જીવન જીવવા માંડો, જો તેમ નહીં કરો તો મોત પર લોકો છાતી કુટશે, આપણે તો જય જયનંદા અને જય જયભદ્દા કરતા હોય, ગુલાલનો રંગ ઉડતો હોય બેન્ડ વાગાતા હોય તેવું મૃત્યુ જોઈએ છે. આવુ મૃત્યુ સંયમ પાળનાર આત્માને જ મળી શકે.
- બોમ્બની અફવા માત્રથી લોકોમાં નાશ-ભાગ મચી જાય છે, તેમ પાપ જો બોમ્બ જેવા લાગે તો પાપથી તમે પણ દૂર ખસી જાઓ.
- જૈન શાસનને દર્પણની ઉપમા આપી છે. જેમ કાચનું દર્પણ તમારા દર્શન કરાવે છે. તેમ જૈન શાસનનું દર્પણ આત્માના રૂપનું દર્શન કરાવે છે, એ દર્પણ શરીરના રૂપનું દર્શન કરાવે છે અને બીજું દર્પણ આત્માના રૂપનું દર્શન કરાવે છે. તમને કોનું દર્શન કરવું છે તો તમારો જન્મારો સફળ. કારણ કે જૈન શાસનની જરૂરિયાત તમારા જીવનમાં તમને લાગી ગઈ, નહિ તો તમે માઈનસમાં છો.
- **બંધ -** વર્તમાન ક્રિયાથી, વિચારથી, આચારથી જે કર્મ બંધાય તે બંધ છે.
- **અનુબંધ -** બંધના પરિણામોની પરંપરા અર્થાત્ બંધનું ફળ જે આવે છે તેને અનુબંધ કહેવાય છે. અનુબંધ એટલે આત્મામાં પડેલા એક ચોકક્સ પ્રકારના સંસ્કાર કે જેના કારણે આત્માને ચોવીસ કલાક બંધ થાય છે

## વિષધર ચંડકૌશિકનું દૃષ્ટાંત

o સ્તવનની આ પંક્તિઓ ક્યાંક સાંભળવા મળી છે કે -

**ચંડકૌશિકના ઝેર ઉતાર્યા એવા ઝેર ઉતારો,**
**પ્રભુ એવા ઝેર ઉતારો.**

ચંડકૌશિક નામનો તાપસ, જંગલમાં તેનો આશ્રમ, એની પહેલાનો પૂર્વભવ જોઈએ તો, કોઈક જૈન શ્રમણે સાધના કરવા માટે દીક્ષા જીવનનો સ્વીકાર કર્યો, બની એવી ઘટના કે એકવાર પોતાના જ પગતળે ઇર્યાપથીકીનો ઉપયોગ ન રહેતા કોઇ દેડકી કચડાઈ ગઈ, પોતાના જ સહજીવી બાલશ્રમણે આખો દિવસ પેલી મરી ગયેલી દેડકીના પ્રાયશ્ચિત્ત માટે વારંવાર તે મુનિને કહ્યા કર્યું, મુનિવરને સાંજે પ્રતિક્રમણમા પણ બાલમુનિએ યાદ કરાવ્યું. છેલ્લે પેલા તપસ્વી મુનિરાજનો પીત્તો ગયો અને પોતાના જ કોઈ સંયમધર્મના ઉપકરણને લઈને મારવા દોડયા, ઘોરઅંધારૂ જંગલની કેડીઓ અને અજાણ્યા રસ્તો. પેલા બાલ મુનિરાજ મારના ભયથી આગળ દોડે છે અને તેમને હવે સબક શીખવાડું તેવા ક્રોધાવેશમાં પેલા મુનિ તેમને મારવા માટે પીછો કરે છે, ત્યાં જારથી રસ્તામાં આવેલા થાંભલા સાથે મારવા માટે દોડતા મુનિનું માથું ભટકયું. બ્રેઈન હેમરેજ થયું, ત્યાં જ ખોપરી ફાટી અને ધગધગતા ક્રોધાગ્નિમાં કાળ કર્યો, ઘટના આગળ વધે છે.

બીજા ભવની અંદર કોઈ તાપસગુરૂની વાણીથી પ્રતિબોધ પામીને તાપસ દીક્ષાનો સ્વીકાર કરે છે. આ શ્રમણનો જીવ હવે ચંડકૌશિક નામનો તાપસ બન્યો. તેને કાળક્રમે આગળ જતા પોતાનો તાપસાશ્રમ બનાવ્યો, જ્યાં આજુબાજું સુંદર આમ્રફળોના વનો આવેલા છે. તેને પોતાના તાપસાશ્રમમાં પણ ફળોનો સુંદર બગીચો બનાવ્યો છે. રોજ બગીચાની સુંદર દેખભાળ કરે. તેની બાજુમાં કોઈક નગર છે, તે નગરના તોફાની બાળકો, તે ચંડકૌશિકના તાપસાશ્રમમાં મીઠા-મધુરા ફળો ખાવા માટે આવવા લાગ્યા, આશ્રમ વેર-વિખેર થવા લાગ્યો. એક દિવસ-બે દિવસ અને આ તો પછી રોજબરોજનો સીલસીલો બની ગયો. તાપસને ખબર પડી. તાપસે એક દિવસ આ બાળકોને પાઠ ભણાવવાનો વિચાર કર્યો અને એકવાર જેવા પેલા બાળકો ફળો તોડવા માટે બગીચામાં આવ્યા ત્યારે ચંડકૌશિક તાપસ તરત જ કુહાડી લઈને તેમને મારવા માટે દોડયો, બાળકોએ તેને જોયો અને બાળકો ત્યાંથી ભાગ્યા, આગળ બાળકો અને પાછળ આ ચંડકૌશિક તાપસ,ક્રોધાગ્નિ ભારેલા અગ્નિ જેવો છે. રસ્તામાં દોડતા શું આવે છે ? તેનું પણ તેને ભાન નથી. ઊંડા કૂવા જેવો મોટો ખાડો આવ્યો, પેલો તાપસ બાળકોને મારવા

આગળ દોડી રહ્યો છે, અને જેવો તાપસ તે ખાડાની નજીક આવ્યો કે ધબાક દઈને ખાડામાં ખાબક્યો, બાળકોને મારવા માટે લીધેલી કુહાડીનો ધારદાર ભાગ તેના જ માથામાં ઘુસી ગયો, તાપસ ત્યાં જ લોહીલુહાણ થયો. અંતે તે જ ખાડામાં તરફડીને તે મર્યો, મરીને તે જ આશ્રમના જંગલમાં ચંડકૌશિક નામનો વિકરાળ દૃષ્ટિવાળો વિષધર સર્પ બન્યો, તમે વિચારો કે, એક વૈરના સંસ્કારો આ જીવના કેટલાય ભવો બગાડે છે. હવે તેનું સ્તર વધારે નીચું ઉતર્યું, માનવજાતમાંથી તે ફેંકાણો, મરીને જાનવરોની જાતમાં આવ્યો, ઘોર તાપસજીવનમાં તપ કરવા છતાં કષાયો કાબૂમાં ન રહ્યા. ને સાધનાનો આખોય અમૃત કુંભ ઢોળી નાખ્યો, ભાગ્યવાનો ! આ દૃષ્ટાન્ત પરથી શીખ લેવા જેવી છે, કે જેના કષાયો ન શમે, તેઓ ક્યારેય સાધનાના ચરમફળને પામી શક્તા નથી. ઘટના કેવી રીતે વળાંક લે છે ? તમે તેને સાંભળજો.

તે જ જંગલમાં, પોતાના જ આશ્રમની આસપાસ કે જે આશ્રમની સંપત્તિ પર તેની આસક્તિ એ જ એના આ હાલ-હવાલ કર્યા હતા, ત્યા આ ફણીધર સર્પ બન્યો. પૂર્વ ભવોથી ચાલી આવતી પેલા આશ્રમની આસક્તિનો પરિણામ હજુ તીવ્ર બને છે, હવે તો આખા જંગલનો કબ્જો પોતે કરી નાંખ્યો, કોઈપણ પશુ-પંખી કે મનુષ્ય તેના જંગલની હદ પાર આકાશમાં ય કોઈ પંખી ઉડીને જઈ ન શકે, જે કોઈ પંખી ઉડવાની કોશિશ કરે તો તે ચંડકૌશિક તેની આંખમાંથી નીકળતી તેજોલેશ્યાથી તેને બાળીને ભસ્મીભૂત કરી નાંખે. આવો ભયંકર તેનો ક્રોધ હતો.

એકવાર આ ભયાનક જંગલમાં રહેતા દૃષ્ટિવિષ ચંડકૌશિક સર્પની ભવિતવ્યતા પાકી ગઈ હશે, જથી પરમાત્મા સાક્ષાત્ તેની પાસે જવા તૈયાર થયા. ત્યાં રહેલા ભદ્રિક લોકો ભગવાનને ના પાડે છે, કે ભગવાન્ ! અહીંથી આગળ જશો નહિ, કારણ કે જે અહીંથી આગળ વધ્યા છે, તેઓ હજુ સુધી પાછા ફર્યા નથી, અર્થાત્ તેઓને પેલા ફણીધર સર્પે મારી નાખ્યાં છે. પરાર્થકરણમાં પરાયણ એવા પરમાત્મા દુનિયાના કોઈપણ ભયોથી ડર્યા નથી. લોકોના કહેવા છતાં પણ ભયાનક જંગલમાં પ્રવેશ્યા ત્યારે પેલો ફણીધર સર્પ પ્રભુના પગલાનો અવાજ પડતા જ સફાળો બેઠો થઈ ગયો. મારી હદમાં પ્રવેશ કરનાર આજ સુધી જીવીત બચ્યો નથી, કોણ છે ? જેને મારા જંગલમાં પ્રવેશનું દુ:સાહસ કર્યું છે. એ સર્પના ક્રોધનો પારો હવે આગળને આગળ જ વધાતો જાય છે. આંખોમાં વિષની પીચકારી ભરાઈ ચૂકી છે. પેલો ફણીધર જ્યાં હતો, ત્યાં જ નીડર પરમાત્મા પહોંચે છે. પ્રભુને જોઈને ફણીધરનો ક્રોધાવેશ જોરદાર ભભુકી ઉઠયો. સીધો પ્રભુની સામે ધસે છે અને પ્રભુના અંગૂઠે ઝેરીલો ડંખ મારે છે. ડંખ મારીને તરત જ ખસી જાય છે. કારણ કે સાત ફૂટની આટલી મોટી કાયા મારા પર પડશે તો મારો કચ્ચરઘાણ નીકળી જશે, પણ અહીંયા તો જુદી જ ઘટના ઘટે છે, તે સર્પ આ જોઈને મંત્રમુગ્ધ બની જાય છે, જે શરીરના અંગ ઉપર મે ડંખ માર્યો તે અંગના ભાગમાંથી લાલઘૂમ રક્તની જગ્યાએ શ્વેત-ધવલ દૂધ જેવા લોહીનો પ્રવાહ દેખાય છે, દૃશ્ય કાંઈક અલગ દેખાવાથી ફણીધર વિચારમાં ગરકાવ થઈ ગયો. ત્યાં જ પ્રભુ બોલ્યા- **બુજ્ઝ, બુજ્ઝ ચંડકૌશિયા, બોધ પામ, બોધ પામ ચંડકૌશિક.** અને ચંડકૌશિક બોધ પામી ગયો, ત્યારે પૂર્વભવ યાદ આવ્યો,

જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું, પૂર્વભવમાં કરેલી ભૂલો યાદ આવી. જે-જે ભયંકર ભૂલોનું પોતે આજે પરિણામ ભોગવી રહ્યો છે તેના માટે ખરેખર તેને અંતરથી પશ્ચાત્તાપ થયો અને ફરી આવી ગંભીર ભૂલો નહિ કરૂં, તેવો મનમાં નિર્ધાર કર્યો.

પરમકૃપાળુ પરમાત્મા એને મળી ગયા એનો ઉધ્ધાર થઈ ગયો, પ્રભુના માત્ર આટલા વચનથી બાકીનું જીવન તેને આરાધનામાં અને પોતે કરેલી વિરાધનાઓના પ્રાયશ્ચિત્તમાં વીતાવ્યું, જીંદગીમાં ક્યારેય કોઈનું સહન નથી કર્યું તેવો ચંડકૌશિક આપણે સાંભળીને ડરી જઈએ તેવા ઉપસર્ગોને સહન કરવા લાગ્યો. પોતાનું મોઢું એને દરમાં નાંખી દીધું. કેમકે તેનાથી બીજા જીવોને તેજોલેશ્યાના ભોગ ન બનવું પડે, તેને એક જગ્યાએ રહીને અણસણ તપનો સ્વીકાર કર્યો, લોકોને લાગ્યું કે ફણીઅર ચંડકૌશિક શાંત થઈ ગયો છે, તેથી પૂજા કરવા માટે લોકો દૂધ-ઘી, સાકર લઈને આવવા લાગ્યા. એની વાસથી જંગલની જંગલી કીડીઓ ચંડકૌશિકના શરીરને ચટકા મારવા લાગી. જંગલની જંગલી કીડીઓ ચંડકૌશિકને એવા ચટકા ભર્યા કે જેનાથી ચંડકૌશિકનું શરીર ચાળણી જેવું થઈ ગયું. કીડીઓએ તેમાંથી આવન-જાવન કરવાનો માર્ગ બનાવી દીધો. છતાં પણ મનમાં જે નિણર્ય કર્યો છે તેનાથી ચંડકૌશિક જરા પણ ચલાયમાન થયો નથી, ઉપરથી એવો વિચાર કરે છે કે જો થોડુંક પણ મારૂં શરીર હલાવીશ તો આ કોમળ શરીરવાળી કીડીઓના પ્રાણ ચાલ્યા જશે, મેં કેટલાય જીવોના જીવન છીનવી લીધા છે. એની સામે આ ઉપસર્ગ મારા માટે નહીંવત્ છે, આવી સમતા અને ધીરતાને ધારણ કરીને, ભૂખ્યો-તરસ્યો-અણસણ ધર્મનું પાલન કરનારો આ ચંડકૌશિકનો જીવ પરલોકની યાત્રા માટે પ્રયાણ કરી ગયો, પરમકૃપાળુ પરમાત્માના અચિન્ત્ય પ્રભાવથી, તે વિષધરનો આત્મા આઠમા પ્રાણત નામના દેવલોકમાં પ્રભુનો પરમ ભક્ત દેવ બનયો, દેવ બન્યા પછી પ્રભુએ કરેલા ઉપકારોનું વારંવાર સ્મરણ કરે છે. કાશ ! જો તે ચંડકૌશિકને પરમાત્મા ન મળ્યા હોત તો તની નરક નક્કી થવાની હતી. કેમકે તેને લઈને પંચેન્દ્રિય સુધીના ઘણા જીવોની બેફામ હત્યા કરી હતી, પ્રભુએ તેને તાર્યો.

હા ! એ તરી ગયો, જે પ્રભુ વિષધર ચંડકૌશિકને મળ્યા હતા, તે જ પરમાત્મા આપણને મળ્યા છે. તેને ફળી ગયા અને આપણને તેમનાથી કોઈ જ પરિવર્તન નથી થયું, કારણ કે એનામાં Receptivity હતી. અને આપણામાં હજુ Receptivity આવી નથી. Receptivity એટલે ગ્રાહકતા, જે ન હોવાથી આપણો ઉધ્ધાર થતો નથી, નદીનો જળપ્રવાહા અવિરત વહેતો રહે છે. પણ જે તેની પાસે ગ્રાહકતા લીધા વગર જાય તો તે નદીના મધુર જળને કેવી રીતે આચમન કરી શકવાનો ?

- નિમિત્ત શાસ્ત્રમાં ચાર પ્રકારના નિમિત્ત બતાવ્યા છે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ ! આ ચારેય નિમિત્તોની આત્માને અસર થાય છે, પણ તે અનિકાચિત કર્મોનો ઉદય હોય તો, જો નિકાચિત કર્મોનો ઉદય હોય તો નિમિત્તોનું બળ પણ નિર્બળ સાબિત થાય છે.

- સૌપ્રથમ આરાધના માટે ઉપાદાન પ્રબળ બનાવો. હજુ સુધી આપણા આત્માનું હિત નથી થયું. તેનું કારણ કે આપણું આત્મિક ઉપાદાન ધર્મ પુરૂષાર્થને અનુકુળ ન હતું, નિમિત્તો આપણને ઘણા મળ્યા. હા, ધર્મ પુરૂષાર્થ કરવા માટે ધાર્મિક નિમિત્તો આજે પણ તમને ઓછા નથી મળ્યા, તમે લોકોએ આજ સુધી નિમિત્તોનો જે વાંક કાઢયો છે, તે યોગ્ય નથી તમારા ઉપાદાન તરફ લક્ષ આપો.

  **સભા** : ઉપાદાન એટલે શું ?

  ઉપાદાન એટલે તમારો પોતાનો આત્મા ! કોઈ પણ કાર્ય ક્યારે બને ? જ્યારે નિમિત્ત અને ઉપાદાન એમ બંને કારણ હાજર હોય ત્યારે, તમને દૃષ્ટાન્ત આપીને હજુ વધારે પદાર્થ સ્પષ્ટ કરૂં. જેમ કુંભારને ઘડો બનાવવો હોય તા શું-શું જોઈએ ? બોલો કે માટી-ચાકડો, તેને ફેરવવા માટે દંડ વિગેરે....હવે તમે બરાબર ધ્યાનથી સાંભળજો, બધી વસ્તુ હોય પણ માટી જ ન હોય તો ઘડો બનશે ? અને કદાચ માટી હોય પણ ઘડો બનવા માટેની તેનામાં થોડીય લાયકાત ન હોય તો ઘડો નિર્માણ થાય ખરો !

  **સભા** : જરાપણ નહીં.

  **સાહેબજી** : તમે ધર્મપુરૂષાર્થ કરવા માટે ભવચક્રમાં ધર્મને યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તમને અનેકવાર પ્રાપ્ત થયા પણ તમે પોતે જ તમારા કર્મમય અસ્તિત્વ મીટાવીને કર્મ રહિત અસ્તિત્વનો સ્વીકાર કરવા તૈયાર નથી. તો ત્યાં ધર્મપુરૂષાર્થના નિમિત્તો તમારા માટે શું કરી શકે ? માટે જ્ઞાનીઓએ આપણને નિમિત્તો કરતાંય ઉપાદાન તરફ વધારે લક્ષ આપવાનું કહ્યું છે.

- તિર્યંચ અને ઝેરી વિષધર ચંડકૌશિક જેવો જીવ પરમાત્માને પામીને તરી જાય, જ્યારે પ્રભુની નજીક રહેનારો જમાલી પરમાત્માને પામીને હારી જાય. તેમાં વાંક કોનો ? બોલો કે બંને જીવોના આત્મિક ઉપાદાનનો, પરમાત્મા અહીં ઉપાદાન કારણ નથી. પ્રભુ તો માત્ર તે બંને આત્માઓ માટે નિમિત્ત કારણ છે.

- જીવને નિમિત્ત ત્યાં સુધી જ ગ્રહણ કરવાનું, જ્યાં સુધી તેનામાં ધર્મનું અસ્તિત્વ ન જામે, અર્થાત્ તેનું ઉપાદાન શુધ્ધ ધર્મમય ન બને, નાનો બાબો બાબાગાડી લઈને ક્યાં સુધી ચાલે ? કહો કે જ્યાં સુધી બાબાને ચાલતા ન આવડે, પણ ચાલતા શીખી જાય પછી બાબાગાડીની કોઈ જરૂરિયાત તેને રહેતી નથી.

- શાસ્ત્રમાં બળ, મધ્ય અને બુદ્ધ એમ જીવોના ત્રણ પ્રકારો બતાવ્યા છે, જેમાં બાળજીવ માત્ર ક્રિયાધર્મને મહત્ત્વ આપે, જેને આપણે કહીશું કે તે ઉત્સર્ગ વાતોને પકડી રાખે છે, અપવાદને સમજવાની તેનામાં તાકાત નથી, તેમજ ક્રિયાની જેમ ભાવનું પણ મહત્ત્વ સમજવા તે તૈયાર નથી હોતો. મધ્યમ જીવ ક્રિયા અને ભાવ બંનેને આચરે ખરો પણ તેને તેની તાત્ત્વિક સમજ ન હોય અને બુધ્ધજીવ - તેને ક્રિયા અને ભાવ તે બંનેની સાચી સમજણ હોય છે, ક્રિયાના સ્થાને ક્રિયાને અને ભાવના સ્થાને ભાવને મહત્ત્વ આપે છે,

ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય, વ્યવહાર, હેય-ઉપાદેય, આ બધી જ વસ્તુઓને તે વિવેકી હોય છે, માટે તેવા જીવોનો મોક્ષકાળ નજીક હોય છે.

- સાધક જીવો બે કક્ષાના હોય છે, પ્રથમ-આચારસંપન્ન અને દ્વિતીય-સિદ્વાન્તસંપન્ન. જો કે બંને પોતપોતાના સ્થાને ખૂબ મહત્ત્વ ધરાવે છે.
- આ સંસારની અંદર, તેમાંય ખાસ કરીને ધર્મના ક્ષેત્રમાં ગુરૂની મહત્તા ખૂબ જ આંકવામાં આવી છે. કારણ કે ગુરૂએ સાધક માટે ગાઈડ જેવા છે. તમને માર્ગ બતાવે છે, જો યોગ્ય ગુરૂ શોધવામાં ન આવે તો ઊંધા રવાડે ચડી જવાય. માટે આચારસંપન્ન અને સિધ્ધાન્તસંપન્ન ગુરૂને શોધવા જોઈએ, ગુરૂના છત્રીસ ગુણો ગુરૂને ઓળખવા માટે ગણધર ભગવંતે આપણને બતાવ્યા છે. નવકારમંત્ર પછીનું તરતનું બીજું સૂત્ર પંચિદિય છે કેમકે દેવને પામ્યા પછી તરત ગુરૂની જરૂરિયાત ઉભી થાય છે, તેઓ જ આપણને આગળ માર્ગ બતાવે છે, અહીં ગુરૂના ચાર વિકલ્પો બતાવે છે.
- આચારપાલન હોય પણ સિધ્ધાન્તપાલન ન હોય.
- સિદ્વાન્ત પાલન હોય પણ આચારપાલન ન હોય.
- આચાર અને સિધ્ધાન્ત તે બંનેનું પાલન ન હોય.
- આચાર અને સિધ્ધાન્ત તે બંનેનું પાલન હોય.
- ઉપરોક્ત ચાર ભાંગામાંથી જે છેલ્લો ભાંગો બતાવવામાં આવ્યો છે, તે પૂર્ણશુધ્ધ છે. આવા ગુરૂથી આપણા આત્મામાં રહેલું મોહનું ઝેર ઉતરે છે.
- જે ગુરૂ માત્ર કુલાચાર શીખવાડે કે સ્વયં કુલાચાર પાળે તેનાથી આત્માનું કાંઈ જ કલ્યાણ નથી. જૈનકુળમાં ઉત્પન્ન થયો છે, માટે આ આચાર તારે પાળવો પડશે, પણ વાસ્તવિક તેનો પરમાર્થ તેને ન સમજાવે તેને કુલાચાર બતાવનાર ગુરૂ કહેવાય છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજા ફરમાવે છે કે-

  **જ્ઞાન-દર્શન ચરણગુણ વિના, જે કરાવે કુલાચાર રે,**
  **લુંટિયા તેણે જગ દેખાતા, લોક કરે પોરાર રે.**

  કુલાચારનો ઉપદેશ આપનારા ગુરૂ માટે અહીં ખુલ્લા લુંટારાની ઉપમા આપી છે.
- એક મુનિ એટલા વિનયી હતા. ગુરૂના અદ્‌ભૂત વિનયથી, તે મુનિનું નામ જ વિનયમુનિ પડી ગયું, પણ તેમનું લક્ષ તો પોતાના ગુરૂને ખતમ કરી નાંખવાનું હતું, જેના લક્ષ્યમાં આટલી મોટી ગડબડ હોય તો તેવા શુદ્વ આચરણવાળા મુનિઓ પણ નકામા છે, ઉપરોક્ત વિનયમુનિ અભવીનો આત્મા હતો.
- સિધ્ધાન્તો-આચારો-વિધિઓ-ગચ્છોના ભયાનક સંક્લેષો તમારી નજરે ચડે છે, પણ તમારા અંદરમાં પડેલા કામ-કોષ-મોહ-અજ્ઞાન-ઈર્ષ્યા-અસૂયા જેવા અનંતા ભયાનક અને ભયંકર દોષો ઘર કરીને બેઠા છે, તેના તરફ કેમ આંગળી ચીંધણું કરતા નથી.

- વર્તમાન પંચમકાળના વક્રગતિના જીવોની વિચિત્ર માનસિકતા છે કે, અમારામાં જરાક માઈનસ પોઈન્ટ જોઈ ગયો તો ચૌરે ને ચૌટે તેની નિંદા કરે અને તે પોતે ૧૮ જાતના કાતીલ પાપો કરે અરે ! તેની માનવતાને ન શોભે તેવા પાપો કરે, છતાં પણ પોતાની જાત પર ક્યારેય આંગળી નહીં ચીંધે. ધર્મગુરૂઓ જ તેને ખટકે છે, પ્રવૃતિ ધર્મની અને વૃતિ અધર્મની છે, આવા લોકો ક્યારેક ગુણદર્શન કરી નહીં શકે. કેમકે તના સ્વભાવમાં માત્ર દોષદર્શનની વૃતિ પડેલી છે.
- પ્રભુના શાસ્ત્રો ખરેખર મહાન છે, પ્રભુ ! ભલે તમે અત્યારે હયાત ન હો પણ અક્ષર દેહે અને શબ્દદેહે તમારી છત્રછાયા અમને મળી જ રહી છે, શાસ્ત્ર એ દીવડા છે, માર્ગ માં આવતા અજ્ઞાનના અંધકારને દૂર કરે છે. સાધકને પોતાના ગન્તવ્ય સ્થાને પહોંચાડે છે. આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજા કહે છે કે-
  **હા હા અણાહો કહં હુતા ! જઈ ન હુંતો જિણાગમો ।**
  હે પ્રભુ ! અમારૂં શું થાત ? જો તમારા આગમો અમને મળ્યા ન હોત, વિચારો ! કોઈ પણ વ્યક્તિ ક્યારે આવું બોલે ! જ્યારે જિનાગમોની કિંમત એના જીવનમાં એને સમજાઈ હોય ત્યારે, આગમો માટે કેટલી હમદર્દી છે ! છે આવી હમદર્દી તમને જાગી છે ? ક્યારેય તમારા જ્ઞાનભંડારોની શું હાલત છે ? કેટલા આગમો ધૂળ ખાય છે ? વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત છે ? હમણાં નોટોના બંડલ હોય તો દિવસમાં ત્રણવાર એને સંભાળે કે કોઈ લઈ નથી ગયું ને, નોટોબંડલો બરાબર છે ને ! હવે તો વૃતિ બદલો !
- અહીંયા બેઠેલા ધર્મીઓને પૂછો કે જ્યારે હું બધા આપું કે પચ્ચક્ખાણ આપું, ત્યારે મારાથી દૂર ભાંગે, પણ હું જ્યારે એમને પૂછું કે ભાઈ આટલો નાનકડો નિયમ લેવામાં તમે ના કેમ પાડો છો ? તો મને જવાબ મળે કે નિયમ તુટી જાય તો, ત્યારે મને કહેવાનું મન થાય કે ગુસ્સો આવે ત્યારે એમ વિચાર કેમ નથી આવતો કે મારો ક્ષમાગુણ તૂટી જશે તો, જો આવા વિચાર તમે કરતા થઈ જાવ, તો તમારામાં ભાવધર્મ પ્રગટ થઈ જાય.
- ત્રણ થોય-ચાર થોય-શ્વેતામ્બર-દિગમ્બર એક તિથિ-બે તિથિ, એવા ગચ્છના ભેદ હજુ ચાલે, પણ તેને લઈને મનના ભેદ ઉભા કરવા તે જરાય ન ચાલે.
- એક સમયના મહાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીનો પૂર્વ વૃતાંત સાંભળો, એક વખતનો ચિત્તોડનો રાજપુરોહિત જબરજસ્ત વિદ્વાન પંડિત, એમના જ્ઞાનને સર્વત્ર ડંકો વાગે. જ્ઞાનનું અભિમાન પણ સખ્ખત હતું અને જૈન ધર્મના કટ્ટર દ્વેષી બ્રાહ્મણ હતા.
  **હસ્તિનાપિ તાડય્માનો, જિનમંદિરે નૈવ ગચ્છેત્ ।** તેઓ બોલતા કે હાથીના પગ નીચે કચડાઈ મરવું એ સારૂં પણ જૈન મંદિરના પગથીયા ક્યારેય ન ચડવા, આવા ચિત્તોડના રાજપુરોહિત નામે હરિભદ્ર બ્રાહ્મણ તેમને પોતાના જ્ઞાનનું જબરૂ ગર્વ હતું. પેટ પર લોખંડનો પટ્ટો-પાટો બાંધતા, હાથમાં કોદળી રાખતા અને સાથે સીડી લઈને ફરતા,

જ્યારે તે ત્રણેય વસ્તુ સાથે  લઈને ફરવાનું કારણ કોઈ પૂછે તો જવાબ આપે કે કોઈ વાદી વાદમાં હારવાના ભયથી આકાશમાં ઉડીને ભાગી જાય તો આ સીડીથી ઉપર ચડીને તેને પાછો બોલવું, કોઈ વાદી જમીનમાં ચાલ્યો જાય તો તેને કોદળી જમીન ખોદીને બહાર કાઢું અને આ પેટ પર જે પાટો રાખ્યો છે, તે લોખંડનો એટલા માટે છે કે મારા પેટમાં એટલું જ્ઞાન છે કે કદાચ પેટ ફૂટી જાય અને મારૂં જ્ઞાન ઢોળાઈ જાય, તેમ ન થાય માટે લોખંડી પાટો બાંધું છું.          આવો જીવ જૈનશાસનને પામી ગયો અને તમારા-અમારા જેવા હજુ અટવાય છે.

- જો ધર્મને પામવાનો યથાર્થ પ્રયત્ન કરવામાં આવે તો નક્કી સફળતા મળ્યા વગર રહેતી નથી, ઉપાશ્રયમાં કચરો કાઢનાર વ્યક્તિ જો આચાર્ય બની શકે તો તમારામાં ઘણી લાયકાત છે, તો તમે કેમ ન બની શકો ?
- જૈન શાસન ગુણપ્રત્યક્ષ શાસન છે, ધર્મ-આરાધના કર્યા પછી ગુણવૃદ્ધિ કેટલી પ્રગટી ? તે જ સાચું ધર્મ ફળ છે, તે ન મળે તો ધર્મ સિવાય બીજી કોઈ ભળતી ચીજ તમે કરી નાંખી છે.
- ગમે તેવા ઉત્તમ ગુણો તમે મેળવ્યા હોય, પણ તે ગુણોનો જન્મ સમકિત ગુણમાંથી ન થયેલો હોય તો કોઈ જ કામના નથી, જૈનશાસન તો તે જ ગુણોને માન્ય રાખે છે કે, જે ગુણો સમકિત આધારિત હોય.
- ધર્મનું વાસ્તવિક ફળ બતાવતા મહાપુરૂષો કહે છે કે વિષયો-કષાયોથી આત્મા પર બની જાય, તેની પીડા શાંત થઈ જાય.
- સાધુના ૨૭ ગુણ છે, આચાર્યના છત્રીસ ગુણ છે. લગભગ બધા ગુણ તમને મોઢે હશે, પણ તમારા પોતાના કેટલા ગુણ છે, તેનો ખ્યાલ છે ખરો ?
- આપણા પોતાના ગુણ-દોષના જ્યાં ઠેકાણા નથી, ત્યાં બીજાના ગુણદોષને જોવાનો કોઈ અધિકાર નથી.
- અમે એક સામાયિક કરવાનો નિયમ આપીએ ત્યારે અમને કહે છે કે, સાહેબ ! ટાઈમ નથી મળતો, માત્ર બે ઘડી માટે તમારી પાસે સમય નથી. જ્યારે આખા ગામની ખબર મેળવવા માટે ન્યૂઝ પેપર વાંચવા માટે તમારી પાસે સમય છે.
- દુનિયામાં બીજા બધા કયાં રહે છે. એને જાણવાની તમને બહુ જ ઈતેજારી છે, પણ તમે ક્યાં રહો છો તે જાણવાની ઈતેજારી તમને ખરી ?
- ઘણા લોકોની વિચિત્રતા સાવ વિચિત્ર હોય છે. ગુરૂ ગૌતમ સ્વામિ જેવા ગુરૂ મળે તો જ દીક્ષા લેવી નહીં તો મારે દીક્ષા ન લેવી. મારે એવા લોકોને કહેવું છે કે, તેમના ચરણોમાં બેસવાની પલા લાયકાત કેળવ.
- જ્યારે હું કોઈકને કહું કે દીક્ષા ક્યારે લેવી છે ? ત્યારે મને કહે કે સાહેબ ! ભાવ જાગે

ત્યારે આ જવાબ તમે બધાએ તૈયાર કરી લીધો છે પણ તમને કહું કે તમારા ભાવ કેવી રીતે જાગશે ? ઘરે બેઠા બેઠા હાથ હલાવ્યા વગર તમારું પેટ ભરાઈ જશે ? ત્યાં તો તૂટી પડે બંને હાથે. અહીંયા એને ભાવ નથી જાગતા તેવી ફરિયાદ કરવાનું મન થાય. ખરેખર તમે જેટલા બહાર છો તેટલા અંદર છો.

- કોઈ ચોક્કસ લક્ષ્યને સિધ્ધ કરવા તમે લક્ષ્યાંક બાંધો. કદાચ પુન્યયોગે તેમાં તમારે પુન્ય ઓછું પડયું ને સફળતા ન મળી. તેથી હતાશ ન થવાય. ખેતરમાં બધા જ ખોદકામ કરે છે, કદાચ એ લક્ષ્ય સાથે કે સોનાનો ચરૂ મળી જાય. પણ કાંઈ બધાને મળી જાય છે ? તેમ તમારો સમય નથી પાક્યો ત્યાં સુધી તમને સફળતા ન મળે તેટલા માત્રથી પ્રયત્ન છોડી ન દેવાય.
- જે ક્રિયા સંસારના લક્ષ્ય સાથે કારતી હોય, હા ! દેખાવે ભલે ઉચ્ચતમ ભાવ વાળી હોય તો પણ તેનાથી આત્માનો ઉદ્વાર ન થાય.
- રોહીણીયા જેવા ચોર અને અર્જુનમાળી જેવા ઘોર પાપી ચંડાકૌશિયા જેવા વિષધર સર્પ અને ગોશાળા જેવા અવિનયી આત્મા પરમાત્માના આલંબનને લઈને તરી ગયા . કારણકે ત્યાં તરવાની ભાવના યથાવત્ હતી અને અહીં તરવું છે કે નહીં, તે જ બાબતે હજુ શંકા દેખાય છે.
- ધર્મ કોઈ ખેંચીને કંટાળીને હાંકીને, થાકીને, કે ડરીને કરવાની ચીજ નથી. ધર્મ કરતા કરતા વ્યકિતને એટલો આનંદ નીતરતો હોય કે કરાતો ધર્મ તેને છોડવાનું મન ન થાય.
- અત્યારે તમને પુન્યાઈનો જબરો સાથ મળી ગયો છે. જેથી વાસણ તૂટે તો નવા લઈ આવે, કપડા ફાટે તો નવા લઈ આવે. બધી રીતે અનુકુળતાઓ મળી રહે છે, પણ જેમ ટાયરમાંથી હવા નીકળે અને ગાડી ઠસ ઠસ થઈ જાય, તેમ પુન્ય પુરૂ થાય કે તમારી ચાલતી ગાડી પણ ઠપ્પ થઈ જતા વાર નથી લાગતી.
- વાસણ ફૂટે છે તૂટે છે ત્યારે તમને દુ :ખ લાગે છે, તમારી નજર સામે કેટલાય માણસો ફૂટી ગયા, તમારૂં હૈયું ક્યારેય વલોવાય છે ? કારણ કે તમે કઠોર હૃદયના છો માટે.
- ગુણ અને પુન્યાઈને પરસ્પર સંબંધ છે. પુન્યાઈ એ ગુણની દાસ છે, ગુણ તેને લાત મારે પણ પુન્યાઈ તેને છોડતી નથી. મુરખ જીવો પુન્યાઈને પકડે છે અને બુધ્ધિશાળી જીવો પુન્યાઈનો બોસ એવા ગુણને પકડે છે.
- મહામંત્રીના લેવલની વ્યકિતને કોઈકે આવીને લાફો મારી દીધો, લોકોએ મંત્રીને કહ્યું કે, આને સજા કરાવો, મંત્રીએ કહ્યું કે લાફો મારનાર વ્યક્તિ બીજું કોઈ નહિ પણ મારો સગો દીકરો હતો, બોલો જેનું પુન્ય પ્રબળ હોય તે આવી હરકત કરે તો પણ આબાદ બચી જાય.

- શ્રી હરિભદ્રસૂરિજીના જીવનમાં એક તરફ અભિમાન દેખાય છે, તો બીજી તરફ વિનયગુણની પરકાષ્ઠા પણ દેખાય છે, જ્યારે એમણે પ્રતિજ્ઞા કરેલી કે, હું ન જાણું તેવું કોઈ પણ જ્ઞાન કોઈ મને જણાવે તો હું તેનો શિષ્ય બની જઈશ, આ પ્રતિજ્ઞા તેમણે ગંભીરપણે લીધેલી અને જ્યાં પેલા સાધ્વીજી રાત્રીના સમયમાં જે સ્વાધ્યાય કરી રહ્યા છે. તે પદાર્થ હરિભદ્ર બ્રાહ્મણને સમજાતો નથી, ત્યારે વિનયવાન સાધ્વીજી પોતાના આચાર્ય ભગવંત પાસે મોકલીને તે સૂત્રનો અર્થ તેમને સમજાવે છે, ત્યાં જ હરિભદ્ર બ્રાહ્મણ મટીને જૈનાચાર્ય હરિભદ્રસૂરિરૂપે જૈન શાસનને મળે છે, કેવા વિનયવાન સાધ્વી ? અને કેવા પ્રતિજ્ઞાબદ્ધ હરિભદ્ર બ્રાહ્મણ ?
- જ્ઞાનથી સમ્યગ્દર્શન પેદા થાય છે. સ્વશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી પરશાસ્ત્રનો અભ્યાસ કરીને સમ્યક્ત્વને વધુ દૃઢ બનાવાનું કાહ્યું છે પણ જ્યાં સુધી સ્વશાસ્ત્રમાં તમે પારંગત નથી થયા તો પરશાસ્ત્ર ભણવાનો તમને અધિકાર નથી, કેમકે ઊંટ કાઢતા-બકરૂં પેસી જાય.
- ઉપમિતિ ગ્રંથના રચાયિતા સિધ્ધર્ષિગણિએ લગભગ ૨૭ વાર જૈનમતમાંથી બૌધ્ધ મતમાં આવાગમન કર્યું હતું અને છેલ્લે નક્કી કરીને આવ્યા કે બૌધ્ધમત જ યોગ્ય છે, ત્યારે તેમના ગુરૂએ પૂ. હરિભદ્રસૂરિજી મ.સા.ની નમુત્થુણં સૂત્ર પરની લલિતવિસ્તરા નામની ટીકા તેમને વાંચવા આપી. પણ આ તો ચમત્કાર થયો, બૌધ્ધોની કૂટનીતિઓનો લલિત વિસ્તરામાંથી બધો ઉઘાડ મળી ગયો અને સિધ્ધર્ષિ ગણિવર આપણને પાછા મળી ગયા. ત્યાર પછી તો સિદ્ધર્ષિ ગણિવર પૂ. હરિભદ્રસૂરિજીના ઉપકારનો ઋણ સ્મરણ ક્યારેય ભૂલ્યા નથી. તેમને આ ગ્રંથને માથા પર મૂકીને નાચ્યા છે, મન મૂકીને નાચ્યા છે. નમુત્થુણં સૂત્ર પરનું અદ્‌ભૂત વિવેચન જેમાં ઠાલવવામાં આવેલું છે. પરમાત્માના એક એક ગુણનું વિશેષણ ખોલીને, તેમને અદ્‌ભૂત પદાર્થો આ ગ્રંથમાં મૂક્યા છે, તે વખતે સિધ્ધર્ષિ ગણિવરની આંખમાં આંસુ આવી ગયા. તે બંને આંખોના આંસુઓ જુદા-જુદા હતા. એક આંસુ હર્ષના હતા તો બીજા આંસુ શોકના હતા.

  હર્ષ એટલા માટે હતો કે આ ગ્રંથ મને મળી ગયો અને અકલ્યાણના રસ્તે જતો હું બચી ગયો અને શોક-પશ્ચાત્તાપ એટલા માટે હતો કે આટલા સમય મેં પરમાત્માના સિધ્ધાંતોને શંકાની નજરથી જોયા.
- જ્ઞાન એવું મેળવો જેનાથી ગ્રંથભેદ થાય અને આપણો ભવસંસાર કપાય.
- **તીરો ભાવ - આવિર્ભાવ**

બંનેની વ્યાખ્યા આપાતા કહ્યું કે, જેમ દૂધમાં ઘી છે, પણ તીરોભાવે છે, લાકડામાં અગ્નિ છે પણ તિરોભાવે છે, એમ આત્મામાં અનંતગુણો પડેલા છે, તે તિરોભાવ છે.

- હે આત્મન્ ! અનંતગુણોને પામવા માટે, કેવલજ્ઞાનને પામવા માટે તારે તિરોભાવમાંથી આવિર્ભાવમાં આવવાનું છે.
- જે લોકોને શરીરનું મહત્ત્વ લાગે છે, તેઓને કહેવું છે કે તેમને મન ચેતનવંત એવા આત્માનું કોઈ જ મહત્ત્વ નથી પણ જડ એવા પુદ્ગલનું જ મહત્ત્વ છે, જડ એવા પુદ્ગલનો સાથ-સંગાથ કરનાર માણસ મોડો વહેલો જડ જેવો બની જાય છે, જડતામાંથી બહાર આવવા માટે જડ એવા પુદ્ગલોનો સાથ છોડવાનો છે.
- ગુરૂ પોતાના જ્ઞાન બળે શિષ્યની યોગ્યતા અને અયોગ્યતા જાણી લે છે ત્યાર પછી તેને આ જ્ઞાન પચશે કે નહિ તેનો નિર્ણય કરી લેતા હોય છે, જેમ હોજરીમાં દૂધપાક પચાવવાની હાલત ન હોય અને દૂધપાક પીવા જાય તો શું પરિસ્થિતિ થાય ? તેમ અયોગ્ય વ્યક્તિને જ્ઞાન આપવાથી ભયંકર પરિસ્થિતિનું નિર્માણ થાય.
- કુલાચારનું પ્રાથમિક કક્ષામાં જરૂર મહત્ત્વ છે, પણ તેને મહત્ત્વ આપીને આખી જિંદગી માણસ ધર્મ કરે તો યોગ્ય નથી.
- આ જીવને ગમે તેટલો ઉપદેશ આપીએ તે નકામો છે. જ્યાં સુધી ગુણ કેળવવાની રૂચિ નહિ જાગે ત્યાં સુધી તેને અપાતો ઉપદેશ વામણો છે પણ જ્યારે ગુણની રૂચિ પ્રગટે, ત્યારે તે જ જીવ સામેથી ગુરૂ પાસે મોક્ષમાર્ગના ઉપદેશની માંગણી કરે છે.
- ગુણવાન બનવા માટે ગુણીજનોના સંસર્ગમાં રહેવું પડે. જો તેવા સંસર્ગમાં રહે, તો તેનો રંગ જરૂરથી તમને ચડશે. કારણ કે લોક કહેવતમાં કહેવાય છે કે સોબત એવી અસર.
- આત્માના એક-એક પ્રદેશ પર અનંત ગુણોના વાસ છે. કેવળજ્ઞાન જેવા અનંતા ગુણો આત્માના પ્રતિ પ્રદેશ પર રહેલા છે. ઢંકાયેલા ગુણને બહાર લાવવા માટે પણ ગુણને કેળવવા પડશે, તો જ તેમાંથી આત્મા અનંતગુણોને પ્રાત્પ કરી શકાશે.
- ગુણ પ્રગટાવવાની રૂચિ ન હોય, તે વ્યક્તિ માટે કહેવું પડશે કે તે ભયંકર અજ્ઞાનદશામાં રાચે છે.
- તીરોભાવમાંથી આવીર્ભાવમાં આવવા માટે આત્માએ અપ્રતિમ પુરૂષાર્થ કરવો પડશે, જો કે તેવી યોગ્યતા આત્મામાં જરૂર પડી છે, પણ તેનો ઉઘાડ કરવાની હજુ તેને રૂચી નથી પ્રગટી.
- જય વીયરાય સૂત્રની અંદર **ભયવં ભવ નિવ્વેગો મગ્ગા** નો અર્થ કર્યો કે, ભગવાન તમારી ભકિતના પ્રભાવથી જો અમને કાંઈક મળવાનું હોય તો ભવનો નિર્વેદ મળજો. નિર્વેદ એટલે વૈરાગ્ય. પરમાત્મા પાસે ખરેખર માંગવા લાયક આ જ ગુણ છે. આત્મા

તેમાંથી મોટા ગુણનું સામ્રાજ્ય ઉભું કરી શકે છે.

- જ્ઞાની અને વિદ્વાન તે બંનેમાં જમીન-આસમાનનું અંતર છે, જ્ઞાની આત્મા ગુણને મહત્ત્વ આપે છે, વિદ્વાન આત્મા તેની વિદ્વતાને મહત્ત્વ આપે છે, જ્ઞાનીના બધા જ કાર્યો અનાયાસ  થઈ જાય, જ્યારે વિદ્વાનને કરવા પડે.
- અજ્ઞાની કરોડો વર્ષ સુધી ઘોર તપ તપે તો પણ તે જે કર્મ ખપાવી શકતો નથી, તે કર્મ જ્ઞાની શ્વાસોશ્વાસમાં ખપાવી દે છે. છે ને જ્ઞાનની કમાલ.
- માત્ર આધ્યાત્મિક ક્ષેત્રમાં નહીં, બલ્કે ભૌતિક જગતમાં પણ જ્ઞાન એકમાત્ર શીઘ્ર કાર્ય કારી ગુણ છે, પેલો બિચારો અભણ મજુર, તડકામાં કાળી મજૂરી કરીને થાકી જાય છે. તો ય માંડ પેટીયું રળવા જેટલું મહા મહેનતે રળે છે. અને તે ક્ષેત્રમાં ભણેલો વ્યક્તિ એક માત્ર સહી કરીને કે ફોનની ઘંટડી રણકાવીને કરોડોની કમાણી કરી લે છે.
- માષતુષ મુનિને પરમાત્માના વચનમાં અપ્રતિમ શ્રધ્ધા હતી. એક શબ્દ ગોખવા માટે ૧૨-૧૨ વર્ષનો સમય પસાર કર્યો, તોય પુરૂષાર્થ કરવાથી ક્યારેય કંટાળ્યા નહોતા કેમકે તેમને શ્રદ્ધા હતી કે પ્રભુની આજ્ઞા મુજબનો પુરૂષાર્થ કરવાથી ચોક્કસ સફળતા મળે છે, ભલે પછી કદાચ એ મોડી મળે, પણ મળે તો ખરી જ અને એક દિવસ પેલા જ્ઞાન ભણવા માટે પુરૂષાર્થ કરતા માષતુષ મુનિને પ્રબળ પુરૂષાર્થના પ્રભાવે કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું, આવા મુનિને જ્યારે ગુરૂએ ગોખવા આપેલા પદમાં ગડબડ થતી ત્યારે સહવર્તી મુનિઓ આવતા-જતા તેમને સંભળાવી દેતા કે આટલુંય યાદ નથી રહેતું. છતાં પણ સમતાથી તે બધું સહન કરતા અને છેલ્લે કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા.
- ઉપાદાનની લાક્ષણીકતા ખામી હોય તો બળવાન નિમિત્તોને પણ પાંગળા પાડે છે, માટે ઉપાદાનને મજબૂત બનાવતા શીખો.
- જૈન શાસન હંમેશા શુધ્ધ ઉપાદાનવાળાને ફળે છે.
- આ જીવનો વિચિત્ર સ્વભાવ છે. તે અશુભ નિમિત્તોને પ્રમાદ ખંખેરી આવકારે છે અને શુભ નિમિત્તોમાં પ્રમાદ કરે છે, વિષયા-કષાયને પુષ્ટ બનાવવા જ અશુભ નિમિત્તોને ગ્રહણ કરે છે, કારણ કે તેનું માનીતું સુખ છે ને !
- માષતષ મુનિએ જ્ઞાનાવરણીય કર્મ એવું ગાઢ બાંધ્યું હતું કે, જેના કારણે જ્ઞાન ગોખી-ગોખીને પરસેવો પાડે છતાં પણ એક અક્ષર નહોતો ચડતો.
- કર્મોના અસ્તિત્વનો આજે કોઈપણ વ્યક્તિ ઈનકાર ન કરી શકે કે અપલોક ન કરી શકે. બન્ને વ્યક્તિ ભણવા બેસે છે. એક જલ્દીથી ગાથા કરી લે છે અને બીજાને બિચારાને ચડતું પણ નથી. પ્રયત્ન એક સરખો હોવા છતાં ય પરિણામમાં ભેદ દેખાય છે, તે જ કર્મના અસ્તિત્વની સાબિતી છે.
- જ્ઞાન ભણવામાં ઉદ્યમ કરનાર સાધકે, જ્ઞાન ભણ્યા પછી તેનામાં વિશેષ સમજણ રહી

અને સમજો કે તેમ ન થાય તો જ્ઞાન ભણવાનો પરિશ્રમ તમારા માટે નિરર્થક છે.

- ગાથા ગોખવા વાળો જીવ એમ બોલે કે મારૂં કર્મ ભારે છે. માટે મારાથી નહિ ગોખાય, તો તે વાત ખોટી છે, અથવા તે માણસ ભણવા માટે પ્રયત્ન કરવાનો જ ચોર છે.
- એક વ્યક્તિ આખો દિવસ ગાથા કરે અને બીજો માણસ ૧ કલાકમાં ૫૦ ગાથા કરે અને પછી બાકીના કલાક પ્રમાદ કરે, જ્યારે બીજી વ્યક્તિ આખો દિવસ ગાથા કરવાનો ઉદ્યમ કરે, તે પેલા કરતા વધારે કર્મનો ક્ષય થાય અને બીજી વ્યક્તિને છો કર્મનો ક્ષય થાય.
- આપણે ભણવા માટે ક્યારેય પુરૂષાર્થ કર્યો નથી અને છેલો જ્યારે પરિણામ ન આવ્યું ત્યારે પોતાના પુરૂષાર્થની ખામીને બદલે કર્મને દોષ દે છે. કારણ કે આપણી ભાવના જ સારી નથી, હંમેશા બીજાઓને દોષ દેવામાં આપણે શૂરા છીએ.
- અઢાર દેશના માલિક કુમાળપાળ મહારાજા સવારે ઉઠીને યોગશાસ્ત્રના ૩૨ પ્રકાશનો સ્વાધ્યાય ન કરે ત્યાં સુધી ૩૨ દાંતનું મંજન નહોતા કરતા. આટલો મોટો રાજ્યભાર સંભાળે તો પણ તેમને સ્વાધ્યાય કરવાનો ટાઈમ મળે અને તમને એના ૫ા ભાગનો વહીવટ પણ નથી. છતાંય તમારી પાસે સ્વાધ્યાય કરવાનો કે ભણવાનો ટાઈમ નથી. જેને સ્વાધ્યાય જ નથી કરવે, તેની પાસે બધી જ જાતના બહાના છે, આને ભણવા માટેની અરૂચિ કહેવાય.
- કમાવવા જવામા ક્યારેય આળસ કરી છે ? ભૂખ લાગે ત્યારે ખાવામાં ક્યારેય આળસ કરી છે ? પણ ધર્મ કરવામાં બધે જ આળસ કરી છે. ખરેખર આ તમારો જબરો પાપનો ઉદય છે.
- તમે લાફો મારીને ગાલ લાલ રાખો છો. તમારા ચહેરા પર કુદરતી આનંદ નથી. કારણ કે તમને કર્મના ઉદયમાં જીવવું ગમે છે, કર્મનો અનુદય નથી ગમતો. જેને કર્મનો ઉદય ગમે છે, તેને જીવનમાં આવતી આધિ-વ્યાધિ-ઉપાધિની વિડંબનાનો સામનો કરવો જ પડશે. માટે કુદરતી આનંદ તમને ક્યાંથી મળવાનો ? વિષય-કષાયથી ભોગવતો આનંદ દુ:ખ સર્જન કરનારો હોય છે.
- જે સદ્‌ગુરૂની સેવા-ભક્તિ કરે છે, ચોક્કસપણે તેનું મિથ્યાત્વ ભાગે છે. લખ્યું છે કે, **મિથ્યાત્વ ત્યજે રે, ભજે સુગુરૂ ચરણ સેવા રે,** જો સદ્‌ગુરૂના હૈયામાં આપણો નિવાસ થાય, તેઓની કૃપા-મહેર આપણા આત્મામાં જ્ઞાનનો પ્રકાશ પાથરે છે. આગળ લખ્યું કે, **રજ ન રાખ સજે ન પાપ** તેવા જીવો પર કર્મની રજ રહેતી નથી.
- પરમાત્માના શાસનનું તત્ત્વજ્ઞાન સિદ્ધર્ષિગણિને લાધ્યુંને ગણિવર મૂકીને નાચી ઉઠયા, એમને મન તત્ત્વજ્ઞાન ઘણી કિંમતી હતી, દુર્લભ વસ્તુ જે માણસને મળી જાયતે આનંદિત થઈ જાય. જેમ તમને પૈસો વહાલો છે અને તે મળે તો કેવો આનંદ થાય ? તેમ એમને

તત્ત્વજ્ઞાન વહાલું હતું, માટે આનંદનો તેમને કોઈ પાર ન હોતો.

- જેમ જીવ ગંદા-નાના ઘરમાંથી નીકળી મોટા-ચોખ્ખા ઘરમાં જાય તો સુખી થઈ જાય. તેમ આત્મા દોષનો નીકાલ કરી શુદ્ધિ તરફ જાય તો તે જરૂર સુખી થાય છે.
- ઘણાને મોતની અંતિમ ઘડીઓ સુધી પોતાના ભોગ-સાધનોની ચિંતા હોય છે, ઉંમર વધે ત્યારે પણ સંપત્તિની કડાકૂટ તેમનાથી છૂટતી નથી. દીકરો કહે બાપા તમે ઉપાશ્રયે જાવ, હું બધું સંભાળી લઈશ, છતાં પણ તેમાં તેને ચંચુપાત કર્યા સિવાય ન ચાલે.
- જીવનમાં બધા પ્રકારના ધર્મોને કદાચ ભલે ન પ્રાધન્ય આપીએ. પણ પ્રાયશ્ચિત્ત નામના ધર્મને જો પ્રાધાન્ય ન આપીએ તો અંગ પર મોંઘા-રત્નોના અલંકારો પહેર્યા પછી પણ એકેય વસ્ત્ર નથી, તેના જેવો ફાગ રચાય.
- જો મૃત્યુની સાવધાની ન હોય તો તે સેકન્ડમાં પણ આપણા મનને ખરાબ વિચાર આવી શકે છે. હા ! આખી જિંદગીમાં કરાયેલો ધર્મ છેલ્લી સેકન્ડોમાં સાફ થઈ જાય અને પરલોક બગડી જાય.
  મંગુ આચાર્યની છેલ્લી ઘડી રસનાની આસક્તિમાં ગઈ અને મરીને ગંદી ગટરમાં ખાળના ભૂત તરીકે પેદા થયા. આચાર્યની પણ પરિસ્થિતિ કર્મ કરી શકે છે.
- તમારા જીવનનું લક્ષ માત્ર તમારા પરિવાર પૂરતું જ રહ્યું છે. માટે તમારા જીવનમાં કોઈ વળાંક દેખાતો નથી. શું તમે તમારી પૂરી જિંદગી પરિવાર માટે જ કેન્દ્રિત કરવા માંગો છો ?even તમારા પોતાના માટે પણ જરાય તમને સમય નથી ? ખરેખર ! તમારી અમને દયા આવે છે.
- પ્રતિક્રમણ કરવાની ભાવના તે જ વ્યક્તિને થાય કે જેને પોતાના પાપો ખટકતા હોય ધોવાની ઈચ્છા થતી હોય.
- **દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ,** પ્રતિક્રમણના આ સૂત્રમાં કહેવાયું છે કે જીવે આમાંથી જે કાંઈ પાપ સેવ્યું હોય તેનું શુદ્ધિકરણ થાય છે, પણ તમને પ્રતિક્રમણ કરવાની ભાવના કેમ નથી જાગતી ? કારણ કે કરેલા પાપો ખટકતા નથી. તેનું પ્રાયશ્ચિત કરવાનું મન થતું નથી.
- જૈન શાસનને પામેલા શ્રાવકો **લધટ્ઠા, ગહિયટ્ઠા, પુચ્છિયટ્ઠા,** અને **વિણિયટ્ઠા** એટલે મળેલા અર્થને ગૂઢાર્થ પકડવાવાળા હોય, કાંઈ તેમાં ન સમજાય તો, **પુચ્છિયટ્ઠા** એટલે, નહી સમજતા અર્થમાં પૂછવાવાળા હોય અને **વિણિયટ્ઠા** એટલે પૂછેલા અર્થને પછી વિનિશ્ચિત કરવાવાળા હોય છે, તમારી જેમ નહિ કે આજે સાંભળીને જાય અને કાલે પૂછે તો કશું યાદ ન હોય.
- સિદ્ધિર્ષિ ગણિવર અનેકવાર બૌદ્ધમતમાં જઈને જ્યારે છેલ્લી વાર પરમાત્માના તત્ત્વના રહસ્યને પામીને અહો....! અહો.....! થઈ જાય છે, ત્યારે નક્કી કરે છે કે આજ પછી

વીતરગ પ્રભુના શાસન સિવાય કાઈ બીજા મતનો સ્વપનેય વિચાર નહિ કરૂં.

- પુદ્ગલ જગતનો જેમ અપકાર છે, તેમ આપણા પર ઉપકાર પણ છે, કેમકે જૈનશાસન હંમેશા સ્યાદ્વાદને માનનારૂં છે, દરેક પદાર્થના બધા જ પાસાઓને ધ્યાનમાં રાખીને ન્યાય આપનાર છે, જેમ વિરતિધર્મના ઉપકરણો જો કે પુદ્ગલ છે, છતાંય એ ઉપકરણના દર્શનથી, એના આચરણથી આત્મા કલ્યાણ માર્ગે આગળ વધી જાય છે. પેલા વલ્કલચીરિ મહાત્માને સંયમજીવનના ઉપકરણે જ જાતિસ્મરણ જ્ઞાન અને પછી કેવળજ્ઞાન અપાવ્યું હતું.
- ગુરૂદેવ દ્વારા રચિત રાજેન્દ્રકોષ એ એક અગાધ જ્ઞાનનો દરિયો છે, દુનિયાભરના સમગ્ર શબ્દકોષ અને વિશ્વકોષો જેની સામે વામણા છે. જેને લઈને વિશ્વભરમાં તેની ઉત્તમ પ્રકારના શબ્દકોષમાં ગણના થાય છે. તેની ભારે કીંમતો અપાય છે-ચૂકવાય છે. પણ લાચારી એ વાતની છે કે તમારા ઘરમાં પડેલી વસ્તુની તમને કોઈ જ કીંમત નથી, બહાર પડેલી વસ્તુઓનો જ તમારે મન મહિમા છે. પેલી એક કહેવત છે કે પારકી ખીચડી માં ઘી હંમેશા વધારે દેખાય છે, તેવું જ તમારે માટે છે.
- રાજેન્દ્ર કોષની રચના જ કહી જાય છે કે મોક્ષમાર્ગની પ્રાપ્તિ જ્ઞાનમાર્ગથી થશે, ઈવન તેના પદાર્થોમાં પણ જ્ઞાનમાર્ગનો મહિમા બતાડયો છે. અહીં બેઠેલા લોકોને ખાસ સૂચના કરીશ કે જીંદગીમાં એકવાર તો આ જ્ઞાનકોષને ખોલીને જોવાનો પ્રયત્ન જરૂરથી કરજો. તમે લોકો તો જ્ઞાનની પૂજા કરી જાણો છો, જ્ઞાનને પંચાંગ પ્રણિપાતથી પગે લાગી શકો છો, કાંઈ એટલા માત્રથી તમારા-અમારા આત્માનું કલ્યાણ નથી થવાનું. મને કહો કે, થાળીમાં ભોજન પડયું હોય અને માત્ર તેને હાથ જોડે અને પગે લાગે તો તેટલા માત્રથી તેનું પેટ ભરાવાનું છે કે તેને ખાવા માટે પ્રયત્ન કરવો પડશે, તો જ તેના ટેસ્ટ વગેરેમાં આનંદ મેળવી શકો છો.
- પેલા સિધ્ધર્ષિગણિને જો હરિભદ્રસૂરિ મ.સા.ની લલિતવિસ્તરા ગ્રંથની ટીકા ન મળી હોત, પરમાત્માનું સચોટ તત્ત્વજ્ઞાન ન મળ્યું હોત, તો તેઓ નક્કી બૌદ્ધમતમાં ચાલ્યા ગયા હોત. અને તેનાથી તેમને પોતાની અસંખ્ય દુર્ગતિઓનું સર્જત કરી નાંખ્યું હોત. ભલુ થજો એમના ગરૂ ભગવંતનું કે જેણે એમનું જૈનદર્શનમાં સ્થિરીકરણ કરવા માટે અથાગ પ્રયત્ન કર્યો અને આવી મહાન વિભૂતિની જૈણશાસનમાં ભેટ ધરી.
- **પાપ નવિ તીવ્રભાવે કરે, જેહને નવિ ભવ રાગ રે ।**
  **ઉચિત સ્થિતિ સેવે સદા, એ અનુમોદના લાગ રે ।।** જે આત્માને આ સંસારનો રાગ રહ્યો નથી. અથાત્ આ ભવનો રાગ રહ્યો નથી. તે આત્મા ક્યારેક તીવ્ર ભાવે પાપ નહિ કરે, એને પાપ કરવું જ પડશે તો પણ અનિચ્છાએ અરૂચિથી પાપ કરશે. માટે ક્યારેય ગાઢ પાપ નહિ બાંધે જે પોતાની ઉચિત ભૂમિકા મુજબનો ધર્મ કરે છે, તદ્યોગ્ય ગુણસ્થાનક પર રહીને આરાધના કરે તે ખરેખર

અનુમોદનાને લાયક છે.

- પૂ. હરિભદ્રસૂરિ મ.સા.નો ક્રોધ પણ આપણા માટે ઉપકારી બની ગયો. કેમકે બૌધ્ધો પર એમણે ક્રોધ ન કર્યો હોત તો એમના ગુરૂએ તેઓશ્રીને પ્રાયશ્ચિત ન આપ્યું હોત. કે જે પ્રાયશ્ચિત્તથી ૧૪૪૪ ગ્રંથની રચના થઈ. આજે પંચમકાળના રણમાં પણ લીલીછમ ધરતી લાગતી હોય તો તેઓશ્રીને આભારી છે. આ મહાપુરૂષોનો ઉપકાર જ સ્તુત્ય ગણાય.
- ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબે પણ તેમના જીવનકાળ દરમ્યાન અનેક ગ્રંથોની રચના કરીને જૈનશાસનને જ્ઞાનધનથી સમૃધ્ધ બનાવ્યું છે. ઈતિહાસમાં એવા ઉલ્લેખો મળે છે કે, ઉપદેશરહસ્ય, ઉપદેશપદ, ઉપદેશ શતક, યોગશતક જેવા ગ્રંથ બનાવ્યા છે, વળી તેઓ લખે છે કે જે ગ્રંથની પાછળ રહસ્ય શબ્દ આવે તેવા હજાર ગ્રંથ બનાવ્યા છે, જેમ ઉપદેશ રહસ્ય, જે ગ્રંથની પાછળ શતક શબ્દ આવે તેવા હજાર ગ્રંથ બનાવ્યા છે, જો કે જૈન સંઘે છેલ્લા ૨૦૦-૩૦૦ વર્ષમાં ઘણા ગ્રંથોનો સફાયો બોલાવી દીધો છે, ક્યારેય એ મૂલ્યવાન મહામહેનતે બનાવેલાં ગ્રંથોને સાચવવાની તસ્દી પણ લીધી નથી. ૬-૬ મહિન સુધી ગ્રંથોના પાનાની આગ ચાલી તેમાં મૂલ્યવાન સાહિત્ય ભસ્મીભૂત થઈ ગયું, તેમાં જ આ બધા ગ્રંથો ચાલ્યા ગયા છે, જો કે આજે ભાંગ્યું-ભાંગ્યું તો ય ભરૂચ છે, આટલો ય સાહિત્યનો ખજાનો આપણા જૈનશાસનને ગર્વ લેવા જેવો છે, પણ તમારે હરખાવાની જરૂર નથી. તમે તો આજેય દુર્લભ ગ્રંથોની સાવચેતી લેતા નથી. વર્ષે લગભગ ૮-૧૦ ગ્રંથો તો આમ જ નાશ થતા હશે. જે તમારી આળસ અને પ્રમાદના કારણે.
- હંસ-પરમહંસ સ્વશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી પરશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે બૌદ્ધમઠમાં ગયા. ત્યાંના સાધુઓને ખબર પડી કે, જૈન સાધુને છુપાવેશમાં બૌધ્ધ સિદ્ધાંતો ભણી ને બૌધ્ધધર્મનું ખંડન કરવા સિવાય બીજો કોઈ ઈરાદો ન હોય. બૌધ્ધ સાધુઆના આચાર્યે આ બંનેને શોધીને ખતમ કરવાનો આદેશ કર્યો, ત્યારે પછી એકવાર જૈન પરમાત્માની મૂર્તિ ચોકથી ચીતરવામાં આવી, બૌધ્ધ સાધુઓને આદેશ કર્યો કે બધાએ મૂર્તિ પર પગ મૂકીને ચાલવાનું છે, એક પછી એક બૌધ્ધ સાધુઓ પગ મૂકતા ગયા અને ચાલતા ગયા, જ્યારે હંસ-પરમહંસ પગ મૂકવા તૈયાર ન થયા અને ત્યાંથી મરવાની બીકે પુરપાટ વેગે ભાગી છુટયા. ભાગતા બન્ને ભાઈઓમાંથી એક આબાદ રીતે તેમના હાથમાં આવી ગયો અને ત્યાં જ ખતમ થઈ ગયો. જ્યારે બીજો અધમુઈ હાલતમાં દોડતો હરિભદ્રસૂરિજી પાસે આવ્યો, ત્યાંથી આખી બનેલી પરિસ્થિતિ કહીને તેને પણ આંખ મીંચી નાખી, આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ એ ૧૪૪૪ બૌધ્ધ સાધુઓને સબક શીખવાડવાનો નિયમ લીધો અને ત્યારપછી બૌધ્ધો સાથે એકવાર રાજસભામાં જાહેર વાદ ગોઠવ્યો, વાદમાં શરત રાખવામાં આવી કે જે હારે, તેને આ ધગધગતી

તેલની કડાઈમાં બળી મરવાનું. હરિભદ્રસૂરિજીના ગુરૂને આ શરતની ખબર પડી કે હરિભરૂસૂરિનો આવેશ ૧૪૪૪ બૌધ્ધ્રોને ખતમ કરી દેવાની ભાવના સાથે આગળ વધ્યો છે. ત્યારે ગુરૂએ તરત તેમને આ પાપમાંથી બચાવા માટે ક્ષમાધર્મની મહાનતા સૂચવતી એક ગાથા મોકલી. એ વાંચીને તેમનો ક્રોધ શમ્યો. તેનમે થયું કે, હો ! હો ! હું તો શ્રમણ છું. ક્ષમા જેનો મુખ્ય ધર્મ છે, તેને ક્ષમાશ્રમણ કહેવાય છે, મેં મારા આત્મા માટે અકલ્યાણકર એવા ક્રોધકષાયો કરીને કેટલું પાપ બાંધ્યું ? જગતમાં કોઈકોઈનું નથી. બધા એકબીજાના પરયા છે, શા માટે બીજાઓ માટે કષાયો કરી હું સ્વયં દુર્ગતિની પરંપરા બાંધુ ? અને આવી વિચારધારાથી સૂરિજીનું અંતર પરિવર્તન થઈ ગયું. ગુરૂ પાસે જઈને પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત માગ્યું, ગુરૂએ તેમની અદ્‌ભૂત શક્તિને ઓળખીને ૧૪૪૪ બૌધ્ધ્રોનો હત્યા કરવાનો વિચાર આવ્યો તેથી ૧૪૪૪ ગ્રંથોની રચના કરવાનું પ્રાયશ્ચિત્ત તેમને સોપવામાં આવ્યું, અને રાત-દિવસ એ પ્રાયશ્ચિત્તને પૂરૂં કરવા માટે પોતે નીત નવા ગ્રંથોની રચના કરતા જાય છે. જ્યારે આયુષ્ય ઓછું પડી રહ્યું છે, ગ્રંથોની રચના હજુ ઘણી બાકી છે, ત્યારે લલ્લિંગ શ્રાવક દ્વારા ચંદ્રકાન્ત મણિની વ્યવસ્થા કરાવીને તેના પ્રકાશમાં ગ્રંથ સર્જનનું કાર્ય ચાલુ રાખ્યું, દિવસે પણ ગ્રંથસર્જન, રાત્રે પણ ગ્રંથસર્જન. પ્રાર્ય :૭૦ વર્ષના આયુષ્યમાં આટલા બધાં ગ્રંથો જેમણે રચ્યાં, તેમણે પ્રમાદનો કેવો ત્યાગ કર્યો હશે ? અને કેવી રીતે આ સર્જન તેમનાથી શક્ય બન્યું હશે ? છતાંય હકીકત આપણી નજર સામે છે. તેને નકારી શકાય તેમ નથી. જરાય પણ શરીરના પરીશ્રમને લક્ષમાં રખ્યા વગર એ મહાપુરુષે રાત દિવસ ગ્રંથલેખન-સર્જન કરીને આયુષ્યની છેલ્લી ઘડી અને અંતિમ શ્વાસ સુધી ગુરૂએ આપેલ પ્રાયશ્ચિત્ત પુરૂં કરવા કમ્મર કસી. ને છેલ્લો ગ્રંથ સંસારદાવાનો રચતા, તેમની આંખો મીંચાઈ ગઈ, આ જગત પર અદ્‌ભુત ઈતિહાસનું સર્જન કરીને, મહાપુરૂષની વસમી વિદાય થઈ. જૈન શાસનનો એક સિતારો અસ્તાચલ ભણી પ્રયાણ કરી ગયો. પણ એ સિતારો તેની ચમક મૂકતો ગયો.

- સંસારી જીવને ગરમ લોઢાના ગોળા જેવો કહ્યો છે, એ જ્યાં જાય ત્યાં ષટ્‌કાય જીવોને બાળતો જાય-દઝાડતો જાય, જેના પગલે-પગલે પાપ છે, ડગલે અને પગલે જેનું જીવન પાપથી ખરડાયેલું છે. એવા સંસારી જીવો ! તમારી સદ્‌ગતિ માટે તમારે ખુબ સાવધાની રાખવાની જરૂર છે.
- કોઈપણ કાર્યની સફળતા મેળવવા માટે પુરૂષાર્થની જરૂર છે, પછી તેમાં કઈ ઉંમર છે ? તેને લક્ષમાં નથી લેવાતી, તમે જ્ઞાન ભણવા માટે કોઈપણ ઉંમરે પુરૂષાર્થ કરી શકો છો, જરૂરી નથી કે વૃદ્ધ ઉંમરે જ્ઞાન ચઢે જ નહિ, ઈતિહાસ સાક્ષી છે કે ૭૦ વર્ષની ઉંમરે પણ કુમાળપાળ રાજા અઢાર દેશના રાજકીય વહીવટની વચમાં રહીને ય વ્યાકરણ-ન્યાય જેવા ગહન ગ્રંથો ભણ્યા.

- ભાવોની શુભતામાં એ તાકાત છે કે તમારી દુર્ગતિ રોકી નાંખે અને સદ્‌ગતિની પરંપરાને પ્રાપ્ત કરાવે.
- આત્માશુધ્ધિ મેળવવા માટે પ્રચંડ પુરૂષાર્થ આદરવો પડશે, પૂ.હરિભદ્રસૂરિજી પાસે સર્વોચ્ચ કોટીનું જ્ઞાન હતું છતાં પણ ભાણીયાના મોહમાં આવીણે ભયંકર ભૂલ કરી બેઠેલા. જો કે સદ્‌ગુરૂની સાવધાનીએ તેમની ભૂલની ભંયકરતા ભ્રષ્ટ કરી નાંખી ને તેમને આબાદ બચાવી લીધા. આવા ઉત્તમ જ્ઞાનદશાને પામેલા સૂરિપુરંદરો પણ કષાય કરવાની ગંભીર ભૂલ કરી બેસે ને રૌદ્રધ્યાનમાં ચાલ્યા જાય તો મારી-તમારી તો વાત જ શું કરવી ?
- ધર્મની કોઈ પણ આરાધના રસરૂચિપૂર્વક કરવી જોઈએ તેમ ન કરવાથી આત્મામાં પડેલા દોષોનો નીકાલ થતો નથી.
- વાણીયાઓ બુધ્ધિનો ઉપયોગ બહુ કરે. એ એમ વિચારે કે અમારી બુધ્ધિથી અમે કર્મને પણ ઠગીશું, ઉલ્લું બનાવી લઈશું, તો તે ભાન ભૂલે છે. સદ્‌ગતિ મેળવવા. છેલ્લા સમયે માંગલિક સાંભળી લઈશું, નવકાર સાંભળતા-સાંભળતા મૃત્યુ થાય એટલે સદ્‌ગતિ એમને મળી જાય ? જેણે આખી જીંદગી અઢાર પાપોને કરવામાં પસાર કરી હોય. જીંદગીમાં ક્યારેય ધર્મ ન કર્યો હોય, શુભભાવો ભાવ્યા ન હોય, તેને છેલ્લે કેવી રીતે શુભ ભાવો આવશે ? જો સદ્‌ગતિને સાધવી હોય તો તેની તૈયારી અત્યારથી કરવી પડશે, તે સમયે થોડીક પણ ગડબડ થઈ તો સદ્‌ગતિથી હાથ ધોઈ નાખવા પડશે, માટે જ સાવધ કહીએ છીએ.
- કોઈક બાપ અને દીકરો - પૂર્વ ભવોના કોઈ એવા સંસ્કારો કે જેના કારણે બાપ-દીકરા વચ્ચે અણબનાવ રહ્યા કરે,એકવાર ઝઘડો થોડો વધારે આગળ વધ્યો, બાપ-દીકરા વચ્ચે ધંધામાં ડિસ્પ્યુટ પડયો, ધંધો બંને જણાએ અલગ કર્યો,પુન્યન ઉદયથી બંને પાસે ધરખમ સંપત્તિની છોળો ઉછળે છે. ભૌતિક જગતમાં તમામ સાધનૌ તેમની પાસે છે પણ માત્ર મનની શાંતિ નથી, એટલે આ સંપત્તિ પણ તેમને સુખ આપી શકતી નથી, બાપની ઉંમર દિવસે-દિવસે વધતી ગઈ. એક દિવસ બીમાર પડયા. બીમારી ગંભીર નીકળી, ડૉકટરે હાથ ધોઈ નાંખ્યા, ભગવાન બચાવે તો બચે. હવે અમારી પાસે આનો કોઈ ઈલાજ નથી, તમે એમને ઘરે લઈ જાઓ, બાપને ઘરે લઈ જવામાં આવ્યા. હવે મોતની ઘડીઓ ગણાય છે, આયુષ્યની દોરી તૂટવાના આરે છે. દીકરો બધી વાતની જાણકારી મેળવ્યા પછી, એને એમ થાય છે કે, બાપે ગમે તેમ તો મને જન્મ આપ્યો છે, ધર્મના સંસ્કારો આપ્યા છે, ભણાવી-ગણાવીને મને મોટો કાર્યો છે. ભલે ગમે તે થયું પણ મારે છેલ્લી ઘડીએ તો મારા બાપાનો પરલોક સુધારવો જોઈએ, દીકરો ત્યાં જાય પણ છે, જેવું દીકરાનું મોઢું બાપને દેખાય છે ને બાપ લાલચોળ બની જાય છે. દીકરાને થયું કે આમાં તો બાપની દુર્ગતિ થઈ જશે, હવે શું કરું ? જેથી બાપનો પરલોક

સુધરે ? તેણે વચ્ચેનો રસ્તો કાઢયો. કોઈક ધાર્મિક પંડિતજીને રોક્યા. બધી વિગત સમજાવી દીધી, મારા તરફથી તમે ત્યાં જાઓ, બાપુજીને ધર્મના રંગમાં રંગી દો. પણ કહેતા નહિ કે મેં તમને મોકલ્યા છે, પંડિતજી રોજ તેમને સમાધિ આપવા માટે જાય છે. બાપ ધીરે-ધીરે ધર્મના રંગે રંગાય છે અને મૃત્યુનો છેલ્લો દિવસ આવ્યો. પંડિતજીને નવકારમંત્રની ધૂન ચાલુ કરી, આ બાજુ દીકરો બાપુજીની નજરની બહાર રહીને, બાપુજીની નજીક રહે છે, તેમને પરલોક ક્યાંક બગડી ન જાય તેની ખૂબ સાવધાની રાખે છે. નવકારમંત્રની ધૂનમાં બાપુજી લીન બન્યા અને થોડીવારમાં જ બાપુજીની આંખ મીચાઈ ગઈ, બાપુજીનું નવકારમંત્ર સાંભળતા સાંભળતા મૃત્યુ થયું જાણી દીકરાને એક આંખમાં બાપુજી ગયાનો આઘાત લાગવાથી આંસુ છે, જ્યારે બીજી આંખમાં બાપુજી છેલ્લે પણ ધર્મ સાંભળતા શુભ-પરલોક સાધી ગયા તેના હર્ષાશ્રુઓ છે. પણ આ બધો શ્રેય પેલા પંડિતજીને આપવા યોગ્ય છે. પંડિતજીને પોતાના ઘરે બોલાવે છે, તેમનું શ્રષ્ઠ સ્વાગત કરે છે, પંડિતજીની નક્કી કરેલી રકમ ૫૦૦૦ હતી. અને આપ્યા સીધા ૨૫,૦૦૦ રૂપિયા રોકડા, પંડિતને આશ્ચર્ય થયું, પણ સામે પેલા દીકરાને પણ આશ્ચર્ય થયું કે ૫૦૦૦ નક્કી કરીને ગયેલા પંડિતજી એકપણ રૂપિયો લેવા માટે કેમ તૈયાર નથી, દીકરાને એમ લાગ્યું કે, પંડિતજીને કદાચ આટલા ઓછા પડતા હશે, તેથી બીજા ૫૦,૦૦૦ તિજોરીમાંથી કાઢી લાવ્યો અને કહે છે કે, લો પંડિતજી ! હજુ પણ વધારે જરૂર પડે તો મને યાદ કરજો, તમે બીજો કોઈ સંકોચ રાખતા નહિ.

પંડિતજી તેને જવાબ આપે છે કે તમારા બાપુજીની આંખ નવકાર સાંભળતા ભલે મીંચાઈ ગઈ પણ મારી આંખ ઉઘડી ગઈ, એટલે હવે મારે પણ મારા મૃત્યુની તૈયારી કરવી છે, માટે હું સર્વસંગત્યાગના પંથે જાઉં છું, કેવા અદ્‌ભૂત ભાવ પેલા ઉદાર દીકરાનો અને કેવી અદ્‌ભૂત ભાવના ત્યાગ કરવાની એ પંડિતજી ? ખરેખર આ બન્નેય પાત્રોએ જૈનશાસનની યશોગાથાને ચાર-ચાર ચાંદ લગાવી દીધા.

- દૂધના ઉભરા જેવું જ્ઞાન ન ચાલે, કે જે માત્ર બાહ્ય દેખાવ માટે જ ઉપયોગી હોય, રત્નાકર પચ્ચીસીમાં, આચાર્યશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા. લખે છે, **વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?** આ વિદ્યાઓ પણ વાદ-વિવાદ અને વિખવાદ માટે જ મેં ભણી, જેથી ખરેખર તે આત્માઓ જ્ઞાન ભણીને પણ પોતાનું અકલ્યાણ કરનારા બને છે, આખું ય જગત્ જ્ઞાનથી કર્મનિર્જરા કરે ત્યારે પેલો માણસ જ્ઞાનથી કર્મબંધ કરે, ખરેખર કેવી વિચિત્રતા છે.

- તમને આ પૃથ્વી પર રહેનાર રત્નોની ખબર નથી. બોરીવલીમાં એક નવયુવાન દંપતિ, જેમણે લગ્ન કર્યાને માંડ ૫૦દિવસ થયા હશે, દાદાની યાત્રા કરવા પાલીતણા ગયા છે, ત્યાં દાદાનો સોનાનો કળશથી પક્ષાલ કરવાનો ચઢાવો બોલાય છે, એ યુગલને ચઢાવો મળી જાય છે, પણ એ ગિરિરાજની ધરતી પર પરમાત્માના અચિન્ત્ય પ્રભાવથી એ યુગલને હૈયામાં એવા મનોરથ જાગે છે કે કાંઈક અભિગ્રહ ધારણ કરીને પ્રક્ષાલ કરીને અને પરમાત્માનો સોનના કળશથી પ્રક્ષાલ કરતી વખતે જ આજીવન બ્રહ્મચર્યવ્રતની ભીષ્મ પ્રતિજ્ઞા કરે છે, ચોથાવ્રતને ભરયુવાનવયે મુંબઈ જેવા શહેરમાં રહીને જીવનભર પાળવાનો નિશ્ચય કરનાર ખરેખર આ યુગલ ધન્યવાદને આભારી છે, પેલ વિજયા શેઠ શેઠાણીના ઈતિહાસને આ યુગલે તાજો કર્યો. કેવી તેમની નિર્વિકારિતા...! કેવી સાધના પૂર્વભવમાં કરી હશે ! જેથી પળવારનો ય વિલંબ કર્યા વગર આવી ભીષ્મપ્રતિજ્ઞા તેમને ધારણ કરી લીધી.
- મોક્ષમાર્ગની ભક્તિ, એટલી શક્તિશાળી છે કે તેને ભજનાર આત્માને નક્કી સ્વર્ગ-અપવર્ગની પ્રાપ્તિ થાય જ છે.
- દાન-તપ અને બીજા ધર્મ કરતાં પણ બ્રહ્મચર્યવ્રત અતી અઘરૂં છે, શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, **એ વ્રત જગમાં દીવો રે,** દવોય તેને નમસ્કાર કરે છે કે જે બ્રહ્મચર્ય વ્રતને પાળે છે.
- સંસ્કૃતમાં એક સુભાષિત છે કે-
  **માનવા ધર્મ નેચ્છન્તિ કિન્તુ ધર્મસ્ય ફલં ઈચ્છન્તિ ।**
  મનુષ્યો ધર્મના ફળને જરૂર ઈચ્છે છે પણ ધર્મને ઈચ્છતા નથી. મને કહો કે વાડ વગર વેલો ચઢે ? વૃક્ષ વગર છાંયડો મળે ? તેમ ધર્મ કર્યા વગર તમને દુન્વયી સુખો મળી શકતા નથી.
- પ્રાયશ્ચિતમાં જાતને ખુલ્લી કરવાની છે. જે આત્માના પ્રાયશ્ચિત્ત વખતે પોતાની જાતને વિવેકી સદ્ગુરૂ પાસે ખુલ્લી કરે છે. તે જ પોતાની જાતને ચોખ્ખી કરી શકે છે. પણ અફસોસ ! તમે તો પ્રાયશ્ચિત્ત લેવામાં ય સેવો છો, તો તમને કેવી રીતે શુદ્ધિ થાય ?
- અભિમાની માણસને હંમેશા પોતના દોષો છૂપાવવની કુટેવ હોય છે, તેવા કષાયપ્રધાન જીવો ક્યારેય શુધ્ધ રીતે પ્રાયશ્ચિત્ત ન કરી શકે.
- ક્યારેક ચિંતન કરો કે, કેવી મારી અજ્ઞાન દશા ? કેવી મારી જીંદગી ? કેવો જન્મ ? કેવા સ્વજનો ? સંસારિક નિમિત્તોથી ખેંચાઈને મારો આત્મા કેવા-કેવા પાપો કરે છે.
- કેવલી ભગવંત સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા અને સમગ્ર વિશ્વના જીવોના મનમાં ચાલતા બધા જ પ્રકારના વિચારોને જાણે છે, જુએ છે, જેવું તેઓ સ્પષ્ટ રીતે આપણને જુએ છે, તેવું જ સ્પષ્ટ પ્રાયશ્ચિત્ત કરે તો તેનો આત્મા ભવસાગરથી ચોકક્સપણે તરે.
- પ્રાયશ્ચિત્ત કરતા હૈયામાં જબજસ્ત પશ્ચાત્તાપનો ભાવ જાગે, કરેલા પાપો માટે

ભારેભાર ધિક્કાર ભાવ જાગે, પાપોને યાદ કરતા આંખોમાંથી આંસુની ધાર વહે, અને ફરીવાર આવા પાપ નહિ કરૂં એવો મક્કમ દૃઢ નિર્ધાર કરે, ત્યારે પ્રાયશ્ચિત્ત કરનાર આત્માનું પ્રાયશ્ચિત્ત શુદ્ધ થાય. તમે તો પ્રાયશ્ચિત્ત લીધાના બીજા દિવસથી જ તે પાપની ક્રિયા મજેથી કરતા હો છો, તેવા પ્રાયશ્ચિત્તની કોઈ જ કીંમત નથી.

- આવું સુંદર જૈન શાસનને પામ્યા પછી પણ મેં મારા આત્માની આવી ભુંડી દશા કરી, રહેવા માટે સારો બંગલો મળવા છતાં પણ તેમાં ગંદકી-ઉકરડો કરીને ગંદો કરી નાંખ્યો. તમારે વિચાર કરવા જેવો છે. અને જીવનની દિશાઓ બદલવા જેવી છે.
- જીવને વર્તમાનમાં મોત દેખાતું નથી, પ્રાયશ્ચિત્ત નામના ધર્મથી તે દૂર બેઠો છે. ક્યારે આયુષ્ય પુરૂં થઈ જશે, તેની તમને ય ખબર નહિ પડે.
- પૂ. હરિભદ્રસૂરિજીએ ૧૪૪૪ ગ્રંથોનું સર્જન કર્યું. તમે આખી જીંદગી વાંચ વાંચ કરો તો પણ તેમના લખેલા ગ્રંથોનું વાંચન ન કરી શકો, તમે વાંચી તો ન શક્યા પણ એને સંભાળી પણ ન શક્યા. આજે ૧૪૪૪ ગ્રંથમાંથી માત્ર ૮૫ ગ્રંથો મળે છે, બાકીના ગ્રંથો ક્યાં ગયા ? ૮૫ ગ્રંથોમાં જો અગાધ તત્ત્વ જોવા મળે છે, તો બાકીના ગ્રંથોમાં કેવું તત્ત્વ હશે ? રાત-દિવસ પ્રમાદ કર્યા વગર જેમણે ૧૪૪૪ ગ્રંથો બનાવ્યા હતા, તેણે આપણે માત્ર ૮૦૦ વર્ષમાં ખોઈ નાંખ્યા. આ શ્રાવક સઘનો કેટલો પ્રમાદ ? ગ્રંથભંડારની જવાબદારી અમારા એકલાની નથી. તમે પણ સહભાગી છો, તમારે તેની પરિમાર્જના વિગેરે કાર્યમાં રસ લવો જોઈએ, તેની સાચવણી, તેનો સંગ્રહ વગેરે કેવી રીતે કરવો ? તે વિષે તમારે સભાન બનવું જોઈએ, હજુ પણ સફાળા જાગી જાવ. બચ્યું છે, તેટલું તો બચાવો.
- શ્રી રાજેન્દ્ર કોષના સર્જક પૂ. ગુરૂદેવશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. તેમના જીવનમાં ૬૦ વર્ષની ઉંમરે પણ લેખન કાર્યમાં ઓતપ્રોત રહેતાં, રોજના ૭\૮ કલાક સુધી લેખન કરતા, પ્રાયઃ ૧૩ વર્ષ સુધી તેમને આ લેખન કાર્ય કર્યું. તેમાંથી આપણને મહાકોષ-વિશ્વકોષ જેવો રાજેન્દ્ર શબ્દ કોષ મળ્યો. તમારે મન ભલે તેને કોઈ ઝાઝી કીંમત ન હોય પણ તત્ત્વને સમજનારી વ્યક્તિ માટે તો હીરા-મોતી-માણેક કરતાંય વધારે મૂલ્યવાન છે.
- ગુરૂ મહારાજના જીવનમાં જયણા કેવી ઉત્તમ કોટિની હતી તેનું તેમને એક દૃષ્ટાન્ત આપું. લેખનકાર્ય કરવા માટે પોતે સૂકી શાહી વાપરતા, સાંજ સુધી ચાલે તેટલી શાહી જ તેઓ પલાળતા, પણ ક્યારેક લખતા-લખતા ગીલી શાહી વધી જતી. ત્યારે સાંજે તેને સુકવી નાંખતા. એમ નહિ કે રાત્રે મૂકી રાખો અને સવારે તેનો ઉપયોગ કરી નાંખશું, વાશી શાહી ક્યારેય વાપરતા નહોતા વાપરતા. આટલા મોટા મહાપુરૂષ દિવ્યપુરૂષ છતાંય એમના હૈયામાં દયાનો કેવો પરિણામ હતો ? કેવી ઉત્તમ કોટિની જયણા હતી,

તનો વિચાર કરો.

- જૈન શાસનમાં જન્મ લીધા પછી તેનું ઋણ અદા કરવાનો ક્યારેય આપણને વિચાર નથી આવ્યો, જે જૈન શાસને આપણને ઘણું આપ્યું છે. તેને આપણે શું આપ્યું, ગુરૂ મહારાજે જૈન શાસનને અગાધજ્ઞાનના ખજાનાથી ભરી દીધું. ધનનું દાન કરતા જ્ઞાનનું દાન શ્રેષ્ઠ દાન છે.
- પઢીમાં સ્ટાફના માણસોના મન પર તમે, જબરો, કંટ્રોલ જમાવો છો. પણ તમારા મન પર તમને કંટ્રોલ જમાવતા નથી આવડતું.
- ગુરૂ મહારાજ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ખૂબ જ દીર્ઘકાળ સુધી રહેતા હતા અને કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહીને કોણ જાણે કેટલાય કર્મોની નિર્જરા કરતા હશે.
- કાઉસ્સગ્ગમાં કેટલા શ્વાસોશ્વાસ પ્રમાણે કાઉસ્સગ્ગ કરવાનો છે ? તે પ્રમાણે આપણને તે-તે સૂત્રોના પદો ગોઠવી આપવામાં આવ્યા છે.

**શ્વાસોશ્વાસ**

ચાર લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સધી

૧૦૦

સાગરવર ગંભીરાના ચાર લોગસ્સમાં

૧૦૮

પક્ખી પ્રતિક્રમણમાં ૧૨ લોગસ્સમાં

૩૦૦

ચૌમાસી પ્રતિક્રમણમાં ૨૦ લોગસ્સમાં

૪૦૦

સંવત્સરીમાં ૪૦ લોગસ્સના કાઉસ્સગ્ગમાં

૧૦૦૮

કાઉસ્સગ્ગમાં શ્વાસોશ્વાસ આ રીતે બતાવામાં આવ્યા છે.

- જ્યાં સુધી અસત્યને સારૂં માન્યું છે, ત્યાં સુધી સત્યનો સ્વીકાર થવો અશક્ય છે, સત્યને પામવા અસત્યના કદાગ્રહને છોડવો જરૂરી છે.
- પોતાના મનની કલ્પનામાં વિષયસુખને જ સુખ તરીકે લેખવામાં આવ્યું છે, જેથી તમને આત્માના ગુણોમાં ક્યાંથી સુખ લાગે, અને તે ગુણોમાં સુખની બુદ્ધિ જો નહિ આવે તો અનુભૂતિ પણ ક્યાંથી આવવાની ?

ધર્મ પામ્યા પછી કષાયના પાપને કાબૂમાં રાખવા માટે સતત સ્વાધ્યાય કરવો જરૂરી છે. જો તેમ નહિ કરવામાં આવે તો ક્યારેક આત્મા કોઈ ઉલ્ટી અધર્મની પ્રવૃત્તિઓમાં ફસાઈ જશે.

- તમારી બુદ્ધિમાં ધર્મ પણ કયો બેસે ? જે ધર્મમાં તમારી દૃષ્ટિએ અનુકૂળતા સારી હોય. પ્રતિકૂળતાવાળા ધર્મો તમને જરાય પસંદ નથી. તમને બધુ કમ્ફર્ટેબલ જોઈએ છે કે જ્યાં જરાય તમારે કમ્મરવાળવાની ન હોય. ખરેખર તમને સમજાવવા ઘણા મુશ્કેલ છે, બિભત્સ છે.
- હજારો-લાખ્ખો કરોડો અને અબજો લોકો શુભ નિમિત્તને પામીને પોતાના આત્માનું કલ્યાણ સાધી ગયા. તમને નથી લાગતું કે હું જ રહી ગયો.
- વ્યવહારથી પ્રાયશ્ચિત્ત કરીએ, પણ હૈયામાં પ્રાયશ્ચિત્ત ઉતારવા માટે જરાય કુણાશ ન હોય, પાપ પ્રત્યેની એ જ રસ રૂચિઓ હજુ અકબંધ હોય તો તેને વ્યવહારથી ગમે તેટલા પ્રાયશ્ચિત્ત કરાવવામાં આવે તોપણ તે પાપથી શુદ્ધ થતો નથી.
- તમારી દૃષ્ટિમાં અવલોકનશક્તિની ઘણી ખામી છે. ઉપવાસ કર્યો ને માંદા પડયા ત્યારે દોષ ઉપવાસ ને આપવામાં આવે, કે મેં ઉપવાસ કર્યો માટે માંદો પડયો. હકીકતમાં અશાતાવેદનીય કર્મનો ઉદય થયો માટે માંદો પડયો તમારા મગજમાં આ વાત બેસતી જ નથી, એવું લાગે છે, પણ વાસ્તવમાં શાતાવેદનીયનો ઉદય થયો માટે શાતા મળી. આવી દૃષ્ટિ તમારા મગજમાં બેસેલી હોવી જોઈએ.
- દ્રવ્ય પ્રાયશ્ચિત્ત પુરૂં થઈ શકે છે. પણ ભાવ પ્રાયશ્ચિત્ત ત્યારે જ પુરૂં થાય કે જ્યારે ફરીવાર તે પાપ કરવાની તમને રૂચિ ન જાગે.
- નિશ્ચયદશાથી પ્રાયશ્ચિત્ત કરવામાં આવે તો આત્માને પુનઃ પાપ કરવાની ઈચ્છા જાગે.
- પીળું દેખાતું બધું કંઈ સોનું નથી અને સફેદ દેખાતું બધું કાંઈ દૂધ નથી, આજે ભલે તમને તમારા શરીર પર તંદુરસ્તી દેખાતી હોય, પણ ગમે ત્યારે રોગના સ્વભાવવાળી કાયા પર કર્મો ઉથલો મારી શકે છે.
- અનુષ્ઠાનોમાં જરૂર તાકાત હોય છે કે આત્માનો કર્મક્ષય કરે પણ શરત એક જ છે કે તેમાં નિશ્ચયભાવનો પરિણામ ભળવો જોઈએ. નિશ્ચયદશાને પરિવરેલા આત્માઓની પરિણતિ સ્વભાવદશામાં લીન હોવાથી તે કર્મક્ષય વિપુલ પ્રમાણમાં કરી શકાય.
- તમને ભક્ષ્યા-ભક્ષ્યનો પણ વિવેક નથી. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે આહાર તેવો વિચાર, તમારૂં ખાવાનું પણ અસદ્‌વિચારોને નોતરે તેવું હોય છે. શાસ્ત્રો કહે છે કે જે માણસ સચિત્ત ખાય, તેનું સમ્યદ્‌ત્વ મલિન થાય, કારણ કે વિચારો ધીરે-ધીરે તેના સડવા લાગે. પછી એ સડો આચાર સુધી પહોંચી જાય અને ધર્મમય જીવનને વેરવિખેર કરી નાંખે.
- ધર્મના આધારસ્તંભમાં પહેલો સ્તંભ સમ્યગ્‌દર્શન છે. તે સિવાય ધર્મની મોટી ઈમારત

ચણાવી એ દુષ્કર છે, કદાચ ચણાઈ જાય તો લાંબા સમય સુધી તેનું અસ્તિત્વ ટકતું નથી.

- આગ લાગી હોય, પણ તેને બુઝવવા પવન ફુંકે, જો કે થોડીવાર તો તમને લાગે કે આગ બુઝાઈ ગઈ છે, પણ હકીકતમાં આગ ચાલુ છે, ધીમે-ધીમે તે બહાર આવી રહી છે, તેમ પ્રાયશ્ચિત્ત જો બરાબર ન કરીએ તો પાપની આગને બુઝવવા તમે પવન ફુક્યો અને તમને અનુભવ થયો કે મારી પાપની આગ બુઝાઈ ગઈ પણ મિથ્યાત્વના ઘરનું પ્રાયશ્ચિત્ત, પાપની આગને બુઝાવી નથી શકતું.
- તમને પાપના ફળોની બહુ ચિંતા છે તો પછી ધર્મ માટે સાવધાની કેમ નથી.
- અત્યારે જે કાંઈ પાપના ફળોના અનુભવો તમારા જીવનમાં તમને દેખાય છે, તે તો માત્ર પાપનું સેમ્પલ છે, પણ જ્યારે તે જોશથી આત્મા પર ત્રાટકશે ત્યારે ભયંકર રીબામણમાં રીબાવવાનો વારો આવશે.
- જીંદગીમાં જેઓને પરમાત્માની વાણી સાંભળવી નથી ગમતી. તેવા લોકોનું જીવન ખરેખર જનાવર કરતાંય ભુંડુ છે.
- ભગવાન મળ્યા એટલે મુડિપતિ મળ્યો તેવો તને આનંદ થાય, પણ તમને તો કરોડપતિ મળ્યો હોત તો આનંદ થાય કે હવે મારી જિંદગી સુધરી ગઈ-મારું કલ્યાણ થઈ ગયું.
- જેને યોગસાધનામાં આનંદ મળી ગયો છે, તેને પુદ્‌ગલના આનંદની કે તેની દુનિયાની કાંઈ જ પડી નથી, ખરેખર યૌગિક આનંદ તે આત્મિક આનંદ છે. જે પુદ્‌ગલ કરતા ઘણો ચડિયાતો છે.
- ૧૪૪૪ ગ્રંથોના રચયિતા, યાકીની મહત્તરાસુનુ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા પણ પરમાત્માને કહે છે - ભગવાન ! હું તો સાધુ પણ નથી, કદાચ સંવિગ્ન પાક્ષિક હોઈશ તોય મને ખબર નથી. મારી પરિણતિના પણ કોઈ ઠેકાણા નથી કે **અતિપરિણત છું, અપરિણત છું કે પરિણત છું ?** વિચાર કારો ! આવા મહાન મહાપુરૂષ પણ પોતાની જાત માટે જ્યારે કોઈપણ પ્રકારનો દાવો ન કરી શકે તો તમારી-અમારી વાત જ શું ?
- સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં કહ્યું છે કે,
  **જ્ઞાનગુણ જીવનો, જ્ઞાન ભવ આર્ણવ પોત ।**
  **મિથ્યાતમ તમ ભેદવા, જ્ઞાન મહાઉદ્યોત રે ।।**
  મિથ્યાત્વના અંધકારને ભેદવા માટે જ્ઞાનન ઉદ્યોતની આ જીવને જરૂરિયાત છે. પાંચે ઈન્દ્રિયોના ૨૩ વિષયોને અને તેના ૨૫૨ પેટા પ્રકારોના વિકારોથી ત્યારે જ જીવ દૂર ભાગે જ્યારે તેની જ્ઞાનદશા જાગી જાય.
- કોઈપણ ધર્મ હંમેશા શાસ્ત્ર સાપેક્ષ કરવો જોઈએ. શાસ્ત્ર નિરપેક્ષ કરાતો ધર્મ કર્મની નિર્જરા કરતા કર્મનો બંધ કરાવે છે.
- તમે સંસારમાં છો માટે પાપ તમારે કરવું પડશે પણ તેમાં રસ ન પડે તેટલું તો અવશ્ય

કરી શકો કે નહિ ? પણ તમારું જીવન જોતા તો પાપમાં તમને બહુ જ મજા આવતી હોય તેવું દેખાય છે.

- જ્યાં સુધી આત્માને પોતાને તરવાની ભાવના નથી, ત્યાં સુધી પરમગુરૂ જેવા પરમાત્મા પણ મળે તો ય તમારો-અમારો ઉધ્ધાર નથી. માટે પહેલા લક્ષ્ય બનાવો.
- માત્ર કાયાને કષ્ટ આપવું એ કાંઈ ધર્મ નથી. જો એને જ ધર્મ તરીકે જોતા હો તો જનાવરો સૌથી વધારે ધર્મી કહેવાય ! તમાર મતે ! કેમકે કાયાનું કાતિલ કષ્ટ જનાવરો ભોગવી રહ્યા છે, છતાંય તેમને જોઈએ તેવી કર્મ નિર્જરા કે પુન્યનો બંધ નથી થતો. કારણ કે તે જીવોમાં સમકિત નથી. માટે તેમનું કાયકષ્ટ વિવેકપૂર્વકનું-સમજણપૂર્વકનું ન ગણાય.
- તમને કદાચ ખબર નહિ હોય પણ જૈનેતર સાધુઓ હિમાલયની ગુફામાં બેસીને માત્ર વનસ્પતિ ઉપર કે પાણી ઉપર કે દૂધ ઉપર આખી ય જીંદગી કે ઘણા લાંબા વર્ષો પસાર કરતા હોય છે. કોઈ ત્રિશૂલની ધાર ઉપર કે કોઈ માત્ર એક પગ પર ઉભા રહેતા હોય છે, તેમના જીવનમાં પાંચે ઈન્દ્રિયના વિષયો પર કેટલો કંટ્રોલ હોય છે, અને છતાંય અ જૈન સાધુની જેમ કર્મક્ષય નથી કરી શકતા, કેમકે તેઓ અજ્ઞાન દશામાં છે, સમકિત નથી, માટે તેમને ધર્મ થવો દુષ્કર છે. જૈનધર્મને પામેલા વ્યક્તિ નવકારશીમાં જેટલો પુન્યબંધ કે કર્મનિર્જરા કરી શકે છે, તેટલો જૈનેતર વ્યક્તિ વર્ષનું તપ કરે તો પણ તે ફળ મેળવી શકતો નથી.
- પાપ સમજાવીને દૂર કરવાની બુદ્ધિ આપે તે સદ્ગુરૂ.
  પાપનો ભાર ઉતારે તે સદ્ગુરૂ.
  પાપથી બચાવે તે સદ્ગુરૂ.
  સંસારની રૂચિને તોડી, ધર્મની રૂચિ જગાડે તે સદ્ગુરૂ.
  ગુણને પ્રગટ કરવાની રૂચિ જગાડે તે સદ્ગુરૂ.
  આજે જીવને પાપના ફળોમાં ગભરામણ થાય છે. પણ આ ગભરામણથી કાંઈ ન વળે ? પાપના ફળ કરતાં પાપમાં જેને ગભરામણ થઈ જાય તેનું કામ થઈ જાય.
- જેને આખીય જીંદગી અસમાધિમાં પસાર કરી છે અને છેલ્લે સમાધિની ભીખ માંગવા દર દર ભટકે તો ય ન મળે. તેમને ક્યાં ખબર છે કે પરમ સમાધિને પામવા માટે જન્મોજન્મની સાધનાય ઓછી પડે છે.
- લક્ષ્ય ચંચળ છે, યૌવન ચંચળ છે, તે ચંચળ વસ્તુનો મોહ કરનાર માણસ ખરેખર મૂઢ નથી તો શું છે ? હંમેશા મોહ કરવો હોય તો ય ચિરકાળ સુધી ટકનારી ચીજ ઉપર કરવો જોઈઅ, જો કે આ જગતમાં ચીરકાળ ટકનારી ચીજમાં આત્મા સિવાય કોઈ ચીજ નથી.
- આત્માની શક્તિ વધે તેવી પ્રવૃત્તિ કરો પણ તમને મગજમાં કોઈએ ઊંધુ ઘસાડયું છે કે

શરીરની શક્તિ વધારો, અને આત્માની શક્તિને ઘટાડો, એટલે જ તો આત્માની શક્તિ તૂટતી જાય છે.

- તમારા ચોવીસ કલાકના દિવસમાં દેરાસર-ઉપાશ્રયમાં કેટલાક કલાક ? અને બીજી બધી જગ્યાએ કેટલા કલાક ? એ જ તમારી રસ-રૂચિને બતાવે છે કે તમને કઈ દુનિયામાં રસ છે.
- લોગ્ગસ્સમાં ખાલી બોલી જવાનું કે
  સમાહિવર મુત્તમં દિન્તુ । પણ સમાધિ મેળવવા માટે કોઈ પ્રવૃત્તિ તો દેખાતી નથી. ખાલી માંગવા માત્રથી ન મળે, તેને યોગ્ય પ્રયત્ન કરવો પડે ને !
- **ધિક્ ધિક્ આ સંસારને, ધિક્ ધિક્ મોહ જંજાળજી,**
  **સગુ રે નહીં કોઈ જગતમાં, દિશે આળ પંપાળજી.**
  રાજુલ નેમજીને કહે છે- આ સંસાર ધિક્કાર અને ફિટકારથી ભરેલો છે. મોહ દશાએ લોકોને આંધળા બનાવ્યા છે, કાંઈ જ આ દુનિયામાં સાથે નથી આવવાનું, રાજુલના હૈયામાં પણ વૈરાગ્યની જ્યોત જલતી છે માટે નેમજી ભલે મને છોડી રહ્યો તેનું જરાય તેમને દુ:ખ નથી.
- રાગદશા કેવી વિચિત્ર છે ! માછલી પાણીમાં અંદરની ઊંડાઈ અને ગહરાઈની મજા માણતી હોય છે પણ સમુદ્રની સપાટી પર માંસની પિંડિઓ દેખાતાની સાથી ઉપર આવે છે. જ્યાં માંસને ખાવા માછલી સમુદ્રની સપાટી પર ઉપર આવે કે,ત્યાં જ પેલો માછીમાર તેની બિછાવેલી જાળમાં માછલીને ફસાવી દે છે, એક રાગદશાના પાપે રીબાઈ-રીબાઈને માછલીએ પોતાનો જીવ ખોવો પડે છે.
  મોહનીયકર્મ પણ માછીમાર જેવું છે, પ્રથમ આત્માને પુદ્ગલના આકર્ષણો બતાવીને ફોસલાવી રાગદશામાં પાડે છે, પછી માછલીની જેમ અનંતા મૃત્યુની પીડા આ જીવને ભોગરાવે છે. ભવ્યાત્માઓ ! રાગદશાને તમે છોડો !
- તમારે કાંકરા જેવું થવું છે કે સાકર જેવું ? પરમાત્મા પાણી છે, જે માણસ સાકર જેવો બને તે પરમાત્માની અંદર લીન બની જાય અને જે માણસ પરમાત્મામાં ન ભળે તે કાંકરા જેવો છે.
- રસનેન્દ્રિયનો સ્વાદ આ જીભ પર પાંચ સેકન્ડથી ય ઓછા સમય સુધી ટકે છે તે વાસ્તવિકતા છે, છતાંય તેના સ્વાદની માનસિકતા લાંબા કાળ સુધી ટકે છે, અરે ! વર્ષો સુધી તેને યાદ હોય છે, કે આ વસ્તુ મેં ચાખી હતી. તેના જેવી વસ્તુ મં હજુ ચાખી નથી, માટે જ તેનો કર્મબંધ થયા કરે છે. કેમ કે રસાસ્વાદની આસક્તિ સિવાય આટલું યાદ ન રહે.
- જો રાગ છૂટતો જ ન હોય તો દેવ-ગુરૂ-ધર્મ પર રાગ કરો, આ રાગને પ્રશસ્તરાગ

કહેવાય, જેણે આવો રાગ કર્યો તેનું પણ કલ્યાણ થઈ ગયું, પરમાત્મા પણ એવો રાગ કરો કે પ્રભુ ભવોભવ આપણને મળતા રહે, પ્રભુનો વિરહ કોઈ જ ભવમાં આપણને વેઠવો ન પડે.

- જે વસ્તુનું તમારે મન મુલ્ય હોય તેમાં જ તમને રૂચિ હોય છે, ધર્મની રૂચિ એટલા માટે નથી કે તમારા જીવનમાં તેનું મૂલ્ય જીરો છે, મોક્ષની અભિરૂચિ જગડવા માટે મોક્ષનું મૂલ્ય સમજતા શીખો.
- ગમે તેટલી વેદના થાય, તો પણ ધર્મને પામેલા વ્યક્તિ ક્યારેય કોઈ ચીજમાં આર્તધ્યાન ન કરે, આ પૂર્વની સાધના સિવાય શક્ય ન બને. તેના માટે પ્રેક્ટિસ કરવી પડે.
- આંખ-કાન-નાક-જીભ અને સ્પર્શ તમને પુન્યના યોગે મળ્યાં છે, તમારી હોંશિયારીથી નહિ અને પુન્ય તમને ધર્મથી મળ્યું છે, માટે જે કાંઈ આજે તમને મળ્યું છે તે ધર્મને આભારી છે. જો ધર્મ ચૂક્યા તો આ બધું તમને ભવિષ્યમાં નહીં મળે.
- હરિભદ્રસૂરિજી મ.સા. પોતાની જાતને સંવિગ્નપાક્ષિક કહે છે, તેઓ પોતાની જાતનો એકરાર કરો છે-મારી પાસે શુદ્ધ ચારિત્ર નથી.
- તમે તો શુદ્ધ શ્રાવક જીવન પણ નથી પાળી શક્તા તો સાધુ જીવનની અપેક્ષા રાખવી તમારા માટે દુષ્કર જણાય છે.
- ભાવના એવી ભાવો કે મિથ્યાત્વતિમિર-અંધકારને ભેદીને સમ્યક્ત્વની જ્યોત પ્રગટે.
- હવે તો અવિરતિ ખટકવી જોઈએ. અવિરતિના પાપે મારા આત્માએ પુષ્કળ પાપોનું સેવન કર્યું અને અનેકવાર દુર્ગતિમાં દુ:ખો ભોગવી આવ્યો.
- પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી તેમની સવાસો ગાથાન સ્તવનમાં જણાવે છે કે -
- **નિશ્ચય નવિ પામી શકેજી, નવે પાળે વ્યવહાર ।**
  **પુન્ય રહિત જે એહવાજી, તેહને કવણ આધાર ।।**
  આત્મા ક્રિયા વગર નિશ્ચયદશાને પામી શકતો નથી અને જો ક્રિયા કરવા આત્મા તૈયાર નથી. તો બંને તરફથી તે પતિત થઈ જાય છે. તેવા જીવોની કરૂણા કરે છે કે એ જીવોને કોણ તારશે. જે આ બંનેથી ચ્યુત થયેલા છે.
- **અતિ પરિણામી :**

  જેને નિશ્ચયદશા સાથી કોઈ લેવા-દેવા નથી, માત્ર ક્રિયા કરી જાણે, ઉત્સર્ગ-અપવાદ-નિશ્ચય-વ્યવહાર વિગેરે તરફ તેનું લક્ષ્ય ન હોવાથી આત્મકલ્યાણ કરવું તેના માટે અઘરૂં છે.
- **અપરિણામી :**

  જેને ધર્મની પડી નથી, નિશ્ચયદશાની પડી નથી, માત્ર આ ભવમાં મળેલા રાગ-દ્રેષ અને મોહ તથા ભોગસુખમાં જ જેના જીવનનો આનંદ રહેલો છે. તે અપરિણામી છે.

- **પરિણામી :**
  જે ખૂબ જ વિવેકી હોય છે. ઉત્સર્ગ-અપવાદ આદિ સ્થાનોનો જાણકાર હોય છે, તદ્યોગ્ય સ્થાનનો તદ્યોગ્ય સ્થાને જ ઉપયોગ કરે છે. જેથી સ્વ-પરનું કલ્યાણ સાધી શકે છે. માટે તે પરિણામી છે.
- **મૌન એકાદશી :**
  આ પર્વ મુખ્યત્વે તીર્થંકર પરમાત્માઓના કલ્યાણકની ઉજવણી તરીકે પ્રખ્યાત છે. ૧૫૦ જિનેશ્વરોના કલ્યાણક આ દિવસે થયા હતા. તેને અનુલક્ષીને આ દિવસની મહાનતા અંકાય છે, કલ્યાણકની ઉજવણી કરનારા આત્માઓ તીર્થંકર પદને પામી શકે છે, શાસ્ત્રોમાં લખ્યું છે કે
  **નારકાપિ મોદન્તે, યસ્ય કજ્યાણપર્વસુ ।**
  **પવિત્રં તસ્ય ચારિત્રં, કો વા વર્ણયિતું ક્ષમઃ ।।**
  ક્યારેય નારકીન જીવોને શાતા ન મળે તેવા નરકાગારમાં પણ પ્રભુન કલ્યાણક નિમિત્તે અજવાળા પથરાય, જીવોને ક્ષણભર માટે શાતાનો અનુભવ થાય, પૃથ્વી આખી આનંદિત થાય. પ્રકૃતિ સૌંદર્યની સાડી પહેરે, સમસ્ત બ્રહ્માંડમાં પ્રભુના જન્મનો આનંદોત્સવ ઉજવાય. આ દિવસે આરાધના કરનારા આરાધકને મોટા પ્રોફિટની જાહેરાત કરવામાં આવે છે, માટે કોઈ પણ આરાધનાનું ૧૫૦ ગણું ફળ આરાધકને પ્રાપ્ત થાય, વર્ષમાં જે લોકો કલ્યાણકોની ઉજવણી કરે છે, તેને પરમ મંગલ પ્રાપ્ત થાય છે. ઐહિક જીવનમાં અને પારલૌકિક જીવનમાં વિઘ્નો-ઉપદ્રવોનો સામનો નથી કરવો પડતો.
- પ્રભુના જન્મ-ચ્યવન-દીક્ષા-કેવલજ્ઞાન અને મોક્ષ એ કલ્યાણ કરનાર છે. માટે તેને કલ્યાણ કહેવાય છે. આ દિવસોમાં સંપૂર્ણતયા મોહનો ત્યાગ કરવો જોઈએ, પાપ તો ભૂલથી ય ન થાય તેની તકેદારી રાખવી જોઈએ, કેમકે જે ધંધામાં મોટો નફો હોય, તે ધંધામાં ખોટ પણ મોટી આવે ને !
- તમે વાણિયાના દીકરા છો, એક જ દિવસમાં ૧૫૦ દહાડાનું કમાઈ લો તેવા છો, ૧૫૦ તો હું ઓછા બોલ્યો, પણ ૩૬૫ દિવસનું એક દિવસમાં કમાઈ લે એવા ય અહીંયા બેઠા છે. માટે આ દિવસમાં ખુબ આરાધના કરવી જોઈએ.
- આજન દિવસે જે-જે પરમાત્માઓના કલ્યાણ થયા છે, તેમના નામ સાથે **ઓમ** વિગેરો મંત્રપદોને જોડીને જાપ કરાય છે, તેનું શ્રેષ્ઠકોટિનું ફળ મળે છે, કલ્યાણકોના દિવસે તે-પરમાત્માઓના જપ-તપ કરવાથી અનેક મહાન લાભો મંત્રશાસ્ત્રોમાં બતાવાયા છે, જેથી તેનું આનુષાંગિક મહત્ત્વ પણ ખૂબ છે.
- જે પરમાત્માઓના કલ્યાણકોમાં જે જે તિથિઓ-નક્ષત્રો-વારો-યોગો કે ચંદ્રમા વિગેરે

યોગો સ્પર્શ્યા છે, જે દ્રવ્ય વિગેરે પુદ્ગલો પ્રભુના જન્માદિ કલ્યાણકોમાં નિમિત્ત બન્યા છે. જે ક્ષેત્રદિ પર પ્રભુના કલ્યાણકોની ઉજવણીઓ થઈ છે, તે ખરેખર બધું જ મહાન છે, કારણ કે તેઓ પોતાના સૌભાગ્યની ચરમસીમાઓને પામી ગયા.

- મૌન એકાદશીના દિવસે જેમ કલ્યાણકોનું મહત્ત્વ આંકવામાં આવ્યું છે, તેમ મૌનને પણ લક્ષમાં લેવાયુ છે, આ દિવસે જેટલું બને તેટલું મૌન ધારણ કરવું જોઈએ, કોઈક જગ્યાએ લખ્યું છે કે **મૌન સર્વાર્થ સાધનમ્** મૌન એ તો સર્વ પ્રયોજનો અને કાર્યને સાધનાર છે.
- યોગસાર વિગેરે ગ્રંથોમાં મૌન માટેની મહાનતા બતાવતા કહ્યું કે **યોગાનામ્ ઉત્તમં મૌનં**, બધા જ યોગોમાં જો ઉત્તમ હોય તો તે મૌનયોગ છે.
- અહીં જે મૌનને સમજાવવામાં આવ્યું છે, તેનો અર્થ સમજજો, મૌન તો તિર્યંચોમાં ઘણા જીવોના છે. અરે ! કીડી-મકોડી, યાવત્ ગાય-ભેંસ ઇત્યાદિ પંચેન્દ્રિ સુધીના જીવોમાં આખીય જિંદગી મૌન જ છે, શું તેઓને મૌનના પચ્ચક્ખાણનો લાભ મળે ખરો ? અહીં તો સમકિત જેના મૂળમાં છે,ધર્મની સહજ જેના મૂળમાં છે, તેનું મૌન તે મૌન છે, શક્તિ હોતે છતે, અનુકળતા હોતે છતે, ત્યાગમય જીવન જીવવું તે ધર્મ કહેવાય છે. મજબુરીથી ધર્મ, તેમાં લાંબુ કાંઈ ના ફળે.
- તમને આજે ખબર છે કે ૧૫૦ ઘણું પુન્ય મળવાનું છે, એટલ પૌષધાદિ આરાધનાઓ કરવા બેસી ગયા, આ સારૂં છે, પણ બાળજીવોને જેમ ચોકલેટ આપો એટલે તે કામ કરે, તમને નથી લાગતું કે, તમે પણ એ જ ટાઈપના છો.
- મેં મારી બર્થડે પાર્ટી ઘણી ઉજવી, અને ઘણો પાપનો બંધ કર્યા, હવે પરમાત્માના જન્મદિવસની ઉજવણી કરવી છે.
- દેવગતિમાં ઉત્પન્ન થયેલા જીવોને ઘણીવાર મનમાં થાય કે આપણને જૈનશાસન નથી મળ્યું પરંતુ આ જીવો ધન્ય છે કે જેમને જૈન શાસન મળ્યું સાથે ઉત્તમ સામગ્રીનો સુયોગ મળ્યો છે.
- યોગ આત્માને ચોખ્ખો કરે છે.
  યોગ આત્મામાંથી કાદવ કાઢે છે.
  યોગ આત્માને મુક્ત કરે છે.
- તમને નથી લાગતું કે સંસારી લોકોની જાત જાનવર જેવી હોય, કારણ કે એનામાં અને જાનવરમાં ઘણું મળતું આવે છે. જનાવર જેમ ગામની ગલીઓમાં ફરતુ હોય છે, તેમ સંસારીજીવ પણ રખડપટ્ટી કરવામાં સમય બગાડે. જેમ તિર્યંચોનું ચોવીશ કલાક ખાવાનું ચાલુ, તેમ સંસારીઓનું પણ મોઢું ચોવીસ કલાક ચાલુ હોય.
- પ્રભુ મળ્યા, પ્રભુના કલ્યાણકો મળ્યા, તો ય આત્મા કલ્યાણથી વંચિત રહી જાય તો

તેમાં તેના પ્રયત્નની ખામી છે.

- હવે પણ જો કલ્યાણની ભાવના જાગતી હોય તો કલ્યાણની આરાધનાઓમાં લાગી જાવ.
- **મનમંદિર આવો રે કહું એક વાતલડી,**
  **અજ્ઞાની સંગે રે, રમીયો રાતલડી.**
  પૂજાની ઢાળની આ પંક્તિઓમાં અદ્ભૂત રહસ્યની વાત કરવામાં આવી છે, પરમાત્મા ! મેં આજ સુધી અજ્ઞાની લોકોની જ મિત્રતા કરી છે. જેને પુદ્ગલમાં જ રસ છે. તે બધાએ અજ્ઞાનીઓનો-જડનો સંગ કર્યો છે. જે જડનો સંગ કરે, તે પણ જડ જેવો મોડા-વ્હેલો બન્યા વગર નથી રહેતો.
- પરમાત્માને વિનંતી કરો કે, મારો આત્મા ઘણા કાળથી સંસારમાં ભટકી રહ્યો છે, પુદ્ગલનો સંગ છૂટતો નથી. હું શેઠ છુ છતાંય નોકર બનીને બેઠો છું. તમારા શીલત્વ વગેરે ગુણોથી મને આકર્ષણ થવું જોઈએ, તેની જગ્યાએ પુદ્ગલ જગતમાં મને આકર્ષણ થાય છે, પ્રભુ ! મારા પર આપદયા કરો ! અજ્ઞાની જોડે જ રમતો આવ્યો છું ભયંકર અજ્ઞાનની મોહદશામાં અને તેના નશામાં ન જાણે મેં કેવા-કેવા વિચિત્ર પાપો કર્યાં છે જેથી મારા આત્મામાં અનર્થની પરાંપરાઓ ઉભી થઈ છે.
- માનવ પાસે મનોબળ મજબૂત છે, તિર્યંચની યોનિમાં, દેવયોનિમાં અને નારકયોનિમાં જે મનોબળ નથી તે માનવમાં મનોબળ છે. માટે જ શાસ્ત્રોએ સૌથી વધારે મોક્ષસાધના માટે માનવોએ અનુકૂળ કહ્યા છે.
- શિવમસ્તુ સર્વ જગત : ની ભાવના આજના દિવસે ભાવવી જોઈએ, કેમકે તીર્થંકરોની સાચી આરાધના. સર્વ જીવના હિતની ભાવનામાં રહેલી છે.
- આરાધના કર્યા પછી પાપરૂપી ઝેર ઉતરવું જોઈએ. ન ઉતરે તો ભળતી કાંઈક બીજી ચીજ નાંખી છે.
- પરમાત્માની શુભ વાતો આપણા જીવનમાં શુભતા પ્રગટ કરે છે, અશુભતાનો નાશ કરે છે, પ્રભુ ભલે કદાચ ક્ષરદેહે હાજર નથી, પણ અક્ષરદેહે તો આપણી પાસે જરૂર હાજરાહજુર છે.
- તમને ખબર નથી કે નરકાગારમાં કેટલી વેદના છે. સાતમી નારકીના જીવોની ચીસ જો નરકમાંથી બહાર નીકળે તો તે ચીસ બારમાં દેવલોક સુધી સંભળાય. આવી વેદના ભોગવનારા જીવોને પણ પ્રભુનું જ્યારે કલ્યાણક થાય ત્યારે ક્ષણવાર શાતાનો અનુભવ થાય છે.
- જીવ ભલે સાતમી નરકમાં બેઠો હોય, પણ ઉપાદાનની શુધ્ધિ હોત તો ૭મી નરકમાં પણ સમ્યગ્દર્શનને પામી શકે.

- દેવ-ગુરૂ-ધર્મની પ્રાપ્તિ થયા પછી જો આત્મા ભવસાગરથી તરે નહિ, તો કહેવું પડશે કે તેને તરવાની ઈચ્છા જ નથી. કેમકે સાગરમાં ડૂબતા માણસને નાવિક હાથ આપીને પોતાની નાવમાં ખેંચવા તૈયાર છે, પણ ડૂબવાવાળો હાથ આપવા તૈયાર નથી તો શું સમજવું ?
- કર્મના ભરોસે બેસીને જીંદગી જીવનારો માણસો બેવકુફ જેવા છે, કારણ કે જેનામાં બેવફાઈ કરવાની કુટવ પડી છે, એવા ગદ્દારનો ભરોસો રાખનાર બેવકુફ નથી તો બીજું શું છે ? અધવચ્ચે કે રસ્તા વચ્ચે કોઈપણ ક્ષણે, એ તમારો ટેકો ખેંચી શકે છે. જેમ પચ્ચીશ માળની હવેલીમાં રહી જલસા કરવાવાળો માણસ જ્યારે બિલ્ડીંગનો પાયો અચાનક ખસી પડે તો એના સ્વર્ગસમાન ઘર ગંજીફાનીના પાનાની જેમ ભાંગીને ભૂક્કો થઈ જાય, આને કહેવાય કર્મોની બેવફાઈ.
- સાંસારિક પ્રવૃત્તિઓ છોડવા માટે સૌ પ્રથમ અજ્ઞાન દશામાંથી બહાર આવો, ખાબોચિયામાં રહીને સાગરની મજા લેવાની અનુભૂતિ કરવી તે વિપર્યાસ છે.
- સુખ લેવા જાવ છો, પણ પાપ સ્ટોકમાં પુષ્કળ ભરાયેલું પડયું, સુખ ક્યાંથી મળશે ? બાવળીયા વાવ્યા હોય તો કેરી ક્યાંથી મળશે ?
- અહીં શાન્તિદાયક કષ્ટ પણ તમને ત્રાસદાયક લાગે છે. તો દુર્ગતિનો ત્રાસ તમે કેવી રીતે ભોગવી શકશો ?
- બધ્ધિ જો સમકિતથી નિર્મળ હશે તો હાશ છે અને મિથ્યાત્વથી મલિન હશે તો ત્રાસ છે.
- ઘેટાના ટોળામાં રહેલું સિંહનું બચ્ચું પણ ઘેટા જેવું વર્તન કરે છે, અને જ્યારે પોતે સિંહ છે, એવી ખબર પડે છે ત્યારે સિંહની અદાથી છલાંગ મારી પોતાના સિંહસત્ત્વનું દર્શન કરે છે, તેવી જ રીતે જ્યાં સુધી તમને આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી તમે ઘેટના ટોળા જેવા જ છો, પણ જ્યારે ખબર પડી કે હું સિંહ છું ત્યારે આત્મા સફાળો જાગે છે અને કર્મશત્રુનો સંહાર કરવા તૈયાર થાય છે.
- અસંખ્યવાર માનવજન્મ પામ્યા છીએ, ઘણીવાર સાક્ષાત્ પ્રભુ મળ્યા. પણ ઉપાદાન અશુધ્ધ હતું. માટે આપણે તરી નહીં શક્યા.
- જૈન શાસન મળ્યા પછી ક્યારેય જીવ તિર્યંચગતિમાં જાય તેવી પ્રવૃતિ ન થવી જોઈએ.
- સંસારના સુખો મેળવવા માટે શાસ્ત્રોની સ્પષ્ટ ના છે અને છતાંય જે તેમ કરે છે, તે પાપનુબંધિ પન્ય બાંધી ને આ ભવસંસારની ગર્તામાં રખડયા કરે છે.
- પરમાત્માના કલ્યાણક ઉજવતા વિચાર કરવાનો કે મારૂં કલ્યાણક ઉજવાશે ? કરોડપતિ જોતાં શું વિચાર આવે ? કે હું ક્યારે કરોડપતિ થઈશ ?
- સંસારરમાં તમને ધર્મનું બળ વધારે છે કે મોહનું ?
- કોઈ જીવને ધર્મમાં અંતરાય કરવાથી ઘણું કર્મ બંધાય છે અને એ જ્યારે ઉદયમાં આવશે

ત્યારે રડવા છતાંય કર્મનો વિપાક ભોગવી નહીં શકો.

- ધર્મ કહે છે હું રાજા છું. સંસારના સુખો કટકા રોટલા જેવા છે, રાજા પાસે આવીને કટકો રોટલો માંગવો તે રાજાનું અપમાન છે, ધર્મ પામ સંસારીક સુખોની ભીખ માંગવી તે તેનું અપમાન છે, ધર્મ પાસે તો મોક્ષસુખ જ મંગાય, જે સુખ બધાથી ચડિયાતું છે.
- જેમ મીઠી ઊંઘ અને મીઠી ભૂખ મહેનત વગર મળતી નથી. તેમ ધર્મ કર્યા વગર મનભાવન સુખો ક્યારેય મળતા નથી.
- દુન્વયી સુખ છોડયા પછી પરમસુખને મેળવવાનું કામ કરવાનું છે.
- જે ધર્મ તમારા માટે તારક છે, છતાં પણ તેના તરફ તમારી વફાદારી કેટલી ?
- જેમ પગમાં કાંટો વાગે તો તેને કાઢવા માટે તીક્ષ્ણ સોય વગેરેની જરૂર પડે, તેમ કાંટા જેવા પાપોને કાઢવા માટે તીક્ષ્ણ પ્રાયશ્ચિત કરવું પડે.
- પરમાત્માના વચનપૂર્વકની કોઈપણ ક્રિયા તે ધર્મ છે. તેવો જ ધર્મ આત્માને ભવસાગરથી પાર ઉતારે છે.
- **''અધ્યાત્મ વિણ જે ક્રિયા તે તનુમલ તોલે.''**
  ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા સવાસો ગાથાના સ્તવનમાં લખે છે કે જેનામાં અધ્યાત્મ પ્રગટયું નથી અને તેને છોડીને ધર્મની ક્રિયા કરે છે તે બધું કાયકષ્ટ છે, લાંબા ગાળે પણ તેનાથી કોઈ લાભ નથી.
- પ્રભુ પાસે પ્રભુ જેવા બનવા માટે જવાનું છે, પ્રભુની પ્રભુતા પામવા માટે જવાનું છે, તમે ગાઓ છો ને -
  **''પ્રભુ તારૂં ગીત મારે ગાઉં છે,**
  **પ્રભુ તારા જેવા મારે થાવું છે.''**
- ઘણા લોકોને પોતે કરેલી તપાદિ ધર્મની આરાધનાઓ બધાની સામે ગણાવવાની ટેવ હોય છે. જેમ મેં માસક્ષમણ કર્યું, અઠ્ઠાઈ કરી. ઉપધાન કર્યું વિગેરે. શાસ્ત્રકારો કહે છે કે ગર્વના અનેક પ્રકારો છે. તેમાં તપનો ગર્વ પણ તેમાંનો એક પ્રકાર છે. આવું કરવાથી તપનું પુન્ય ઓછું થઈ જાય છે.
- જ્ઞાનીઓ કહે છે કે જે ક્રિયામાં ફળ ના હોય તેવી ક્રિયા કરીને કોઈ ફાયદો નથી. અર્થાત્ નિષ્ફલ આરંભ ક્યારેય ન કરાય. બોલો ! મડદાને હૉસ્પિટલ લઈ જવાય ?
- આ જગતમાં ભવિતવ્યતા એવી ચીજ છે કે જેને તીર્થંકરો પણ નકારી શક્તા નથી, ઈન્દ્રે આવીને પરમાત્માને એક ક્ષણ આયુષ્ય વધારવાનું કહ્યું ત્યારે પ્રભુએ કહ્યું કે, હે ઈન્દ્ર, એ શક્ય જ નથી.
- મડદાની કાર્યશક્તિ નથી ચાલતી. પણ એ જ કાયા જો કાર્યરત હોય-જીવંત હોય તો તેની પાછળ લાખ્ખો રૂપિયા ખર્ચી નાંખ્યા હોય, એમ જીવંત આરાધનાનું ફળ મહાન

છે, પણ મડદા જેવી આરાધના કશા કામની નથી. કારણ કે ભાવશુન્ય આરાધના મડદા જેવી છે.

- ભગવાનની ભક્તિ શાના માટે કરો છો ?
  - પરમાત્માના અપ્રતિમ ભક્ત છો માટે ?
  - ભોગ સુખને મેળવવા માટે ?
  - કે મારા આત્મિક દુઃખ દૂર થાય તેના માટે ?
- પાંચ ઈન્દ્રિયોનો સંવર આત્મામાં સંયમ લાવે છે, વિષયો ઉપર વૈરાગ્ય લાવે છે, પાંચ ઈન્દ્રિયના રાગમાં જેનુ છે, તેનો સંસાર લાંબો હોઈ શકે છે.
- અનિચ્છાએ કષ્ટ ભોગવે તો અકામનિર્જરા. અર્થાત્ કષ્ટ ભોગવવાની ઈચ્છા ન હોય, પણ કષ્ટ આવી પડે તો સમતાથી ભોગવી લે, તેને અકામનિર્જરા થાય. સામે ચાલીને કષ્ટ મેળવવા જાય, વળી પરમ સમતાથી તે કષ્ટને સહન કરે, તો તેને, સકામ નિર્જરા થાય.
- અકામનિર્જરા એ પાનગલ્લાવાળાનો ધંધો છે અને સકામ નિર્જરા એ ઝવેરાતનો ધંધો છે, પણ તમે તો ઝવેરી થઈને પાન-ગલ્લાનો ધંધો કરો છો ને !
- **જો કષ્ટે મુનિ મારગ પામે, બળદ થાયે તો સારો ।**
  **ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારો ।।**
  સવાસો ગાથાના સ્તવનમાં ઉપાધ્યાયજી કહે છે કે મોક્ષમાર્ગ જો કષ્ટ સહન કરવા માત્રથી પામી શકાતો હોય તો સૌથી પહેલો મોક્ષ બળદને મળવો જોઈએ, કારણ કે બળદ ખૂબ કષ્ટ સહન કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કષ્ટ જેમ-તેમ ભોગવવાથી મોક્ષ ન મળી જાય, તેના માટે સાચી સમજણ હોવી જરૂરી છે.
- ભગવાનની ભક્તિ કરે, સ્તવનો ગાય, અષ્ટપ્રકારી પૂજા કરે, પ્રતિક્રમણ કરે, પણ ભાવપરિણિત ન હોય તો તેને કોઈ જ લાભ ન થાય.
- જે વ્યક્તિ વ્યાખ્યાનમાં આગળ બેસે, પરમાત્માની ભક્તિ ભાવવિભોર બનીને કરે, પર્વ તિથિ આદિના દિવસોમાં યથાશક્તિ તપાદિ કરે આવો વ્યક્તિ બહાર જઈને લોકો સાથે અભદ્ર વ્યવહાર કરે તો તેનાથી ધર્મ નિંદાય. તેઓએ પોતાનો સ્વભાવ સુધારવો જોઈએ. જેથી બીજા લોકોમાં ધર્મીની સાખને ધક્કો ન પહોંચે.
- કોઈપણ આરાધના કરતા પહેલા આત્મશુધ્ધિનું લક્ષ હોવું જરૂરી છે.
- જેનામાં સમજણ છે, નિશ્ચયદશાને પામેલો જીવ છે. વિવેકગુણથી જેનો આત્મા શોભિત છે, તેવા ધર્માત્માઓ કદાચ ક્રિયા અશુદ્ધ કરે, તેમાં સૂક્ષ્મ સ્ખલનાઓ થઈ જાય છે, તો ય તે આત્માનો ઉદ્ધાર થઈ શકે, કારણ કે કલ્યાણ કરવા માટે ક્રિયાનું જેટલું ઈમ્પોર્ટન્ટ નથી તેટલું ભાવનું છે.

- અમે ઘરડા લોકોને ઘણીવાર કહીએ કે હવે, ઉંમર ઘણી વધી ગઈ છે, છોકરાઓના છોકરાઓ પણ વેલસેટલ થઈ ગયા છે, કોના માટે સંસારમાં બેઠાં છો ? તો અમને કહે કે, સાહેબ! હજુ દાદાનો હુકમ નથી થયો ? જે દિવસે દાદાનો હુકમ થશે, એ દિવસ કોઈને પૂછવા ઉભો નહીં રહું. આપની પાસે આવી જઈશ ! મને એમ થાય કે પોતાની નબળાઈ દાદાના નામે ચડાવી દે છે. આવા માણસો ગદાર ન કહેવાય તો શું કહેવાય ?
- મેં કોઈને પૂછયું કે બેસતા મહિને આ બધા વધારે ધર્મ કેમ કરે છે ? તો એને મને જવાબ આપ્યો કે, સાહેબ ! અત્યારે મંદી છે, બેસતા મહિને ધર્મ કરવાથી આખો મહીનો સારો જાય, તમે ખરા છો ! ધર્મનો પણ ધંધા માટે ઉપયોગ કરતા થઈ ગયા.
- ધર્મ કરે તેને કોઈ ગ્રહ નડતા નથી, નવે ગ્રહ પરમાત્માના ચરણોમાં બેઠેલા છે, પ્રતિમાના ધ્યાનથી દર્શન કરશો તો તમને તે ગ્રહો દેખાશે, તે સૂચવે છે કે પ્રભુની ભક્તિ જે કરશે, તેના પર અમે રીઝેલા જ છીએ અને જે અમારા સ્વામીની ભક્તિ નથી કરતા તેના ઉપર અમે રૂઠેલા છીઓ.
- પરમાત્માની ભક્તિ કરતા-કરતા વીણાનો તાર તૂટી ગયો અને રાવણે પોતાની જાંઘમાંથી નસ ખેંચી, ભાવ એ હતો કે પ્રભુભક્તિનો રંગ જાય નહિ, મંદોદરી પ્રભુની ભક્તિમાં જે રીતે લીન બની છે, તે લીનતામાં ભંગ પડે નહિ, આવી રીતે ભક્તિ કરનારા રાવણે ત્યાં જ તીર્થંકર પદ અર્જન કર્યું, કેવી અદ્ભૂત પરમાત્માભક્તિ ?
- રોહણીયા ચોરને પ્રભુનું એક વાક્ય પણ તારક બની ગયું, આપણને પ્રભુની સાક્ષાત્ અનંત દેશના મળી છે તો પણ તરી નથી શકતા. વિચારો.........!!!
- મારે તરવું છે, એવા ખોટે ખોટા ડોળ ન કરો, કારણ કે તરવાની એકેય પ્રવૃતિ દેખાતી નથી. આ બધા હોઠના શબ્દો છે હૈયાના નથી. હૈયાના શબ્દો હોય તો પરિસ્થિતિ જ આખી જુદી હોય.
- આખીય જીંદગી ધન કમાવવા માટે માયા પ્રપંચ ખેલ્યા, ક્યાંથી મરતી વખતે તમને સમાધિ મળે ?
- શાસ્ત્રો કહે છે કે અપરિણામી જીવ હંમેશા શાતાગારવમાં ગળાડૂબ હોય છે, ધર્મ સાથે તેને નહાવા-નીચોવાનો સંબંધ નથી હોતો.
- ભરત-બાહુબલી ચિક્કાર ભોગ સામગ્રી વચ્ચે રહીને પણ પોતાના આત્માનું કલ્યાણ સાધી ગયા. આપણી પાસે એનો એઠવાડ છે તો ય તેમાં ચીપકી ગયા છીએ.
- આ સૃષ્ટિમાં ૮૪ લાખ જીવોની યોનિ છે, બધે જ આપણે જન્મ લઈ આવ્યા, એકવાર નહિ અનેકવાર જન્મ લીધો, દુ:ખ યાતનાઓ ભોગવવામાં કાંઈ બાકી નથી રાખ્યું. છતાંય આ જીવને અક્કલ નથી આવતી કે હવે સુધરૂં.

- આ જીવે ચારેય ગતિમાં ભરપુર દુ :ખ ભોગવ્યા છે. બળદના ભવમાં બળદ બનીને જ્યારે ખેતર ખેડે છે ત્યારે હાફી જાય છે, ભૂખ-તરસ, તાઢ-તડકો બધું વેઠે છે ત્યારે ખેતર ખેડતા આંખમાંથી આંસુ પડે છે, પણ ત્યાં મજબુરી એવી છે કે એના આંસુઓને કોઈ લુછનાર નથી. પેલું નાનું બળદનું બચ્ચું આ બધુ જુએ છે, તેને પણ થાય છે કે મારે ય પણ આ વેદનાઓ સહાન કરવાના દિવસો આવશે.
- દેવગતિમાં ય બીજા દેવોની સંપત્તિ જુએ, બીજા દેવોની રૂપાળી દેવીઓ જુએ તો ઈર્ષ્યા ની આગમાં સળગી મરે, પોતાને મળેલું સુખ સળગાવી દે છે. ભોગની ભયંકર અતૃપ્તિની આગમાં સતત તેઓ શેકાતા હોય છે, આયુષ્ય પુરૂં થવા આવે એટલે ત્યાંય રત્નોની દિવાલો પર માથા ફોડે, મારે તિર્યંચગતિમાં નથી જવું, પણ કરે શું ? કર્મની આગળ કોઈનું ચાલ્યું નથી.
- નરકગતિમાં તો દુ :ખનો પાર નથી. ત્યાં પરમાધામી દેવોની યાતના ખુબ ત્રાસદાયક હોય છે, તેઓ પોતાના ક્રૂર અને રાક્ષસી આનંદને માણવા માટે નારકી જીવોને હેરાન કરે છે, છેદે છે, ભેદે છે, આકાશમાં દડાની જેમ ઉછાળે છે, ભાલાઓથી વીંધે છે, આવી નરકમાં ઓછામાં ઓછા ૧૦,૦૦૦ વર્ષ સુધી તો રહેવું જ પડે તેના માટે કોઈ જામીન પણ સ્વીકારાતા નથી. કારણ કે ત્યાં કરેલા કર્મોની પૂરેપૂરી સજા ભોગવવી જ પડે.
- માનવભવમાં જેમને રૂપ-યૌવન બધુ મળ્યું છે, પણ જૈન શાસન નથી મળ્યું તો તે દયાને પાત્ર છે. સંસ્કાર વગરનું જીવન નકામું છે. આવો માનવભવ પામીને પણ દુર્ગતિ ઉપાર્જ ન કરવાનું થાય છે.
- દેવલોકમાં રહેલા સમકિતીદેવો સતત વિરતિધર્મની ભાવનામાં લીન હોય છે.
- માનવભવ સિવાયની ત્રણે ગતિઓમાં પરાધીનતા ખૂબ છે જો કે ધર્મ કરવાની પણ અનુકુળતા નથી. ધર્મ કરવાની સ્વાધીનતા માત્ર માનવભવની અંદર જ છે.
- મનુષ્યની સાતલાખ યોનિમાંથી જે યોનિમાં જૈન શાસન પ્રાપ્ત થાય તે જ મનુષ્યભવ કામનો.
- પ્રવૃત્તિ કરતા વૃત્તિનું મૂલ્ય વધારે છે.
- અતિપરિણામી - માત્ર નિશ્ચયમાર્ગી હોય

  અપરિણામી - માત્ર ક્રિયામાર્ગી હોય

પરિણામી - ક્રિયા-નિશ્ચિય ઉભયમાર્ગી હોય

- કોઈ પણ કાર્ય બનવા પાછળ પાંચ કારણો હાજર હોય. કાળ-સ્વભાવ-ભવિતવ્યતા-કર્મ -પુરૂષાર્થ આ પાંચેયને અહીં ક્રમસર સમજાવું છું.
- **કાળ :**
  જ્યાં સુધી કાર્યનો કાળ ન પાક્યો હોય ત્યાં સુધી તે કાર્ય કોઈ પણ રીતે થવાનું નથી. આત્માને જેમ મોક્ષે જવાનો કાળ ન પાકે તો કરેલી આરાધનાઓ પણ તેને મોક્ષે પહોંચાડી શક્તી નથી.
- **સ્વભાવ :**
  વસ્તુનો તેવા પ્રકારનો સ્વભાવ ન હોય તો તે સ્વભાવગત કાર્ય બનતું નથી, જેમ અગ્નિમાં શીતળતાનો સ્વભાવ નથી. તો ગમે તેટલો પુરૂષાર્થ કરવાં છતાંય શીતળ ન થાય, તેથી કાર્ય થવા માટે સ્વભાવ પણ મહત્વનો છે.
- **ભવિતવ્યતા :**
  જે ચીજ થનાર છે. તે નક્કી થઈને રહે **યદ્‌ભાવ્યં તદ્ ભાવિ** - જે થવાનું છે તે થઈને જ રહે, વસ્તુમાં કાળ-સ્વભાવ નિમિત્ત હાજર હોતે છતે પણ કાર્ય ન થાય. જેમ અભવી આત્મામાં મોક્ષે જવાની ભવિતવ્યતા નથી. તો તે ગમે તેટલો પ્રયત્ન કરે છતાં તે મોક્ષે જનાર નથી. કારણ કે તેમાં ભવિતવ્યતા નથી.
- **કર્મ :**
  કોઈપણ કાર્ય થવામાં કર્મોના ઉદયો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે, પાપ કે પુન્ય કર્મ જ્યાં સુધી કાર્યને અનુકુળ થાય ત્યાં સુધી કાર્ય થતું નથી. માટે તે પણ મહત્વનું છે.
- **પુરૂષાર્થ :**
  પ્રારબ્ધ ગમે તેટલું બળવાન હોય પણ પુરૂષાર્થ ન હોય તો કાર્ય નિષ્પન્ન ન થાય, દરેક ક્ષેત્રમાં પુરૂષાર્થની બલવત્તા હોવી જરૂરી છે.
- ઉપરોક્ત પાંચે કારણો કોઈપણ કાર્ય થાય છે તેમાં કાર્યતે અનુકુળ હોવા જરૂરી છે, તે કારણો કાર્ય પ્રમાણે ગૌણ પ્રધાન હોઈ શકે પણ ઉપલબ્ધ જ ન હોય તો તે કાર્ય ન બને.
- અજ્ઞાનભાવની ક્રિયા મોટાભાગે અશુધ્ધ પુન્યનો બંધ કરાવે, જે પુન્ય વિષયોની મલિનતામાં જીવને પકડી રાખે અને છેલ્લે દુર્ગતિ ભેગા કરે.
- વૈરાગ્યશતકકારે **સંસારંમિ અસારે** દ્વારા સંસારની નિર્ગુણતાનું ભાન કરાવ્યું છે, પરમાત્મા જ્યારે પણ દેશના આપે ત્યારે પ્રથમ ક્ષણે જીવને આ જ બોધ આપતા હોય છે, નિર્ગુણ સંસારમાં વસીને, જીવ ક્યાં સુધી જન્મ-મરણના દુ:ખો ભોગવતો રહેશે ? તેનો તત્કાળ નિકાલ લાવવા માટે વૈરાગ્યના બોધનું અમીપાન કરવું જોઈએ.
- આજે તો તમે ભલે એવા ભયંકર કોટિના પાપો નથી કરતા, તો સામે ધર્મ પણ ઉત્તમ

કોટિનો નથી કરતા. ભૂતકાળમાં તો લોકો કમ્મેશૂરા તો ધમ્મે પણ શૂરા હતા. પાપો પણ ભયંકર કરતા અને ધર્મ પણ ઉત્તમ કોટિનો કરતા.

- પાંચમા આરામાં બકુશ-કુશીલ ચારિત્ર બાતાવ્યું છે, તેનો અર્થ એ નથી કે બધા શિથિલાચારી છે, પણ સંઘયણબળને આશ્રયીને કહ્યું છે કે ઉત્તમચારિત્ર નહીં હોય.
- પરમાત્માની આજ્ઞા મુજબનું સામાન્ય ચારિત્ર પણ પાળવામાં આવે તો બે-ચાર ભવોની અંદર આત્માનો છૂટકારો થઈ જાય.
- ધર્મના મૂળમાં દોષદૃષ્ટિનો ત્યાગ હોવો જોઈએ છે અને ગુણદૃષ્ટિની કેળવણી હોવી જોઈએ છે, જેમ પાયા વગર ઈમારત ચણવી કઠીન છે, બીજ વગર વૃક્ષનું સર્જન થવું કઠીન છે, તેમ ઉપરોક્ત ગુણ કેળવ્યા વગર ધર્મની ઈમારત ચણવી કઠીન છે.
- **આસુના ત્રણ પ્રકારો :**
  ૧. સંસારના સુખો મેળવવા માટે કોઈ આંસુ સારે.
  ૨. મેળવેલા સંસારના સુખો જતા ન રહે તેના માટે આંસુ સારે.
  ૩. માનવભવ પામીને પણ ગુણપ્રાપ્તિ ન કરી શક્યો તેના આંસુ સારે.
  આ ત્રણેય આંસુમાંથી તમે ક્યા નંબરના આંસુવાળા છો ? તે વિચારજો.
- સાગર જેવા અમાપ દેવલોકના સુખો મેં ભોગવી લીધા. જે આવો વિચાર કરે તે અહીંના ભોગસુખોમાં લોભાય નહિ, અનેકવાાર આવા સુખ-વૈભવો મેળવ્યા છે. આવી ભાવનાથી આત્મામાં વૈરાગ્ય પુષ્ટ થાય છે.
- સમકિતી આત્મા માટે સુખ અને દુ:ખમાં મનને સમાધિમય રાખવું તે સહજ છે, કેમ કે તેનામાં સાચી સમજણ છે.
- સમકિતી ભલે કોઈપણ ગતિમાં જાય, છતાંય તે હરહંમેશ માટે સુખી જ હોય છે, કેમકે તેની માનસિક વિચારણા જ સુખપ્રાપક હોય છે.
- જે ભવમાં સમજણ છે તે ભવમાં આપણે સમજીને સહન નહીં કરીએ તો ક્યા ભવમાં કરશું ? જનાવરો ઘણું સહન કરે, પણ સમજણ કેળવવા જેવું તેમનું મન નથી, આ જ એક ભવ છે કે જ્યાં તમે સમજણ કેળવીને સહન કરી શકો છો.
- જાનવર જેવાનેય જો કંટ્રોલ કરીએ તો કંટ્રોલ થઈ શકે છે, હાથીને મહાવત માત્ર મર્મ ભાગમાં અંકુશ મારે એટલે કંટ્રોલ થઈ જાય પણ તમને તો મર્મ ભાગમાં મર્મશબ્દોના અંકુશ ગમે તેટલા કહેવામાં આવે તોય તમારામાં ધર્મભાવનાનો જન્મ નથી થતો.
- અશુધ્ધ ધર્મ કરનારને દેવલોકમાં ઢોલીયા દેવાનો ભવ મળે, ત્યાં તેને ઢોલ વગાડવાનું કામ કરવાનું હોય. ઢોલ વગાડવાનું કામ કરવાનું હોય. ઢોલ વગાડવું એ હલકું કામ છે.
- ચક્રવર્તીની સંપત્તિ અમાપ અને અફાટ હોય છે. ૧૬ હજાર યક્ષો જેની સતત સેવામાં રહે છે. ૯૬ કરેડનું પાયદળ લશ્કર હોય છે. ૮૪ હજાર બળવાન હાથી હોય છે, તીવ્ર

ગતિથી દોડે તેવા ઉત્તમ ૮૪ હજાર ઘોડાઓ હોય છે.

રૂપમાં એક-એકથી ચડિયાતી એવી ૭૨ હજાર સ્ત્રીઓ-વારાંગનાઓનો હોય છે.

નવનિધાનનો માલિક હોય છે, તેની પાસે ૧૪જાતના રત્નો હોય છે, જ્યારે વૈતાઢય પર્વતની પેલે પાર તમિસ્રા ગુફામાંથી પસાર ત્યારે તેની પાસે જે મણિરત્ન હોય છે, તેના દ્વારા ગૂફમાં થોડે-થોડે અંતરે મણિથી કુંડાળા કરતો જાય છે. એ મણિરત્ન દ્વારા કરાયેલા ગોળ વર્તુળોમાં ૧૦૦કિ.મી. સુધીનો પ્રકાશ પાથરવાની શક્તિ હોય છે.

જગત્‌ના ચરમકોટિના સુખોને પરિવરેલો ચક્રવર્તિ હોય છે, અરે ! એના રૂપની પણ કોઈ તુલના કરી ન શકે, જગત્‌ની શ્રેષ્ઠ સ્ત્રીઆમાંની ઉત્તમ સ્ત્રીરત્ન તેની મુખ્ય પત્ની હોય છે. ૩૨,૦૦૦ મુકુટબધ્ધ રાજાઓ તેના ચરણોની સેવા કરતા હોય છે. લાખ્ખો સેવકો ચક્રવર્તીની એકાદિ નાનકડી પણ સેવા કરવાનો લ્હાવો મળી જાય તેની આતુરતાથી રાહ જોતા હોય છે. છ ખંડની વિરાટ સામ્રાજ્યલક્ષ્મીને વરેલા હોય છે, ચક્રરત્ન તેની આગળ ચાલતું હોય છે જે ચક્રવર્તી આવી રહ્યા છે તેવો સંદેશો આપતું હોય છે. આવી વિરાટ પુન્યાઈને વરેલા ભરતાદિ ચક્રવર્તીઓ પણ જ્યારે પેલી શિલા ઉપર અવસર્પિણી કાળના પ્રથમ ચક્રવર્તી રૂપે પોતાનું નામ લખવા જાય છે અને વિચાર કરે છે કે જેમ ભૂતકાળના બાર ચક્રવર્તીનું નામ એક-એક કરીને ભુંસાઈ રહ્યું છે, તેમ મારૂં નામ કોઈ નવો ચક્રી થશે ત્યારે ભુંસી નાખશે. ખરેખર જે નામ માટે અને વૈભવ માટે મેં પુષ્કળ જીવસંહાર કર્યો તે નિષ્ફળ છે. અસાર છે. આ દુનિયામા કશું કાયમ ટક્યું નથી. બધુ જ અનિત્ય છે અને એક દિવસ આવી જ અનિત્યની ભાવનામાં રમતા-રમતા ભરત ચક્રચર્તીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

- જેને સમતાના સુખનો આસ્વાદ માણ્યો છે, તેને ચક્રવર્તીના સુખો પણ વામણા અને બિહામણા લાગે છે.
- જે પરિવારમાં રાગ અને રોષ છે, તે પરિવારમાં સંતાપ છે. સંક્લેષ છે. અશાંતિ-અજંપો વગેરે ઉપદ્રવો છે.
- જે વ્યક્તિ સદ્‌ગુરૂને મેળવીને પણ પોતાની દુર્ગતિને તોડી ના શકે અને દુર્ગતિ બંધાય તેવા કર્મો કરે, તે ખરેખર ઉપાદાનની ભયંકર અશુધ્ધિવાળો જીવ છે.
- ભરત ચક્રવર્તી, સનત્‌ ચક્રવર્તી જેવા પ્રચુર ભોગ સંપત્તિમાં રાચનારા આત્માઓનો પણ લક્ષ્મીની અનિત્યતાનો ખ્યાલ આવી ગયો અને તેમાંથી બહાર નીકળી ગયા, માટે તેઓ આત્માનું કલ્યાણ સાધી ગયા.
- પરાધીનતાની ત્રણગતિ છોડીને આવ્યા પછી સ્વાધીન એવી માનવભવની ગતિ મેળવી છે, ત્યારે હવે તો આત્મકલ્યાણ માટે પુરૂષાર્થ કરો.

- જેના હૈયામાં વિરતિ લેવાની આંશિક પણ ભાવના નથી તેવાઓ ભલેને પરમાત્માની શુધ્ધ અને ઉત્તમ દ્રવ્યોથી ભાવપૂર્વક ભક્તિ કરે, ઉત્તમ ધર્માનુષ્ઠાનોની ક્રિયા કરે પણ આખરે તો તે બધું જ નિષ્ફળ છે.
- અનેકવિધ ધર્માનુષ્ઠાનો કર્યા પછી વિરતિધર્મનું આરાધન ન કરીએ તો, તેનો મતલબ એ કે તમને કર્મનિર્જરાના મહાન લાભો દેખાતા નથી.
- દુઃખ આવે ત્યારે ધર્મ કરવા દોડે, એ પણ ત્યારે કે જ્યારે બધા ઉપાયોથી થાકી ગયો હોય અને ભગવાનના ભરોસે પોતાની જીંદગી ડૉકટરોએ છોડી દીધી હોય પછી એટલે ધર્મ કરવા માંડે, આટલા માત્રથી કાંઈ સમાધિ કે સદ્‌ગતિ મળવાની ગેરેન્ટી નથી. દીર્ઘ કાળથી પરલોકને સુધારવાની સાધના કરનારા પણ સદ્‌ગતિથી ચૂકી ગયા છે. તો છેલ્લી ઘડીએ ધર્મ કરનારા માટે શું કહેવું ?
- તમારો દીકરો ઝવેરીને ત્યાં જન્મ્યો છે અને તમે કોલસાની ખાણમાં એને બેસાડયો છે, જૈનશાસન એ ઝવેરી જેવું શાસન છે, તેમાં જન્મ પામીને ભોગવાદની ગંદી કોલસાની ખાણમાં તમારાથી દીકરાને ન મોકલાય.
- નિશ્ચય ધર્મ ક્યારેય એવું કહેતો નથી કે ક્રિયાધર્મને છોડો. પણ નિશ્ચયવાદીઓ કે જે અડધા ભરેલા ઘડા જેવા છે, તેઓએ ખોટી રીતે ક્રિયાધર્મના નાશ માટે પ્રચાર કર્યો છે. નિશ્ચયનય પોતે કહે છે કે, જો ક્રિયાધર્મને છોડી દેશો તો હું પણ ચાલ્યો જઈશ.
- ધર્મમાં તમે કદાચ ગતિ જરૂર કરી હશે પણ પ્રગતિ નથી કરી, જો તમારા મનઘડંત રૂઢિચુસ્ત નિયમોમાં શાસ્ત્ર કહે તો પણ કોઈ ફેરફાર ન કરવો, ધાર્મિક નિયમોમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે ફેરફારને ઘણીવાર અવકાશ રહે છે. તેથી ગીતાર્થોની આજ્ઞા પ્રમાણે ધર્મ કરે તો પ્રગતિ નહીં તો અવગતિ કહેવાય.
- અહીં સુખ-દુઃખના ચાર ભાગો બતાવવામાં આવ્યા છે.
  ૧. સુખની પાછળ સુખ, ૨. સુખની પાછળ દુઃખ, ૩. દુઃખની પાછળ સુખ, ૪. દુઃખની પાછળ દુઃખ

  આ ચારેય ભાંગામાંથી જે પ્રથમ ભાંગો છે તે જ આપણા જીવનમાં આદરવાલાયક છે. તેનો સ્વીકાર કરવા તમારી પાસે તાત્ત્વીક સમજણ હોવી જરૂરી છે.
- મોક્ષગતિથી આ જગતમાં બીજી કોઈ જ ગતિ શ્રેષ્ઠ નથી. બાકીની ચારેય ગતિનો અંત કરવા પ્રયત્ન કરવો તે સંયમની સાધના છે, જે આપણે સૌ કરવાની છે.
- જ્ઞાનીઓની દૃષ્ટિએ સુખી મનુષ્ય પણ દુઃખી છે. કેમકે કર્મરાજાના પાંજરામાં પૂરાઈને તેને રહેવું પડે છે. મને કહો કે કરોડપતિના ઘરમાં ભલે કૂતરાને મોંઘાદાટ સાબુથી ન્હાવા મળતું હોય. આલિશાન-અલાયદો એના માટે રૂમ હોય. કૂતરાને ભાવતી વાનગી બનાવવા માટે સ્પેશ્યલ રસોઈયો હોય, તેના નામે કરોડો ડોલરના વીલ બનાવવામાં

આવ્યા હોય, છતાંય એના ગળામાં સાંકળનો પટ્ટો તો બંધાયેલો જ હોય, એ સ્વાધીન તો નહિ ને ! તમને કોઈ આવી રીતે રહેવા માટે કરોડોની સંપત્તિની ઓફર કરે તો તે મેળવવા તૈયાર થાવ ખરા ? હરગીજ નહિ ને !

બસ જે પણ વ્યક્તિઓને કર્મરાજા-ભોગસુખની સામગ્રી આપી રહ્યો છે, તો તેની સાંકળનો પટ્ટો તેના ગળામાં રહેવાનો છે, તેથી પરાધીનતા પૂરેપૂરી રહેશે. બોલો ! આવું સુખ મંજુર છે ?

- જેટલી જરૂરિત છે, તેટલું કમાય છે. તે હજુય માફીને પાત્ર છે, પણ જે માણસને પેટ કરતા પટારા ભરવામાં રસ છે, તેઓ તો ખરેખર કાર્મસત્તાના પાક્કા ગુનેગાર છે. તેઓને સજામાંથી માફી મળવી મુશ્કેલ છે, આ નિતાન્ત સત્ય છે.
- આ જીવને ક્યારેય સંતોષ નથી. ૫,૦૦૦ કમાય તો સામે ૨૫,૦૦૦ની લાલસા ઉભી થાય પછી એ ૧,૦૦,૦૦૦ ઉપર જાય, એમ આગળ વધતા-વધતા એની લાલસા ક્યાં સુધી પહોંચે તેની કોઈ ગણતરી નથી, માટે શાસ્ત્રોમાં કહ્યું કે લોભને થોભ નથી. જેમ-જેમ લાભ વધતો તેમ-તેમ લોભ વધતો જાય. જેમ જેમ સાપને દુધ પીવડાવે તેમ-તેમ એના શરીરમાં ઝેરની તાકાત વધતી જાય અને પછી એક દિવસ દુધ પીવડાનારનો સાપ કોળીયો કરી નાંખે તેમ લોભીઓનો લોભ જ તેમનો કોળિયો કરી જાય છે. આ સત્યનો ક્યારેય કોઈ અપલાપ નહિ કરે.
- આયુષ્ય પૂર્ણ થવાના માત્ર ૬ મહિતા બાકી રહે ત્યારે દેવોને પોતાનો આગામી જન્મ ક્યા લોકમાં થશે તે દેખાય એટલે ઊંડી-તીણી ચીસ પાડી ઉઠે, જે ચીસ ત્યાં દીવાલોને પણ હચમચાવી નાંખે, આગામી જન્મ ભુંડડીના પેટમાં થશે. એવું દેખાય ત્યારે પોતાની પ્રિયતમા દેવી પાસે રડી-રડીને આંખો સુઝાવી દે પણ પ્રિયતમા દેવી આશ્વાસનથી વધારે શું આપી શકે ? પેલા દેવને પસ્તાવો થાય કે અષ્ટાપદ વિગેરે તીર્થોની યાત્રા કરી હોત, પ્રભુના કલ્યાણકો ઉજવવામાં પ્રમાદ ન રાખ્યા હોત ભોગ-સુખની આસક્તિ ન સેવી હોત તો મને આ ગતિમાં જવું ન પડયું હોત, પણ હવે સમય ચાલ્યો ગયો, ખરેખર દેવગતિમાં દેવોને પોતાનું સુખ છોડવાનો વારો આવે તે જ મોટું દુઃખ છે. તેનો કરૂણ કલ્પાન્ત સાંભળતા.....સાંભળતા તો પથ્થર દિલ પણ પીગળી જાય.

  ખરેખર, ચારેય ગતિમાં ક્યાંય સંપૂર્ણ સુખ આત્માને મળી શકતું નથી, પ્રભુએ પંચમ ગતિનું મોક્ષસુખ જ ભોગવવા જેવું કહ્યું છે.
- માનવગતિ એ જંકસન છે, ધર્મ કરવા માટેની ભરપુર અનુકુળતાઓ છે, તે મળ્યા પછી, આત્મા ધારે તો ચોક્કસપણે મોક્ષસુખને સાધી શકે છે, આવા મૂલ્યવાન માનવભવને ભોગસુખના કટકા રોટલા માટે વેડફી નાંખવું તે મુર્ખામી છે. હોંશિયાર માણસ ક્યારેય આ કામ ન કરે.

- પાપોની આંશિક રીબામણ પણ આ ભવમાં જીવને જો જોવા મળે તો, તેના બાર વાગી જાય છે. જો કે આ તો હજુ એનું સેમ્પલ છે, તીવ્ર વેદના તો બાકી છે, તે મળશે ત્યારે કેવી ચીસચીસ હશે !
- ચક્રવર્તી જે દૂધ પીએ છે, તે દૂધ મેળવવાની પધ્ધતિ જાણવા જેવી હોય છે, ગોકુળની ગાયો જે મધુર ઘાસને ખાય છે. ત પછી તે ગાયોની લાખમી ગાય તે દૂધ પીવે, અને એ ગાયનું જે દૂધ નીકળે, તે દૂધ ચક્રવર્તી પીવે. સામાન્ય માણસ તો આ દૂધ પી જ ના શકે. જો પીવે તો તેનો મૃત્યુઘંટ વાગી જાય.
- ચારિત્ર લેવા ઈચ્છુક ચક્રવર્તી વિચારે કે ૧૪ રત્નો કે નવનિધાનો મારા આત્માને તારનાર નથી. બલ્કે દુર્ગતિમાં ડૂબાડનાર છે, તારનાર તો માત્ર દેવ-ગુરૂ ને ધર્મ છે માટે તે સહેલાઈથી તેની સંપત્તિ છોડી શકે છે, જેમ સાપ કાચલી ઉતારે તેમ ક્ષણવારમાં તે સંપત્તિનો ત્યાગ કરી નાંખે. આ વસ્તુ જેને સમજાઈ જાય તેને ત્યાગ કરતા વાર નથી લાગતી, બાકી તો એઠવાડમાં ય ચોટી જનારા છે.
- પૂર્વભવની કોઈક પુન્યાઈ ઉદયમાં આવી છે, કે કંઈક પરમાત્માની ભક્તિ કરી છે, ગુરૂની ભક્તિ કરી છે. કે પ્રભુના વચનો પૂર્વભવમાં આરાધ્યા છે, માટે મનુષ્ય ભવ પામ્યો છું, હવે હું પુન્ય નહિ કરૂં તો કઈ ગતિમાં મૃત્યુ પામીને જઈશ ?
- માનવગતિ-આર્યકુળ-આર્યદેશ-આર્યમાતા-પિતા આર્યધર્મ અર્થાત્ અરિંહતનો સાચો ધર્મ. પંચમહાવ્રતધારી ગુરૂ, આ બધું મને મળ્યું છે, મારી પૂર્વની પુન્યાઈથી હવે ધર્મ નહિ કરૂં તો આ બધું પામીને પણ હારી જઈશ.
- ધર્મની આરાધનામાં તમામ વસ્તુ જાણવી જોઈએ.
  ઉત્સર્ગ - અપવા મુખ્ય - ગૌણ
  નિશ્ર્વય - વ્યવહાર દ્રવ્ય -ભાવ
  આ બધી ચીજોનો જેને વિવેક છે, તે નિશ્ર્વયથી સાચો ધર્માત્મા કહેવાય, બાકીના બધા નામધારી ધર્માત્માઓ કહેવાય છે, માત્ર ધર્મની ધજા લઈને ફરનારા કહેવાય.
- પાપના ઉદયથી કદાચ દુઃખ આવે તો સમતાભાવથી ભોગવનારો નવા પાપનો બંધ નથી કરતો, અન્યથા એક પાપ ભોગવે તેમાંથી બીજા પાપની પરંપરાને પામે. આમ ક્યારેય છુટકારો ન મળે.
- ભગવાન પાર્શ્વનાથની આરાધના આત્માને પરમ સમાધિ અપાવે છે, કારણ કે તેમના પૂર્વભવોમાં તેમને મરણાંત ઉપસર્ગ આવતે છતે પણ સમાધિ સાધી હતી, કમઠ અને મરૂભુતિના ભવમાં એકવાર ભલે ચૂકી ગયા પણ પછી તો સમાધિ જાળવવાની ગાંઠ બાંધી. પરિણામે પાછળના નવ ભવમાં પરમ સમાધિ સાધી.
- પાર્શ્વપ્રભુની અટ્ટમની આરાધનાનો પ્રભાવ સંસારના સુખોની વૃધ્ધિ માટે નથી. સાચો

પ્રભાવ તો તેમના જેવી સમાધિ મેળવવી તે છે.

- પરમાત્માનો પરમ ઉપકાર છે કે પરમાત્મા આપણને પરમાત્મપદ કેવી રીતે પ્રાપ્ત કરાય તેની ગાઈડલાઈન સ્વયં આપીને ગયા, કયો વેપારી પોતાની બિઝનેસ પોલીસી લોકોને બતાવે છે ?
- ગુરૂ ગૌતમસ્વામીનો મોગ ધૂળ જેવો હતો. રજકણ જેવો હતો, ફુંક મારેને તરત ઉડી જાય, જ્યારે આપણો મોહ તો તેલવાળા કપડા પર લાગેલી ધૂળ જેવો છે, તેવો ધૂળનો દાગ દૂર કરવો અત્યંત મુશ્કેલ છે, તેમ ચીંકણી મોહની રજકણ દૂર કરવી તે દુષ્કર છે.
- માતા મરૂદેવીને પોતાના પુત્ર ઋષભ ઉપર ભારે મોહ હતો. ૧૦૦૦ વર્ષ સુધી પુત્રના મોહમાં રડી રડીને આંખોમાં પડળ બાજી ગયા. આંખે અંધારા આવી ગયા. પણ જ્યાં ઋષભની ઠકુરાઈ જોઈ વળી જે ઋષભ માટે રડીરડીને મેં આંખે અંધારા લાવી દીધા તેને મારી કાંઈ જ પડી નથી, ખરેખર આ જગતમાં કોઈનું નથી. આ જગતમાં જીવ એકલો છે. એકલો જાય છે. દુનિયામાં દેખાતા સંબંધો માત્ર પંખીના મેળા જેવા કૃત્રિમ છે અને કર્મજનિત છે. આવી ભાવનાથી તેમનો મોહ તૂટી ગયો ને માતા કેવળી બની ગયા, ત્યારે દેવોએ આવીને તેમને વેષ અર્પ્યો. અંતર્મૂહર્તમાં મરૂદેવી માતા મોક્ષે પધાર્યા, આ અવસર્પિણી કાળના પ્રથમ મોક્ષગામી આત્મા તરીકે માતા મરૂદેવાએ મોક્ષના બારણા ખોલ્યા. કવિઓએ કલ્પના કરી કે માતા મોક્ષમાં પહેલા જઈને દીકરા ઋષભ માટે શિવવધૂનું મુખ જોયું.
- જીવનમાં નક્કી કરો કે પરમાત્માની આજ્ઞા જે પાળે તેની સાથે જ સંબંધ રાખવો, ન પાળે તેની સાથે સંબંધો છોડી દેવા. આનાથી તમને કલ્યાણમિત્ર મળી જશે અને અકલ્યાણમિત્ર ટળી જશે.
- આનંદઘનજીની ચોવીસીમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભ પ્રભુનું સ્તવન બનાવ્યું છે અને તેમાં તેમણે અદ્‌ભૂત પંક્તિઓનો રસથાળ ઠાલવ્યો છે. કહે છે કે-
  **''ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો ઔર ન ચાહુ રે કંત,''**
  વફાદાર પત્ની ક્યારેય પણ બીજા પતિને મનથી ય ન ઈચ્છે, ભગવાન ! તમારા જેવો પ્રીતમ પામીને, મારૂં તો સૌભાગ્ય ઉઘડી ગયું છે, સોનાનો સૂરજ ઉગી ગયો છે, પ્રીત સગાઈ જગમાં સહુ કરે છે, પણ તેઓની પ્રીત સગાઈ ઉપાધિવાળી હોય છે, જ્યારે મારી સગાઈ તો નિરૂપાધિક સગાઈ છે. પરમાત્માને જે પ્રીતમ બનાવે તેની પ્રિતમતા નિરૂપાધિકપણાને પામે છે, આજની સ્વાર્થ ભરેલી પ્રીત સગાઈ તો અનેક આધિ-વ્યાધિ અને ઉપાધિથી ભરેલી છે. કેમકે પ્રીતમ દુ :ખી હોય તો તેની પ્રિયા પણ દુ :ખી જ રહેવાની ને ! અહિ તો પ્રીતમ સુખી એટલે તેની ભક્તપ્રિયા પણ સુખી.
- ચૌદ રાજલોકમાં નિગોદથી લઈને પાંચ અનુત્તર સુધી કર્મોનું સામ્રાજ્ય પથરાયેલું છે, માત્ર મોક્ષરાજ્યમાં તેની રાજગીરિ નથી. માટે ત્યાં જીવો પરમશાંતિનો સાક્ષાત્કાર કરે

છે.

- સુખ સ્વતઃ છોડી દો તે સારી વાત છે કે કર્મ લાફો મારીને તમને સુખ છોડાવે તે સારી વાત છે ? પુદ્‍ગલના સુખો છોડવા જેવા છે, સીધી રીતે નહીં છોડો, તો કાકા કહીને પણ કર્મ છોડાવશે, વધુ આનાકાની કરશો તો ધોલ-ધપાટ કરીને પણ છોડાવે, કેમકે એની આગળ કોઈનું ય ચાલ્યું નથી.
- કષાયોથી અને વિષયોથી મુક્તિ મેળવવી એ જ સાચી મુક્તિ છે.
- જ્યાં રાગ છે, ત્યાં રોષ છે, જ્યાં ગામ છે ત્યાં ઉકરડો છે, તેમ જ્યાં ભોગ છે ત્યાં જ રોગ છે, રોગથી ગભરાટ હોય તો ભોગ ભોગવવાના છોડી દો.
- આજ સુધીના અનંતા તીર્થંકરો વિરાટ ભોગલક્ષ્મીને છોડીને ત્યાગના માર્ગે કેમ ગયા ? તેનો પણ વિચાર કરીએ તો આપણા અંતરાત્મામાં ત્યાગભાવના થાય.
- તમારી પાસે સોનાનો બંગલો હોય, સોનાની ગાડી હોય, હીરા-મોતીથી મઢેલા વસ્ત્રો હોય, નોકર-ચાકર હોય, દુનિયામાં તમારી ગણતરી એક વી.આઈ.પી. માણસ તરીકે ગણાતી હોય, પણ તમને મનનું બિલકુલ સુખ ન હોય તો આ સુખ તમારા માટે શું કામનું ? અને આમાંનુ કશું ન હોય, માંડ પેટ ભરાય તેટલું હોય પણ છતાંય જો મનની પ્રસન્નતા હોય તો તમે સુખી ખરાને ! માટે દ્રવ્યને મેળવવાની હોડ છોડીને મેળવવા હોડ પકડો તો સાચા સુખી થશો.
- તમે ખોટો એકરાર કરો છો કે દ્રવ્યથી સુખ મળે છે. ઉદાહરણ આપું કે કોઈકના ઘરે રેડ પડી. ઈન્કમટેક્સના ઓફિસર આવ્યા, તમે સવારે ઉંઘતા હતા ને તમને વહેલા આવીને ઝડપી લીધા. બધુ જ બેનંબરી હતું. તે ઘરમાંથી ખાલી કરીને લઈ ગયા, આગળ વધીને તમારા અંગ પર સુંદર નેકલેસ વગેરે પહેરેલા તે પણ કઢાવી લીધા, ત્યારે તમારા આઘાતનો પાર ન રહ્યો અને એમના ગયા પછી તમે મોટી પોક મૂકીને ધ્રુસકે-ધ્રુસકે રડી રહ્યા છો, પણ તમને કોઈ શાંત પાડનાર કે આશ્વાસન આપનાર પણ નથી. જે સંપત્તિ તમારા માટે આનંદીની લહેરી હતી, એ જ સંપત્તિ આજે તમારા મોટા આઘાતનું કારણ બની ગઈ, જો આ ન હોત તો આવી માનસિક આઘાતનો અનુભવ કરવો પડત ? તમને સમજણ પડીને કે સંપત્તિ તમારા મતે સુખનું કારણ હતી તે જ દુઃખ આપીને ગઈ.
- વિભાવદશામાં રહેલા મનુષ્યોને દિન-પ્રતિદિન મોહ તગડો બનતો જાય છે, જેમ મોહ તગડો બને તેમ આત્મા નંપુસક બની જાય છે,
- પરમાત્માએ ગૌતમસ્વામીને ઉદ્દેશીને કહ્યું હતું કે, **ગોયમ ! સમયં મા પામાઈ ।** હે ગૌતમ ! તું એક પણ સમયનો પ્રમાદ ન કરીશ, હકીકતમાં ગૌતમસ્વામીને ઉદ્દેશીને આપણને બધાને બોધપાઠ આપ્યો છે કે, તમે માનવભવની ઉત્તમ સામગ્રી પામ્યા પછી, જરાપણ પ્રમાદ ન કરશો.

- પરમાત્માએ જે કોઈ પણ આજ્ઞાઓ આપણા માટે ફરમાવી છે, તે આપત્તિઓનો નાશ કરનાર છે. સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં ગાયું છે કે,
  **આણાપાલે સાહિબ તસે, સકલ આપદા કાપે -** પરમાત્માની આજ્ઞા જે લોકો પાળે છે તેની બધી જ આપત્તિઓ નાશ પામે છે.
- જે ગતિમાં તમને વિરતિ મેળવવાની ઈચ્છા ન હોય તે ગતિ ભલે અનેક પ્રકારના ભૌતિક સુખોથી હરીભરી હોય, તો ય શું ? તેમાં આત્માકલ્યાણના ચાન્સ તો નથી ને !
- કૂતરાના ભવમાં ચોરને પારખવાની શક્તિ મળે. સિંહના ભવમાં અપ્રતિમ સત્ત્વ-શક્તિ મળે, આવા અનેક ભવોની અંદર અનેક શક્તિઓ કદાચ પ્રાપ્ત થાય પણ જ્યાં વિરતિ ધર્મનું આરાધન નથી, ત્યાં કોઈ જ સુખ નથી.
- તમારી અત્યારે કેટલી અદ્ભૂત પુન્યાઈ ઉદયમાં છે. તમને શરીરમાં રોગ નથી, આંખે ખોડ-ખાંપણ નથી, કાનમાં બહેરાશ નથી, શ્વાસ નળીમાંથી શ્વાસની બરાબર અવર-જવર થાય છે, ખોરાક લીધા પછી બરાબર પાચન થાય છે, આ બધું પુન્યના ઉદયને આભારી છે.
- આ જગતમાં કર્મનું અસ્તિત્વ છે, તેના અનેક પુરાવા વિદ્યમાન છે, એક જ ઘરમાં, એક માતાની કૂખે જન્મેલા બાળકોમાં એક રૂપાળો છે,તો એક કદરૂપો છે. એકને જ્ઞાન સારૂ ચડે છે, તો બીજો ભણી-ભણીને થાકી જાય છે છતાંય એને એકેય અક્ષર ચડતો નથી. બંને દીકરા મોટા થાય કે એક ધંધામાંજ હોંશિયાર છે, બીજો માંડ પેટીયું રળે છે. એકને પત્ની સારી મળે છે, બીજાને ઝઘડાખોર મળે છે. આ બધું કર્મની વિચિત્રતા નથી તો બીજું શું છે ? કર્મને આ દુનિયામાં કોઈ નકારી શકે તેમ નથી.
- શરીરના પ્રત્યેક અંગ વ્યવસ્થિત ચાલે છે તે પુન્યાઈનો ઉદય છે, હાડકામાં ક્રેક નથી. બ્લડનું સરક્યુલેશન બરાબર થાય છે, રક્તમાં કોઈપણ જાતના વિકાર પેદા નથી થતા, બ્લડ સુગર બરાબર જળવાઈ રહે છે, સ્કીન પર ધબ્બા કે દાગ નથી પડતા, કીડની બરાબર પાણીના કચરાને પેશાબ વાટે બહાર ફેકેં છે, મળાશયમાં વ્યવસ્થિત રીતે મળનું ઉત્સર્જન થાય છે, હાથ-પગને ઈચ્છા પ્રમાણે હલાવી-ચલાવી શકો છો, તે બધી પુન્યાઈની નિશાનીઓ છે.
- બધી પુન્યાઈનો આધાર મન પર રહેલો છે. મન અપ્રસન્ન હોય તો સામે પડેલા ૩૨ પકવાન પણ ફીક્કા લાગે, દોમ-દોમ ઉદ્ભવતી સાહિબી પણ તમને વામણી લાગે. નિરોગી શરીર પણ રોગી થઈ જાય, લગભગ ઉદાસી માણસો મોડા વહેલો માંદા પડતા હોય છે. પરમાત્માએ મનને પ્રસન્ન બનાવવાની અદ્ભૂત કળા આપણને પાઠવી છે, પણ આપણે તો તે તરફ ક્યારેય કોઈ ધ્યાન આપવા જ તૈયાર નથી.
- નાનકડો પણ રોગ શરીરમાં આવે ત્યારે માણસે ચિંતા ન કરવી જોઈએ, પણ ચિંતન

કરવું  જોઈએ કે મને મોટા રોગ તો પેદા નથી થયો, સામાન્ય પેટનો દુ:ખાવો થાય, ત્યારે વિચારવાનું કે મને કેન્સર નથી થયું. હાડકામાં કોઈ ક્રેક નથી પડી કે ઈન્દ્રિયોમાં કોઈ ખામી નથી આવીને, આટલો નાનકડો દુ:ખાવો પણ હું સહન ન કરી શકું તો તીવ્ર વેદનાઓ જ્યારે મને કર્મના ઉદયથી આવશે ત્યારે હું સમાધિ કેવી રીતે જાળવીશ ?

- શરીર મેલું હશે તો સાબુ વગેરેથી તેનો મેલ ધોઈ નાખીશ, પણ મનની મેલાશ ધોવી મુશ્કેલ છે.
- તમને ૧૦૦ રૂપિયમાં રસ છે કે ૧,૦૦,૦૦૦ રૂપિયામાં રસ છે ! તમે કહેશો કે લાખ રૂપિયામાં. શરીર એ ૧૦૦ રૂપિયા છે અને આત્મા એ લાખ રૂપિયા છે, હવે બોલો શેમાં રસ છે ? અહીં તમારા ઈક્વેશન ફરી જાય છે. તમારે મન આત્માથી ય વધારે શરીરનું મૂલ્ય છે, જો કે આ મોટી મૂર્ખામી છે પણ તમારા મગજમાં વાત બેસવી જોઈએ ને !
- **''મન સાધ્યું તેણે સઘળું સાધ્યું એહ વાત નહીં ખોટી''** યોગીરાજ આનંદઘનજી અવધૂતની આ પંક્તિ કહી જાય છે કે મનની સાધના એ અપ્રતિમ સાધના છે, તેના પર જેના કંટ્રોલ આવી જાય છે, ત જગ જીતી જાય છે. મનથી સાતમી નરકે પણ ક્ષણવારમાં પહોંચી જવાય અને ક્ષણમાં સર્વાર્થસિધ્ધ વિમાને પણ પહોંચી જાય, જે ઘટના પ્રસન્નચંદ્ર રાજર્ષિના જીવનમાં બનેલી, તંદુલીઓ મત્સ્ય, માત્ર ૨ ઘડીના આયુષ્યમાં પણ ૭મી નરકને યોગ્ય તીવ્ર પાપોના દળિયા એકઠા કરી લે છે.

સાધના મનને સુધારવા કરવાની છે, પણ આપણને તેમાં ફરક પડયો કે નહિ, તે વિષે  ક્યારેય પરિક્ષણ નથી કરતા, જેમ કોઈ શાળામાં અભ્યાસ કર્યા પછી તેની પરીક્ષા લેવાય, તેનું રીઝલ્ટ બહાર પડે, તેનાથી વિદ્યાર્થી કેટલો કાચો-પાક્કો છે તેનો અંદાજ લગાવવામાં આવે, તેમ સાધના કર્યા પછી મન કેટલું સુધર્યું તેની ચકાસણી કરવી જોઈએ. આ ભવસાગરમાં આપણે રખડીયે છીએ તેનું મૂળ કારણ મન જ છે, મનથી આપણે સુધરતા નથી એટલે આપણો જન્મારો બગડી જાય છે, સદ્વાંચન સત્સંગ, સારા વ્યક્તિઓના પરિચયથી મનને સુધારવાનો પ્રયત્નો કરવા જોઈએ. જેમ-જેમ મન સુધારા ઉપર આવશે તેમ-તેમ ઉપશાન્તભાવની અનુભૂતિ થશે. આત્મા તેમાં સુખાનુભાવ કરશે. તમને મળેલી સામગ્રી, શરીરની નિરોગીતા, અખંડ પંચેન્દ્રિયપણું વિગેરે, તેનો સદ્ઉપયોગ નહીં કરવામાં આવે તો ભવાંતરમાં પુન: આ બધુ જ મળવું દુષ્કર છે, સદ્ઉપયોગ ન કરે પણ દુરપયોગ કરે તો તો હરગીજ આ બધી સામગ્રીઓ પુ:ન નહિ મળે એકવાર જે ચીજ તેનો અનાદર કર્યો, પછી કર્મસત્તા તમને બીજીવાર તે ચીજ ન જ આપે. કર્મમાં હોંશિયાર છે. હિસાબ બરાબર વસુલ કરે તેવી છે. જો મળેલી સામગ્રી સદ્ઉપયોગ કરે તો તેનાથી પણ સારી સામગ્રી તેને પ્રાપ્ત થાય.

જેમ તમને નાના-બાળક ઉપર ભરોસો હોય તો કાચના રમકડા તેને લાવી

આપો, કે તે ફોડશે નહિ પણ ફોડવાવાળો હોય તો પ્લાસ્ટિકના રમકડાથી વધારે તેને કાંઈ આપો ?

- મળેલી ચીજોનો મિસયુઝ કરવામાં આવે તો ફરી ત ચીજો તેને મળતી નથી. અગવડમાં પણ જે ધર્મ કરી જાણે તેને ધર્મ કરવાની સગવડ જરૂર મળે છે.
- મનના નિતનવા નાટકો હોય છે, જેમ તેને ટ્રેન્ડ કરો તેમ થઈ શકે, પણ મને લાગે છે,કે તમે એનાથી દબાયેલા છો, તમન એનું કહ્યું જ કરવું પડે. એ ના પાડે તો તમે અટકી જાવ, એ હા પાડે તો જ આગળ ચાલો, આ ગુલામી ક્યાં સુધી વેઠવી છે ?

  થશે તો કરશું
  કરશું તો થશે.
  આ બન્નેમાંથી તમારે શું કરવું છે ? તે વિચારો !

- નવકાર ગણવાથી સંસાર ઓછો થાય છે. માટે નવકાર ગણવા છે ? તો ગણેલા નવકાર સફળ છે !
- પંચ પરમેષ્ઠિ પદોમાં રહેલી તાકાતનો તમને પરિચય નથી, માટે તમારા મનમાં નવકારની કોઈ કિંમત નથી, ક્યારેય એમ થાય છે કે સવારે ઉઠીને ૧૦૮ નવકારનો રોજ જાપ કરૂં. દીવ કરીને જાત-ભાતના મંત્રો ગણો છો. પણ અહીં બેઠેલામાંથી કેટલા એવા છે કે જે રોજ નવકારનો જાપ કરતા હશે ? જો કે તમારે મન નવકારમંત્ર કરતા બીજા મંત્રો ઘણા મહાન છે.

  ઘણી જગ્યાએ તમને વાંચવા મળ્યું હશે. ''જેના હૈયે શ્રી નવકાર, તેનો શું કરશે સંસાર.'' નિત્ય નવકારનો જાપ કરનારા આત્માનો સંસાર ટુંકાય છે, વિરતિ તરફ તેની પ્રગતિ થાય છે. નવકારના પાંચેય પદોમાં વિરતિવંત આત્માઓનો નિવાસ છે, તે જ ફલિત કરે છે કે વિરતિ જેવી પ્રચંડ તાકાત અન્ય બીજા કોઈ જ યંત્ર-મંત્રો કે તંત્રોમાં નથી, જેના હૈયામાં નવકારનો જપ છે, તેના હૈયામાં વિરતિ માટેનું એટલું જ માન હોવું જોઈએ.

- પરિણત કક્ષાની આરાધના કરતા આપણે શીખવાનું છે, પરિણત આત્મા અત્યંત વિનયવાન અને નમ્ર હોય છે, સાથે વિવેકી વધારે હોય છે. સમયનો જાણકાર હોય છે, વસ્તુની પ્રધાનતાને પારખીને આત્માના કલ્યાણને લક્ષમાં લેનાર હોય છે, આવા પરિણત કક્ષાના આત્માઓનો મોક્ષકાળ નજીક હોય છે.

  તે લોકોમાં પ્રિય હોય છે, સર્વલોકનો હિતેચ્છુ હોવાથી તેની લોકપ્રિયતા તૂટતી નથી. પરિણત પ્રાપ્ત જીવ સૂક્ષ્મબુદ્ધિનો નિધાન હોવાથી તેનું અનિકાચિત કર્મ પણ અહિત નથી કરી શકતું, તેવા આત્માઓના દર્શન માત્રથી તમને જીવંત અને ધબકતી આરાધનાની પ્રતિકૃતિ જણાઈ આવે.

- અપરિણામી જીવ સાવ નાસ્તીક હોય છે. ધર્મને અને એને બાપા માર્યા વેર હોય છે,

ભયંકર આશાતના ભૂતકાળમાં કરીને આવ્યો હશે જેથી તેને ધર્મની વાતો પર અને ધર્મ પર દ્વેષ છે. તે આત્માના અહિતને કરાવાવાળો હોય છે. તેની બુધ્ધિ ક્યારેય લાંબુ વિચારતી નથી હોતી, ભવિષ્યનો તેને વિચારમાત્ર પણ નથી હોતો, વર્તમાનની મજામાં જ તે રચ્યો-પચ્યો રહે છે, જેથી તેનું ભવિષ્ય અંધકારમય હોય છે, સૌથી વધારે દયાને પાત્ર જો હોય તો તે અપરિણામી જીવ છે. જ્ઞાનીઓને તેના પર વધારે દયા આવે છે કે આધ્યાત્મિક અને ભૌતિક બંને રીતે દુ :ખી થાય છે, ધર્મ ન ગમે એટલે આધ્યાત્મીક સુખ તો નથી જ મળવાનું અને દ્રવ્યધર્મ પણ ન કરે ત્યારે ભૌતિકસુખ પણ તેને નથી મળવાનું તેથી બિચારાની સેન્ડવીચ થઈ જાય છે. તેવા જીવો વધુને વધુ દુર્ગતિ ભોગવનારા હોય છે. આપણે જેને બાળબુધ્ધિ કહીએ તેવા હોય છે. બાળક માત્ર વર્તમાન સમયનો વિચારી હોય છે. તેમ અપરિણામી જીવો માત્ર વર્તમાન સમયના વિચારી હોય છે.

- **અતિપરિણત :**
  ધર્મના મર્મને મૂળથી નહિ સમજનારો માત્ર ક્રિયાકાંડને જ ધર્મ માનનારો, અપવાદિક પરિસ્થિતિઓમાં પણ ઉત્સર્ગને સેવનારો માત્ર વ્યવહારધર્મને બરાબર પાળે, પણ નિશ્ચયધર્મને બિલકુલ ન જાણે, હેય-ઉપદેયની સૂક્ષ્મ બુદ્ધિ ન હોય પણ ખાલી જાડું-જાડું પકડવા વાળો. લૌકિકધર્મને વધુ પડતો સ્વીકારનારો, પકડેલું છોડે નહિ. તેવા અતિપરિણત આત્માનો ક્યારેય મોક્ષ ન થાય.
- નફાની સમજણ ન હોય અને ધંધો કરવા બેસે તો શું થાય ? કદાચ નુકસાન કરીને ઉભો થાય. તેમ ક્રિયામાં ફળની જાણકારી ન હોય તેવી અજાણી ક્રિયા કરવાથી આત્મિક નુકશાન પણ થઈ શકે. જ્ઞાનીઓ તેવી ક્રિયા કરવા માટે પ્રતિબંધ ફરમાવ્યો છે.
- શરીરને ચલાવનાર આત્મા છે, શરીર જડ છે. આત્મા ચેતન છે, શરીર ચેતનવંત દેખાય છે તે આત્માના કારણે, માટે લક્ષ આત્મા પર કેન્દ્રિત કરવું જોઈએ.
- નીતિશાસ્ત્રમાં કહેવાયું છે કે **મન: એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયો:** । વ્યક્તિનું મન જ કર્મના બંધનું કારણ છે, અને કર્મની મુક્તિનું કારણ છે, માટે ''મન સાધ્યું તેણે સઘળું સાધ્યું '' એ વાત પૂ. આનંદઘનજી દ્વારા ગાવામાં આવી છે.
- કષ્ટ એવું સહન ન કરવું જોઈએ કે જેનાથી મન અને ઈન્દ્રિયો વધુ બહેકે જો કે મનને ધીરે-ધીરે આવા કષ્ટો ભોગવવા ટ્રેન્ડ કરવું. પણ એક સાથે તેના પર લોડ આવે તો તેનાથી વધારે અકળાઈને વળતો જબ્બર હુમલો કરી બેસે છે, જે આત્મા માટે વધારે નુકસાનકારકા સાબિત થઈ શકે છે.
- મન વગરની કરાયેલી ક્રિયા સમૂર્ચ્છિમ જેવી છે. તેનાથી પુન્યબંધ પણ ન થાય. કારણ કે આ ક્રિયા જડ જેવી છે, જડ વસ્તુને પાપ-પુન્ય નો બંધ ન હોય.
- મન આત્માની સૌથી વધારે નજીક છે, આત્માના સંસ્કારો કે દુસંસ્કારો વિગેરે મન દ્વારા

રીફ્લેક થાય છે, મનથી આત્માની ઓળખાણ થાય છે, કે આત્મા પરિણામી છે, અપરિણામી છે કે અતિપરિણામી છે.

- મનની જે તરફ ગતિ છે તે તરફ આત્માની ગતિ થવાની, મન જેનું મેલું છે તેની ગતિ પણ મેલી જ થવાની. ગતિ સુધારવા મનને સુધારવું જોઈએ.
- વર્ષોથી ક્રિયા કરનારા લોકોને પૂછીએ કે મનની આત્માની શધ્ધિ કેટલી થઈ ? અને કેવી થઈ ? તો તેમની પાસે કોઈ જવાબ નથી, વર્ષોથી ક્રિયા કરનાર માણસના જીવનમાં જરૂર ફેરફાર આવવો જોઈએ, ડૉકટરે કહ્યું કે આ ગોળીનો ૬ મહિના કોર્સ કરજો અને કર્યા પછી જો પરિણામ સુધારા તરફ ન દેખાય તો તમે પૂછવા જશો કે, કોઈ ફરક કેમ નથી દેખાતો, કોઈ દિવસ અમને પૂછવા આવ્યા ? કે સાહેબ ! કોઈ ફરક કેમ નથી પડતો. કેમકે આટલા વર્ષોથી અમે આરાધના કરીએ છીએ, છતાંય અમારો આત્મા હજુ વિષય-કષાયોમાં ઘેરાયેલો કેમ રહે છે.
- હંમેશા તમે અંતર્મુખી બનવાનો પ્રયત્ન કરો, બર્હિમુખીપણું એ પુદ્ગલ જગતમાં રમાડનાર છે, જ્યારે અંર્તમુખીપણું આત્મામાં રમણ કરનાર છે.
- પરમાત્માએ ભવ્યત્માઓને જે ઉપદેશ આપેલો તે જ ઉપદેશ આપણને અક્ષરરૂપે અહીં મળ્યો છે. તે ભવ્યાત્માઓ પોતાનું કલ્યાણ સાધી ગયા અને એ જ ઉપદેશ આપણને અસર ન કરે તો આપણા ઉપાદાનની ખામી કહેવાય.
  સાક્ષાત્ તીર્થંકર પ્રભુને પણ આપણે સાંભળ્યા છે. એમની સામે સમવસરણમા બેસીને દેશનાની સુમધુર સરવાણી આપણા કાનમાં વહી છે. છતાંય આપણો આત્મા પામ્યો નહિ, પણ અહીં સંસાર ભમણમાં પરિભ્રમણ કરતો રહ્યો. તે આપણા ઉપાદાનની ખામી જ કહેવાય.
- તમાર જીવનમાં સામાન્ય કક્ષાનો પણ જયણા ધર્મ નથી. તમે જ્યારે બિસલરીની બોટલ મોઢેં માંડીને પાણી પીવો છો, તેમાં ૪૮ મિનિટમાં તમારા જેવા સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્યો પેદા થાય છે, જ્યાં સુધી એ પાણી એઠું રહે ત્યાં સુધી તેમાં એ જીવોની જન્મ-મરણની પરંપરા ચાલ્યા કરે છે, તે જેટલી વાર જન્મે અને જેટલી વાર મરે તે બધું પાપ તેવી રીતે પાણી પીનારાને લાગે છે.
- પાપ કરવાની તમારી પ્રવૃત્તિ ન હોવાથી તમે પાપ ન કરો તો પણ તમને પાપ લાગ્યા કરે છે. કારણ કે વૃત્તિ તો હાજર છે.
- પાપ કદાચ ભલે થઈ જાય, પણ પાપ કરવાની વૃત્તિ ન હોય તા પ્રાય: પાપ નહિવત્ લાગે છે અજાણતા ભૂલ કરે તેને માફી આપી શકાય છે. પણ જાણી જોઈને જેને ભૂલ કરવાની કુટેવ પડી છે, એ માણસ કેવી રીતે માફીને પાત્ર છે ? કર્મ સત્તા પણ આવા જીવોની આકરી સજા ફટકારે છે.

- મનુષ્યના ખોળીયાની કિંમત એટલા પૂરતી છે કે, જેથી તે આરાધના કરી શકે. પણ અહીં આવીને ભોગ-સુખોની મહેફીલ ઉડાડવી હોય તો આ ભવમાં પાપનો પુષ્કળ અનુબંધ પાડીને ભવભ્રમણ વધારવાનું કામ વધારી જશો, કેમકે જે ધંધામાં નફો ઘણો એ ધંધામાં, નુકશાન પણ એવું જ આવે ને !
- અત્યારે તમારી પરિસ્થિતિ કઈ ? તમે પોત ક્યાં છો તેની પણ તમને ખબર નથી, તમે કોણ છો તેનો જવાબ પણ સંતોષકારક તમારી પાસેથી ન મળે. જૈનશાસન અને મહામૂલો મનુષ્યભવ પામ્યા પછી પણ તમે તમારી જાતને ઓળખી ન શકો તો તે કેવી વિચિત્રતા કહેવાય !
- તમારૂં મગજ ન ચાલે તો તેને ઓઈલીંગ કરો. જેમ ગાડીના પૈડાં જામ થઈ ગયા હોય તો ઓઈલીંગ કરે, ગ્રીસલિંગ કરે, તેમ તમે પણ પરમાત્માના શાસ્ત્ર વચનોને શ્રવણ કરીને ઓઈલીંગ-ગ્રીસલિંગ કરો, જેથી મગજ તેની જડતા છોડીને ચિંતનમાં લાગી જાય.
- પાંચ મિત્રો સાથે ક્યાંક ફરવા ગયા. તેમાંથી એક ચુસ્ત ધર્માત્મા હતો. સાંજે જમવાનો ટાઈમ થયો. પેલા ધર્માત્માએ ચોવિહાર કરવાની ટેક પકડી, કે હું તો ચૂસ્ત ચોવિહાર પાળું છું, માટે મારે તો ચોવિહાર કરવા જ પડશે. બાકીના ચારેયે તેને સમજાવ્યો, કે બહાર નીકળીએ એટલે આ બધું પાળવાનું ન હોય, છોડી દેવાનું પણ પેલો ધર્માત્મા ચૂસ્ત હતો, ટસનો મસ ન થયો. ચોવિહાર જ કરીશ, નહીં થાય તો ભૂખ્યો રહીશ. સાંજ પડી ચોવિહાર-વાળા ભાઈના ચોવિહારનું ઠેકાણું ન પડયું, નિયમ પ્રમાણે, વગર ખાધે ચોવિહાર ના પચ્ચક્ખાણ લેવાઈ ગયા, અહીં બાકીના ૪મિત્રોને ભૂખ લાગી, હૉટલ આવી ગાડી રોકાવીને તેમાં જમવા બેઠા, જમીને બહાર નીકળ્યા, ગાડીમાં બેઠા. ધીરે-ધીરે તબિયત બગડતી હોય તેવું લાગ્યું. એક પછી એક એમ ચારેય બેભાન થવા લાગ્યા, પલો જોઈને સ્તબ્ધ થઈ ગયો, તાત્કાલિક સગા-વ્હાલાનો ફોન પર કોન્ટેક કરીને તેને તે જગ્યા પર બોલાવ્યા, સગા-વ્હાલાઓએ તેમને તરત જ હૉસ્પીટલમાં ભર્તી કર્યા, ડોકટરે તેનું નિદાન કર્યું કે, રાત્રે ખાવામાં ફૂડ પોઈઝન આવી ગયું છે, હૉટલમાં જે રસોઈ ખાધી હતી, તેમાં લાઈટના કારણે અંદર ગરોળી પડી ગઈ, તેનું ઝેર રસોઈમાં આવી ગયું છે, એ ઝેર એટલું કાતિલ અને ભયાનક હતું કે આ ચારેય દર્દીને ભગવાન બચાવે તો જ બચી શકે, તેમ ડૉકટરે કહી દીધું. બાકી બચી શકે તેવો કોઈ રસ્તો નથી અને થોડી જ વારમાં સમાચાર આવ્યા કે, ચારેયના પ્રાણપંખેરૂં પરલોકની યાત્રા કરવા નીકળી ગયા. પેલા ચોવિહારવાળા ધર્માત્માને થયું કે પરમાત્માની આજ્ઞાએ આજે મને મૃત્યુથી બચાવી લીધો, ઢીલો પડીને જો આમની સાથે બેસી ગયો હોત તો મારા પણ પ્રાણ સંકટમાં મૂકાઈ ગયા હોત, ખરેખર પરમાત્માની આજ્ઞા આલોક અને પરલોક બન્ને લોકમાં આત્મહિતની ચિંતા

કરનાર છે, આ ઘટના બન્યા પછી તે ધર્માત્માને પરમાત્માના વચન પર ખૂબ જ શ્રધ્ધા થઈ ગઈ.

- કપડું જરાપણ મેલું હોય, ગંદુ હોય તો તમને ન ચાલે. ઘરવાળીને કહી દો કે તને કપડા બરાબર ધોતા આવડતા નથી, કપડામાં જરાક દાગ રહી જાય, તેમાં તમે અકળાઈ જાવ છો, આત્મા તો દાગનો ભરેલો છે, મેલથી મલિન છે, તેને ધોવા માટે જરાય અકળામણ તમને નથી થતી ? તમારી જાત પર તમને ક્યારેય ક્રોધ કરવાનું મન નથી થતું ?
- શરીરનો શણગાર સજવા માટે, સુટ-બુટ-ટાઈ ચશ્મા, પરફ્યુમ, પાવડર વગેરે બધું જ તમારી પાસે રેડી છે, ન હોય તો ગમે ત્યાંથી, ગમે તે રીતે તેની વ્યવસ્થા કરી આવો છો. આત્માના શણગાર કે તેના પર ગુણોના અલંકાર સજવા માટે તમારી પાસે કોઈ સુઝ ખરી ?
- મને પેલી ભક્તિગીતની પંક્તિઓ બહુ યાદ આવે છે.

  **અવતાર માનવીનો, ફરીને નહીં મળે,**<br>**અવસર તરી જવાનો, ફરીને નહીં મળે,**<br>**જે ધર્મ આચરીને કરોડો તરી ગયા,**<br>**આવો ધર્મ અમૂલો ફરીને નહીં મળે,**<br>**અવતાર માનવીનો ફરીને નહીં મળે.**

  આ પંક્તિઓમાંથી પણ બોધપાઠ મેળવવા જેવો છે, વારંવાર ભણકારા વગાડીને રચનાકારે માનવજીવનની મહાનતા યાદ કરાવી છે. તમે તેને સફળ કરવા મક્કમ પ્રયત્ન ક્યારે કરતા થશો ?
- આત્મા એકવાર શુધ્ધ થઈ જાય, પછી મલિન થવાનો વારો નથી આવતો, નહીં તો આપત્તિ આવે કે ફરી આપણે કર્મમલને ધોઈને શુધ્ધ કરીએ અને ફરી આત્મા મલિન થઈ શકે પણ આવું નથી બનવાનું.
- આકાશમાં આવેલી વાદળાની છાયા કેટલીવાર સ્થિર રહી શકે ? ક્યાંક લટકેલી લાંબી દોરી કેટલીવાર માટે સ્થિર રહી શકે ? ગાજવીજ વરસાદમાં ઝબુકતી વીજળી આકાશમાં કેટલીવાર સ્થિર રહી શકે ? જેવી રીતે આ બધી વસ્તુઓની સ્થિરતા અલ્પકાલીન છે, તેવી રીતે આ માનવશરીરની સ્થિરતા પણ અલ્પકાલીન છે, અર્થાત્ તે સ્થિર છે, તેનો અંત પણ તત્કાળ આવી જનાર છે, માટે જ્યાં સુધી આંખ ખુલ્લી છે, ઈન્દ્રિયો સક્ષમ છે, શરીર તંદુરસ્ત છે, આયુષ્ય અક્ષીણ છે, ધર્મ સામગ્રીઓ મોજૂદ છે, ત્યાં સુધીમાં મારે મારા આત્મદ્રવ્યમાં ધર્મનો ઉજાસ-પ્રકાશ પાથરી દેવો છે. કારણ કે તેમાં જ મારી સેફટી છે.
- આ શરીરનો બહારથી શણગાર કરવાવાળાને ખબર નથી લાગતી કે અંદર કેટલો ઉકરડો ભર્યો છે. એકવાર ખાલી અંદરનું બહાર આવે ને બહારનું અંદર જાય, તો તમે

એક સેકન્ડ માટે પણ એ દૃશ્યને જોઈ ન શકો, એટલી તમને ગેરેન્ટી આપું.
ડૉકટરો જ્યારે સ્કૂલમાં ભણતા હોય અને પેલી વાર માનવશરીરના ચીરેલા મડદાં જુએ તો બેભાન થઈ જાવ, ભયંકર ચીતરી ચડવા માંડે, દુનિયાભરની ગંદકી આ શરીરમાં ઠલવાયેલી છે, તમે ખાલી એકવાર જોશોને તો આ શરીર પર ક્યારેય રાગ કરવાનું મન નહીં થાય.

- પરિવારમાં મા-દીકરા-દીકરી-બાપ-બહેન-ભાઈ ઈત્યાદિ પરિવારના સંબંધો માત્ર શરીર સાથે સંકળાયેલા છે, શરીર ગયું, એટલે સંબંધો પૂરા થઈ ગયા, એ માંને જેટલી પોતાના દીકરાના શરીરની ચિંતા હોય છે, તેટલી આત્માની ચિંતા નથી હોતી, કારણ કે તેના આત્માને જોવાની દૃષ્ટિ તે મોહાંધ માં પાસે નથી.
- ક્યારેય કોઈક તમારા સંસારના વ્યવહારોમાં રચ્યો-પચ્યો દેખાતો હોય, કદાચ એક ભવાભિનંદી જીવની જેમ સંસારના મોજ-મસ્તીનો આનંદ લુંટતો દેખાતો હોય છે, તો તેને જોઈને તેમ નહીં માનતા કે પલો ધર્મી થઈને પણ સંસારના વિષયસુખના આનંદને લુંટી રહ્યો છે, પણ, વાસ્તવિકતા જુદી હોય છે. તે ધર્માત્માને થાય કે હું આ સંસારરૂપ ગાંડાઓના ગામમાં આવી ગયો છું. ચારેય બાજુ ગાંડાઓ જ ભેગા થયેલા જોવા મળે છે, હવે આ ગાંડાઓના ગામમાં રહીને જો હું ગાડાવેડા નહીં કરૂં તોમને ગાંડો કહીને આ લોકો મારશે, પાગલખાને જઈને સાંકળે બાંધી આવશે, માટે પેલો ધર્માત્મા પણ વિષયસુખ ભોગે ભોગવવાના પાગલવેડા કરે, પણ ત્યારે સતત ઝંખતો હોય કે, આ પાગલોના ગામમાંથી મને ક્યારે છુટકારો મળશે ?

  હૈયામાં તેને છૂટવાની ભાવના હોય છે મજબુરીથી, એ વિષય-વાસનાનો ભોગ બન્યો છે, બાકી તો અંદરની વૈરાગ્યભાવના મજબુત હોય છે.
- અવિરતિમાં રહેનારા સંસારીની કોઈ ક્રિયા એવી નથી કે જેમાં જીવહિંસા ન હોય.
- આજનો યુગ એટલો બધો મોડર્ન બની રહ્યો છે કે, ખાવા-પીવા-પહેરવા-ઓઢવાની ચીજોમાં બેફામ-અનાર્યપણું દેખાઈ રહ્યું છે, આજથી માત્ર ૧૫ વર્ષની અંદર મને લાગે છે કે, જૈનના છોકરાઓને સી ફૂડ કહીને માંસાહારી ભોજન સ્કૂલોવાળા કરાવતા થઈ જશે, સ્કૂલમાં ભણનારા બાળકોને મગજની બરાબર કસરત હોવાથી, તેમને ઈંડા ખાવા પડશે, નહીં તો સારી સ્કૂલોમાં એડમિશન નહીં મળે, તેવું બધું આ લોકો તમને સમજાવશે.
- જીવની આરાધના હંમેશા પ્રયોજનવાળી હોવી જોઈએ. દરેક આરાધનાની પાછળ લક્ષબિંદુ નક્કી ન હોય તો ગમે ત્યાં સાધક ભટકાઈ જાય, આપણે એવું નથી કરવું કે જેનાથી, આત્મા આરાધનામા અટવાય.
- આરાધનાના અચિન્ત્ય પ્રભાવથી આત્મામાં શુધ્ધ સ્વભાવાનંદના સ્પંદનો સર્જાય છે. માનવમાંથી મહામાનવનું નિર્માણ આવા સ્પંદનોથી જ થાય છે.

- પરમાત્માની આજ્ઞા એ જ ધર્મ છે, એ જ તત્ત્વ છે. એ જ મર્મ છે, એ જ તારક છે, એ જ ઉદ્ધારક છે. ''આણાએ ધમ્મો'' તે શાસ્ત્રવાક્યને સાપેક્ષ રાખીને ધર્મ કરનારો આત્મા નક્કી મોક્ષસુખને પામનારે બને છે.
- પુન્ય એક અપેક્ષાએ જોવા જઈએ તો છૂરી છે, તેનાથી જો આવડત હોય તો પાપ વેલડીઓને છેદી શકાય અને જો આવડત ન હોય પોતાના પેટમાં ઘુસી જાય, મને કહો કે રાઈફલનું લાયસન્સ કોને અપાય ? જેને ચલાવવામાં આવડત હોય તેને કે રાસ્તે ચાલતા દરેકને લાયસન્સ મળે ?
- ડૉકટરના હાથમાં આવેલી છૂરી દર્દીના આરોગ્યને પ્રાપ્ત કરાવે છે. અને ગુંડા-ચોર કે મવાલીના હાથમાં આવેલી છૂરી કોઈકનો જાન લેવડવે છે, તેમ પુન્યનો સદ્ઉપયોગ કરવો હોય તો આત્માના ડૉકટર બનવું પડે, તો જ આત્માને પોતાનું આરોગ્ય પ્રાપ્ત થાય, નહીં તો એ જ પુન્ય તમને ઢસડીને નરકાદિ ગતિમાં લઈ જાય. સદ્ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવા માટે સદ્ગુરુ પાસે જવું જોઈએ.
- પરમાતરક પરમાત્માની અંતિમ દેશના સ્વરૂપ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની અંદર માનવભવની મહાનતા આંકતા શાસ્ત્રવાક્યોને ટાંકવામાં આવ્યા છે.
  **દૂર્લભં ખલુ માણુસે ભવે,**
  ખરેખર, આ માનવભવ દુર્લભ છે, જે ચીજ દુર્લભ છે તેનું અનંતમૂલ્ય છે, તે મળ્યા પછી તેને યથાર્થ કરવું તે પ્રત્યેક માનવની નૈતિક જવાબદારી છે.
- આ જ સુધી આપણા આત્માનો અભિગમ હંમેશા કાયા તરફ રહ્યો છે, તેનો અભિગમ જો આત્મા તરફ બને, તો નિશ્ચે તેનો મોક્ષ થયા વગર ન રહે.
- પૌદ્ગલિક સુખ એક બંધન છે, તેમાંથી છૂટી જવું તે સાચી મુક્તિ છે, પણ તમને તો જે બંધન છે તે મુક્તિ લાગે છે અને જે ખરેખર મુક્તિ છે તે બંધન લાગે છે, આ વિપર્યાસ જ્યાં સુધી નહિ ટળે ત્યાં સુધી જીવની જન્મ-જરા-મરણમાં મુક્તિ નથી.
- જૈન શાસન મેળવીને ત્યાગ પ્રધાન બુધ્ધિ જે આત્મા કેળવે છે, તે ખરેખર પરમાત્માના વચનોની યથાર્થ કદર કરે છે, તેને પોતાનો Contrilinag Power મેળવ્યો છે, તેનાથી તે સદ્ગુણો પ્રાપ્ત કરી ચિરસ્થાયી નિરૂપાધિક સુખને ભોગવતો થશે.
- એકવાર મુક્તિ મેળવવા માટે જીવ સંકલ્પ કરે છે, પછી દુનિયાની કોઈપણ શક્તિ તેને અટકાવી શક્તિ નથી. કારણ કે સંકલ્પબળની શક્તિની તાકાત કાંઈ અલગ જ હોય છે.
- પરમતારક પરમાત્માએ બતાવેલા સર્વધર્મોમાં ઉત્કૃષ્ટ અને ચડિયાતો જો કોઈ ધર્મ હોય તો તે દયામય પંચ મહાવ્રતનો ધર્મ છે, જનાથી ચીકણા અને કઠિન કર્મોનો પણ ક્ષય સંભવિત છે.
- કોઈપણ ધર્મ હંમેશા મન-વચન-કાયાથી કરાય તો તેનું તત્કાળ ફળ જીવને પ્રાપ્ત

થાયછે.

- મનગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિ આ ત્રણેય ગુપ્તિઓથી ગુપ્ત બનેલો સાધક આત્મા બહિર્ભાવોથી વિમુખ બનીને, આંતરભાવોમાં લીન બને છે. આંતરભાવોની લીનતા તે જ આત્માની લીનતા છે.
- દુનિયમાં તમે જેને ચરમસીમાના સુખો કહો છો, તેનાથી પણ ચડિયાતા સુખો કોઈક જગ્યાએ વિદ્યમાન છે, પણ અફસોસ કે, તમને એ વાતની કલ્પના સુદ્ધા નથી.
- તત્ત્વ સાંભળતા સમજતા કે અભ્યાસ-વાંચન કરતા કંઈક તો તમને શંકા-પ્રશ્ન થવા જોઈએ ને ! તમને કોઈ દિવસ શંકા-પ્રશ્ન જ થતા નથી. તમને ખબર છે ? શંકા બે માણસને ન થાય. એક તો જેને તત્ત્વના વિષયમાં બધી જ સમજણ છે અને બીજો કે જેને તત્ત્વના વિષયમાં બિલકુલ સમજણ નથી. આ બંનેમાંથી તમારો નંબર શામાં છે ? શું તમને બધું જ આવડે છે ? તો મારે પાટ પર બેસવાની કોઈ જરૂર નથી. અને કાંઈ જ આવડતું નથી. તો બોલું તેટલું બધું જ તમને સીધી રીતે સમજાઈ છે ? સત્ય શું છે તે મને કહો !
- પરમાત્મા અમુક જ વચનો શ્રધ્ધાગમ્ય છે. બાકીના ઘણા વચનો પ્રાય: આપણને તર્કથી બરાબર મગજમાં બેસી જાય છે. બધું જ કાંઈ શ્રધ્ધાથી માની નથી લેવાનું, થોડો બુધ્દ્રિનો પણ ઉપયોગ કરવાનો કરવાનો છે.
- પરમતારક ગુરુદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારજાએ ઘણા પદર્થોને યુક્તિથી સિદ્ધ કર્યા છે, તેમના ગ્રંથોમાં આપણને યુક્તિ સિધ્ધ પદર્થો જરૂર જાણવા મળે.
- પ્રકાશનું એક કિરણ પણ એટલું શક્તિશાળી હોય છે કે પૃથ્વી પરના અંધકારને ઉલેચી દે છે, દિવાસળીની નાનકડી ચિનગારી પણ કપાસના ગોદામોના ગોદામોને ભસ્મીભૂત કરી નાંખે છે. તેમ આત્મામાં પણ સમ્યગ્દર્શનનું એકાદ પ્રકાશ કિરણ ઉગી જાય તો પડેલો મિથ્યાત્વનો ઘનઘોર અંધકાર ભાગી ગયા વગર ન રહે.
- સત્યમાર્ગને જે અપનાવે તેને બે-પાંચ ભવે પણ સમાધિરૂપ મોક્ષમાર્ગ મળ્યા વગર રહેતો નથી.
- જેને ખરેખર સમજણ પ્રાપ્ત થઈ ચૂકી છે, તે દુનિયાના અમાપ-સમાપ સુખોને લાત મારીને નીકળી પડયા છે, ખરેખર આવાય વિરલાઓના દર્શન તમને જૈન શાસનમાં થાય છે, બહાદુરી આને કહેવાય કે સામે ચડીને ઉપસર્ગોને લલકારે.
- દુનિયાની તીવ્ર વેદનાઓ પણ ભોગવવાની મારી તૈયારી છે, પણ સમ્યગ્દર્શન ગુમાવાની મારી કોઈ જ તૈયારી નથી. વેદાનાનું-દુ:ખ માત્ર કાયાને આભારી છે, જ્યારે મિથ્યાત્વનું દુ:ખ માત્ર આત્માને આભારી છે, કાયા તો રાખ થવાના સ્વભાવવાળી છે, જ્યારે આત્મા તો અનંત અસ્તિત્વવાળો છે.

- દુનિયાના તમામ પાપોમાં સૌથી ચડિયાતું પાપ મિથ્યાત્વનું છે, માટે અઢાર પાપસ્થાનકોમાં પાપનો બાપ મિથ્યાત્વને કહ્યો છે.
- કેવી અજાયબી ? કાલના દહાડે આવેલો નોકર આજે ઘરનો શેઠ બની બેઠો અને લાંબાકાળનો શેઠ બિચારો નોકર બનીને પેલા નોકરશેઠના પગ દબાવે છે, અને તે પણ હોંશે-હોંશે, મોહ નોકરના આત્માશેઠ હોંશે-હોંશે પગ દબાવે છે કે બીજુ કાંઈ ?
- સંસારના કહેવાતા બધા જ સુખો પૂર્વવર્તી દુ:ખોથી મિશ્રિત છે, એટલે કે જ્યાં પ્રથમ ક્ષણે દુ:ખ નથી. ત્યાં બીજી ક્ષણે પુદ્ગલ તમને સુખાનુભૂતિ ન કરાવે. આવા સુખો હોય તો ય શું ? અને ન હોય તો ય શું.....
- પહેલા આત્માની દૃષ્ટિનો ઉઘાડ કરો, પછી પ્રભુશાસનની તમારા હૈયામાં કિંમત સમજાશે, આંધળા માણસને જઈને પૂછો કે ભગવાનની દયાની પહેલીવાર જેને દૃષ્ટિનો ઉઘાડ થયો ત્યારે આ દુનિયા તેને કેવી મધુરી લાગી ?
- નિ:સ્વાર્થતા, પ્રેમ, સકલજીવો પ્રત્યોની કરૂણા, સમતા વગેરે ગુણો પ્રગટાવે તો અહિંયા જ આત્માને મોક્ષસુખોની અનુભુતિ થાય.
- ઘણા અહિંયા બેઠેલામાંના અમને કહી જાય કે સાહેબ ! ગમે તેટલું ધ્યાન રાખીએ તો ય ધર્મ કરતા-માળા ગણતા વિચારો ચાલ્યા જ આવે છે. મારે એવા લોકોને પૂછવું કે, નોટોના બંડલ ગણતી વખતે જોર જોરથી અવાજ કરતો વરઘોડો આવે તો ય તેનું મન એ વરઘોડામાં જાય, કદાચ ગામ આખું ય જોવા જાય, તો ય પેલો ખજાના પાસેથી ખશે ખરો ? કે ત્યાં સાપની જેમ બરાબર ચોંટીને રહે ? તમને આ Example થી કાંઈક સમજાયું હશે કે હું શું કહેવા માંગુ છું, તમને જે વસ્તુમાં બરાબર રસ છે, તેમાં જરાય મન ખસતું નથી. તમારૂં મન ચલિત થાય છે, તેનું નિદાન છે કે તમને તેમાં રસ નથી, નિરસતામાં તમારૂં મન ચલિત થાય, તેમાં તમારો વાંક છે, તે આરાધનાનો નહિ !
- પ્રભુની દેશનામાં બધા જ જીવો બેસતા હતા. પણ બેસનારા બધા તરી જાય તેવું ન હોય.
- જો ઉપાદાનમાં તરવાની લાયકાત હશે, તો નિમિત્તનો એક જ તણખો કાફી છે, ઘાસમાં સળગવાની તાકાત પડેલી છે, તો દિવાસળીની માત્ર એક જ ચિનગારી તેને સળગાવામાં કાફી છે.
- પરમાત્માએ કહેલા વચનોનો જ્યાં પ્રત્યેક્ષ અનુભવ છે. ત્યાં જ સમકિતની હાજરી છે, કેમ કે સમકિતી આત્મા આ તમામ ચીજોની સાક્ષાત્ અનુભૂતિ કરતો હોવાથી તેની શ્રધ્ધા ડગુ-મગુ થતી નથી.
- અવિરતિધરોના માસક્ષમણ પણ વિરતિધરની નવકારશીની સામે વામણા છે, કારણ કે વિરતિધર્મ એ પ્રભુની બતાવેલી આજ્ઞાની આરાધના છે, પ્રભુવચનમાં રહીને નાનકડો

ધર્મ કરનારો પણ મહાન લાભને વરે છે, શ્રેષ્ઠી-શ્રીમંતો ના ઘરમાં રહેલો નોકર પણ સામાન્ય માણસ કરતા ફાઈવસ્ટાર સગવડ મેળવતો હોય છે.

- જે જીવોમાં સામર્થ્ય નથી તેવા જીવોને પરમાત્માનું જૈન શાસન મળ્યું તો શું અને ન મળ્યું તો ય શું. જો કે આ પાંચમા આરામાં સામર્થ્ય વગરના કાયર જીવોનો રાફડો ફાટયો છે.
- પંચાચારમય ક્રિયાધર્મનું અનુપાલન કરનારો મહાત્મા એક દિવસ જરૂર ભાવધર્મને પ્રગટ કરે છે, ભાવધર્મ જ પ્રગટાવવો તે ક્રિયાધર્મનું મુળભૂત લક્ષ્ય છે.
- મહા સુદ-૧૩ પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયજયંતસેનસૂરિજી મહારાજાનો દીક્ષા દિવસ છે, આજે એ દિવસ આપણને સ્પર્શી રહ્યો છે, તે મહાસાધક આત્માના સાધનાકાળના ૨૫ વર્ષ પૂર્ણ થયા, ૨૫ વર્ષની સાધનાની મહામંઝિલને તેમણે સર કરી.
- ખરેખર આજના મૂલ્યવાન દિવસે તેઓના ગણાનુવાદને સમરીએ તો ઘણું-ઘણું આપણને જાણવા મળે. તેમના જીવનનો મૂળભૂત અને પાયાનો ગુણ દઢસંકલ્પ શક્તિ છે, જેમ નેપોલિયનની ડીક્ષનરીમાં અશક્ય નામનો કોઈ શબ્દ નહોતો. તેમ પૂ. ગુરૂદેવના જીવનમાં પણ અશક્ય શબ્દ નહોતો. અથાગ પરિશ્રમ કરીને એ મહાપુરૂષે આજે જૈન શાસનની આન-બાન અને શાનને ચાર ચાંદ લગાડયા છે.
- તે મહાપુરૂષના ગુણાનુવાદ કરવાનું તો આપણું ગજુ નથી જ પણ હૈયુ એમના ગુણાનુવાદ કરવા જ્યારે તલપાપડ હોય ત્યારે જીભ બોલ્યા વગર રહી જ કેમ શકે ? ગુણોની અનુમોદના કરવી તેનું નામ ગુણાનુવાદ છે. ગુરૂના ગુણોની સાચી અનુમોદના તો ગુરૂ જેવા ગુણોને પ્રગટ કરવા તે છે, ગુરૂની ગુરૂતાનું આકર્ષણ ગુણાનુવાદ છે.
- પૂજય ગુરૂદેવની શાંત સ્વભાવિકતાએ ભક્તોના મનને આકર્ષણ લગાડયું, જબરજસ્ત ભક્તગણો હોતે છતે પણ, ક્યારેય એમની ભક્તિમાં લલચાયા નથી. તે પણ કળા પૂ. ગુરૂદેવના જીવનમાં તમને જોવા મળે. સરળતા-સમાનતા અને સમાધિના ગુણ તો એવા કે આ જગતમાં જેનો જોટો જડે એમ નથી.

**વસ્તુ અને વસ્તુની વસ્તુતા**

પદાર્થની પદાર્થતા, વસ્તુની વસ્તુતા તે બંને પરસ્પર ક્યારેય એકબીજાથી અલગ નથી પડતા. આધાર-આધેયભાવથી એકબીજામાં પરસ્પર નિવાસ કરે છે, આધારમાં આધેયતા રહે છે, માટે આધાર એ રાખનાર છે, અને આધેયતા એ રહેનાર છે. આત્મા અને તેના ગુણો પણ તેવી રીતે એકબીજામાં રહે છે, આત્મા ગુણોનો આધાર છે, અને ગુણો આત્મામાં રહેનાર છે, આત્મા ગુણી છે, ગુણ આત્મવાન્ છે, વસ્તુના દરેક ધર્મમાં આ રીતે ગોઠવાયેલો છે. પરમાત્મા શાસનની પદાર્થ વ્યવસ્થા પણ જો સમજીએ તો તમે ચકાચૌંદ થઈ જાવ, તેમના પદાર્થ વિજ્ઞાન પર તમને ઓવરી જવાનું મન થાય. પણ

તમારી પાસે ભણવાનો-સમજવાનો કોઈ ટાઈમ છે ખરો ? સંસારના વ્યવહારોમાંથી જ્યાં સુધી ઊંચા ન આવો ત્યાં સુધી તમને જૈનશાસન ઓળખવાનું દુર્ગમ છે.

- મોક્ષમાર્ગની સાધનામાં સંકલ્પની વધુ મુખ્યતા રહેલી છે, કારણ કે જીવને અનાદિના સંસ્કારોને ભુસવા માટે આકરી મહેનત કરવી પડશે, જે જીવને સંકલ્પ સિવાય શક્ય નથી. સંકલ્પ શક્તિની મહાનતા એટલા માટે છે કે તેમાં આત્મબળ પણ ભળે છે, જેમાં આત્માની શક્તિ વપરાય છે, તે વસ્તુની શક્તિ ઘણી વધી જાય છે.
આત્મા સંસારમાં ગળાડુબ છે, કારણ કે તેમાં આત્મબળ ભળેલું છે, આત્માની અપ્રતિમ શક્તિ સંસારમાં વપરાય છે, માટે સંસાર ફાલ્યો-ફુલ્યો રહ્યા કરે છે, તેને સુકવવો હોય તો તેમાંથી આત્મબળને કાઢી નાંખો, પછી તેની તાકાત નથી કે તે દીર્ઘકાળ સુધી ટકી શકે. જીવે ધંધામાં એકવાર સંકલ્પ કર્યો કે મારે અગણિત વિકાસ કરવો છે પછી તમે શું પરિણામ લાવો છો તે તમે સારી રીતે જાણો જ છો. મેં તો કંઈ ધંધો કર્યો નથી માટે મારા કરતાં તમે આમાં વધારે નિપુણ છો.

- આ જગતમાં જીવો ચાર પ્રકારન પુરૂષાર્થ કરતા જોવા મળે છે, ધર્મ-અર્થ-કામ અને મોક્ષ, ભવાભિનંદી જીવો મોટે ભાગે અર્થ અને કામ પુરૂષાર્થની આળ-પંપાળમાં જ પોતાનું જીવન પુરૂં કરે છે, ખરેખર તેઓ નિર્વિચારક છે. જ્યારે બુધ્ધિવાન પુરૂષો ભવિષ્યનો વિચાર કરતા હોવાથી ધર્મ પુરૂષાર્થને જ લક્ષમાં લે છે, ધર્મમાં પરૂષાર્થ કરનારો માણસ નક્કી બુધ્ધિમાન હોય છે, કેમ કે તેના સિવાય તેને ધર્મ માટે પ્રવૃત્તિ કરવાનું મન જ ન થાય.
- પુન્યાશ્રાવકને ધર્મ-મોક્ષ પુરૂષાર્થની કિંમત સમજાઈ ગઈ હતી. માટે ધન કમાવવાનો

અને અર્થ-કામને પોષવાનો વૃથા પુરૂષાર્થ એણે છોડી દીધો. તમને ખબર છે ? કે પહેલા તેનું નામ પુનમચંદ શેઠ હતું, પણ આ સંસારનો નિયમ છે કે નાણા હોય તો નાથાલાલ કહીને બોલાવે અને નાણા ન હોય તો નાથીયો કહીને બોલાવે, તેમ પુનમચંદ શેઠ, પરમાત્માની અપરિગ્રહીપણાની વાણી સાંભળીને અત્યંત પ્રભાવિત થયા, પ્રતિબોધિત થયા. પોતાની પાસે રહેલો કરોડો-અબજો સોનામોહરોનો કારોબાર બંધ કરી નાંખ્યો, એટલાથી તેમને સંતોષ નહોતો પણ પોતાની પાસે રહેલી પરિગ્રહની સંપત્તિ તેમને અજગર જેવી ભાસવા લાગી, અજગરને જેમ કોઈ ઘરમાં ન રાખે તેમ પરિગ્રહને પણ તેઓ ઘરમાં રાખવા નહોતા માંગતા. પોતાની જરૂરિયાતથી વધારે બધી જ સંપત્તિ સાતેય ક્ષેત્રમાં ખર્ચી નાખી, તમારી જેમ બેંક બેલેન્સ કે મેડીક્લેઈમનો વિચાર નથી કર્યો કે કાલે શરીરમાં આધિ-વ્યાધિ-ઉપાધિ આવશે તો પૈસા વગર શું કરીશું ? પણ તેમને કર્મ ના અચલ સિધ્ધાંત પર અવિચલ શ્રધ્ધા હતી. આવતીકાલ માટે પણ જેઓ એકસ્ટ્રા ધન નહોતા રાખતા તે આત્માનું સત્ત્વ કેવું હશે તેની તમે કલ્પના કરજો.

એકવાર તેમને પ્રભુની સાધર્મિકભક્તિ સંબંધી દેશના સાંભળી અને તેમને સાધર્મિક ભક્તિ કરવાનું મન થયું, પણ લીધેલા નિયમમાં જરાય બાંધ-છોડ કરવાની તેમની તૈયારી ન હતી. છેવટે પોતાની ધર્મપત્નીએ એકાંતરે બંને જણાએ વારાફરતી ઉપવાસ કરીને સાધર્મિકભક્તિ કરવાનું સૂચવ્યું, ધન્ય છે, તે પન્યાને અને ધન્ય છે તેની ધર્મી પત્નીને, આમ તો અમે કોઈની પત્નીના વખાણ ન કરીએ, પણ જો ધર્મ કરવામાં સાથ આપે તો તેના જરૂર અમે વખાણ કરીએ, આચાર્ય ભગવંતો પણ સવારે ઉઠીને જેમનું સ્મરણ કરે, તેવા ગુણો તેમના જીવનમાં હતા.

તમને ખબર પડી હશે કે જેને ધર્મમાં શ્રધ્ધા બેસી જાય, તેના જીવનમાં કેવી અપ્રતિમ ત્યાગભાવના પ્રગટ થાય છે, અને એ ત્યાગભાવનાને ટકાવી રાખવા પણ કેટલી મુશ્કેલી અને કષ્ટોનો સામનો કરે છે, જ્યારે તમને તો ધર્મ કરતા સહેજ કષ્ટ પડે કે સીધા પાણીમાં બેસી જાઓ.

- તેમે પર્યુષણમાં ૮ દિવસ જે ધર્મ કરો છો, તેમાં ય તાત્ત્વિક ધર્મ કેટલા જણ કરતા હશે તે સવાલ છે, કેમ કે લોકમાનસમાં એવી જ ભાવના છે કે જૈન કુળમાં જન્મ્યો છું, માટે ૮ દિવસ તો તપ વિગેરે કરવા જોઈએ, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરવી જોઈએ, પણ મારે કહેવું છે કે, કોઈપણ ધર્મ જ્યાં સુધી તાત્ત્વિક રૂપથી નહિ કરવામાં આવે ત્યાં સુધી તમને તેના મીઠા ફળો પ્રાપ્ત નહિ થવાના.
- હું તો કહું છું કે જૈનશાસન તમને બહુ જ ગમતું હોય કે ઓછું ગમતું હોય તો પણ મનમાં સંકલ્પ કરજો કે મને જૈનશાસન ભવોભવ મળજો.
- અભવ્ય સિવાયના બધા મોક્ષે જવાના એટલે આરાધના કરીને મારે શું કામ છે, આવું જે વિચારે છે, તે પ્રાય: અભવિ છે.

- અભવિ આત્મા પણ ધર્મ કરે, પણ તેનો ધર્મ સંસારિક સુખ મેળવવા માટે હોય છે.
- ધર્મ કરવાનો એકમાત્ર હેતુ કર્મ ખપાવવા સિવાય બીજો ન હોવો જોઈએ, કારણ કે સર્વ દુઃખોનું મૂળ કારણ આત્માએ બાંધેલા કર્મો છે, જેને દૂર કર્યા સિવાય ક્યારેય સુખ મળી શક્તું નથી. જો કે તમારા મગજમાં આ વાત બેસાડવા માટે અચ્છા-અચ્છા ઉપદેશકો પણ ફેઈલ થઈ ગયા છે, તમને વસ્તુઓથી જ સુખ લાગે છે, તો પછી કર્મ દૂર કરવાની અમે ગમે-તેટલી વાત કરીએ તે તમને ક્યાંથી રૂચવાની છે. વળી અત્યારે તમારૂં પુન્ય જોરમાં છે. એટલે મનમાં ઈચ્છો તે બધી ઈચ્છાઓ પૂરી થાય છે. તેથી ધર્મ-કર્મની વાત તમને ક્યાંથી ગમવાની ?
- ક્યારેક તો તમારા આત્માને જઈને પૂછો કે હે આત્મન્ ! તું માનવગતિમાં શા માટે આવ્યો ? અને અહીં આવીને તારી શી પ્રવૃત્તિ ચાલી રહી છે ? તું રસ્તો ભૂલ્યો લાગે છે, ભાન ભુલ્યો લાગે છે, માટેસ્તો અર્થ-કામની પ્રવૃત્તિમાં મસ્ત બની ગયો છે.
- વ્યવહારધર્મ અનંતકાળ કર્યો છતાંય આપણે મોક્ષે નહિ પહોંચી શક્યા તેનું કારણ કે ભાવધર્મ તરફ ક્યારેક તમારૂં-અમારૂં લક્ષ્ય પહોંચી નથી શક્યું.
- આત્મામાં ગુણોની વૃધ્ધિ કરવાનો દૃઢ સંકલ્પ કરીએ.
- આત્મને છેતરવો તે સૌથી-મોટું પાપ છે, જેને આત્મવંચના કહેવાય છે, જેઓ આત્મવંચના કરે છે, તેઓ મિથ્યાત્વી કહેવાય છે, અધ્યાત્મના શાસ્ત્રોમાં આનાથી વધારે મોટું પાપ કોઈ જ નથી. ઘોર હિંસા પણ તેની સામે નાનું પાપ છે.
- હિંસાની પ્રવૃત્તિ તે દેખાતી પાપની ક્રિયા છે. જ્યારે હિંસક વૃત્તિ એ નહિ દેખાતી પાપની ક્રિયા છે. માણસ જે આંખ સામે દેખાય છે, તેને ઘોર પાપ માને છે, અને જે નથી દેખાતું તેને અવગણે છે.
- જેમ-જેમ સહન કરશો તેમ-તેમ સહનશક્તિનો વિકાસ થશે.
- ઘરની બારી ખુલ્લી રાખે અને ભયંકર વાવાઝોડું ફુંકાતું હોય, તો એ ઘરમાં બહારનો કચરો બધો આવી, તેમ આત્મા પણ જો વ્રતરૂપ બારી દ્વારા, આત્મામાં આવતી ગંદકી બંધ ન કરે તો કર્મોનો કચરો અંદર આવી જાય. કેમકે નિયમો અને વ્રતો બારી છે, તેનાથી આત્મામાં સંવર થાય છે.
- આત્મા અને શરીર બંને એકબીજાથી ભિન્ન છે, તેનું જ્ઞાન ત ભેદજ્ઞાન છે, શરીર પરના મમત્વનો ત્યાગ કરવા, ભેદજ્ઞાન કરવું ખૂબ જ જરૂરી છે, અનાદિની રાગદશા તોડવા માટે ભેદજ્ઞાન ખૂબ ઉપયોગી થઈ પડે.
- કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મ. સા. લખે છે કે ઉપસર્ગો-કષ્ટો કે પરિષહોને સહન કરનારા સાધકો હંમેશા ભેદજ્ઞાનથી પોતાનો આત્માને ભાવિત કરતા

હોય છે. જે ભેદજ્ઞાનના પ્રભાવે તેમને કષ્ટો-પરિષહો સહન કરવામાં દુઃખોની અનુભૂતિ થતી નથી. કારણ કે જેટલે અંશે શરીરનો મમત્વભાવ તેટલે અંશે તેમને કષ્ટની અનુભૂતિ અને જેટલે અંશે શરીરનો મમત્વભાવ નષ્ટ થાય તેટલે અંશે કષ્ટ-પરિષહો તમને દુઃખની અનુભૂતિ કરાવી શકતી નથી.

દિવસના અઢાર પાપ કરીને પૈસો કમાવનાર લોકોને પણ નથી થતું કે અમારા જીવનમાં આટલા પાપો જ્યારે બંધાતા હોય, ત્યારે તેનાથી છુટવા માટે કાંઈક ધર્મક્રિયા કરૂં, પણ તમને લાગે છે કે હું જે કરૂં છું તે પાપ છે ? પાપ ને જ્યાં સુધી પાપ તરીકે માનવાની તૈયારી નથી ત્યાં સુધી તમે હજુ સમ્યગ્દર્શનની ભૂમિકામાં પણ પ્રવેશ્યા નથી. હકીકતમાં જે જીવ હજુ સમ્યક્ત્વને પામ્યો નથી, તેને ધર્મબોધ આપવા લાયક નથી તેમ શાસ્ત્રો જણાવે છે. જો તમારી ચકાસણી કરવા બેસુ તો મને લાગે છે કે આમાંથી આંગળીના વેઢે ગણાય એટલા માણસો મળે, બાકીનાઓને અમારે રવાના કરવા પડે પણ જ્ઞાનીઓની મહેરબાની છે કે તમને અહિ બેસવા દીધા છે.

અપૂર્વકરણ

- જે પૂર્વે ન થયું હોય, તેવું કરણ-કાર્ય તે અપૂર્વકરણ કહેવાય, પૂર્વે ન કરેલી ક્રિયા તે અપૂર્વકરણ છે, આ ક્રિયા આત્માને પોતાના ભવચક્રમાં એક જ વાર થાય, જે આત્માનો મોક્ષકાળ નજીક છે, તેને આ અપૂર્વકરણનો અધ્યવસાય ઉત્પન્ન થાય છે, આ કરણ દ્વારા મોહની ઉત્કૃષ્ટ સ્થિતિના ભાંગીને ભુક્કા કરી નાંખે અને ફરીવાર આવી ઉત્કૃષ્ટ સ્થિતિ તેને ક્યારેય ન બંધાય, આથી તેને અપૂર્વકરણ કહેવાય.
- પાપ કરનારા જીવને એટલી પણ જો ખબર હોય કે હું જે કરૂં છું તે પાપ છે, તો ભવિષ્યમાં ક્યારેક પણ તેને પાપથી પાછા હટવાના ચાન્સ છે, જેમ રાત્રિભોજન કરનારાને ખબર હોય કે હું જે કરૂં છું તે પાપ છે. તો એ પર્વતિથિ, સંવત્સરી વિગેરે મોટા દિવસે તો તે રાત્રિભોજનનો ત્યાગ કરે છે. તેથી જાણકારી તો મેળવી જ જોઈએ.
- સમકિતી આત્મા પાપ કરતી વખતે પાપ કરે છે પણ સમય આવતા તેને છોડતા વાર પણ નથી લાગતી.
  - સમકિતી આત્માને પાપનો બંધ અલ્પ થાય છે.
  - મિથ્યાત્વની ઉપસ્થિતિમાં સંસારનો રાગ યથાવત રહે છે.
  - મિથ્યાત્વથી પાપની રૂચિના સંસ્કારો પડે છે.
  - કર્મના બંધ ચાર પ્રકારે થાય છે.

  પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ

  - **પ્રકૃતિ**

  કર્મ કેવું ફળ આપશે ? કર્મના ફળનો સ્વભાવ નક્કી થવો તેને પ્રકૃતિબંધ કહેવાય, જેમ સુંઠનો લાડવો. તેની પ્રકૃતિ તીખી, મેથીનો લાડવો તેની પ્રકૃતિ કડવી વિગેરે.....

  - **સ્થિતિ**

  કર્મને રહેવાનો સમય તે સ્થિતિ છે, કેટલા સમય સુધી આત્મા પર કર્મ રહેશે, તે કર્મની સ્થિતિ છે, કર્મનો કાળ નક્કી થવો તે કર્મની સ્થિતિ છે, જેમ સુંઠનો કે મેથીનો લાડું ક્યાં સુધી રહેશે ? વિગેરે.....

  - **રસ**

  કર્મના ફળની તાકાત તે રસ છે, કેટલી તાકાતથી તે આત્મા પર ત્રાકટશે, તેની શક્તિ નક્કી થાય છે, જેમ દરેક લાડવાની મધુરતાઓમાં ફરક હોય છે, તેમાં કોઈક વધારે ગળ્યો, કોઈક ઓછો ગળ્યો, તેમ જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મો દરેક જીવને બંધાય પણ દરેક જીવને તેનું ફળ સરખું ન મળે. બંધ કદાચ સરખો દેખાય પણ ફળમાં ઘણો ફરક હોય, કોઈકને કર્મનું ફળ હળવું અનુભવાય, કોઈકને કર્મનું ફળ ગાઢ અનુભવાય તે બધુ રસબંધ પર આધારિત છે.

o **પ્રદેશ**

કાર્મણવર્ગણાનો જથ્થો નક્કી થવો, કેટલી માત્રામાં કાર્મણ વર્ગણા બંધાશે, તે પ્રદેશબંધ છે, કર્મ રજકણોની માત્રા નક્કી થવી, તે પ્રદેશબંધ કહેવાય.

- એક અપેક્ષાએ કહીએ કે નિર્જરા કરવા માટે ખાસ પ્રયત્નની આવશ્યકતા નથી, કેમ કે તે તો તેની સ્થિતિ-કાળ પૂરો થતા ઓટોમેટિકલી ખરી પડે છે, પણ કર્મોના આવવાના દરવાજા જ્યાં સુધી ખુલ્લા છે, ત્યાં સુધી ગમે તેટલા કર્મોનો ક્ષય કરવાની આરાધના કરીએ તો પણ તેનાથી ખાસ કોઈ અર્થ સરતો નથી.
- ભલે સંવર તમને આજે નથી ગમતો, પણ કાલે ય તેનો સ્વીકાર કરવો પડશે, કેમ કે તેના સિવાય આત્માનો મોક્ષ નથી.
- બાવ્રતનો સ્વીકાર કરવો, નિયમોનું પાલન કરવું. સંયમિત જીવન જીવવું, રાત્રિ ભોજનન ઇત્યાદિ પાપો બંધ કરવા. ૧૮ પાપોનો ત્યાગ કરવો આ બધા સંવરના પ્રકારો છે.
- આત્મા અરૂપી છે, એટલે કે તેને શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ નથી, જે રૂપી હોય તેને શબ્દ-રસ-ગંધ-સ્પર્શ હોય, અરૂપીને આમાનું કશું નથી હોતું. કેમ કે અરૂપીને રૂપ નથી, પણ એનો અર્થ એ નથી કે તેનું દુનિયામાં અસ્તિત્વ નથી, મને કહો કે માનવ મગજમાં રહેલી બુધ્ધિ અરૂપી છે, તેથી તેને નકારી શકે ખરૂં ?
- શાસ્ત્રો કહે છે કે શરીરમાં જ્યાં જ્યાં વેદના થાય છે,ત્યાં ત્યાં આત્મપ્રદેશનું અસ્તિત્વ છે, માત્ર વાળ અને નખ શરીરના એવા અંગ છે, જ્યાં કોઈ વેદના નથી થતી, કેમ કે ત્યાં આત્મપ્રદેશ નથી.
- એક સોયની અણી ઉપર અસંખ્ય જીવો રહી શકે છે તેવું શાસ્ત્રીય વિધાન શરીરની અતીવ સૂક્ષ્મતા સૂચવનાર છે.
- કેવળી ભગવંતો આત્માના ભૂતકાળ અને ભવિષ્યકાળના પર્યાયને જાણે છે.૮૪ લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરીને જીવ જે-જે પર્યાયો ધારણ કર્યા, તે બધા ભવોના કેવલજ્ઞાની સાક્ષી છે.
- અસંખ્યાત પ્રદેશી આત્માના માત્ર એક પ્રદેશની અંદર એટલી તાકાત રહેલી છે કે સૃષ્ટિનો સર્વનાશ પણ કરી શકે અને સર્જન પણ કરી શકે, સર્જન-વિસર્જનની અમાપ શક્તિ આત્માના માત્ર એક જ પ્રદેશમાં પડી છે. તો એ સર્વ પ્રદેશો જ્યારે એક સાથે સાધના કરવા લાગી જાય તો તે આત્માનો મોક્ષ થવો કેટલો જ સહેલો છે.
- આ જગતમાં છ દ્રવ્ય છે.

| | |
|---|---|
| ધર્મસ્તિકાય | જીવાસ્તિકાય |
| અધર્માસ્તિકાય | પુદ્‌ગલાસ્તિકાય |

આકાશાસ્તિકાય કાળ

દરેકના ગુણધર્મો જુદાં-જુદા બતાવવામાં આવ્યા છે.

- **ધર્માસ્તિકાય :** જે ચાલવામાં-ગતિમાં જીવ અને અજીવને સહાય કરે, જેમ માછલીને દરિયામાં તરવું હોય તો, શક્તિ હોતે છતે પણ દરિયામાં પાણી ન હોય તો તે તરી શક્તિ નથી, તેમ જીવ કે અજીવ ધર્માસ્તિકાય ન હોય તો ગતિની કોઈપણ ક્રિયા તે કરી શક્તા નથી. ઉર્ધ્વગતિના સ્વભાવવાળો આત્મા સિદ્ધશિલાથી આગળ ઉર્ધ્વગતિ નથી કરતો, કારણ કે સિધ્ધશિલાની પેલે પાર ધર્માસ્તિકાય નામનો પદાર્થ નથી.
- **અધર્માસ્તિકાય :** જો જીવ કે અજીવ માત્ર ગતિ કરે, તો જગતનો વ્યવહાર અવ્યવસ્થિત થઈ જાય, માટે જ્યાં ગતિ છે ત્યાં સ્થિતિ પણ હોય જ, તે સ્થિતિ કરવામાં અધર્મા સ્તિકાય નામનો પદાર્થ જીવ કે અજીવને સહાય કરે છે, સમુદ્રમાં તરતી માછલીને જેમ પાણી મદદ કરે છે. તેમ અધર્માસ્તિકાય તેને સ્થિતિ કરવામાં સહાય કરે છે.
- **આકાશાસ્તિકાય :** તેનું મુખ્ય કાર્ય જગ્યા-અવકાશ આપવાનું છે, દરેક રૂપી પદાર્થોને રહેવા માટે જગ્યા જોઈએ, એ જગ્યા આપણને આકાશાસ્તિકાય આપે છે.
- **જીવાસ્તિકાય :** આ સૃષ્ટિમાં રહેલા દરેક જાતિના જીવો, દરેક ગતિના જીવો, શરીરધારી જીવો અને શરીર વગરના જીવો, તે બધા જ જીવોનો સમાવેશ જીવાસ્વિકાયમાં કરવામાં આવ્યો છે.
- **પુદ્‌ગલાસ્તિકાય :** દુનિયામાં જે બધું દેખાય છે, વળી શબ્દ-રૂપ-ગંધ-સ્પર્શ-વર્ણના સ્વભાવવાળુ જે કાંઈ દેખાય છે, તે બધું જ પુદ્‌ગલ છે, જે સતત બદલાવના સ્વભાવવાળુ છે. સંસારનો આનંદીજીવ આનંદ લુંટવાનું મુખ્ય કામ આ પુદ્‌ગલાસ્તિકાય કરે છે.
- **કાળ :** ભૂત-ભાવી અને વર્તમાન આ ત્રણે કાળના પ્રકારો છે, વર્તના-વર્તવું-વસ્તુનું કે જીવનું વર્તવું-રહેવું અથવા વસ્તુ-જીવને રાખવાનું કાર્ય કરે તે કાળ, જેની કોઈ સ્થિરતા નથી તેને કાળ કહેવાય છે.

  આ છ એ દ્રવ્ય જગતમાં શાશ્વત છે, ક્યારેય તેનો નાશ સંપૂર્ણપણે નાશ થયો નથી અને થવાનો નથી.
- જ્ઞાનવરણીહા કર્મ બાંધ્યા પછી તેને ખપાવવાની કોઈ પ્રવૃત્તિ ન કરે તો પણ તે ૩૦ કોડાકોડી સાગરોપમના અંતે આત્મા પરથી ખરી પડે છે, અને જીવને કેવળજ્ઞાન થાય છે. પણ જુના કર્મોનો ખરી પડવાનો સમય પાકે એની પહેલા નવા જ્ઞાનાવરણીયકર્મોને તે બાંધી લે છે. બાકી તો જીવનો ક્યારનોય મોક્ષ થઈ જાય.
- સૂક્ષ્મશરીરવાળા જીવો આપણને દેખાય નહિ, અરે, અસંખ્ય સૂક્ષ્મશરીરો ભેગા થાય, ત્યારે બાહ્ય શરીર બને છે અને ત્યારે આપણે જોઈ શકીએ છીએ.

- ધર્માત્મા કોને કહેવાય તમે જાણો છો ? ધર્મ કરતા-કરતા કદાચ કષ્ટ આવી પડે તો ય ધર્મને છોડે નહિ, પણ મક્કમ રહે તે સાચો ધર્માત્મા છે.
- **સકામ નિર્જરા :** સામે ચાલીને ઉપસર્ગો-પરિષહોને જે સહન કરે તેને સકામ નિર્જરા કહેવાય. તે ઉપસર્ગોને સહન કરતી વખતે હૈતામાં હામ હોય, શુભધ્યાનમાં, ધર્મ ધ્યાનમાં લીન હોય તો સકામ-નિર્જરા થાય, તેનાથી પળવારમાં આત્મા સેંકડો કર્મોનો સફાયો બોલાવી દે છે. આ સકામવિર્જરા જ્ઞાની આત્મા જ કરી શકે છે.
- **અકામનિર્જરા :** કષ્ટને ઈચ્છે નહિ પણ કષ્ટ સામેથી આવી જાય તો તેને વધાવી લે, કષાય કે દુર્ધ્યાન કર્યા વગર સરળ અને શાંત ભાવે કષ્ટને ભોગવી લે, તેને અકામનિર્જરા કહેવાય. હા, અકામનિર્જરા કરતા-કરતા પણ જો હાય-હાય થઈ જાય તો તેને નિર્જરા ન થાય. કેમ કે હાય-હોય કરવી તે તો આર્તધ્યાન છે.
- નિગોદમાં રહેલા જીવને ૧ સેકન્ડ સુધી પણ શાતા નથી મળતી. બિચારો તે જીવ અકામનિર્જરાની પાવલી ભેગી કરીને ઉપર આવે છે, આપણી પણ આ જ પરિસ્થિતિ હતી.
- કાળચક્રના બે વિભાગો છે (૧) ઉત્સર્પિણી (૨) અવસર્પિણી.
  ૨૦ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર છે જેમાં તેમાં
  પ્રથમ આરો - ૪ કોટાકોટિ સાગરોપમ
  દ્વિતીય આરો - ૩ કોટાકોટિ સાગરોપમ
  તૃતીય આરો - ૨ કોટાકોટિ સાગરોપમ
  ચતુર્થ આરો - ૪૨૦૦૦ વર્ષન્યૂન એક કોટાકોટિ સાગરોપમ
  પાંચમો આરો - ૨૧૦૦૦ વર્ષ
  છઠ્ઠો આરો - ૨૧૦૦૦ વર્ષ.
  આ રીતે કાળચક્રનો એક વિભાગ અવસર્પિણનો પૂરો થયો. તેમાં ૧૦ કોટાકોટિ સાગરોપમનો કાળ પૂરો થયો. તેવી રીતે ઉત્સર્પિણીનો પણ ૧૦ કોટાકોટિ સાગરોપમનો કાળ ગણવાનો. તેથી ટોટલ ૨૦ કોટાકોટિ સાગરોપમનું એક કાળચક્ર પુરૂ થાય.
  આ જીવે સંસારવાસની અંદર આવા અસંખ્યાત કાળચક્ર પૂરા કર્યા. આશ્ચર્ય એ વાતનું છે કે આટલું ભ્રમણ કર્યા પછી પણ જીવને શ્રમની અનુભૂતિ થતી નથી.
- જીવની યાત્રા નિગોદમાંથી શરૂ થાય છે, જીવ નિગોદના ભવમાં સાડા સત્તર વાર જન્મે અને મરે છે, આ જન્મ અને મરણની પીડા તેમના માટે સાતમી નરક કરતા પણ વધારે કાતિલ છે. આવી રીતે અકામ નિર્જરા કરતો-કરતો જીવ સૂક્ષ્મમાંથી બાદર નિગોદ આવે, ત્યાર પછી તેની પરિણતિ પ્રમાણે તેની વિકાસયાત્રા આગળ વધે છે.
- અવ્યવહાર રાશિમાંથી વ્યવહર રાશિમાં આવવું એટલે વ્યવહાર જગતમાં તેના શરીરનો

ઉપયોગ થવો. દા.ત. બટાટા એ વનસ્પતિકાયની નિગોદ છે, વનસ્પતિનો લોક જગતમાં બટાટું તેવું નામ છે, અને અજ્ઞાન લોકો તેને ખાવાના શાક રૂપે ઉપયોગમાં લે છે. આને કહેવાય કે વ્યવહાર રાશિમાં બાદર નિગોદના જીવનો પ્રવેશ થયો. ત્યાં પણ ખૂબ વેદના, ત્રાસ અને અકળામણ ભોગવવાની હોય છે. તેમાથી જ અકામ નિર્જરા સાધીને જીવ માનવાદિ ગતિને પામે છે.

- અધ્યાત્મને પામવા માટે જીવે હંમેશા પોતાના આત્માને પાંચ પ્રશ્નો પુછવા જોઈએ.
  1. આ જીવ ક્યાંથી આવ્યો ?
  2. જીવને અહીં લાવનાર કોણ ?
  3. અહીંથી મરીને ક્યાં જવાનો ?
  4. જીવ અહીં રહીને વર્તમાનમાં શું ક્રિયા કરી રહ્યો છે ?
  5. જીવનું લક્ષ્ય શું છે ?

- સમકિતી આત્મા હંમેશા વિવેકબુદ્ધિથી ચાલતો હોય છે. વિવેકબુદ્ધિ માટે શાસ્ત્રમાં સુંદર વ્યાખ્યા આપવામાં આવી છે.

  હેય - છોડવા યોગ્ય

  જ્ઞેય - જાળવા યોગ્ય

  ઉપાદેય - આદરવા યોગ્ય

  સમકીતી આત્મા આ ત્રણેય જાતના વિવેકથી યુક્ત હોય છે.

- આંખના માત્ર એક જ પલકારામાં અસંખ્યાત સમય પસાર થઈ જાય. તેમાનાં એક સમયની અંદર જીવ મોક્ષગતિનું ચૌદરાજલોકનું અંતર વટાવી દે. આ જીવની અનન્ય શક્તિનો કેવો જબરજસ્ત નમૂનો છે.

- જીવના પરિભ્રમણના બે કાળો હોય છે.
  પ્રથમ ચરમાવર્તકાળ અને દ્વિતીય અચરમાવર્ત કાળ.
  જે જીવનું મિથ્યાત્વ મંદ પડી ગયું છે, તે ચરમાવર્તકાળમાં હોય છે અને જેનું મિથ્યાત્વ પ્રબળ છે તે અચરમાવર્તકાળમાં હોય છે.

- **કાળ પરિપાક :-**
  કાળનો પરિપાક થયા સિવાય કાર્ય શક્ય નથી બનતું. ગુજરાતી ભાષામાં સુંદર કહેવત છે, કે **ધીરે રે ધીરે મના, ધીરે સબકુછ હોય,**
  **માલી સીંચે સો ઘડા, ઋતુ આવે ફલ હોય.**
  જેમ કેરીના પાકને જલ્દી મેળવવા કોઈ માણસ એક સાથી સો-સો ઘડા પાણી સીંચે, તો પણ વગર ઋતુએ કેરીનો પાક ન ફળે, તેવી જ રીતે જ્યાં સુધી મોક્ષકાળ ન પાકે ત્યાં સુધી, કરાતો ધર્મ તેને માત્ર સદ્ગતિઓ જરૂર આપે પણ મોક્ષ માટે તેનો સમય પાકવો જરૂરી છે.

- સમકિત પામ્યા પછી જીવને ક્યારેય કર્મની ઉત્કૃસ્થિતિનો બંધ ન થાય. અને ક્યારેય ગાઢ કર્મનો બંધ ન થાય. લખ્યું છે ને ! કે **સમ્મદિટ્ઠી જીવો જઈ વિ હુ પાવં સમાયરે કિંચિં, અપ્પોસિ હોઈ બધો જેણ ન નિદ્ધંધસં કુણઈ ।**
  કદાચ આત્મા કર્મને વશ બનીને પાપ કરવા તરફ પ્રરાય તો પણ નિધ્વંર્શ પરિણામ ન હોવાથી કર્મનો આકરો બંધ થતો નથી.
- શરીરના જે-જે ભાગોમાં વેદન કે વેદના થાય ત્યાં ત્યાં જીવના આત્મપ્રદેશોનો વાસ છે, અર્થાત્ સાદી ભાષામાં ત્યાં જીવ છે.
- સ્કંધોના સમૂહને વર્ગણા કહેવાય. આવી વર્ગણા અનેક પ્રકારે છે, જેમ ઔદારિક, આહારક, તૈજસ, કાર્મણ વૈક્રિય, મન વગેરે.
- સૂક્ષ્મ નિગોદના સેંકડો જીવોના સ્કંધો જ્યારે ભેગા થાય ત્યારે વર્ગણા બને છે. તેવા સ્વરૂપને આપણે ચક્ષુથી જોઈ શકીએ છીએ.
- આધુનિક વિજ્ઞાન કદાચ શબ્દ-રૂપ-ગંધ-સ્પર્શની નીતનવી શોધ કરી શકે, પણ જે રૂપાતીત છે તેને શોધવા માટે માત્ર જ્ઞાની ગુરૂનો જ હાથ પકડવો પડે.
- ભાવ એટલે ઉપાદાનની શક્તિ.
  નિમિત્તોમાં જ્યાં સુધી ઉપાદાનની શક્તિ નથી ભળતી ત્યાં સુધી શુભ કે અશુભ નિમિત્તો જીવ માટે કાંઈ જ કાર્ય કરી શક્તા નથી.
- ઘણા લોકોની ફરિયાદ છે કે, સાહેબ ! પણ દીક્ષાના ભાવ કેમ નથી જાગતા ? તો એ ઘણા લોકોને મારી ફરીયાદ છે કે આજે નિંદાનું પ્રમાણ કેટલું વધ્યું છે તે નિંદા સાધુ-સંતોને પણ છોડતી નથી. તમારે વિરતિના પરિણામ જગાડવા હોય તો નક્કી કરો ક્યારેય કોઈ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની નિંદા ન કરવી, તેમ કરવાથી જીવને ચારિત્રના પરિણામમાં અવરોધ થાય છે.
- જેની જ્ઞાનદશા જાગે છે, તેને પરમાત્માની સાથે કનેકશન કરવામાં વાર નથી લાગતી.
- જેનો ધર્મ અનુબંધવાળો છે, તેને ધર્મનો સાથ-સંગાથ પરલોકના સેંકડો ભવો સુધી મળતો રહે છે.
- જીવને સમાધિકરણ મેળવવા માટે શરીર પણ તે રીતે કેળવવું જોઈએ, પ્રાય: મરણ સમાધિ પ્રકીર્ણકમાં કહ્યું છે કે સમાધિમરણ મેળવવા માટે શરીરને તપ કરીને કૃશ બનાવવું જોઈએ. કૃશ થયેલા શરીરમાંથી પ્રાણોને નીકળવું સહેલું પડે છે, તેવા શરીરમાં વેદનાની તીવ્રતા ઘટી જવાની, પીડાની અનુભૂતિ ઘટી જવાથી પીડા સહન કરવામાં સમાધિ રાખી શકાય છે. પરંતુ સ્થૂલ શરીરમાંથી પ્રાણને નીકળતા અસહ્ય વેદના અને ત્રાસ ભોગવવો પડે છે.
- સમાધિ મરણ જોઈતું હોય તો પહેલેથી જ શરીરને કષ્ટ ભોગવવાની ટેવ પાડો. જેમને

કષ્ટ ભોગવવાની ટેવ પડે તેને કષ્ટ હોતે છતે પણ કષ્ટની અનુભૂતિ ન થાય.

- જે સાધકો ઉપસર્ગો-પરીષહોને આસાનીથી સહન કરી શકે છે, તેઓ જ્ઞાનદશાને પામેલા છે, નહિ તો ઉપસર્ગોમાં આટલી સ્થિરતા રહેવી અસંભવ છે.
- માનવે પહેલા માનવતા કેળવીને માનવ બનવાનું, પછી મુનિ બનવાનું અને પછી મોક્ષે જવાનું છે, મોક્ષયાત્રાનો આ સીધો ક્રમ છે, તે ક્રમે ચાલનાર મોક્ષ મંજિલને જલ્દી મેળવે છે.
- દરેક જીવની દયા પાળતા હંમેશા એટલો વિચાર નક્કી કરો કે આ જીવમાં પણ પંચ પરમેષ્ઠીમા કોઈક-કોઈક પદોનો વાસ છે. તેમની આશાતના કે વિરાધના કરવાથી મને પંચપરમેષ્ઠી પદોની આશાતનાનો દોષ લાગે, અથવા તો જે-જે જીવો પૃથ્વીકાયાદિષટ્ જીવનીકાયરૂપે બનેલા છે, તે-તે યોનિઓમાં મારૂં પરિભ્રમણ ઘણું ઘણું થયું છે અને તે સમયે જ્યારે માનવજાત મને પીડા આપતી ત્યારે મારૂં શરીર ખૂબ જ ઘવાતું અને વેદના-વ્યથાનો તીવ્ર ત્રાસ મને ભોગવવો પડતો, જો હવે મને આટલી સમજણ મળી છે, તો હું કેમ આ દયાપાત્ર જીવોની દયા ન કરૂં ?
- આગમોમાં લખ્યું છે કે, **સવ્વે જીવા જવિઉં જીચ્છન્તિ ન મરિજીઉં,** કીડીથી લઈને ઈન્દ્ર સુધીના બધા જ જીવોને ઈચ્છા છે. કોઈને મૃત્યુ ગમતું નથી. તિર્યંચોની વિચિત્ર કાયા હોતે છતે, અનેક દુ:ખો ને યાતનાઓ હોતે છતે પણ તેમને મરવું ગમતું નથી, જો વેદના સહી શક્તો નથી, તો બીજાને વેદના આપવાનો મને અધિકાર નથી.
- જયણા એ સાચી ધર્મ ક્રિયા છે અને ઉપયોગી શુધ્દ્રિ તે ભાવક્રિયા છે, બંને ચીજો એકબીજાને પૂરક છે.
- મયણા જેવી સન્નારીએ શ્રીપાળના જીવનમાં અજવાળા પાથર્યા, આ નારીની શક્તિ છે, તે જે ધારે તે પરિવર્તન પોતાના પરિવારમાં લાવી શકે છે. માટે કહ્યું છે કે નારી તું નારાયણી છે.
- જૈનશાસ્ત્રો કહે છે કે જ્યાં આસક્તિ છે ત્યાં ઉત્પત્તિ છે. હવે સમજી જઓ કે તમારે આસક્તિ ક્યાં કેળવવા જેવી છે ? અનાસક્ત યોગીઓ તો સદ્ગતિમાં ઉત્પન્ન થાય છે.
- દેવ-ગુરૂની નજીક રહેલા આત્માઓને ભાગ્ય ઉઘડવા માટે કોઈ જ પ્રયત્ન કરવાની આવશ્યકતા નથી, સ્વયંભૂ ભાગ્યના દરવાજા ઉઘડી જતા હોય છે.
- શાસ્ત્રો લખે છે કે- ''અધ્યાત્મ વિણ જે ક્રિયા તે તનુમલ તોલે''અધ્યાત્મ વગરની ક્રિયા માત્ર કાયકષ્ટ જ છે.
- જો આ જીવનો નિર્ધાર થાય કે, મારે મોક્ષ કોઈપણ રીતે મેળવવો જ છે તો પછી તેને કોઈ રોકનાર નથી. કોઈક કવિની પંક્તિ છે-

**પહોંચવું જરૂર મારે આખરી મુકામે.**

**આવી ભલે ને આંધી તુફાન સામે,**
**ખૂબ લડુ જીતુ ને ઝીલુ કિનારો, નિર્ધાર છે મારો.**

- અજ્ઞાની લોકો એમ બોલે છે કે, ઘર દેરાસર બનાવીએ પછી ભગવાનને સાચવવાના, અલ્યા ! ભગવાનને તારે સાચવવાના કે ભગવાન તને સાચવે ? અચિન્ત્ય પરમબ્રહ્મના સ્વામી પરમાત્મા આપણને સાચવે.
- જૈનશાસનમાં કોષ્ઠ બુદ્ધિ નામની એક લબ્ધિ બતાવવામાં આવી છે, તેનો અર્થ એ કે, જેમ કોઠારમાં રહેલા ધાન્યની થાય તેમ આ લબ્ધિના ધારક મહાપુરૂષોની બુધ્ધિમાં અમાપ સૂત્ર-અર્થનો જ્ઞાન-ખજાનો ધરબાયેલો હોય છે. તે વર્ધમાન થાય છે.
- **બીજ બુધ્ધિ**
  ત્રિપદી જેવા નાના પદોમાંથી-દરિયા જેવી વિશાળ દ્વાદશાંગીની રચના કરવાની વિશિષ્ટ લબ્ધિ એટલે બીજલબ્ધિ. આ બુદ્ધિ ગણધરો ભગવંતોને વરેલી હોય છે, આ બીજલબ્ધિ કદાચ ન હોત તો સકળ જીવોનું હિતકારક એવી જૈન શાસનની સ્થાપના ન થઈ હોત.
- **પદાનુસારિણી**
  એક પદની જાણકારી માત્રથી સમગ્ર પદાર્થનો બોધ પ્રાપ્ત થઈ જાય અથવા તો તે શબ્દ પદથી આખુય આગમ યાદ આવી જવું તે પદાનુસારિણી લબ્ધિ કહેવાય.
  જેમ એક શબ્દ કે પદ બોલે એટલે તેની આખીય ગાથા, મંત્ર વગેરે યાદ આવી જાય.
- જેમ સરોવરમાં પાણી ચીક્કાર ભરેલું હોય તો આગની તાકાત નથી કે ત્યાં પ્રવેશી શકે, તેમ જે આત્મામાં સમતારૂપી શીતળ જળ રહેલું છે તેને કષાયોની આગ ક્યાંથી દઝાડવાની ?
- ધર્મ પર અનન્ય શ્રધ્ધા રાખો. જેને જેને ધર્મને મન-વચન-કાયાથી એકાગ્ર ભાવે સેવ્યો છે, તેને-તેને પોતાના જીવનમાં વિશિષ્ટ ફળોની પ્રાપ્તિ થઈ છે. જેવી રીતે શ્રીપાળ અને મયણાને શૂન્યમાંથી કેવું સર્જન થયું ?
- અધ્યાત્મમાર્ગને પામવા માટે આત્માએ ચાર પ્રકારના જ્ઞાન-યોગોનું સેવન કરવું જોઈએ - જે શું છે તે જોઈએ-

  **૧. દ્રવ્યાનુયોગ-**
  જેમાં જીવ-અજીવ-ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય, દ્રવ્ય, તેના ગુણો અને પર્યાયોનું વિશિષ્ટ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

  **૨. ચરણકરણાયોગ-**
  ચરણ એટલે ચારિત્ર. ૫ સમિતિ, ૩ ગપ્તિ, ૫ મહાવ્રતો, શ્રાવક જીવનના ૧૨ વ્રતો વિગેરેનું વિશિષ્ટ વર્ણન પ્રાપ્ત થાય. કર્મક્ષયની સાધનાઓ કેવી રીતે કરવી તેનું પધ્ધતિસરનું વર્ણન જેમાં મળે છે.

**૩. ગણિતાનુયોગ-**

આ યોગની અંદર મુખ્યત્વે ગણિત વિભાગ બતાવવામાં આવ્યો છે. વિશ્વમાં સમુદ્ર, દ્વીપ, જ્યોતિષ્કના વિમાનો, પર્વતો, નદીઓ, દ્રહો, વાવડીઓ, નરકાગારો, દેવલોક, ચૌદરાજલોક વિગેરેના વિશિષ્ટ માપો, અને આંકડાઓનું ગણિતમય વર્ણન હોય છે. આ આંકડાઓ એવા હોય છે, કે જેને કમ્પ્યુટરથી પણ ગણી ન શકાય, કોમ્પ્યુટર તેની સામે વામણું સાબિત થાય, અસાધારણ માનવ સિવાય બીજું કોઈ આ અગમ્ય-અગોચર પદાર્થોને જાણી ન શકે.

**૪. ધર્માકથાનુયોગ-**

આ યોગમાં વિશિષ્ટ મહાપુરૂષોના જીવનના પ્રસંગોનુ જન્મથી લઈને નિર્વાણ સુધીનું રસપ્રદ અને રોચક વર્ણન હોય છે, જે વર્ણન સાંભળીને બાળજીવો સાધના કરવાનો અમૂલ્ય આદર્શમેળવે છે, જૈનશાસનમાં આવા આદર્શ પ્રસંગો અમૂલ્ય ખજાનો એટલે જ્ઞાતાધર્મકથાંગ. આ જ્ઞાતા-ધર્મકથાંગમા સાડા ત્રણ કરોડ કથાઓ હતી, જેમાં જન્મથી લઈને નિર્વાણ સુધીની વાર્તાઓ હતી, જો કે આજે એ ગ્રંથ ઘણો નાનો બની ગયો છે જે ખેદની વાત છે.

- સૂત્ર અને અર્થનું Combination કરતા શીખો. સૂત્ર એ સોના જેવા છે, અને અર્થ એ હીરા જેવા છે, સોના અને હીરા જ્યારે એક-બીજાની સાથે જોડાય ત્યારે કેવું સૌંદર્ય પામે છે, તેમ આત્માનું સૌંદર્ય પામવા માટે પણ સૂત્ર-અર્થના જોડાણને જોડતા શીખો.
- જે માણસને ૮૦ લાખ ભવોનું દેવુ માત્ર ૮૦ વર્ષમાં ઉતારવાનું હોય, તેને એક-એક પલની કેવી કિંમત સમજાય ? જેને પલ-પલની કિંમત નથી તે માણસને તેમા માથા પર લદાયેલા પાપના બોજાની ખબર નથી, અને જો ખબર છે તો તેની ગંભીરતા નથી.
- આત્માને પ્રમાદી બનાવી, દૂર્ગતિન ચક્કરમાં પરિભ્રમણ કરાવનાર તેર કાઠીયાને બરાબર સમજી લેવા જોઈએ. આ આત્માના અંતરંગ શત્રુઓ છે, જેનાથી આત્મા વધુ ત્રાસ ભોગવે છે.

**તેર કાઠીયા**

**૧. આળસ -** જેનું બીજુ નામ છે પ્રમાદ, કોઈ જ વિપરીત પરિસ્થિતિ ન હોય છતાં પણ સાધના કરવાનો ઉલ્લાસ ન જાગે, મનને સુષુપ્ત દશાની અંદર જે સુવાડી રાખે છે તે આળસ નામનો પેલો કાઠિયો છે.

**૨. મોહ -** મોહાંધ મનુષ્ય મૂલ્યવાન માનવદેહને પામીને રાગદશામાં મુંઝાય છે, આ મોહનું કામ મનુષ્યની બુધ્ધિ ઉપર જ સીધો ઘા કરવાનું છે, જેથી તેને બુધ્ધિ ભ્રમિત થઈ જાય છે. પછી શું હોય ? અને શું ઉપાદેય ? કે શું જ્ઞેય ? તેની તેને જરાય ખબર પડતી નથી. **૩.અવિનય -** આ કાઠીયો એવો છે કે જીવને અહંકારના શિખર પર

ચડાવી દે. ગૌરવ યોગ્ય ગુરૂ પાસે પણ અહંકારનું પતળુ બનીને બેસે, મારામાં કાંઈક છે, એવી વિચિત્ર ભાવનાથી પોતાનાથી ગુણવાન લોકોનો પરાભવ કરવાની કોશિશ કરે છે, સ્વયંની જાતને ઓળખવા ન દે તે આ અહંકાર છે, માનવ જાતને આ દોષ સૌથી વધારે હેરાન કરે છે, હા બાકીની ત્રણ ગતિમાં આ દોષનું જેટલું જોર નથી તેનાથી વધારે માનવ ગતિમાં છે. **૪.ક્રોધ -** જેને અહંકાર હોય તેને જલ્દીક્રોધ આવે, નાનકડી વાતોમાં પણ એટલો તપી જાય કે જેને શાંત કરવો અઘરો થઈ પડે, ક્રોધી માણસો પોતાના આત્માને તો બાળે, પણ બીજાઓના આત્માને પણ આગ લગાડે, ક્રોધના નશામાં ચકચુર બનેલો માનવ કેવી-કેવી ગંભીર ભૂલોનો ભોગ બને છે, તે તો જ્યારે ક્રોધનો નશો ઉતરે ત્યારે ખબર પડે. તમે તમારા આજુબાજુ બનતા રોજીંદા પ્રસંગો અને ન્યુઝપેપરમાં પણ અનેક કિસ્સા વાંચીને આ ક્રોધની લીલાના પ્રસંગો જોઈ શકો છો. આ દોષથી તો વર્તમાન જીવનમાં પણ કેવા-કેવા નુકશાન સર્જાય છે, તેના ઘણા વ્યક્તિઓ સાક્ષી છે. **૫. પ્રમાદ -** ઈન્દ્રિયના પાંચ-જાતના વિષયો ભોગવવા તે પ્રમાદ. તેના ત્યાગ સિવાય અધ્યાત્મનો આનંદ શું છે, તેની ઓળખાણ ન થાય. પ્રમાદ નામનો આ કઠિયો અનાદિ-અનંતકાળથી આત્મામાં ઘર કરીને બેઠો છે, તેનો શીઘ્ર નિકાલ કરીએ, તો જ સુખની અનુભૂતિ આ જીવને થાય.

**૬. કૃપણ -** આ એક એવો દોષ છે કે જેનાથી પરિગ્રહની મૂર્ચ્છા અકબંધ રહે છે. પરિગ્રગ એક પ્રકારનું પુદ્‌ગલ છે, જ્યાં સુધી આત્મા પુદ્‌ગલજીવી છે ત્યાં સુધી તે પરવલંબી છે અને જ્યાં આત્મા આત્મગુણજીવી બને છે, ત્યાં તે સ્વાવલંબી થાય છે. સાધક જીવનનો પાયાનું ગુણ છે ઉદારતા. જ્યારે કૃપણતાનો નાશ થાય ત્યારે ઉદારતાના ગુણોનું પ્રગટીકરણ થાય છે.

**૭. શોક -** ઈષ્ટ વસ્તુનો સંયોગ ન થવાથી જીવને શોકની લાગણીઓ પેદા થાય છે, આ એક પ્રકારનું આર્તધ્યાન છે, જેને લઈને જીવનો અંતર આત્મા સતત દુ:ખી હોય છે, તેની પ્રસન્નતા નંદવાઈ જાય છે, આવા જીવો પ્રાયઃ તિર્યંચગતિના જનારા હોય છે, દુનિયાનો નિયમ છે, જે જેનું છે તે તેની પાસે જ છે, જે પરાયુ છે, તે તેને મળતું નથી, તો પછી શોકની લાગણીઓ શા માટે પેદા કરવી.

**૮. અજ્ઞાન -** દશવૈકાલિક સૂત્રકાર સ્વયંભવસૂરિજી મહારાજા દશવૈકાલિક ગ્રંથની અંદર બધા ધર્મ કરતા જ્ઞાનધર્મની પ્રધાનતા બતાવે છે. તેમાં લખ્યું છે કે - **'પઢમં નાણં તઓ દયા'**।। 'પેલા જ્ઞાન પછી દયા' જે અજ્ઞાની છે તે ભલે મનુષ્ય હોય છતાં પણ પશુ જેવા છે, જો જોવા જઈએ તો મોટાભાગના કષ્ટની, દુ:ખની, યાતનાઓની, ઉત્પત્તિ અજ્ઞાનદશામાંથી પૈદા થાય છે, અધ્યાત્મની દુનિયામાં સૌ પ્રથમ જ્ઞાનની આવશ્યકતા છે, ત્યાર પછી બાકીના ધર્મોનો ક્લાસ આવે છે.

**૯. નિંદા -** પ્રાયઃ જીવનો સ્વભાવ છે કે કોઈનું સારૂં નથી જોઈ શક્તો અને પોતનું ખરાબ સાંભળી નથી શક્તો. પોતાની સારપ અને બીજાની ખરાબી જોવી એ તેનો અનાદિકાળનો સ્વભાવ પડેલો છે, બીજાના દોષો બોલવા તે નિંદા છે, આ દોષ પણ આત્માના વિકાદાનો અવરોધક છે તેને દૂર કરવાથી આત્માની સાધનામાં ઉલ્લાસ જાગે છે. **૧૦. કૌતુક -** ચંચળ સ્વભાવ, નિર્ણાયક શક્તિનો અભાવ, બહારના પ્રભાવમાં અંજાઈ જનારો હોય, આકર્ષણ તેની નબળાઈ હોય છે, જેથી કિંચિત્કાલીન પ્રભાવ તેને વધારે અસર કરી જાય, તેમાં તે સપડાઈ જાય. પછી દીર્ઘકાળ સુધી તેમાં સપડાવાનો વારો આવી જાય. મોહના ઉન્માદનો આ એક પ્રકાર છે. કંઈક આશ્ચર્ય દેખાય એટલે તેમાં ડાળા ડોકિયા કરવા લાગે, આવા આત્માઓમાં ધીરતા ગુણનો અભાવ હોવાથી સાધના કરવા લાયક નથી. **૧૨. અભિમાન -** સ્વમાન હોય ત્યાં સુધી હજુ બરાબર છે. પણ અભિમાન હોય તો ખોટું છે, સ્વમાન અને અભિમાનમાં ફરક છે, પોતાના પુરૂતું જે માન છે તે સ્વમાન બીજાઓના માનને હણતું નથી. જ્યારે અભિમાન તો બીજાઓના સ્વમાન ઉપર હુમલો કરે છે.

અહંકારી માણસ હંમેશા અલ્પ બુધ્ધિવાળો અને નિર્વિચારક હોય છે, ભયંકર સ્વાર્થી હોય છે, અલ્પકાલીન લાભને જોનારો હોય છે, તેના કારણે સૌથી વધારે નુકશાન તેની પોતાની જાતને થાય છે, આ દોષનો પણ તત્કાળ નિકાલ કરવો.

**૧૩. પંચેન્દ્રિય આસક્તતા -** પુદ્‌ગલના સુખો વાસ્તવમાં સુખાભાસ છે. આત્મવાદનો કટ્ટર દુશ્મન પંચેન્દ્રિયનો ઉપભોક્તાવાદ છ,આત્મસુખ પંચેન્દ્રિય સુખોની આસક્તિ જીવને દૂર રાખે છે, મનથી તેનો વૈરાગ્ય આવ્યા સિવાય મોક્ષની અભિરૂચિ થવી અશક્ય છે. અધ્યાત્મમાર્ગમાં આ દોષનો નિકાલ થાય તો જીવનો આત્મિક વિકાસ થાય.

- જે જીવોને મન છે, તે સંજ્ઞી છે, અને જેને મન નથી તેને અસંજ્ઞી કહેવાય, આ સંજ્ઞી અને અસંજ્ઞી જૈનશાસ્ત્રની પરિભાષા છે.
- આલોક અને પરલોકના દુઃખોને દૂર કરીને પરમપદને પ્રાપ્ત કરાવે તે જ સાચા ગુરૂ કહેવાય. આજે તો સંસારસુખની વિષય વાસનામાં કેમ વૃધ્ધિ થાય, તેના માટેના યંત્ર-મંત્ર-તંત્રના રાફડા ફાટી નીકળ્યા છે. હાય ! આ જગત કયા રસ્તે ચાલી રહ્યું છે, તે સમજાતું નથી. પૂ. યશોવિજયજી મહારાજાને આ દૃશ્ય જોઈને ચીસ પડી ગઈ કે-
  'કામ કુંભાદિક અધિકનું ધર્મનું કો નહિ મૂલ રે.''
- આત્મગુણોનું પ્રગટીકરણ કરવું તે આત્મસાધનાનું મૂળ છે, જો ધર્મસામગ્રી પામીને આત્મસાધક ગુણો ન પ્રકટાવ્યા અને માત્ર અર્થ-કામને પોષવાના કામ કર્યા છે, તો મર્યા પછીની દશા કઈ ?
- જેમ કીચડમા ફસાઈ ગયેલો હાથી, કીચડમાંથી બહાર નીકળવાની કોશિશ કરે છે, જેમ

ભયંકર યાતનાઓ ભોગવતો દર્દી યાતનામાંથી જલદી છુટકારો મેળવવા ઈચ્છે છે, તેમ સંસારવાસના કાદવમાં ફસાયેલો ધર્માત્મા પણ આ સંસાર કાદવમાંથી જલ્દી નીકળવવાની ઈચ્છા રાખે છે.

- ઘણા આત્માઓ ધર્મ જરૂર કરે છે, પણ પોતાની ઈચ્છા મુજબ એમને ધર્મ કરવો પસંદ છે, નહિ કે પ્રભુની આજ્ઞા મુજબ. વાસ્તવમાં પરમાત્માની આજ્ઞા મુજબ કરાતો ધર્મ જ તારણહાર છે. કર્મક્ષયકારક છે, દુર્ગતિનિવારક છે.
- વંદિતા સૂત્રમાં વારંવાર એક પદ બોલવામાં આવે છે :
  **'તં નિંદે તં ચ ગરિહામિ'** । આ પદમાં આપણાથી થઈ ગયેલ પાપોને નિંદવાના છે, તેની ગર્હા કરવાની છે, ફરીવાર તે પાપ હું નહિ કરૂં તેની પ્રતિજ્ઞા કરવાની છે.
- નીતિશાસ્ત્રનાં એક સુંદર સુભાષિતના શબ્દો મને યાદ આવે છે :
  **''કામાતુરાણાં ન ભયં ન લજ્જા''** ।
  જે વિષયો અને કામવાસનાથી આતુર છે તેમને ભય અને લજ્જા જેવી કોઈ ચીજ નથી. આજે જાહેરમાં બિભત્સ ચેનચાળા કરીને નિર્લજ્જ લોકો બીજાઓની વાસનાવૃત્તિ ભડકાવે છે ત્યારો મને કુમારનંદીની ઘટના આ પળે યાદ આવે છે. જેને ૫૦૦ પત્નીઓ તો પોતાના મહેલમાં ભોગસુખ ભોગવવા રાખેલી, પણ તેટલાથી તેને સંતોષ નહોતો, ત્યારે પાતાળલોકની દેવાંગનાઓ પાસે જઈને ભોગસુખની ભીખ માંગે છે, પેલી દેવાંગનાઓ જેમ નાચ નચાચે તેમ આ નાચે છે, યાવત્ ભડભડતી આગમાં ડુબી મરવા માટની જ્યારે આજ્ઞા ફરમાવી તો કામલોલુપી કુમારનંદી તે પણ કરવા તૈયાર થઈ ગયો, ગળામાં ઢોલ પહેરીને ઢોલ વગડવા જેવા હલકા કૃત્ય પણ કરવા તૈયાર થયો, અહો ! કામાતુર માણસો, ભોગાંધ માણસો ભોગ મેળવવા કેવા-કેવા હિચકારાભર્યા કૃત્ય પણ કરવા તૈયાર થઈ જતા હોય છે, તેનો પણ આ તાદૃશ દાખલો આપણી આંખો સામે મોજુદ છે.
- સામાન્ય રીતે નવના આંકનું બહું મહત્ત્વ અંકાય છે, નવનો આંક શુકનિયાળ મનાય છે. વાસ્તવમાં, ખરેખર નવના આંકડાને ઘણી પવિત્રતાઓ પ્રાપ્ત થઈ છે, જેમ નવકારના નવ પદ, સિધ્ધચક્રજીના નવપદ, નિધાન નવ, તત્ત્વ નવ, વિગેરે...વિગેરે...
- જીવવિચાર ભણવાથી જીવોની દયા પાળવા માટે સૂક્ષ્મજ્ઞાન પ્રાપ્ત થાય, પણ આજે તો જીવવિચાર માત્ર નોલેજ લેવા માટે ભણાય છે, જીવોને જાણનાર જ જીવવોની સૂક્ષ્મ-સાચી દયા પાળી શકે, નહિતર નામ હોય જીવદયાનું અને કામ ચાલતું હોય જીવહિંસાનું, જેમ મેડિકલ કેમ્પમાં પંચેન્દ્રિય મનુષ્યની કદાચ જીવદયા પળાતી હશે, પણ બાકીના ષડજીવનીકાયની તો ઘોર ખોદાઈ જાય છે. અરે, પંચેન્દ્રિય મનુષ્યની પણ જીવદયા જો બરાબર પાળવી હોય તો નવા દર્દોને ઉત્પન્ન કરનાર હિંસક એલોપથીનો ત્યાગ કરવો જોઈએ. માત્ર આયુર્વેદિક પધ્ધતિથી સારવારના કાર્યો કરવ જોઈએ,

જેવી રીતે આદિનાથ ભગવાનને જીવે જીવાનંદ વૈદ્યના ભવમાં એક મુનિરાજની સારવાર કરેલી.

- અનિત્યતાની લાક્ષણિકતાને વરેલુ જગત અને તેમાં જ સુખ દુઃખની લાગણી માનવ અનુભવી રહ્યો છે, પ્રત્યેક ક્ષણ આ જગતની એવી છે કે જેમાં અનિત્યતા આવ્યા કરે છે, સુખ અને દુઃખની બધી જ ક્ષણો વિનાશી છે, બુદ્ધિશાળી આત્મા આવો વિચાર કરે તો ક્યારેય સુખમાં છકી ન જાય અને દુઃખમાં દીન ન બને. જે મળ્યું છે તે કિંચિત્ પળ સુધી જ મારી પાસે રહેનાર છે. શા માટે રાગદ્વેષ કરવા.
- સાધર્મિકભક્તિ કરવા માટે પૈસાની જરૂર નથી, હૈયાની જરૂર છે, સાધર્મિકની જે દિલથી ભક્તિ કરે છે, દિલથી તેની બંદિશ કરે છે, તે ખરેખર ભક્તિનો લાભ મેળવી જાય છે. આજે પૈસો ઘણાની પાસે હોય છે, પણ દિલ કોની પાસે છે, નહિ તો આજે સાધર્મિક માટે ફંડ ભેગા કરવા જાહેરમાં હાટડીઓ ખોલવી ન પડે.
- તમારે અધ્યાતિક જગતના ચક્રવર્તી બનવું હોય તો નીચે બતાવેલ નવધિાનને જીવનમાં અપનાવી લો -

**૧. સુખ ત્યાગ કરવાની બુદ્ધિ :**
જે આત્મા વૈરાગી છે, જેને કોઈ વસ્તુની જરૂરિયાત નથી, જેને કોઈ ચીજની અપેક્ષા નથી. જે નિરાકાંક્ષ જીવન જીવે છે, તે આ દુનિયાનો ચક્રવર્તીનો પણ ચક્રવર્તી છે, તમને પૂછું છું કે પરાધીન થઈને જીવવું ગમે કે સ્વાધીન થઈને ?

**૨. દુઃખ સહન કરવાની શક્તિ :**
આવી પડેલા દુઃખને સમતાથી જે પચાવી જાણે તેને ગમે તેવા ભયંકર દુઃખો પણ કાંઈ જ કરી શકતા નથી. મયણા જેવી અનેક સ્ત્રીઓને દુઃખ પડવામાં કાંઈ જ બાકી નથી રહ્યું પણ છતાં ય તે સતીઓના ચહેરા ઉપર કેવું સ્મિત લહેરાતું હતું.

**૩. સ્વદોષ સામે બળવો :**
પોતાના જે-જે દોષો છે, તેને શોધી-શોધી, વીણી-વીણીને તેની સામે બળવો કરવો જોઈએ. આજનો માનવ બધું જ શોધી શક્યો, પણ દુઃખ ક્યાંથી ટપકે છે, તેને શોધવામાં નિષ્ફળ ગયો. તેની શોધ પરમાત્મા જ કરી શક્યા અને તે છે સ્વદોષના નિકાલ કરવો. આધિ-વ્યાધિ અને ઉપાધિ દોષોના કારણે જ જીવને ભોગવવી પડે છે.

**૪. સ્થિરતા કેળવવી :**
યોગના ગ્રંથમાં સ્થિતિપ્રજ્ઞતા નામનો એક શબ્દ આવે છે, વિધ-વિધ જાતની ચિત્ર-વિચિત્ર પરિસ્થિતિઓમાં મનની એકધારી સમાધિ જાળવી રાખવી, તેમાં અજ્ઞાનવશ, રાગ-મોહ, દ્વેષ વિગેરે ન કરવા, આર્ત-રોદ્ર ધ્યાનને વિવશ ન બનવું તે સ્થિરતા છે, ચંચળ માણસો મનથી હંમેશા દુઃખી હોય છે, નીતિશાસ્ત્રકાર તેવાઓનો ભરોસો કરવાની ના પાડે છે. **ક્ષણે તુષ્ટ ક્ષણેરૂષ્ટ, રૂષ્ટ તુષ્ટ ક્ષણે શણો ।**

**અવ્યવસ્થિત ચિત્તાનાં, પ્રસાદોપિ ભયંકર ।।**
તેવાઓનો ભરોસો ન કરવો કે જે ઘડીકમાં શાંત, ઘડીકમાં અશાંત, ઘડીકમાં નિરાશ ઘડીકમાં પ્રસન્ન હોય.

**૫. ગુરૂઆજ્ઞાને તહત્તિ કરવી :**

અજૈન ગ્રંથોમાં પણ ગુરૂની ગરિમા બતાવતા કહ્યું છે કે-

**ગુરૂ ગોવિંદ દોનું ખડે, કિસકો લાગુ પાય ।**
**બલિહારી ગુરૂદેવ કી, જિન્હે બતાયો ગોવિંદરાય ।**

-ગુરૂ આપણા માટે દીવો છે, અંધકારમાં જેમ દીપક અજવાળા પાથરે અને સમગ્ર વાતાવરણને પ્રકાશ અને રોશનીથી ભરી દે, તેમ ગુરૂ પણ પણ અજ્ઞાનીજીવોના જીવનમાં પ્રકાશ પાથરે છે, દેવનત્ત્વ અને ધર્મતત્ત્વને સમજાવે છે, આ દુનિયાના સૌથી મોટા ઉપકારી જો કોઈ હોય તો તે આત્મજ્ઞાન કરાવનારા ધર્મગુરૂ છે. કદાચ ધર્મ ગુરૂઓની શૃંખલા ન ચાલી હોય તો પ્રભું સ્થપાયેલું શાસન આપણા સુધી પહોંચ્યુ ન હોત. ગુરૂ હંમેશા આત્માની ચિંતા કરનાર હોય છે. માતા-પિતા બહુ બહુ તો શરીરની ચિંતાા કરશે. પણ ગુરૂ તો જે શાશ્વત છે તેવા આત્માની ચિંતા કરનારા છે, માટે મા-બાપ કરતાંય, ગુરૂ વધારે ઉપકારી છે, આવા ગુરૂ સિંહના મોઢામાં હાથ નાંખવાનું કહે તો પણ શિષ્યનું ભલુ જ થાય. જ્યારથી ગુરૂની શરણાગતિનો સ્વીકાર કર્યો ત્યાર પછી એમની આજ્ઞા જ આપણા માટે તારક બને છે. ડૉકટરના શરણે ગયા પછી ડૉકટર જે આજ્ઞા કરે તેમ દર્દી બધું જ કરવા તૈયાર થાય છે. કેમ કે તેને શ્રધ્ધા છે કે ડૉકટર મારા શરીરના રોગ દૂર કરશે. તેમ ગુરૂ પણ આત્માના અનાદિના રોગને દૂર કરનારા છે. તેવી શ્રધ્ધા રાખી ગુરૂની ઉપાસના કરવી તે સાચી ગુરૂભક્તિ છે.

**૬. શુભ ભાવના ભાવવી :**

શુભ ભાવના એ ધર્મધ્યાન છે, ધર્મધ્યાનથી કર્મનો પુષ્કળ ક્ષય થાય છે, મનને પ્રસન્નતાની અદ્‌ભુત અનુભૂતિ થાય છે, જીવન નંદનવન જેવું આનંદી બની જાય છે, જીવનને ઉચ્ચતમ આદર્શો પ્રાપ્ત કરવા માટેની પ્રબળ પ્રેરણા મળે છે, શુભ ભાવના હંમેશા આત્માને જાગૃતિમાં લાવે છે, અશુભ કામો કરતા, પાપ કરતા, જીવનમાં નિંદપાત્ર કાર્યો કરતા તે જીવ તરત અટકી જાય છે, શુભ ભાવનાનું જોર જેના જીવનમાં છે, તેને હંમેશા સારા આદર્શો મેળવવાનું મન થયા કરે છે.

**૭. પાપનો ત્યાગ :**

પાપમય પ્રવૃત્તિઓ ત્યાગવી જોઈએ, કેમ કે પાપ કરવાથી આજે નહિ તો કાલે પણ દુ:ખ આવવાનું છે જ. કર્મોએ પોતાના હિસાબ વસુલ કર્યા સિવાય કોઈનેય મોક્ષે જવા દીધા નથી. પાપ હિસાબ કરવાની દુ:ખ આવે અને પછી એ દુ:ખમાં દીન બનવારૂપ દુર્ધ્યાત કરીને વળી કર્મોનો બંધ, તેનાથી વળી દુ:ખ એમ યાતનાઓના આ ચક્રમાંથી બહાર નીકળવું ભારે પડી જાય અને જો આ પરિસ્થિતિમાં સમાધિ ન સચવાય તો જીવવું ભારે

થઈ જાય, કોઈક વિરલા હોય છે કે જે દુ:ખમાં પણ પરમ સમાધિમાં લીન બની રહે, બાકી તો દુ:ખ નહીં પણ દુ:ખનો પડછાયો પડતા જ મોટી પોક મૂકે, માટે શક્ય તેમ પાપોનો ત્યાગ કરવો.

**૮. અધ્યાત્મિક જગતમાં ક્યારેય સ્વતંત્ર ન બનવું :**

ઘણા લોકોને પોતાના માથે કોઈ ગુરૂ હોય તો ન ગમે, કારણ કે તેમનું અભિમાન ઘવાય, ઈચ્છા મુજબ જીવવા ન મળે, એટલે અકળાય, પછી ગુરૂના-વડિલોના દોષો જોવા માટે ડોકિયા કરે, પણ યાદ રાખજો ! જેના માથે ગુરૂ નથી તેની જીવનનૈયા, ક્યાંક તો એવી અટવાય કે, તેમાં તેનો દમ નીકળી જાય. તે વખતે માર્ગના જાણકાર ગુરૂની યાદ આવે. તમે વિચાર કરો કે સર્વોપરી તીર્થંકર પણ '' નમો સિધ્ધસ્સ'', કહીને સિધ્ધોને પોતાના શિર પર ત્રાણ તરીકે જાહેર કરે છે. ''નમો તીત્થસ્સ'' કહીને તીર્થ પર પણ મારા માથે છે, તેમ આ દુનિયાને સંદેશો આપે છે, પરમાત્મા કહે છે કે ભવ્ય જીવો ! અધ્યાત્મના માર્ગમાં તમે ક્યારેય સ્વતંત્ર બનીને ન જીવશો.

**૯. ધર્મ પર અડગ શ્રધ્ધા રાખવી :**

આજ-કાલ ચમત્કારોનો જમાનો વધી ગયો છે. ઈન્દ્રજાળીયા ઘણા વધી ગયા છે, થોડુંક જંતરમંતર સાંભળે, એટલે અમારો કહેવાતો શ્રાવકગણ પણ ત્યાં તરત દોડે. હમણા ગણપતિ ચાલે છે તેમાં લાલ બાગના રાજાને સવારે ચાર વાગે ઉઠીને કેટલાય જૈનો હાર-નારિયેળ ચડાવા જાય. લાલબાગના રાજાના દર્શન કરવા મોટી-મોટી લાઈનોમાં ૬-૮ કલાક સુધી ઊભો રહે અને અહિં પર્યષણમાં ૨૦૦/૫૦૦ માણસની લાઈન હોય તો, આજે નહિ કાલે પૂજા કરીશ. તમારૂં ખાતું તો એવું છે ને કે બીજાની માંના કોઈ વધારે વખાણ કરે, તો તમારી માંને છોડીને બીજીને માં બનાવવા જાઓ એમાંના છો, જે બધા દેવો ખુદ જિનેશ્વર પરમાત્માના ચરણોની સેવા ઝંખે છે. તેને તમે છોડી રહ્યા છો, પણ તમને તમારા ધર્મ કરતા વધાર શ્રધ્ધા પેલી અજમેરના પીરની દર્ગામાં, તીરૂપતિના બાલાજીમાં, લાલબાગના રાજામાં અને હનુમાનના મંદિરમાં હોય તો તમને વીતરાગી પ્રભુમાં રસ શાનો પડવાનો. અધુરૂ જ્ઞાન હોવાથી તમે બધા તેમની પાસે દોડો છો, તમારી માં એ તમારી જ છે, બીજા કોઈની નથી, તેની ખાતરી તમે ભૂલી ગયા લાગો છો. અથવા તો તેમાં તમને શંકા લાગે છે. માટે બીજા-ત્રીજા મંદિરના પગથીયા ચડવાનો તમને રસ લાગ્યો છે. આજ પછી નક્કી કરો કે વીતરાગી એ જ મારા દેવ પંચમહાવ્રતધારી એ જ મારા ગુરૂ અને કેવળીએ બતાવેલો એ જ મારો ધર્મ, આ સિવાય બીજે ક્યાય મારું મસ્તક નહિ નમે. ઉપરોક્ત નવે નિધાનને જે પોતાના જીવનમાં અપનાવશે, તે નિયમા ચક્રવર્તીના સુખોને પણ આંબી જાય તેવા સુખો પામશે.

- જીવવિચાર, નવતત્ત્વ, દંડક આદિ ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી મનમાં પરિણામ, વાણી-વિચાર અને વર્તનમાં પરિવર્તન દેખાવવું જોઈએ.

- કર્મના ક્ષેત્રમાં જરા વધારે ઊંડાણથી ચકાસીએ તો જાણવા મળે કે કર્મમાં બંધ કરતા અનુબંધનું મહત્ત્વ વધારે છે, બંધમાં સંસારને અડીખમ રાખવાની તાકાત નથી, પણ અનુબંધમાં જરૂર એ તાકાત છે, અનુબંધ એ જ મૂળ છે. એક અપેક્ષાએ એમ કહીએ તો ચાલે કે, બંધ પ્રવૃત્તિ પરથી પડે અને અનુબંધ વૃત્તિ ઉપરથી પડે, જેમ કોઈ માણસ અજયણાથી રસ્તા પર ચાલે છે. અને તે રસ્તો નીટ એન્ડ ક્લીન છે, નિર્જીવ છે, તેના પર ચાલતા કોઈ જ જીવની આખા રસ્તા પર જરાય વિરાધના થઈ નથી, છતાં પણ અજયણાથી ચાલનારા માણસને આખાય રસ્તા પર જ્યાં જ્યાં જીવ રહેવાની દહેશત છે, ત્યાં ત્યાં બધે જ તેને પાપનો બંધ થાય. હિંસા થકી થતો કર્મબંધ થાય, કેમ કે જીવને નહીં બચાવાની ભાવના, જીવ વિરાધના માટેની ન લેવાયેલી કોઈપણ જાતની કાળજી તેની ગુનેગારી માટે જવાબદાર છે.

  જ્યારે બીજી તરફ જીવોથી આકુળ-વ્યાકુળ માર્ગ છે અને રસ્તા પર રસ્તા પર જયણાવંત મુનિવર ચાલી રહ્યા છે. ઘણો-ઘણો ઉપયોગ રાખવા છતાંય કોઈક જીવોની વિરાધના તેમનાથી થવા પામી, તો ય તેમને પેલા અજયણાવંત વ્યક્તિ કરતા પાપનો બંધ અલ્પ. કારણ કે ભાવના સારી હતી પણ પરિસ્થિતિથી અને મજબુરી એવી હતી કે તેઓ વિરાધના થતી અટકાવી ન શક્યા.

- ન્યાયશાસ્ત્રમાં એક વ્યાપ્તિ બાંધવામાં આવી છે :
  **''યત્ર યત્ર ધૂમ: તત્ર તત્ર વહ્નિ:''**
  જ્યાં જ્યાં ધુમાડો છે, ત્યાં ત્યાં અગ્નિ છે. તેમ જ્યાં જ્યાં ભાવધર્મની ઉપસ્થિતિ છે ત્યાં ત્યાં મોહનો નાશ છે.

- સંઘની અંદર અવ્રતી આત્માઓને મેમ્બરશીપ પ્રાપ્ત નથી થઈ, કમસે કમ જીવ પાંચમા ગુણસ્થાનક સુધી પોતાનો વિકાસ ન કરે ત્યાં સુધી તેને શ્રી સંઘનું સભ્યપદ પ્રાપ્ત ન થાય. માટે સ્તો પરમાત્માના અનન્ય સેવક ગણતા દેવી-દેવતાઓ પણ શ્રીસંઘના સભ્ય ન ગણાય, હજુ તમે અને અમે શ્રીસંઘના સભ્ય ખરા. કેમ કે ગુણવિકાસ દૃષ્ટિએ તમારૂં-અમારૂં લેવલ તે દેવાત્માઓ કરતા વિશેષ છે.

- પરમાત્માના પાંચેય કલ્યાણક પૈકી નિર્વાણકલ્યાણક જ્ઞાનીઓની દૃષ્ટિએ વધારે મહાન છે, કેમ કે બાકીના ચારે કલ્યાણકોથી માત્ર જીવ-જગત સુખી થાય છે, જ્યારે પાંચમા નિર્વાણ કલ્યાણથી પરમાત્મા પણ સર્વસુખોથી સંપન્ન બને છે.

- સમવસરણમાં બેસીને પરમાત્મા જ્યારે દેશના પ્રદાન કરતા હોય છે, ત વખતના દૃશ્યને પણ જે જુએ તે ધન્ય ધન્ય બની જાય છે. સુંદર મજાનું ત્રણ ગઢવાળું સમવસરણ, ઉપરના મુખ્યગઢની વચ્ચે અશોક વૃક્ષ હોય છે, જેની શીતળ છાયામાં પરમાત્મા બેસે છે. રત્ન સિંહાસન તેમનું આસન અને રત્નોની બનેલી તેમની પાદપીઠ, જેના પર પ્રભુ પગ રાખીને દેશના પ્રદાન કરતા હોય છે. માથે ત્રણ લોકોનું સ્વામિત્વ સુચવતું સુવર્ણ

રત્નમય છત્ર હોય છે, પાછળ ભામંડલ હોય છે, વાંસળીએ વાણીમાં સુર પુરાતો હોય. દેવ દુદુંભિઓના ગગનભેદી નાદનો ગાજવીજ થતો હોય. જન્મજાત વૈરી જીવો પણ સ્વજાતના વૈર ભૂલીને પ્રભુની દેશના સાંભળવા માટે સૌમ્ય ચિત્તવાળા બનીને બેઠા હોય, ઈન્દ્રો, ચક્રવર્તીઓ, ચમરેન્દ્રો, નરેન્દ્રો, વાસુદેવો માંડલીકો વિગેરે તથા ઈશાનકોણમાં બિરાજેલા શ્રમણો-શ્રમણીઓ તથા શ્રાવક, શ્રાવિકાની વિશાળ ખીચોખીચ ભરાયેલી પર્ષદામાં ત્રિલોક ગુરૂ પરમાત્મા મહાવીર જ્યારે મેઘ જેવી ગર્જનાવાળી, સ્વરથી મહા ગંભીર, પ્રતિધ્વનિના ઉદ્‌ઘોષવાળી દેશના પ્રદાન કરતા હોય, તે દૃશ્યને જોનારો આત્મા ધન્ય છે.

- પુન્યાવાનો ! આ અને આના કરતા પણ વધારે ચડિયાતા દૃશ્ય નિમિત્તો તમને-અમને પ્રાપ્ત થયા, પણ ઉપાદાનની અશુધ્દ્રિ હોવાથી, ઉપાદાન પ્રતિકુળ હોવાથી તેના ફળને પામી ન શક્યા. હાય ! આવા ઉત્તમ નિમિત્તો પામવા છતાં પણ જીવનું ઉપાદાન કેમ નહીં સુધરતું હોય, તે અમને નથી સમજાતું. ઉપાદાન કેમ નહીં સુધરતું હોય, તે અમને નથી સમજાતું. પ્રભો ! કૃપા કરીને અમારા પર અનુગ્રહ કરો ! અને અમને બોધ આપો !
- શીવકુમારના ભવથી જંબૂકુમારની અધ્યાત્મયાત્રા શરૂ થાય છે, પૂર્વભવના સાધક શીવકુમાર ત્યાગમય દીક્ષાજીવનને પ્રાપ્ત કરવા અથાગ પ્રયત્ન કરે છે, માતા-પિતા દ્વારા તેમને અનુમતિ ન મળતા, તેઓ સંસારવાસમાં પણ મુનિની જેમ અચિત્ત જળનો ઉપયોગ વિગેરે કઠોર નિયમોનું પાલન કરવા માંડયા, સ્નાનાદિનો નિષેધ, મુનિ જેવી સતત તપ ધર્મની આરાધના ! જ્યારે પણ સમય મળે એટલે ધ્યાન સ્વાધ્યાયમાં જ પોતાની ચિત્તને પરોવી રાખતા. છેલ્લે માતા-પિતાને તેમના વૈરાગ્યની કઠોરતાએ પીગળાવી દીધા. તેથી પોતે દીક્ષિત બન્યા. ખૂબ સાધના કરી. ત્યાંથી દેવલોકમાં અવતર્યા . ત્યાંથી વિશાળ રિધ્દ્રિ-સિધ્દ્રિ સંપન્ન શ્રેષ્ઠિના ઘરે શ્રેષ્ઠિપુત્ર તરીકે જન્મ્યા. કાળક્રમે યૌવન વય પામતા માત-પિતાએ નગરની આઠ શ્રેષ્ઠીકન્યાઓ સાથે પરણાવ્યા, તે વખતે નગરમાં પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી પધાર્યા. ત્યાં દેવો સમવસરણ રચે છે, સમવસરણમાં દેશના સાંભળવા માટે જંબૂકુમાર જાય છે. તેમની ભવિતવ્યતા પાકી ગઈ હોય છે. તેથી દેશનાની અસર તેમને થઈ જાય છે. ત્યાં વૈરાગી બને છે. પછી તેઓ દીક્ષા માટે માંગણી કરતા સુધર્માસ્વામી તેમને ઘરે માતા-પિતાની સમ્મતિ લઈ આવવા કહે છે. માતા-પિતા કોઈપણ હિસાબે તેને લગ્ન કરવા મજબૂર કરે છે. તેથી લગ્ન થયા પણ લગ્નની રાત્રે જંબૂકુમાર અને આઠ શ્રેષ્ઠિ કન્યાઓનો મળાપ થાય છે. કન્યાઓ તેમને અનેક પ્રશ્નો કરે છે. તે વખતે જંબૂકુમાર એક-એક પ્રશ્નના વૈરાગ્યથી વાસિત જવાબ આપે છે અને આઠે શ્રેષ્ઠિ કન્યાઓ જંબૂકુમારની સાથે દીક્ષાગ્રહણ કરવા તૈયાર થઈ જાય છે. તે જ રાત્રે મબલક માલ મેળવવા પ્રભવ વિગેરે ૫૦૦ ચોરો જંબૂકુમારને

ત્યાં ચોરી કરવા આવેલા પણ જંબૂકુમારનો પોતાની પ્રિયતમા સાથે ચાલતો વૈરાવ્યમય વાર્તાલય સાંભળીને નશ્વર ધનસંપત્તિનો ત્યાગ કરવા પ્રભવ પોતે તૈયાર થયા. અરે ! તેનો ચોર પરિવાર પણ દીક્ષા લેવા તૈયાર થયો, આઠે પત્નીઓના માતા-પિતા જંબૂ અને દીકરીઓને વૈરાગી જોઈને પોતે પણ વૈરાગી થયા. એ ૧૬ જણાએ મક્કમ નિર્ધાર કરી લીધો, સાથે જંબૂકુમારના માતા-પિતા પણ તૈયાર થયા. આમ ટોટલ પ૨૮નો સવારે ભવ્ય દીક્ષાના વરઘોડો નીકળ્યો, હજુ આગલા દિવસે લગ્નની તડામાર તૈયારીઓ થઈ છે અને બીજા દિવસના સૂર્યનું પ્રભાત નીકળતા વેંત પ૨૮ના દીક્ષાના વરઘોડાને જોઈને નગર લોકો મંત્રમુગ્ધ બની ગયા. જૈન શાસનની જ્વલંત પ્રભાવના થઈ. પુન્યવાનો ! તમે વિચારો કે, ૯૯ ક્રોડ સૌનેયાનો માલિક જંબૂકુમારન શું ઓછું પડયું કે શ્રી સુધર્મા સ્વામીજી પાસે સૌ દીક્ષિત થયા અને ત્યાગમાર્ગને અપનાવી લીધો. વિષય પદાર્થોની ઉત્તમ સામગ્રી મળવા છતાં પણ તેન લાત મારીને નીકળી પડવું તે સ્વભાવગત વૈરાગ્ય હોય તો જ શક્ય બને. જો એમને જ્ઞાનગર્ભિત વૈરાગ્યના સંસ્કારો ન પડયા હોત તો આવા વિષયપદાર્થો પામતા જ વૈરાગ્ય ધોવાઈ ગયો હોય. પણ તેમનો વૈરાગ્ય નહિ પણ મહાવૈરાગ્ય હતો. જેથી તેમને પોતાની સાથે ૫૨૭ બીજા મુમુક્ષોઓને તૈયાર કર્યા. અહીં ૫૨૭ દિવસમાં પણ એક જણને વૈરાગ્ય પેદા નથી કરી શક્તા, ખરેખર ગણધરોની દેશનામાં કેવી અલૌકિક લબ્ધિ હશે !!!

- જે આત્માને ધર્મ ગમતો નથી, તેમને સંસારના કારવાસમાં ઘણા જ કારમા દુ:ખો ભોગવવા પડશે, જેમને તારક તીર્થંકરની આજ્ઞાઓ મુફલીસ લાગે છે, તેઓ જાણી જોઈને પોતાની જાતને યાતનાઓના ખપ્પરમાં હોમે છે, જેમ જંગલની ઘો મરવાની થાય ત્યારે વાઘરી વાડે જાય છે, કેમ કે વાઘરી લોકો ઘા ને જેવી જોશે કે તરત તલવાર-ભાલાથી તેને મોતને ઘાટ ઉતારી દેશે. પણ જો તે જંગલમાં પડી રહે તે તો તેન પુરેપુરૂ રક્ષણ મળી રહે છે. તેના પર કોઈ પણ હુમલો થઈ શક્તો નથી. તેમ શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞા જેમને ખૂબ જ ગમે છે, તેનું આ દુનિયામાં કોઈ કશું જ બગાડી શકતું નથી. ઉત્તરોત્તર ભલુ જ થાય છે, દિવસે દિવસે બધું જ સારૂં થતું જાય છે.
- ગુણપ્રધાન આત્માઓ હંમેશા પુણ્યાનુબંધી પુણ્ય પ્રાય: બાંધતા હોય છે, કારણ કે તેના સ્વભાવમાં જ ગુણ વણાયેલા હોય છે, તેથી તેઓ પુણ્યનો થોકબંધ કરતા હોય છે.
- જગતના ઘણા દર્શનો ઈશ્વરને આ સૃષ્ટિના કર્તા માને છે. જો સૃષ્ટિ ઈશ્વરે બનાવી છે તો જૈન દર્શનકારોનો સવાલ એ છે કે ઈશ્વરને કોણે બનાવ્યા ? આ સવાલની પરંપરાનો જવાબ તેમની પાસે કોઈ જ નથી.

  જૈન દર્શત તો સૃષ્ટિને અનાદિ-અનંત માનતી હોવાથી, તેને કોઈ જ મુંઝવણ નથી, જો હકીકત છે કે સૃષ્ટિ અનાદિ-અનંત છે, જો તેમ ન માનીએ તો પેલા મરઘી-ઇંડાવાળી વાતની નોબત આવે, મને જવાબ આપો કે પહેલા ઇડું કે પહેલા મરઘી ?

- પુન્ય ૪૨ પ્રકારે ભોગવાય છે, અને ૪ પ્રકારે તેનો બંધ થાય છે, આ રહી પુન્યબંધની ચતુર્ભંગીઓ.
  પુન્યાનુબંધી પુન્ય.
  પાપાનુબંધી પુન્ય
  પુન્યાનુબંધી પાપ.
  પાપાનુબંધી પાપ.
  આ ચારેય પુન્યની ભંગીઓમાંથી પ્રથમ પુન્યાબંધી પુન્યની ભંગી શ્રેષ્ઠ ગણાય. ઉપાદેય ગણાય, બાકીની ત્રણનો ત્યાગ કરવો જોઈએ.
- **ભવ્ય-અભવ્ય-જાતિ ભવ્ય :**
  ભવ્ય જીવો ક્યારેક તો નક્કી મોક્ષે જવાના છે. માત્ર તેમનો કાળ પાકે અને પુરુષાર્થ જાગે તેટલા પુરૂતા જ આ સંસારની અંદર હોય છે, પછી તેઓ સિદ્ધ બનીને નીગોદમાંથી એક જીવને બહાર ખેંચતા હોય છે, અર્થાત્ તેઓ સિધ્ધ બને એટલે ૧ જીવ નિગોદમાંથી બહાર આવતો હોય છે.
  **અભવ્ય :**
  ક્યારેય મોક્ષે નહિ જાય તેવા જીવોને અભવ્ય ગણવામાં આવ્યા છે, તેઓ પુદ્ગલ-સુખના જ રસિક હોય છે, તે સેંકડો કર્મોનો સફાયો કરી નાખે, તેવી ઉત્કૃષ્ટ સંયમ સાધના કરીને તત્કાળ કેવળજ્ઞાન મેળવી શકે, તેવી સાધના કરતા હોય છે છતાં પણ નવમાં ગ્રેવેયકના કટકા રોટલા ખાતર એ મૂલ્યવાન સાધનાના અમૃતકુંભને ઢોળી નાંખે છે. શું થાય ? જે સ્વભાવથી જ ભવાભિનંદી છે તો તેને કોણ સુધારે ?
  **જાતિભવ્ય :**
  આ જીવો પણ મોક્ષે નહિ જાય. અરે, વ્યવહારરાશિમાં પણ નહિ આવે, માત્ર તેમની જાતી જ ભવ્ય તરીકે રહેશે. અનાદિ-અનંતકાળથી નિગોદમાં હતા અને રહેવાના. તેઓ સિધ્ધાત્માઓના મોક્ષગમનથી નિગોદમાંથી બહાર આવવાના લાભને મેળવી શકતા નથી, આ જીવોમાં ઘણી લાયકાત હોય છે તેથી કદાચ જો નિગોદમાંથી બહાર નીકળે તો ત્રીજા ભવે મોક્ષે જાય.
- જૈનદર્શને જ્ઞાન શું પદાર્થ છે, તેને ઓળખવાનો પ્રયત્ન કર્યો છે, જો કે જ્ઞાન બીજા પદાર્થોને જરૂર ઓળખાવે છે, પણ જૈનદર્શને તો જ્ઞાનને પણ ઓળખવાનો પ્રયત્ન કર્યો છે. **જ્ઞાનના પાંચ પ્રકાર છે :**
- **મતિજ્ઞાન :** દરેક જીવોમાં આ જ્ઞાન હોય છે. મતિ એટલે બુધ્ધિ, તેનાથી જીવ જે વિચારે છે તે મતિજ્ઞાન છે.
- **શ્રુતિજ્ઞાન :** જે શબ્દ છે, સંકેત છે, ચિન્હ છે, લક્ષણ રૂપે છે, એક વ્યક્તિની અંદર રહેલ જ્ઞાન બીજા વ્યક્તિને અર્પી શકાય છે તે શ્રુતિજ્ઞાન છે. ટુંકમાં જે મિડિયા રૂપે છે, માધ્યમ

રૂપે છે, જે બોલતું જ્ઞાન છે, તે શ્રુતજ્ઞાન છે.

- **અવધિજ્ઞાન** : દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની ચોક્કસ મર્યાદાવાળુ જે જ્ઞાન છે, જેનાથી ભૂતકાળ અને ભવિષ્યકાળના અમુક ભવોને પણ જોઈ શકાય, સ્વસ્થાને બેઠા-બેઠા કે તત્રસ્થાને જઈને પરસ્થાનના પદાર્થને જાણી શકાય તેવી અપ્રતિમ લબ્ધિ તે અવધિજ્ઞાન કહેવાય.
- **મન:પર્યવ જ્ઞાન** : અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞીપંચેન્દ્રિય પ્રાણીઓના મનોગત ભાવોને જાણવાની વિશેષ શક્તિ તે મન:પર્યવ જ્ઞાન છે, મનના સૂક્ષ્મ વિચારોને જેનાથી જાણી શકાય છે. આ જ્ઞાન માત્ર વિરતીવંત પુન્યાત્માઓને હોય છે, છઠ્ઠા-સાતમા ગુણસ્થાનક પર રહેલા આત્માઓને આ જ્ઞાન પ્રાપ્ત થતું હોય છે.
- **કેવળજ્ઞાન** : સૂર્યની પ્રભામાં જેમ ગ્રહ-નક્ષત્ર-તારા-ચંદ્ર ઇત્યાદિના પ્રકશનો સમાવેશ થઇ જતો હોય છે તેમ બાકીના ચારેય જ્ઞાનો કેવળજ્ઞાનની અંદર આવિર્ભાવ થઈ જતા હોય છે, સમગ્ર સૃષ્ટિમાં રહેલી જીવરાશિના તમામ ભૂત-ભવિષ્ય અને વર્તમાનકાળના બધા જ પર્યાયનો જે પોતાના દિવ્ય જ્ઞાનમાં દર્પણની જેમ જુએ છે, તમામ પુદ્‌ગલ જગતના ત્રણે કાળના તમામ પર્યાયોને જે જાણે છે, તે કેવળી ભગવંતોન ક્યારેય જ્ઞાનોપયોગ મૂકવો નથી પડતો, પણ દર્પણમાં જેમ બધી જ વસ્તુ પ્રતિબિંબિત થતી હોય છે, તેવી રીતે દરેક ચીજ તેમના કેવળજ્ઞાન રૂપી દર્પણમાં પ્રતિબિંબિત થાય છે, આ જ્ઞાન અપ્રતિપાતી કક્ષાનું હોય છે. જેને આ જ્ઞાન થાય તેના મોક્ષ નિશ્ચિત જાય, ચારે ઘાતિકર્મોના ક્ષય થાય પછી જ આ જ્ઞાન ઉત્પન્ન થતું હોય છે, આ જ્ઞાનથી જ આત્મા પોતાના ગુણવૈભવ રૂપ મોક્ષ સુખનો આનંદ માણતો હોય છે.
- **પરમાત્મા મહાવીરદેવનો પાંચમા આરા માટેનો અંતિમ દેશમાં ફળાદેશ**
પરમાત્માએ પોતાનો નિર્વાણકાળ નજીક જાણીને ૧૬ પ્રહરની લગાતાર દેશનાનો અવિરત પ્રવાહ ચાલુ કરી દીધો છે, આયુષ્ય થોડું બચ્યું છે, તેથી ભવીજીવો પર પરમાત્માની કરૂણાની અમીવર્ષાની હેલી વર્ષી....તે દેશના દરમિયાન હસ્તિપાલ રાજાને આવેલા સ્વપ્નનું પરમાત્મા પાંચમા આરા માટે સચોટ ફળકથન કહી રહ્યો છે, આ રહ્યા તે ફળકથનના સંકેતો **પ્રથમ સ્વપ્ન** : જીર્ણશાળામાં ઉભો રહેલો ઐરાવણ હાથી ! ખરેખર ઐરાવણ ગજરાજનું સ્થાન તો રાજભવનની હસ્તિશાળામાં હોય છે, છતાં પણ ઐરાવત જેવો સુંદર રૂપવાન રાજહસ્તિ એક જીર્ણ-પ્રાય: શાળામાં ઉભેલો છે, આ સ્વપ્તનું ફળ પરમાત્મા ફરમાવે છે કે, પાંચના આરાનો શ્રાવક વર્ગ હાથી જેવો ગંભીર હશે, સત્ત્વશાળી હશે, આરાધના-સાધના માટે કૃતનિશ્ચયી હશે. આટલો ગુણવાન હોવા છતાંય તે સંયમ જીવનનો સ્વીકાર નહિ કરે, પેલા સંસારરૂપ જીર્ણ શાળામાં જ તેને રહેવું ગમશે, કદાચ તેમાંથી દીક્ષિત થઈને નીકળે અને સંયમ જીવનની રાજહસ્તિશાળામાં પધારે તો દેદિપ્યમાન લાગે, શાસનને શોભાવે તેવો લાગે, પણ તેમ

કરવામાં તેને પ્રમાદ થશે, ભય લાગશે, આવા પાંચમા આરામાં શ્રાવકો હશે.

**દ્વિતીય સ્વપ્ન** : કપિ (વાનર-વાંદરો) આ સ્વપ્નના ફળોદેશ જૈન શ્રમણ-શ્રમણી સંસ્થાને ઉદ્દેશીને કરવામાં આવ્યો છે. પરમાત્માએ કહ્યું કે મારા શાસનની શ્રમણ સંસ્થા અત્યંત હીન સત્ત્વવાળી, પ્રમાદવાળી અને ચંચળ પ્રકૃતિવાળી થશે. અપ્રતિમકોટિના મરણાંત ઉપસર્ગો તો શું ભોગવે પણ સામાન્ય પીડાઓથી ય ભાગી છૂટે તેવા ડરપોક હશે, ચંચળ પ્રકૃતિ હોવાથી અરસ-પરસ લડાયક સ્વભાવ ઇર્ષ્યા અને અસુયાના સ્વભાવવાળા રહેશે, અન્ય દર્શનીઓ સામે વાદ કરવાનું પણ સત્ત્વ તેમનામાં નહિ હોય, અરે ! અઘોરી બાવાઓ જે રીતના ઉપસર્ગો-કષ્ટોને ભોગવે છે, તેવા ય ઉપસર્ગો-કષ્ટો આ શ્રમણો નહિ ભોગવે, માત્ર એશો-આરામી-પ્રમાદી બનશે, મોટે ભાગે પ્રાય: બકુશ કુશીલ ચારિત્ર હોવાથી ગમે તેવા હીન મનુષ્યો દીક્ષાધર્મને ગ્રહણ કરીને તેની અવમૂલના કરશે. **તૃતીય સ્વપ્ન** : ક્ષીરવૃક્ષ :- આ ક્ષીરવૃક્ષ બાવળીયાઓથી વીંટાયેલું છે, પાંચમા આરામાં પણ કેટલાક ધનવાન શ્રેષ્ઠિ વર્ગો થશે અને બાવળીયા જેવા કેટલાય નાપાક સાધુઓ પણ પાકશે, જે બાવળીયાની જેમ પલા ઉદાર શ્રેષ્ઠિવર્ગને ચુસી લેવાનું કામ કરશે, દાનના નામે અંગત પ્રોપર્ટીઓ બનાવવા માટે ધન સંપત્તિ તેવા લોકો પાસેથી પડાવશે, તેમના દાન-પ્રવાહને સત્યમાર્ગે જતા રોકશે, ખોટી પ્રેરણા આપીને લાલચુ સાધુઓ તેમને છેતરશે, તે ક્ષીણવૃક્ષ જેવા ભોળા અને ધર્મશ્રધ્ધા ધરાવનારા લોકો સાથે મોટો વિશ્વાસઘાત કરશે.

- **ચતુર્થસ્વપ્ન** : મૃતસિંહ :- મરેલો સિંહ જોઈને જંગલના પ્રાણીઓ આમ તેમ ભાગતા રહે, પણ મરેલા સિંહના પેટમાં રહેલા કીડાઓ નીડરતાથી સિંહના અંગ-અંગને કોતરી રહ્યા છે, સ્વપ્નનું ફળકથન છે કે પરમાત્માનું શાસન સિંહ જેવું થઈ જશે, છતાંય અન્ય દર્શનીઓ તેના પડછાયો પણ નહીં લઈ શકે, તેટલા દૂર ભાગશે, જેમ જંગલમાં મરેલા સિંહ પાસે જતા જંગલી પશુઓને ભય લાગે છે તેમ અન્ય દર્શનકારોને જૈનદર્શનની સામે આંખ ઉઠાવતા પણ ભય લાગશે. આ જૈનશાસનરૂપી સિંહમાં જે અંદર પડેલા કીડાઓ છે, તે સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકાઓને કહ્યા છે, આ ચારેય શાસનને જેટલું નુકશાન કરશે તેટલું બહારના લોકોથી નુકશાન નહિ થાય. આ લોકો જૈનશાસનરૂપ સિંહને રગડા-ઝગડા વાદ-વિવાદ-નિંદા-ઇર્ષ્યાવૃત્તિ-પત્રિકાબાજી-છાપા-ચોપાતિયાથી એવું રાગદોળી અન ઘમરોળી નાંખશે કે તેના હાલ-હવાલ બુરા થઈ જશે. આ જૈન શાસનને પોતાના અંદરના માણસોનો ભય વધારે સતાવશે.
- મન-વચન-કાયાના શુભ પરિણામથી પુન્યનો બંધ થાય છે. સુપાત્રને અન્ન-વસતિ-પાણી આપવાથી પુન્યનો બંધ થાય છે, તેમ નવતત્ત્વકાર મહર્ષિ ભાખે છે.
- મિથ્યાત્વના અનેક પ્રકારે બતાવવામાં આવ્યા છે :

- ધર્મમાં અધર્મની વિચારણા
  અધર્મમાં ધર્મની વિચારણા
  મૂર્તમાં અમૂર્તની વિચારણા
  અમૂર્તમા મૂર્તની વિચારણા
  જીવમાં અજીવની વિચારણા
  અજીવમાં જીવની વિચારણા
  માર્ગમાં ઉન્માર્ગની વિચારણા
  ઉન્માર્ગમાં માર્ગની વિચારણા
  સંજ્ઞામાં અસંજ્ઞાની વિચારણા
  અસંજ્ઞામાં સંજ્ઞાની વિચારણા
  અભિગ્રાહિક મિથ્યાત્વ
  અનાભિગ્રાહિક મિથ્યાત્વ
  લૌકિક દેવ-ગુરૂ ધર્મ સંબંધી મિથ્યાત્વ
  લોકોત્તર દેવ-ગુરૂ-ધર્મ સંબંધી મિથ્યાત્વ
  વિપરિત પ્રરૂપણારૂપ મિથ્યાત્વ.
  પાંચ મહાવ્રત સંબંધી અનાચાર.
  ઉપરોક્ત પ્રકારે બતાવવામાં આવેલા એક પ્રકારના મિથ્યાત્વ છે.
- મિથ્યાત્વી આત્મા મારૂ તેને સાચુ માને
  સમકિતી આત્મા સાચુ તેને મારૂં માને ાા
- ભૌતિક પદાર્થોનો ત્યાગ કરીને પણ સંસારનું સુખ મેળવવાની જેમની ઇચ્છા છે તે મિથ્યાત્વી છે. સમકિતી ક્યારેય આવી ઇચ્છા ન કરે.
- દિવાળીના દિવસે ચોપડા પૂજન કરનારો શ્રાવક જ્યારે ચોપડામાં પરમાત્માના નામ લખે ધન્ના, શાલીભદ્ર વિગેરે પવિત્ર આત્માઓના નામ લખે તો સાથે તેની નૈતિક જવાબદારી બને છે કે ચોપડામાં કાળા કામો પણ ન થવા દે, નહિ તો એ પવિત્ર આત્માઓના નામ બદનામ થાય.
- ચોપડામાં ગૌતમાદિ કે શાલિભદ્રના નામ લખવામાં એવો આશય રાખવો જોઈએ કે જેમ આમને ભોગસુખની સામગ્રીને લાત મારી તેમ હું ક્યારે આ ભોગસુખની સામગ્રીને લાત મારીને એમના જેવી સાધના કરીશ.
- **સિદ્વાણં બુદ્વાણં સૂત્ર** માં લખવામાં આવ્યું છે કે **ઈક્કો વિ નમુક્કારે સંસાર સાગરાઓ, તારેઈ નરં વ નારિં વા ાા**
  પરમાત્માને એકાદ કરેલો નમસ્કાર પણ ભવસાગરથી નર કે નારિને તારવામાં સમર્થ છે, પણ આ નમસ્કાર સામાન્યકક્ષાનો નથી હોતે, આ નમસ્કાર સામર્થ્યયોગ હોવો

જોઈએ, એમ ગ્રંથોમાં લખ્યું છે.

- આત્માને પોતાના પરિવારનો-શરીરનો-પરિગ્રહનો ગાઢ રાગ હોય છે, જો તે વિચારે કે સ્વજન, કુટુંબ, ધન, દૌલત આ બધુ સડન-પડન અને વિધ્વંશના સ્વભાવવાળું છે. ભરત અને બાહુબલી સગા ભાઈઓ પણ સંપત્તિના ટુકડા ખાતર ૧૨ વર્ષ સુધી ધમસાણ યુધ્ધ લડયા, જો સ્વજન પણ જ્યારે પોતાના સ્વાર્થ ખાતર, સ્વજન ઉપર જ હુમલો કરે, સર્પિણી પોતાના બચ્ચાના હજારો ઇંડાઓ મૂકે અને તે જ ઇંડાઓને પોતે ભક્ષ્ય કરી જાય કે જે પોતાના બાળ બચ્ચા છે, વાડ જ ચીભડા ગળે, રક્ષક જ ભક્ષક બને તો આ સંસારમાં કોના પર વિશ્વાસ કરવો. મારૂં-મારૂં કરીને, તેમાં મમત્વ બુદ્ધિ કેળવવી તે નરી મૂર્ખતા છે.
- આ દુનિયામાં ધર્મ સિવાય કોઈ ચીજની ગેરેન્ટી નથી, ધર્મ કહે છે કે જો તું મારી તરફ માત્ર ૧૦% ચાલીશ તો બાકીના ૯૦% હું તારી સામે ચાલીને આવીશ.
- અઢારમું મિથ્યાત્વ આગળના સત્તર પાપોનો બાપ છે. ઉપરના સત્તર પાપોને અઢારમું મિથ્યાત્વ નામનું પાપ ખેંચી લાવે છે અઢારમા મિથ્યાત્વને જો ખતમ કરી દેવામાં આવે તો બાકીના સત્તર પાપો તો ઉભી પુંછડીએ ભાગી જવાના.
- લોગસ્સ સૂત્રમાં ''**સાગરવર ગંભીરા**'' પદ મૂકીને તીર્થંકરોના ગાંભીર્યગુણની પ્રશંસા કરવામાં આવી છે. જન્મ લેતાની સાથે તેમનું ગાભીર્ય એક આદાર્શ બની જાય છે, મરણાંત તોફાની ઉપસર્ગોના પવનની સામે પણ હિમાલયની જેમ અણનમ બનીને તેઓએ પોતાના ગામ્ભીર્યગુણની ચરમસીમાઓને પ્રાપ્ત કરી છે.
- જે વસ્તુનો સદ્ઉપયોગ કરીએ, તે પુ:નમળે પણ જેનો દુરપયોગ કરીએ તે પુ:ન ન મળે.
- જીવડો ભલે ગમે તેટલો V.I.P. હોય પણ એક દિવસ તો લાકડા ભેગો થવાનો જ છે.
- આ ભવમાં થોડી ઘણી સમજ મળી છે તો તેનો ધર્મ માર્ગે ઉપયોગ કરી લ્યો નહીંતર આવાતા ભવમાં મંદબુધ્ધિના બનશો.
- પૌદ્ગલિક દ્રવ્યસુખને જ્યારે તમે છોડશો ત્યારે આત્મીકગુણ રૂપ ભાવસુખને તમે પામશો.
- સંસારમાં જીવવા માટે પુન્યરૂપ પરાધીનતાની આવશ્યકતા છે, પરાધીન માણસો હંમેશા અપ્રસન્ન હોય છે, કારણ કે બીજાના સહારે જીવવું તે દુ:ખ અને ખેદની પરિસ્થિતિ છે.
- કોઈ રાજાએ સંન્યાસીને ભગવાનના દર્શન સાક્ષાત્ કરાવવા માટે વિનંતી કરી, રાજા કહે ઘણા હોમ-હવન કર્યા પરંતુ ભગવાનના દર્શન મને ન થયા. ત્યારે સંન્યાસી તેને બોટમાં બેસાડીને મધ દરિયે લઈ જાય છે, મધ દરિયામાં તે જાણી જોઈને નાવડી ડુબાડે છે, તે વખતે મોતથી બચવા માટે રાજા ભગવાનને દિલથી યાદ કરે છે, પછી સંન્યાસી મધ દરિયામાંથી નાવને કિનારે લઈ આવે છે. રાજા કહે છે કે, જીવ બચાવવા તેં

ભગવાનને જેવા દિલથી યાદ કર્યા, તેમ આવી જ તડપથી તું ભગવાનને યાદ કરે તો તે ભગવાનના જરૂર દર્શન થશે. **ક્રોધ-મિથ્યાત્વ અઢાર પાપસ્થાનકનું સેવન-અજ્ઞાન દેવ-ગુરૂ-ધર્મની સામે પડવું** ઉપરોક્ત ચિત્ર સર્કલમાં લખેલા પાપોનું સેવન કરવાથી કેવા કેવા દુ:ખો ભોગવવા પડે છે તે દર્શાવે છે.

- મિથ્યાત્વ - અવિરતી - કષાય અને યોગ તે પાપબંધના મુખ્ય કારણો બતાવવામાં આવ્યા છે.
- કષાયોના ચાર ભેદ બતાવવામાં આવ્યા છે-
  અનંતાનુંબંધી - જે અનંત સંસારનો બંધક છે.
  અપ્રત્યાખ્યાની - જે વિરતિને રોકે છે.
  પ્રત્યાખ્યાની - જે સર્વ વિરતિને રોકે છે.
  સંજ્વલન - જે મોક્ષને અટકાવે છે.
  આ ચારેય કષાયોની સાથે ક્રોધ-માન-માયા-લોભ એમ ચારના ગુણાકાર કરે ત્યારે કષાયોનો ૧૬ ભેદ પડે છે.
- જીવનો મોટાભાગના કાળ સ્થાવર દશામાં પસાર થયો. કેવી આ જીવની દુદર્શા હતી તે ભવોમાં ? યાદ કરીએ તો તમ્મર આવી જાય.
- એક અપેક્ષાએ હિંસા કરતા મોટું પાપ મૃષાવાદ છે, અસત્ય બોલીને બીજાને વિશ્વાસઘાત કરનારો વ્યક્તિ વધારે ખતરનાક છે, આમાં ભાવહિંસાનો દોષ લાગે, દ્રવ્યહિંસા કરતા ભાવહિંસા વધારે હિંસક છે, જેનાથી વૈરની પરંપરાનું સર્જન થાય છે.
- દરેક જીવ પ્રથમ ગુણસ્થાનકે તો હોય જ પણ તેમાં જ પણ બે વિભાગ છે. પ્રથમ-ગુણવાન્ ગુણસ્થાનક અને બીજુ- ગુણહીન- ગુણસ્થાનક. જે જીવોનો મોક્ષકાળ પાક્યો નથી, તે બધા ગુણહીન ગુણસ્થાનક પર રહેલા હોય છે.
- ૧૦માં ગુણસ્થાનકે એક સજ્વલન લોભ સાધક આત્માની સામે છમકલા કરતો હોય છે. મહાન આક્રમક આત્માઓ પણ હારીને વળતા થઈ જાય છે. અને જો તેનાથી તે ડરે નહિ પણ આત્મબળ મજબૂત કરીને તેના પર જોરદાર પ્રહાર કરે તો વિજય બનીને કૈવલ્ય લક્ષ્મી રૂપ રાજરાણી પ્રાપ્ત કરનાર બને છે.
- જે વ્યક્તિ સંવત્સરીનું પ્રતિક્રમણ ન કરે તે અનંતાનુબંધી કષાયના ઉદયવાળો હોવાથી તેન સંઘ બહાર કરવાનું શાસ્ત્રીય સૂચન છે. જે મિથ્યાત્વી છે તેને સંઘમાં રહેવાનો કોઈ જ અધિકાર નથી.
- જીવન જીવવું તો વ્રતધર બનીને જીવવું, વ્રત વગરના જીવની દશા હરાયા ઢોર જેવી છે, ગમે ત્યાં જાય જાય.

- તમે ૨૨ કલાક સુધી સંસારનું ઝેર પીવો અને માત્ર ૨ કલાક ધર્મ કરો તો શરીરમાં ઝેરનું પ્રમાણ વધે કે ધર્મનું ?
- જૈન શાસનમાં જેને રહેવું છે, તેને કમસેકમ ૧૨ વ્રતો જરૂર સ્વીકારવા જોઈએ. આ રહી તેની ટુંકી વિગત-

  **૧૨ વ્રતો**

  **- દેશ પ્રાણાતિપાતવિરમણ** : હણવાની બુદ્ધિથી કોઈ પણ જીવને નહિ હણુ.

  **- દેશ મૃષાવાદ વિરમણ** : અસત્ય ભાષા નહિ બોલુ, સુક્ષ્મ અસત્યની જયણા.

  **- દેશ અદત્તાદાન વિરમણ** : મોટી ચોરીઆનો ત્યાગ, રાજ્યની ચોરીઓનો ત્યાગ, સૂક્ષ્મની જયણા

  **- મૈથુન વિરમણ** : સ્વદરા સંતોષ, પરસ્ત્રી ગમન, વેશ્યાગમન ઇત્યાદિનો ત્યાગ.

  **- દેશ પરિગ્રહ વિરમણ** : પરિગ્રહની ચોક્કસ મર્યાદામાં આવી જવું, જરૂરિયાતથી વધારે ધન-ધાન્યદિ ન રાખવું તે.

  **- દિગ્ પરિમણ** : દશે દિશામાં ચાતુર્માસ વગેરેમાં ભ્રમણ ન કરવું, જરૂરિયાત સિવાય અન્ય પ્રદેશમાં હરવું-ફરવું નહિ, તેની એક સીમા નક્કી કરવી.

  **- ભોગોપભોગ** : ભોગોપભોગની વસ્તુઓમાં મર્યાદા દાખલ કરવી, તેના સાધનો સીમીત કરવા, ચૌદ નિયમની ધારણા કરીને ઉપયોગ રહિત ચીજોનો ત્યાગ ફરમાવવો.

  **- અનર્થદંડ** : ટી. વી. , વીડિયો, નાટક-ચેટક, સર્કસ, બિનજરૂરી કુતુહલવૃત્તિને બહેકાવવાનો મિથ્યા પ્રયાસ ન કરવો, મનોરંજક કાર્ય ક્રમનો ત્યાગ કરવો.
- **સામાયિકવ્રત** : રોજ એકાદ સામાયિક તો કરવું જ.
- **દેશાવગાસિક -** વર્ષમાં એકાદ દિવસ પણ ૧૦ સામાયિક ઉપવાસ સાથે કરીને પારણામાં સાધર્મિક કે સુપાત્ર ભક્તિ કરીને પારણું કરવું તે.
- **પૌષધોપવાસ -** ચોવિહાર ઉપવાસ સાથે વર્ષમા એકવાર તો પૌષધ અવશ્યમેવ કરવો.
- **અતિથિ સંવિભાગ -** સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ સુપાત્રની ભક્તિ કરવી, તે અતિથિસંવિભાગ છે.
- પાંચ ઇન્દ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત અને ત્રણ યોગ આ બધા કર્મનું બંધન કરાવનાર છે.
- નવતત્ત્વકારે કેટલીક ક્રિયાઓ બતાવી છે :

| | |
|---|---|
| કાયિકી | આરંભીકી |
| અધિકરણકી | પારિગ્રાહીકી |

પ્રાદ્વેષીકી　　　માયાપ્રત્યિકી
પારિતાપનીકી　　　મિથ્યાપ્રત્યયિકી
પ્રાણતિપાતીકી　અપ્રત્યાખ્યાની

આ અને આના જેવી બીજી ઘણી ક્રિયાઓ કર્મના બંધને કરાવનારી છે.

- નવતત્ત્વકારે નવતત્ત્વની સુંદર વ્યાખ્યા ટુંકાણમાં બતાવી છે, તેના પરની શ્રદ્ધાથી આત્માને સમ્યગ્દર્શન થાય છે.
- નવતત્ત્વની સૂક્ષ્મ વ્યાખ્યા

**જીવ -** જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપયોગવાળો જીવ

**અજીવ -** જેને ઉપયોગ નથી, જડમાત્ર છે. જેનામાં ચેતના નથી તે અજીવ.

**પુન્ય -** જેનાથી જીવને ઇષ્ટ સંયોગો અને ઇચ્છિત વસ્તુઓની સંપ્રાપ્તિ થાય તે પુન્ય.

**પાપ -** જેનાથી જીવને અનિષ્ટ સંયોગો અને અનિષ્ટ વસ્તુઓ મળે તે પાપ.

**આશ્રવ -** આત્મામાં કર્મોનું આવાગમન થવું, અવ્રતના કારણે કર્મો આત્મામાં પ્રવેશે તે આશ્રવ

**સંવર -** આવતા કર્મોને રોકવા માટે વ્રતાદિ ગ્રહણ કરીને યમનિયમમાં નિયમિત થવું તે.

**બંધ -** જડ એવી કાર્મણ વર્ગણા આત્મપ્રદેશોની સાથે ક્ષીર-નીરની જેમ એક-મેક થાય તે બંધ. **નિર્જરા -** સાધના કરવા દ્વારા આત્મા પોતાના આત્મપ્રદેશોથી કર્મોને છૂટા કરે, જુદા પાડે, કર્મ રહિત બને તે નિર્જરા.

**મોક્ષ -** સર્વકર્મથી રહિત બનવું, આધિ-વ્યાધિ-ઉપાધિઓથી પર બનવું, સંસારની યાતનાથી છૂટી જવું.

- વ્રત વગરનો જીવ આગના ગોળા જેવો છે, આગનો ગોળો જ્યાં જાય ત્યાં બીજાઓને દઝાડતો જાય. તેમ સંસારી જીવ સૃષ્ટિ માટે આગના ગોળા જેવો છે.
- કર્મ નિર્જરા કરવા માટે શાસ્ત્રકારે ૧૨ ભેદ બતાવ્યા છે. જે તપાચારના ૧૨ ભેદનું સેવન કરે છે તે નિર્જરા કરનારા બને છે.
- **નિર્ઝરાના બાર ભેદ**

| **બાહ્ય તપ** | **અભ્યંતર તપ** |
|---|---|
| અણસણ | પ્રાયશ્ચિત્ત |
| ઉણોદરી | વિનય |
| વૃત્તિસંક્ષેપ | વૈયાવચ્ચ |
| રસત્યાગ | સ્વાધ્યાય |
| કાયક્લેશ | ધ્યાન |
| સંલીનતા | કાર્યોત્સર્ગ |

- બાહ્ય કરતા અભ્યંતર તપ વધારે કર્મનો ક્ષય કરનાર છે, અભ્યંતર તપ આત્માથી થાય છે. બાહ્યતપ શરીરથી થાય છે.
- **રાત્રીભોજનમાં મહાપાપ :-**
  એક કેવળી ''રાત્રિભોજન કરવું તે મહાપાપ છે.'' તેને માટે સમજાવે ને સમજાવતા જાય, તેમના ગયા પછી બીજા કેવળી તેને માટે સમજાવે, તેમના ગયા પછી ત્રીજા કેવળી સમજાવે. તેન અનંતા કેવળી રાત્રિ ભોજન વિષે સમજાવે તો પણ રાત્રિભોજનમાં રહેલા મહાપાપનું વર્ણન પુરુ ન કરી શકે, તેટલું રાત્રિ ભોજનમાં પાપ બતાવવામાં આવ્યું છે.
- પ્રાયશ્ચિત્ત સિવાય આત્માની શુધ્ધિ નથી, જેમ દિવાળીના દિવસે ઘરની શુધ્ધિ કરો, તેમ આત્માની પણ ઓછામાં ઓછી વર્ષમાં એક વાર તો શુદ્ધિ કરવી જ જોઈએ. શાસ્ત્રો કહે છે કે આત્મશુધ્ધિ વગરનો ધર્મ નકામો, જેમ ઘરમાં સુંદર શણગાર કરો, પણ ઘરની સફાઈ જ ન હોય તો એ શણગાર શોભા ન આપે.

  આ અંગે એક નાનકડું દૃષ્ટાંત છે- બે ચિત્રકાર હોય છે, રાજા બંનેને દિવાલ પર ચિત્ર ચિતરવા માટે આદેશ કરે છે, જે સારૂં ચિત્ર બનાવશે તેને યોગ્ય ઈનામ જાહેર કરવામાં આવશે, અમુક સમય પછી રાજા ચિત્રશાળામાં ચિત્ર જોવા માટે આવે છે, પણ એક ચિત્રકારનું ચિત્ર હુબહુ અને સાક્ષાત્ લાગવા માંડયું, તેના પર દોરેલા મોરને રાજા પકડવા જાય છે, ત્યારે ચિત્રકાર કહે છે, રાજન્ ! આ તો ચિત્ર છે, મોર નથી. જ્યારે રાજા પેલા ચિત્રકારને પૂછે છે કે આટલું સુંદર ચિત્ર તેં કેવી રીતે દોર્યું, ત્યારે પલો જવાબ આપે છે, હજુ તો મેં ચિત્ર દોર્યું જ નથી, તો પછી સામે જે દેખાય છે તે શું છે ? ત્યારે ચિત્રકાર જવાબ આપે છે કે, રાજન્ ! આ તો સામે રહેલા ચિત્રકારના ચિત્રનું પ્રતિબિંબ છે. ત્યારે રાજા આનું રહસ્ય પૂછે છે કે આમ કેમ ? પલો ચિત્રકાર તે વખતે જવાબ છે કે-રાજર્ન ! હજુ તો મેં આ દિવાલની શુધ્ધિ કરવામાં જ છ મહિના વીતાવ્યા છે, શુધ્ધિમાં કેટલી તાકાત છે, વગર ચિત્રે પણ ચિત્રને ચમકાવે છે, તેથી આત્માને પણ શધ્ધિથી સૌન્દર્યની ચોક્કસ પ્રાપ્તિ થાય છે.

- **તીર્થંકર-** અરિહંત ભગવંતો ૧૨ ગુણોથુ યુક્ત હોય છે, જે બાર ગુણો યુક્ત પરમાત્માનું ધ્યાન ધરે છે, તેનો ઉપદ્રવો નાશ પામે છે. આ રહ્યા તે બાર ગુણો :

| | |
|---|---|
| ૧. અશોક વૃક્ષ | ૭. ભામંડલ |
| ૨.સુરપુષ્પવૃષ્ટિ | ૮. છત્ર |

३. દિવ્યધ્વતિ ९. અપાપાગમાતિશય
४. ચામર १०. પૂજાતિશય
५. આસન ११. વચનાતિશય
६. સિંહાસન १२. જ્ઞાનાતિશય

- ४ ઘાતી કર્મોનો ક્ષય થયા પછી જીવનો મોક્ષ નિશ્ચિત થઈ જાય, કેવળજ્ઞાન તેને અચૂક મળી જાય.
- અઘાતી કર્મોને તોડવા માટે કોઈ જ મહેનતની જરૂર નથી. કારણ કે ઘાતીકર્મો સિવાય તેમને ખુદને પણ રહેવું મુશ્કેલ છે.
- ઘાતીકર્મ અને અઘાતીકર્મનો ભેદ તમે સમજી લો.

| **અઘાતી કર્મ** | **ઘાતી કર્મ** |
|---|---|
| વેદનીય | જ્ઞાનાવરણીય |
| આયષ્યુ | દર્શનાવરણીય |
| નામ | અંતરાય |
| ગાત્ર | મોહનીય |

- આજના બુધ્ધિશાળી(?) લોકોને જેટલો દ્રવ્યઆશાતનાનો ડર લાગે છે તેટલો ભાવ આશાતનાનો ડર લાગી જાય તો તેઓ કર્મબંધથી જરૂર બની જાય.
- પરમાત્માની પૂજા રૂમાલ બાંધ્યા વગર કરીશ તો મને આશાતના લાગશે, પાપ લાગશે એવો ભય જરૂર છે પણ પરમાત્માએ ના પાડી છે કે રાત્રિ ભોજન નહિ કરતો તે વખતે પ્રભુની આજ્ઞા પર હું પગ મૂકી છું, જેથી મને પાપ લાગશે. તેવી જાગૃતિ ક્યારે આવશે ?
- શાસ્ત્રકાર ભગવંતોએ ભાવજગતના પાંચ ભાવો બતાવીને ઓળખાણ કરાવી છે :

**१. ઔદાયિક ભાવ -**
કર્મના ઉદયથી પેદા થતો ઔદયિકભાવ, જે ભાવમાં જીવની પ્રકૃતિ સંપૂર્ણ વિકૃતિરૂપે બહાર આવે, વિભાવદશામાં તે ભાનભૂલીને પડયો રહે.

**२. ઔપશમિક ભાવ -**
કર્મના ઉપશમથી ઉત્પન્ન થતો ભાવ તે ઉપશમભાવ છે. જ્યારે સાધક આત્મા ગુણસ્થાનકનું ક્રમારોહણ કરતા કરતા, કર્મો ઉપશમાવતા આગળ વધે ત્યારે વીતારાગ પ્રાય: દશાનો અનુભવ કરે તે ઔપશમિકભાવ કહેવાય.

**३. ક્ષાયિક -**
કર્મના ક્ષયથી ઉત્પન્ન થતો પરિણામ. અષ્ટકર્મનોક્ષય થયા પછી વીતરાગ દશાનો ભોગવટો કરે તે ક્ષાયિકભાવ છે, કર્મોની આધિ-વ્યાધિ અને ઉપાધિથી રહિત બનીને

સ્વભાવદશાની અભિવ્યક્તિ કરે તે ક્ષાયિકભાવ છે.

**૪. ક્ષાયોપશમિક -**

ક્ષય અને ઉપશમની ક્રિયામાંથી થતો જીવનો પરિણામ વિશેષ, જ્યાં સુધી કર્મોનો ક્ષય કે ઉપશમ ન થાય, ત્યાં સુધી જીવ જ્ઞાન વિગેરે ગુણોને ભોગવી શકતો નથી. ગુણોને આંશિક ભોગવટો જીવ કરી રહ્યો છે. તે ક્ષયોપશમભાવને આભારી છે.

**૫. પારિણામિક -**

જે ચીજનો જે સ્વભાવ છે, તે ક્યારેય બીજા સ્વરૂપે બદલાવાનો નથી. પરસ્વભાવરૂપે થવાનો નથી. પોતાની પ્રકૃતિ પર ભલે એકવાર વિકૃતિ લાગી ગઈ હોય પછી છતાંય તે પોતાની પ્રકૃતિ અવશ્યમેવ પ્રાપ્ત કરશે, તેને પારિણામિક ભાવ કહેવાય.

- પરમાત્માના દર્શન આપણે આત્માના દર્શન કરવા માટે કરવાના છે, બાળજીવો પરમાત્માની પ્રતિમાના દર્શન કરે, જ્યારે પ્રજ્ઞાવાન મનુષ્ય, પરમાત્માના શદ્ધ સ્વરૂપી આત્માનું દર્શન કરે, તેમનું ગુણમય સ્વરૂપ નીહાળે છે, કે જે ગુણ સૌન્દર્યનું સ્મિત એમના ચહેરા અને લલાટ પર ચમકારા મારતું હોય છે.
- જો ભાવ ઉત્તમ છે અને દ્રવ્ય અનુત્તમ છે, તો પણ જીવ ઉત્કૃષ્ટ ફળને પામે છે, પણ ભાવ અનુત્તમ અને દ્રવ્ય ઉત્તમ હોય તો શ્રષ્ઠ ફળની અપેક્ષા રાખવી વ્યર્થ છે.
  જેમ પરમાત્મા મહાવીરદેવનો પ્રથમ નયસારનો ભવ. તેમાં મુનિ મહારાજને લુખ્ખા રોટલાથી પ્રતિલાભ્યા અર્થાત્ લુખ્ખો રોટલો વહોરાવીને પણ ભક્તિ કરી, ભલે દ્રવ્ય અનુત્તમ હતું, પણ ભાવ કેટલા ઉત્તમ હતા કે જેનાથી તેમને વરબોધિની પ્રાપ્તિ કરી.
- અડસઠ અક્ષરમય નવકાર મંત્રને શાસ્ત્રમાં ચૌદ પૂર્વનો સાર કહ્યો છે, જે આત્મા તેના ચરણે અને શરણે જાય છે, તેને આ જગતની તમામ સંપત્તિઓ ચરણમાં આવીને લેટે છે, દુનિયાના કોઈપણ ઉપદ્રવો તેની સામે વામણા અને શક્તિ વિહીન બની જાય છે.
  નવકાર ગણવાથી ત્રણે લોકના બધી જ કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા ભૂતકાળ-ભવિષ્યકાળ અને વર્તમાનકાળમાં થનાર તમામ પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કર્યા નો લાભ મળે છે, તે માત્ર એકાદ પદનું ઉચ્ચારણ કરવા માત્રથી આટલો મહાન લાભ નવકાર ગણનારને પ્રાપ્ત થાય છે.
  આ નવકાર મંત્ર શાશ્વત છે, બધા જ આરામાં તેનું નિયત અસ્તિત્વ છે, આ દુનિયા મીટી જશે પણ નવકાર ક્યારેય મીટવાનો નથી, આ નવકારની રચના અનાદિ અનંતકાળથી ચાલી આવે છે. ચૌદ પૂર્વધર શ્રુત જ્ઞાની મહાત્માઓ પણ મરણ સમયે નવકારન શરણ થઈ જાય છે, જેને અંતિમ સમયે નવકાર સાંભળવા મળી ગયો. તેનો પરલોક નક્કી સુધરી જાય છે. સર્વ મંત્રોની આસ્થાનું જે સ્થાન છે, જેના સિવાય અન્યમંત્રો પણ ફલિત થતા નથી. ઓમકાર તેનુ સંક્ષિપ્ત સ્વરૂપ છે, જે સર્વ મંત્રોની આગળ હોય છે. આ દુનિયાના તમામ મંત્રો તેને અનુસરે છે.

- જીવ જ્યારે કીડી કે બીજા સૂક્ષ્મ જીવો જુએ ત્યારે તેને લાગે કે હું પણ આમાંથી જ આવ્યો છું. તેને મારાથી મરાય નહિ, આજે જૈનો ઘરની અંદર પેસ્ટ કંટ્રોલ જેવા કાતિલ પાપો કરવા તૈયાર થઈ જાય છે, ત્યારે જો આટલો વિચાર કરે તો જરૂર જીવદયા પાળવા માટે એનું મન તૈયાર થઈ જાય.
- નમસ્કાર મહામંત્ર માટે લખ્યુ કે ''જૈના હૈયે શ્રી નવકાર તેનો શું કરશે સંસાર.'' ખરેખર એવું જ છે, જેણે નમસ્કારના ચરણે પોતાનું જીવન અર્પણ કરી દીધું છે તેનું આ સંસાર કશું જ બગાડી શક્તો નથી.
- શાસ્ત્રોમં કોઈપણ વસ્તુના માપા માટે જે અનંત શબ્દ આવે છે તે પણ કોઈક એવું જ માપ છે કે જેને ગણી ન શકાય પણ કર્મગ્રંથોમાં તેને સમજવા માટે યોજન માત્રના પ્યાલામાં રાઇના દાણા ભરીને સમુદ્રમાં નાંખવાની કોઈ પધ્ધ્રતિ દ્વારા બતાવામાં આવ્યું છે.
- અરિહંત પરમાત્માનો ઉપકાર તો છે જ, પણ સિધ્ધ્ર ભગવંતોનો ય આપણા ઉપર ઓછો ઉપકાર નથી. તમે કે અમે નિગોદમાંથી બહાર નીકળ્યો, કારણ કે કોઇક આત્મા સિધ્ધ્ર બન્યા, જો ત આત્મા હજુ સંસારની આસક્તિમાં ગુમરાહ બન્યો હોત તો કદાચ આપણે બહાર ન નીકળી શક્યા હોત, માટે સાતમી નરક કરતા પણ વધારે ભયંકર એવી નિગોદમાંથી આપણને જેમણે બહાર ખેંચ્યા તેમનો કોઈ નાનો-સુનો ઉપકાર નથી.
- અરિહંત ભગવંતે શાસન સ્થાપીને આપણા ઉપર અનહદ ઉપકાર કર્યો છે, જ્યારે સિધ્ધ્ર ભગવંતોએ આપણને નિગોદમાંથી બહાર કાઢીને મહાન ઉપકાર કર્યા છે, આ બંને પરમેષ્ઠિ ભગવંતોના ઉપકારનો બદલો વાળવો હોય, તો આપણે સ્વયંસિધ્ધ્ર બનીને નિગોદમાં સબડતા એક જીવન તેમાંથી બહાર કાઢવો જોઈએ, જ્યાં સુધી આપણે સંસારમાં છીએ ત્યાં સુધી વ્યહવાર રાશિની દુનિયામાં આવીને સિધ્ધ્ર પદ સુધી પહોંચવાનો લાભ તેમને મળી શકે તેમ નથી આપણે સિધ્ધ્ર ભગવંતોના ઉપકારનો બદલો વાળી શકીએ તેમ નથી.
- શાસ્ત્રોએ ધર્માનુષ્ઠાનના ચાર ભેદ બતાવ્યા છે.

  પ્રીતિ અનુષ્ઠાન　　વચન અનુષ્ઠાન

  ભક્તિ અનુષ્ઠાન　　અસંગ અનુષ્ઠાન
- ખાનદાન વ્યક્તિ તેના પર કરેલા ઉપકારને ક્યારેય ભુલતો નથી, તેમ આપણે જો ખાનદાન હોઈએ તો અરિહંત-સિધ્ધ્રાદિના ઉપકારને કેમ ભૂલાય ?
- ૧૦૮ નવકારનો એક પવિત્ર મનાય છે, કારણ કે તે પંચ પરમેષ્ઠિ ભગવંતોના ગુણોનો સરવાળો છે અને આંકડાશાસ્ત્રની દ્દષ્ટિએ અખંડ નવનો આંક બને છે. નવ એ શુભ આંક છે, નવપદ, નવકાર, નવતત્ત્વ વિગેરે.

- અષ્ટ પ્રાતિહાર્યયુક્ત તીર્થંકરોની બાહ્યશોભાને જોનારો પણ પવિત્ર બની જાય છે, બાળજીવો તો તેમની બાહ્ય શોભાને જોઈને આકર્ષિત થાય છે, તેમને મન ભૌતિક સંપત્તિ આકર્ષણનું સ્થાન છે, પણ પછીથી તે પરમાત્માની મેઘ જેવી ગંભીર દેશનાથી પ્રતિબોધ પામે છે. **કેટલાક પ્રશ્નો**

**સભા -** તીર્થંકર અને કેવલીમાં શું ફરક છે ?

**સાહેબ -** તીર્થંકર તીર્થની સ્થાપના કરે, સૃષ્ટિના સમગ્ર જીવોને તારવાનો ઉપદેશ આપે, તેમના હિતની ચિંતા કરે, જ્યારે કેવલી તીર્થની સ્થાપના ન કરે તેઓને પોતાનું કાર્ય સિધ્ધ થઇ જાય તેથી સર્યું.

**સભા -** તીર્થંકરો જ્યારે દેશના આપે ત્યારે કેવળીને ખબર હોય કે દેશનામાં શું આવશે ? **સાહેબ -** હા ! કેવળજ્ઞાનનો અર્થ જ એ છે કે જેમના જ્ઞાનથી આ દુનિયામાં કાંઈ જ બાકાત નથી રહેતું. શું દેશના આપશે ? ક્યારે આપશે ? કોણ પ્રતિબોધ પામશે ? કોને અસર નહીં થાય ? તે બધા જ સવાલોના જવાબ તેમની પાસેથી સારી રીતે મળી જાય. **સભા -** તીર્થંકર ભગવંત જે જગ્યાએ દેશના આપે ત્યાં કેવળી ભગવંત દેશના આપી શકે ? **સાહેબ -** ના ! કેવળી ભગવંતો તીર્થંકર ભગવંતનું ઔચિત્ય જાળવે, તે સ્થાન પર બેસીને દેશના ન આપે, પણ પરમાત્માની પાદપીઠ પર બેસીને દેશના આપી શકે. **સભા -** કેવળી ભગવંત જ્યારે દેશના આપે ત્યારે તીર્થંકર ભગવંત દેશના સાંભળે ? **સાહેબ -** પ્રથમ તો તીર્થંકર ભગવંત હાજર હોય તો કેવળી દેશના આપે જ નહીં, પણ પર્ષદામાં બેઠેલા લોકોને કહે કે હે ભવ્યાત્માઓ તમે તીર્થંકર ભગવંતોની દેશના સાંભળો ! **સભા -** કેવળી અને તીર્થંકર ભગવંતોની દેશના પધ્ધતિ એક સરખી હોય ? **સાહેબ -** ના ! કેમ કે તીર્થંકર ભગવંતો જ્યારે દેશના આપે ત્યારે અર્ધમાગધી ભાષામાં બોલે, વાંસળીએ સુર પુરાતો હોય,માલકોષ રાગમાં પ્રભુ બોલતા હોય, તિર્યંચો, દેવો, મનુષ્યા બધા પોતપોતાની ભાષામાં સમજી શક્તા હોય, દરેક જીવોને લાગે કે ભગવાન મને જ કહી રહ્યા છે, વળી તીર્થંકરોની વાણી ૩૫ ગુણોથી યુક્ત હોવાથી વિશિષ્ટ પ્રકારના અતિશયોથી સંપન્ન હોય, જ્યારે સામાન્ય કેવળી પાસે આવી પુન્યાઈ નથી હોતી તેથી સામાન્ય રીતે દેશના આપે. જો કે તીર્થંકરો અને ભગવંતોના જ્ઞાનમાં કોઈ જ ફરક નથી હોતો. તે બંનેનું જ્ઞાન એક સરખું જ હોય છે.

- **શ્રી તીર્થંકર ભગવંતોના અષ્ટપ્રાતિહાર્યોનું સંક્ષિપ્ત વિવરણ**

**૧. અશોકવૃક્ષ :** જેની નીચે બેસવાથી શોક ચાલ્યો જાય તે અશોકવૃક્ષ છે. જે પરમાત્મા દેશના પ્રદાન કરતા હોય તેમના કરતા બાર ઘણી ઊંચાઈવાળુ આ અશોકવૃક્ષ હોય છે, અત્યંત ઘટાદાર હોય છે સૂર્યના કિરણ પણ તેમાં પ્રવેશી ન શકે. વળી તેની

મનમોહક શીતળ છાંયડી એવી હોય છે કે તમને ત્યાંથી ખસવાનું મન ન થાય, ભમરો ગુંજન કરતા હોય છે, આ અશોકવૃક્ષની દિવ્ય રચના દેવો દ્વારા કરવામાં આવી હોય છે.

૨. **સુરપુષ્પવૃષ્ટિ** : ખીચોખીચ ભરેલા સમવસરણના ત્રણે ગઢમાં દેવો સુગંધી-પંચવર્ણના પુષ્પોની વૃષ્ટિ કરતા હોય છે, પરમાત્માના અતિશયથી તે પુષ્પોના જીવોને લોકો તેમના પર ચાલવા છતાંય કોઈ પીડા થતી નથી.

૩. **દિવ્યધ્વનિ** : આકાશમાં ગુંજારવ કરતો દિવ્ય ધ્વનિ, પરમાત્મા જે-તે નગરમાં પધારી રહ્યા છે, તેનો ઉદ્‌ઘોષ કરતી દેવો દ્વારા બજાવવામાં આવતી દિવ્યધ્વનિ, જાણે કે ભવ્યાત્માઓને આમંત્રીને કહી રહી છે કે હે ભવ્ય જીવો ! મુક્તિનગરના સાર્થવાહ પધાર્યા છે, તમે તેમને અનુસરો !

૪. **ચામરદ્વવ્ય** : ચમરી ગાયના પુછના સફેદવાળમાંથી જે બનાવામાં આવ્યું હોય છે, સુર્વણ અને રત્ન જડિત તેની દાંડીઓ હોય છે, પરમાત્મા રત્નસિંહાસન પર જ્યારે દેશના આપવા બેસે, ત્યારે દેવેન્દ્રો તેમની આજુ-બાજુમાં રહીને ચામર વીંઝતા હોય છે, જ્યારે બંને તરફ ચામર વીંઝતા પરમાત્માના આ ઐશ્વર્યને જે નિહાળે છે તે ધન્ય-ધન્ય બની જાય છે. અધોગતિમાંથી જ્યારે ચામર ઉર્ધ્વગતિમાં પ્રયાણ કરે છે, ત્યારે જગતને જાણે કે સંદેશો પ્રદાન કરતા હોય કે હે ભવ્યાત્માઓ ! પરમાત્માના ચરણોમાં નમસ્કાર કરવાથી, તેમને શરણ થવાથી ચામરની જેવ તમારી પણ ઉર્ધ્વગતિ થાય છે.

૫. **આસન : 'જિમ જગપતિ સિંહાસન બેઠા,**

**તત્ ખીણ મોહ દીગંતે પેઠા.**

દેવવંદનમાલાની અંદર આવતી ઉપરોક્ત પંક્તિ પરમાત્માના સિંહાસન પર બેસવાની ઘટનાને સુંદર રીતે વર્ણવે છે. પરમાત્મા ભવ્યાત્માઓને દેશના પ્રદાન કરવા માટે જ્યારે સિંહાસન પર બિરાજમાન થાય છે, ત્યારે આખાય સંસાર પર નીડરતાથી રાજ કરનારો મોહમલ્લ પણ ડરપોક બનીને ખૂણા-ખાચરમાં સંતાઈ જાય છે. સુવર્ણમય અને કિંમતી રત્નોથી યુક્ત સિંહાસન પર બેસીને પ્રભુ દેશના આપે છે. કેવું એ દ્રશ્ય હશે ? તેની કલ્પના કરજો !

૬. **ભામંડલ** : પરમાતરક પરમાત્માનું અચિન્ત્ય તેજ સૂર્ય કરતા પણ વધારે તેજસ્વી હોય છે, સામાન્ય માનવ આ તેજપુંજને જોઈ નથી શકતો, પરમાત્માની પાછળ રહેલું ભામંડલ વધારાના તેજપુંજને સંહરણ કરે છે, ત્યારે સામાન્ય માનવને પ્રભુના દર્શન થાય છે, તેમને જોઇ શકે છે.

૭. **છત્ર** : ત્રણલોકોના સ્વામિત્વને સૂચવનાર આ છત્રત્રય પરમાત્માના મસ્તક પર બિરાજમાન હોય છે, ત્રણે ભુવનની જીવસૃષ્ટિ પરમાત્માને પોતાના સ્વામિ તરીકે ઓળખાવે છે. કેમ કે બીજા જીવોની ચિંત કરનાર, એક માત્ર નિષ્કારણ જે બંધુ છે, તે પરમાત્મા જ છે, દુનિયામાં કદચ એક બીજા જીવોની ચિંતા સ્વાર્થ ભાવે જરૂર થતી હશે પણ નિ:સ્વાર્થ ભાવે બીજાઓની ચિંતા કરનાર માત્ર તીર્થંકરના આત્માઓ જ હોય છે,

માટે આખુંય જગત પરમાત્ને શરણ્ય બનાવે છે.

૮. **પાદપીઠ** : પરમાત્માના કોમળ શ્રીચરણોને સ્થાપન કરવાની પીઠ તે પાદપીઠ છે, રત્નજડિત પાદપીઠ પર પગ સ્થાપન કરી પ્રભુદેશના આપે છે, પગમાં શોભી રહેલી સુંદર નખાવલિ અને સામુદ્રિક શાસ્ત્રોમાં બતાવેલ અનેક લક્ષણાથી યુક્ત તેમના પાદપીઠ પર ચરણો શોભી રહ્યા હોય છે.

આ આઠ પ્રાતિહાર્ય પરમાત્માની સાથે વિહાર કરતા હોય છે, જ્યારે ભગવાન્ એક પ્રદેશથી બીજા પ્રદેશ તરફ વિહાર કરે ત્યારે આ આઠે પ્રાતિહાર્ય આકાશમાં તેમની ઉપર ચાલતા હોય છે. ખરેખર ! પરમાત્મા ત્યારે તમોને જેમણે જોય હશે તે ધન્ય છે.

- જ્યારે દેવો પરમાત્માની આવી ભક્તિ કરતા હોય છે. ત્યારે પોતાની જાતને ખૂબ જ ધન્ય માને છે. આ દુનિયામાં નમન કરવા યોગ્ય પાત્ર આ એક જ છે, અમારી લબ્ધિ-શક્તિ- ઋધ્ધિનો સદ્ઉપયોગ પણ આ જ છે. જે શ્રી તીર્થંકર ભગવંતોના પ્રસાદથી એમને આ ઋધ્ધિ પ્રાપ્ત થઈ છે, તેનો સાચો ઉપકાર તો અમે ક્યારે વાળી શકીશુ તે અમને ખબર નથી, પણ ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ પરમાત્મા ! તમારા ચરણે અમારે ધરવી છે. એક દિવ્ય દુનિયાના દેવો, માનવલોકના અસાધારણ પુન્યના સ્વામિ મહામાનવી આવી ઉપાસના કરી રહ્યા છે, તે જીવદળ કેટલું ઉત્તમ હશે ?
- લોગસ્સ સૂત્રમા ''**ધમ્મતિત્થયરે જિણે**'' શબ્દ જ્યારે આવે ત્યારે, આપણું મસ્તક નમી જવું જોઈએ. ધર્મતીર્થની મહાન સ્થાપના આ પાંચમા આરામાં તરવાનું અનુપમ વહાણ છે, દુ:ખથી દોષથી, કષાયોથી ત્રસ્ત બનેલા આત્માઓને રાહત અને શાતા પહોંચાડનાર આ ધર્મતીર્થ સદાય જયવંતુ વર્તો !
- ભગવાન્ પાસે જઈને આપણે ઘણું માંગ્યું, હવે તેમની પાસે વ્રતોની માંગણી કરવી છે, સંસારના ભૌતિક પદાર્થોમાં હવે કોઈ રસ નથી, માત્ર એકાંતે સુખ આપનારી વિરતિનો જ હવે મને ખપ છે, આમ ક્યારેક તમે બોલતા થશો ?
- મોડા-વહેલા જ્યારે પણ ભવસાગારથી આપણે તરવાના તો વ્રતોથી જ તરવાના, ભલે અત્યારે તમને વ્રત બંધન લાગે, તેનાથી તમે કદાચ દૂર ભાગો પણ એક દિવસ જરૂર તમારે એના શરણે આવવું જ પડશે.
- **પરમાત્માના ચાર અતિશય :-**

**(૧) અપાયાપગમાતિશય :-** અપાયનો અપગમ થાય. પરમાત્મા જ્યાં પણ વિચારે ત્યાંના આસપાસના સવાસો યોજનના વિસ્તારમાં મારી-મરકી-રોગ-ઉપ્દ્રવ ઇત્યાદિ અનિષ્ટો ઉત્પન્ન ન થાય, થયેલા હોય તો નાશ પામે.

**(૨) પૂજાતિશય :-** પરમાત્મા બાલ્યવયથી આવ્યા છે, જે પરમાત્માને દેખે તેને પ્રભુની પૂજા કરવાનો ભાવ જાગે, તેમને જોઈને પૂજ્યત્વ ભાવ જેને પ્રગટે તે પૂજાતિશય છે.

**(૩) વચનાતિશય :-** પ્રભુની વાણી જાણે કે અમીરસનું પાણી હોય તેવું લાગે છે, ૩૫ ગુણોથી જે યુક્ત હોય છે, દરેક શ્રોતાન અમે લાગે કે ભગવાન મને જ કહી રહ્યા છે, પોતાના મનના સંદેહને ભાંગે છે, વળી, દરેક જીવને તમના ઉપાદાન મુજબ ચોક્કસ લાભ થાય છે.

**(૪) જ્ઞાનાતિશય :-** જન્મથી ત્રણ જ્ઞાનના સ્વામી હોય છે, ઉત્કૃષ્ટ કોટિનું તેમને અવધિજ્ઞાન હોય છે, બાલ્યવયમાં પણ જ્ઞાનના કારણે પ્રભુસાગર જેવા ગંભીર હોય છે. જન્મથી લઈને નિર્વાણ સુધીની તેમની બધી જ પ્રવૃત્તિઓ આદર્શપાત્ર હોય છે. જ્યારે પ્રભુ દીક્ષા ગ્રહણ કરે છે, ત્યારે મન:પર્યવ નામનું ચોથુ જ્ઞાન તેમને ઉત્પન્ન થાય છે, ત્યારપછી તેઓ આ સમગ્ર સૃષ્ટિ પર જ્ઞાનની હેલી વરસાવે છે.

- બાળ જીવો પ્રભુના અષ્ટપ્રાતિહાર્ય વિગેરે શોભાને જોઈને ભગવાનની મહાનતા આંકે છે. અરે ! તે તો પુદ્‌ગલ છે. હું તમને પૂછું છું કે, તમારે મન આંખનું મહત્ત્વ વધારે કે આંખે પહેરેલા ચશ્માનું, કાંડામાં સોનાનું કડુ પહેર્યું હોય, ભલે કિંમતી હોય, છતાંય મહત્ત્વ કોનું ? કાંડાનું કે સોનાના કડાંનુ ? તેમ ભલે રિધ્ધિ-સિધ્ધિ ને ઐશ્વર્ય પ્રભુના પુણ્યથી પ્રગટે છે પણ આપણે તો જ્યારે દર્શન કરીએ ત્યારે ત્યાં પ્રભુની ગુણમય પ્રભુતાના જ દર્શન કરવાના, અને તેની અંદર જ લીન બનવાનું.
- શક્રેન્દ્ર મહારાજ દ્વાર નિર્મિત શક્રસ્તવને તમે જ્યારે દેરાસરમાં બોલો ત્યારે ખરેખર ભાવ વિભોર બની જવાય તેવા એક-એક શક્રસ્તવના વિશેષણો છે-
  **'જિણાણં જાવયાણં'** સ્વયં વિષય કષાયોને જીતેલા છે અને બીજાઓને જીતાડનારા છે.
  **'તિણ્ણાણં તારયાણં'** સ્વયં તરેલા અને બીજાઓને તારવામાં સહાય કરનારા.
  **'મત્તાણં મોઅગાણં'** સ્વયં વિષય કષાયના બંધનોથી મુક્ત બન્યા છે અને બીજાઓને મુક્ત બનાવનાર છે.
  **'સવ્વનુણં સવ્દરિસિણં'** સર્વજ્ઞ છે. સર્વદશી છે તેવા તેવા વિશેષણોથી સંપન્ન એવા પરમાત્માને મારો નમસ્કાર થાવ, આવી રીતે ઇન્દ્ર પરમાત્માને સ્તવી રહ્યા છે.
- ભાગ્યવાનો ! હું તમને એકવાર દિલથી એલાન કરૂં છું કે ત્યાગમય વૈરાગ્ય અને વીતરાગતામાં જે સુખાનુભૂતિ છે, તેવી સુખનુભૂતિ બીજે ક્યાંય નથી, અનંત તીર્થંકરો અને કેવળીઓની યશોગથા ગાઇને ગયા છે તે ક્યારેય ય અસત્ય ન હોય.
- ખરેખર ! તમને જોતા મને એમ લાગે છે, કે જાનવર અને તમારા જેવા માણસોથી દુનિયામાં કોઈ જ ફરક દેખાતો નથી, જાનવરને એના જીવનમાં ખાવું-ઉંઘવું-ફરવું-રાખડવું ઇત્યાદિ મોહરંજક પ્રવૃત્તિઓમાં જ રસ છે.
- જેને ધર્મની લગની લાગે, એને ઉંમરની પણ દરકાર ન હોય, કુમાળપાળ મહારાજા ૬૦ વર્ષે વ્યાકરણ ભણવા બેઠા અને એવું સંસ્કૃત ભણ્યા કે યોગશાસ્ત્ર જેવા મહાન યોગમય

સંસ્કૃત ગ્રંથની તેમને રચના કરી. જે- આવું કઠિન વ્યાકરણ ભણી શકે, તો તમે એકાદ સૂત્ર ઇચ્છો તો કંઠસ્થ ન કરી શકો ? પણ તમને તો ઉંમરના બહાના કાઢતા બહું જ આવડે ને ! એમ કહો કે નાચવું જ નથી એટલે આંગણુ વાંકુ છે. એવા બહાના કાઢો છો !

- ભગવાનની સર્વોપરી એક જ આજ્ઞા છે કે તમે સહુ ભગવાન્ બનો ! તમારા આત્માને પરમાત્મા બનાવો !
- મોહાનો તીવ્ર ક્ષયોપશમ થાય ત્યારે પરમાત્માના તમને દર્શન કરવા ગમે, અથવા તો પરમાત્માના તમને દર્શન મળે.
- જિનમંદિરમાં ત્રણ વાર નિસીહિ કહીને તમે પ્રવેશ કરો છો તેનો અર્થ એ છે કે, હવે હું સંસારિક બધા જ સંબંધોને ત્યાગ કરીને પ્રભુમાં પ્રભુની પૂજામાં લીન બનીશ. પણ દેરાસારમાંય તમે સરખા ન હોય તેમ વર્તન કરો છો. આ બધામાં તમને દોષ લાગે છે.
- સંયમીના સુખો કરાતા ય દેવલોકના દિવ્યસુખોને જ્ઞાનીઓએ વામણા કહ્યા છે, સંયમી આત્મા માત્ર ૧ વર્ષના સંયમ પાલનમાં જે સુખ મેળવે છે તે પાંચ ગ્રેવેયકના સુખોને પણ અતિક્રાન્ત કરી જાય છે. પછી તો પાંચ અનુત્તર ઇત્યાદિના સુખોને પણ પાર કરી જાય છે, પણ તમાર મગજમાં આ બધી વાતો બેસે તેમ છે જ નહીં.
  ભુંડને સ્વર્ગના સુખોનું ગમે તેટલું વર્ણન કરીએ છતાંય તેને ગટરમાંથી બહાર આવવાનું મન ન થાય. તેવી હાલત તમારી છે.
- મરણ સમયે જીવને અમૃતવેલની સજ્ઝાયની સુંદર પંક્તિઓ સંભળવવામાં આવે છે.
  **'ચેતન જ્ઞાન અજુવાળીએ, ટાળીએ મોહા સંતાપ રે,**
  **ચિત્ત ડામડોળતું વાળીએ, કીજીએ સહજગુણ આપરે'**
  **અર્થ -** હે ચેતન ! હજુ પણ તું જ્ઞાનને ઉજગર કર ! મોડું નથી થયું, મોહ સંતાપને દૂર કર, શોકાવેશમાંથી બહાર નીકળ. મોહના કારણે તારા ચિત્તમાં જે ડામાડોળપણુ પેદા થયું છે, તેને દૂર કર ! અને સમાધિમાં આવ. તાર સ્વાધીન સહજ ગુણોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કર !
- સ્વાધ્યાય કરવાના પાંચ પ્રકારો આપણે ત્યાં બતાવવામાં આવ્યા છે.

  ૧. **વાંચના -** સૌ પ્રથમ ગુરૂ પાસેથી નવું સૂત્ર ગ્રહણ કરવું તે વાંચના છે.

  ૨. **પૃચ્છના -** તેમાં તમને કાંઈ ન સમજાય તો ગુરૂ પાસે જઈને તે પદાર્થની પૃચ્છા કરવી તે પૃચ્છના છે.

  ૩. **પરાવર્તના -** ગ્રહણ કરેલ સૂત્રાર્થને પુનઃ પુનઃ યાદ કરવા કે પુનરાવર્તન કરવું તે પરાવર્તના છે.

  ૪. **અનુપ્રેક્ષા -** ગ્રહણ કરેલ સૂત્રાર્થનું ગાઢ ચિંતન કરવું, તેના ઊંડાણમાં જવું તે

અનુપ્રેક્ષા છે.

**ધર્મકથા :-**

સૂત્રાર્થ બરાબર ગ્રહણ થઈ ગયા પછી બીજા ધર્માત્માઓ-શ્રોતાઓ ઇત્યાદિની સામે સૂત્રાર્થનો વિનિયોગ કરવો તે ધર્મકથા છે. જેનાથી જ્ઞાન ઠોસ અને વૃધ્ધિગત થાય છે.

- કામવાળી કપડા ધુએ, વાસણ ધુએ, કે ઘરની સફાઈ કરે, ત્યારે તના મનમાં વેઠ ઉતારવા સિવાય બીજું કાંઇ નથી હોતું, પણ ઘરની વ્યક્તિ, ઘર સફાઇ ઇત્યાદિ કામો કરે તો કેટલી ચીવટ અને સફાઇપૂર્વક કામ કરે. તેવી રીતે આત્મસાધના કરવા માટે સ્વયં સફાળો જાગે, અને સ્વયં જીવન જીવવા માટે પુરૂષાર્થ કરવાની ભાવના જાગે તો તત્કાળ મોક્ષસ્થાને સાધી શકે. બીજાઓ પ્રેરણા કરીને કેટલી કરે, જો તમને આત્મહિત સાધવાની કાંઈ પડી જ ન હોય તો.
- **મન :સ્થિતિ અને પરિસ્થિતિ :**

  પરિસ્થિતિ પર મન :સ્થિતિ આધારિત ન હોવી જોઈએ, જીવ જ્યાં સુધી નબળો હોય છે, ત્યાં સુધી પરિસ્થિતિ આધારે તેની મન :સ્થિતિ ચાલતી હોય છે. પણ જીવ જ્યારે બળવાન બને છે ત્યારે મન :સ્થિતિના આધારે પરિસ્થિતિ ચાલે છે, માટે મન :સ્થિતિન બળવાન બનાવો તો પરિસ્થિતિ આપોઆપ બળવાન બની જાય છે. પછી પરિસ્થિતિની રાહ જોઈને બેસી રહેશો તો મન :સ્થિતિ ક્યારેય બદલવાની નથી.
- લોગસ્સ સૂત્રમાં **વિહુયરયમલા પહીણ જરમરણા'** આ પદ દ્વાર તીર્થંકર પરમાત્માઓની ગણધરો ભગવંતોએ અદ્‌ભૂત રહાસ્યમય સ્તુતિ કરી છે,

  કર્મરજથી જે રહીત થયા છે અને જેના કારણે જન્મ-મરણથી પર બન્યા છે, એવા તીર્થં કરો મારા પર પ્રસન્ન બનો, અને સિધ્ધિપદને આપો !
- એક ચીજ નક્કી છે કે માંગવાથી મોક્ષ પણ મળે. એક કુતરૂ કટકા રોટલા માટે તમારી પાછળ દશ આંટા મારે તો તમને તેને બિસ્કીટ નાંખવાનું મન થઈ જાય ને ! જો મહાદૃઢ મનોબળ માનવજાત મોક્ષની આંકાક્ષા પેદા કરે તો તેને મોક્ષ ન મળે ? અરે ! સુતરામ તેને મોક્ષ મળે જ પણ તમે માંગો છો જ ખોટી વસ્તુને ! તમને મિથ્યાત્વનો પરિણામ હોવાથી, ત્યાગના સુખ કરતા ભોગનું સુખ વધારે પસંદ પડતું હોય તેમ લાગે છે. માટેસ્તો તે ભોગસુખને મેળવવા તમે કોની કોની પાસે નથી જતા ! શું જાહેરમાં તમારી પોલ ખોલું ? કે બાંધી મુઠી લાખની ? તમારા જીવનમાં તમારા ભગવાન, તમારા દેવ અને તમારા ગુરૂ માટે તમને કેટલી વફાદારી છે ? તેનો હૃદય પર હાથ મૂકીને જવાબ આપી શકો ? ના, તમે ન આપી શકો. કારણ કે આ ત્રણે તત્ત્વો સામે તમોએ આજ સુધી ઘણી બેવફાઇ આચરી છે, તમારો આત્મા તેના પ્રત્યક્ષ સાક્ષી છે.
- પરમાત્માને સાચા દિલથી પ્રાર્થના કરો કે, ભગવાન જન્મ એવો આપ કે બીજી વાર મારે જન્મ ન લેવો પડે અને મૃત્યુ એવું આપ કે ફરીવાર મને મૃત્યુ લેવું ન પડે. બસ ! હવે

મારા જીવનમાં જન્મ અને મરવાની માત્ર અંતિમ પળોનો જ ઉદય થાય, તેવું હું તમારી પાસે માંગુ છું, જે તમારા સિવાય બીજા કોઈ જ વ્યક્તિ કે શક્તિ મને આપી શકે તેમ નથી, માટે જ તમારી પાસે હું માગું છું.

- ઘણા લોકોની પાસે થોડી શક્તિ આવી જાય કે ઘમંડનો કોઈ પાર નથી હોતો, પણ તેમને ક્યાં ખબર છે આ ઘમંડ તમારૂં ઘમંડ પણ ત્યાં સુધી ટક્યું છે, જ્યાં સુધી તમારી પુન્યાઈ છે, પુન્યાઈ હોવાથી હજારો હાથોને તમને સાથ મળી ગયો છે, તમને જે સાથ છે, તેના કારણે તમે મહાન છો, તે ન ભૂલતા.
  કોઈક કવિએ સુંદર મજાની પંક્તિઓ ગાઈ છે.
  **'દરિયો કહે છે મારામાં પાણી અપાર છે,**
  **દરિયાને ક્યાં ખબર છે કે નદીનું ઉધાર છે.'**
  બસ ! આ જ પરિસ્થિતિ અભિમાન કરનારી વ્યક્તિની છે, આમે ય અભિમાન નામનો દોષ એવો છે કે તે વાસ્તવિક્તાથી જીવને અજાણ રાખે છે.

- વિશ્વનો ગમે તેટલો શ્રીમંત હોય તો પણ તે ભિખારી છે કારણ કે તેની પાસે વ્રત નામને રત્નો નથી. જ્યારે વ્રત નામનો રત્નો જેની પાસે છે, તે દુનિયાની દૃષ્ટિએ ગમે તેટલો ગરીબ હશે, પણ જ્ઞાનની દૃષ્ટિએ તે સૌથી મોટો અમીર છે, આ વાત આરસની તકતી પર લખી રાખજો !
  - હે જીવ ! તું ગુણોની પાછળ પાગલ બનીશ, તેની પાછળ દોડીશ તો તને ગુણો મળશે અને પુદ્‌ગલ એવા જડની પાછળ દોડીશ તો તને જડ મળશે. શું જોઈએ છે તે તું નક્કી કરી લે.

- હે જીવ ! તું અનંત કાળ સુધી પુદ્‌ગલના અનંતા સુખને ભોગવી આવ્યો. છતાં હજુ તને ધરપત કેમ નથી ! મારી દૃષ્ટિએ મને દુનિયાની આ અગ્યારમી અજાયબી લાગે છે કે, કેમ જીવને સંતોષ નહીં થતો હોય ?

- હજારો તીર્થંકરો ભેગા થઈને પણ જો દેશના આપે, અરે ! જોરદાર અસરકારક દેશના આપે તો પણ જીવનું ઉપાદન નબળુ હોય તો કોઇ જ અસર ન થાય. તમે-અમે એકવાર નહિ, અનેકવાર તીર્થંકરની દેશના સાંભળી પણ ઉપાકાન અનુકૂળ નહોતું, જેથી આપણને કોઈ જ અસર ન થઈ.

- ઉપાદાન નબળુ અને બળવાન નિમિત્તો હોય તો પણ નિમિત્તો તેની સામે ફેઈલ છે. હજુ ઉપાદાન બળવાન અને નિમિત્તો નબળા હોત તો કાર્યસિધ્ધિ થઈ જાય.

- તમે હીરા જેવા બનો, હીરો જ્યાં જાય ત્યાં પોતાના ઝળકાટને ફેલાવીને આવે, તે પોતાની ઝળકાટની ગુણવત્તાને લીધે લોકમાં વર્ચસ્વ જમાવે છે. તમે પણ જ્યાં જાઓ ત્યાં તમારા ગુણોનો ઝળકાટ યથાવત્ રાખો, નબળા નિમિત્તોની અસર ઝીલી અને ઝળકાટ ગુમાવવાનું કામ ન કરો.

- કરોડો જીવોની કતલની સામે ઉત્સૂત્રભાષણનું પાપ સૌથી મોટું પાપ છે, કેમ કે તેનાથી અનંતજીવો અસંખ્યવાર કતલના માર્ગે ચાલ્યા જાય, માર્ગ ભ્રમિત થઈ જાય, માટે ઉપદેશની ઘણી મોટી જવાબદારી છે.
- ધ્યાનસિધ્ધ, અધ્યાત્મયોગી, સ્વર્ગીય પરમતારક ગુરૂદેવ શ્રી રાજેન્દ્રસૂરીજી મહારાજા પોતાના જીવનમાં ૭૨ ઉપવાસનો ઉગ્ર તપ તપી, તેમાં સવા કરોડ મંત્રનો જાપ કરવાનું અપ્રતિમ અનુષ્ઠાન કરેલું. ભગવાન વાસુપૂજ્ય- સ્વામીજીની પાસે આ આરાધના કરેલી, તેના પ્રભાવે અનેક પ્રશ્નોના જવાબ તેમને અનાયસે મળી જતા.
- ક્યારેય પણ એવું ન માનશો કે જે દેખાતું નથી તેનું આ દુનિયામાં અસ્તિત્વ જ નથી. આ ખોટી વાત છે, વિશ્વની અંદર બે જાતના પદાર્થો છે, એક તો જોઈ શકાય તેવા અને બીજા ન જોઈ શકાય તેવા અદૃશ્ય. આ અદૃશ્ય પદાર્થો માત્ર અનુભૂતિ વિશેષથી જાણી શકાય, જેવી રીતે આત્મા, આત્માના જ્ઞાનાદિ ગુણો, બુધ્ધિ વિગેરે અનુભૂતિનો વિષય છે.
- જેમને પણ અધ્યાત્મના માર્ગમાં આગળ આવવું છે, તેમને શરીરની લાલસા છોડી દેવી જોઈએ અને આત્માને કેન્દ્ર બનાવવો જોઈએ, આત્માને કેન્દ્રમાં રાખીને ચાલનારા વ્યક્તિ, અધ્યાત્મની મંજીલ જરૂર મેળવીને રહેશે.
- ધર્મના બે પ્રકારના ફળો છે, ધર્મ કરતા તરત જ ફળ મળે ત પ્રથમ ફળ અને ધર્મ કર્યા પછી જે પુન્યોદય વિગેરે દ્વારા ફળ મળે તે પારંપરિક ફળ, ધર્મસાધના કરનાર વ્યક્તિને જેવો ધર્મ કરે એટલે તરત જ મનની પ્રસન્નતા વિગેરે ફળ તેને મળવા માંડે બાકી તેના પ્રભાવે પુન્યના ઉદયાદિને કારણે ભૌતિક પદાર્થોની પ્રાપ્તિ સ્વરૂપ ફળ મળે તે તો અલગ જ ચીજ છે.
- અધ્યાત્મયોગી શ્રી યશોવિજયજી મહારાજાએ તેમની સ્તવન ચોવીસીમાં એક સુંદર મજાની પંક્તિ બનાવી છે, **'અંખિયા દરિશન કી હૈ પ્યાસી'**. આંખોમાં દરિસનની પ્યાસ-તલપ દેખાઈ રહી છે, આ પ્યાસ પરમાત્માના દર્શન કરવા તરફ આગળ વધે છે, તે વખતે એક એક શબ્દોની જે રચના થાય છે, તે ખરેખર અદ્‌ભૂતાર-અલૌકિક છે.
- ભક્તની એક પ્રતિજ્ઞા છે, જોવા છે ફક્ત પ્રભુને !
- જેને પ્રભુ મિલનની પ્યાસ નથી જાગી તેને સદ્‌ગુરૂ જગાવે છે,
- પ્રભુની અનુપસ્થિતિમાં સદ્‌ગુરૂને જ પ્રભુતુલ્ય માનવાના છે.
- ભગવાનની આગળ ભક્ત સાકર જેવો છે, ભજન-પ્રવચન રૂપી ચમચીથી તેને હલાવતા પરમાત્મારૂપ પાણીને અંદર ભક્તરૂપ સાકર ઓગળી જાય છે.
- બીજાઓના દુ:ખ-દોષો જોઈને તમને આનંદ થતો હોય તો તમે તામસી વૃત્તિના છો અને બીજાઓના ગુણો અને સુખ જોઈને તમને આનંદ થતો હોય તો તમે સાત્વિક

વૃત્તિના છો, તમારી જાતને તમે પરખો કે તમે કઈ વૃત્તિના છો !

- તમારી પાસે કેટલું છે, તેના કરતા પેલા પાસે કેટલું છે, તે જાણવામાં જ તમને રસ હોય છે અને આ રસમાં જ તમો ઓગળીને અડધા થઇ જતા હો છો.
- મહામુનિ નંદિષેણે વેશ્યાને ત્યાં રોજના દશને પ્રતિબોધ પમાડવાનો નિયમ ગ્રહણ કરેલો, જો ન થાય તો અન્ન પાણીનો ત્યાગ અને ઉપવાસ કરવાનો, જો હું આવે કોઈ નિયમ ધારણ કરીને તમારી વચમાં બેસું તો મારે કેટલા માસક્ષમણ થાય ?
- તમે બધા Future planing વાળા છો. જેને ખરેખર Future planing કરવું છે તે તો અહીં એવી કરણી કરે કે આવતો જનમ મહાવિદેહ ક્ષેત્રમાં લઈ ૭ વર્ષની ઉંમરે દીક્ષિત થઇ, ૯ વર્ષે કેવલજ્ઞાન અને પછી આયુષ્ય પર્યન્તે તરત મોક્ષ. આમ 'ચટ મંગની ને પટ સાદી' કરવી હોય તો અત્યારથી તૈયારી કરવી જોઈએ.
- કોઈ ભક્ત દેરાસરમાં ભગવાનની સામે ભાવવિભોર બનીને ભક્તિગીતની કડીઓ લલકારતો હતો. **'શીવગામી ભવથી ઉગારજો'** તે વખતે કોઈ ગુરૂ મ.સા. આ દૃશ્ય જોતા હતા. તેમને થયું કે ભગવાન પાસે, આટલી ભક્તિભાવથી શિવપદની માંગણી કરે છે તો શિવપદ અપાવવા તેને હું મદદ કરૂં. ભક્ત ભક્તિ પૂર્ણ કરીને દેરાસરમાંથી બહાર નીકળ્યો, પેલા ગુરૂ મ.સા.એ તેને ઓઘો બતાડયો, પેલો ગાંડો ભગત ઓઘો જોઈને ભાગી ગયો. જો કે ગુરૂ મ.સા. બધું સમજી ગયા કે, આ તો મોંઢાના ખાલી વેણ હતા, હૈયાની ભાવના કાંઈક જુદી હતી, ભાગ્યવાનો ! તમે આમાંના નથી ને !
- કેવલજ્ઞાન જોઈએ, મોક્ષ જોઈએ, તેના સુખો જોઈએ પણ દીક્ષા ન જોઈએ. આ કઈ ટાઈપનો શોર્ટકટ છે, ભાગ્યવાનો ! તમે મને સમજાવશો ?
- ચક્રવર્તી ભરતની વીંટી અરીસા ભુવનમાં પડી ગઈ, પછી એમણે શું કર્યું ? અને પ્રભાવનાનો સિક્કો તેની જેમ નીચે પડી જાય તો તમે શું કરો ? સમજી ગયા ? તમને તમારા અરીસા ભુવનમાં કેવળજ્ઞાન કેમ નથી થતું ?
- ઇલાચીકુમાર ધનવાન શ્રેષ્ઠિનો રૂપવાન દીકરો છે. નગરમાં નટુડીનો નાચ જોતા, તેના શરીર પર ઓળઘોળ થઈ ગયો, તે નટડીને મેળવવા માટે, તેના માલિક પાસે જઈને રસ્તો માંગે છે, માલિકે તેન પોતાના જેવો નટખેલ શીખે તો તેને નટડી આપે તેમ કહ્યું. તે વખતે ઇલાચીકુમાર તેમ કરવા તૈયાર થાય છે. મા-બાપ-સ્વજનો ઘણા સમજાવે છે પણ નટડીના મોહે તે વશ થઇ ગયો, નગર-નગર, ગામ-પરગામ નટનો ખેલ કરવા જાય છે. એકવાર રાજાને રીઝવવા દોરડા પર ચડી નૃત્ય કરી રહ્યો છે. તે વખતે કોઈક મુનિરાજ પદ્મિની સ્ત્રીના હાથે સુગંધી મોદક વોહરી રહ્યા હતા, તે દૃશ્ય તેના હૃદયનું પરિવર્તન કરનારૂં બની ગયું. પેલી પદ્મિની સ્ત્રી સુગંધી મોદક લેવા માટે મુનિરાજને લો...લો કહી રહી છે, તે વખતે મુનિરાજ નયનને નીચા ઢાળીને ના...ના. કહી રહ્યા છે.

બસ ! તે વખતે ઇલાચીનું આત્મપરિવર્તન થાય છે. પોતાની જાત પર ધિક્કાર-તિરસ્કારનો ભાવ જાગી ઉઠે છે, ક્યાં આ મુનિ ! અને ક્યાં હું ?....ક્યાં આ નટડી ? અને ક્યાં પેલી પદ્મિની સ્ત્રી ? અને છતાં તેમનાં આત્મામાં કેટલી પવિત્રતા ? ઇલાચીનો આત્મા શક્લધ્યાનની ધારામાં લીન બન્યો, ત્યાં જ ઘાતીકર્મના ભુક્કા બોલાયા, ઇલાચીને દોરડા પર કેવલજ્ઞાન થઈ ગયું, આકાશમાંથી દેવો આવ્યા સાધુવેષ સમર્પિત કર્યો. એક સામાન્ય સાધ્વાચારની આ તાકાત ! વિચારો ! જો માત્ર ચોખ્ખુ સાધુ જીવન પણ પાળે તો વગર વ્યાખ્યાને કેટલાય જીવો પ્રતિબોધ પામી જાય.

- ગીતાના ઉપનિષદમાં શ્રી કૃષ્ણે અર્જુનને ઉપદેશ આપતા કહ્યું છે કે **'કર્ણમ્યે વા અધિકારસ્ય'** હે અર્જુન ! કર્મ કરવાનો તારો અધિકાર છે, પરિણામ જોવાનો અધિકાર નથી, કારણ કે હજારો નિરાશાઓમાં એક આશા જરૂર છૂપાયેલી હોય છે.
- ભૂખ્યા માણસને ખાવાનું ન મળે અને ઉપવાસ કરે, જ્યારે તપની ભાવનાની છતી વસ્તુઓ ઉપવાસાદિનો તપ કરે, આ બંનેમાં કોણ ચડે ? સીધી વાત છે જે ભાવનાથી તપાદિ કરવામાં આવે, તે જ કર્મનિર્જરાના ફળને પામે છે.
- જુના જમાનાના જયણા પ્રધાન જીવન જીવનારા વડવાઓ કહેતા હતા કે પાણી ઘીની જેમ વાપરવું, અને ઘી પાણીની જેમ વાપરવું જોઈએ.
- આજે તો જમાનો એવો આગળ વધ્યો છે કે ન્હાવા માટે એકાદ બાલ્ટી પાણી ન ચાલે, ન્હાવા માટે સાવર જોઈએ, આવા લોકોને પરલોકમાં માછલીનો અવતાર આવે.
- સૂત્રની નજરથી ચૌદ સ્વપ્ન.

૧. **ગજવર :** પુરૂષોમાં ગંધ હસ્તિ સમાન
૨. **ઋષભ :** ધર્મરથના સારથી
૩. **કેશરીસિંહ :** પુરૂષોમાં સિંહ સમાન
૪. **લક્ષ્મીદેવી :** શિવમયલરૂપ શિવ-અચલ એવી લક્ષ્મી પામવી.
૫. **સુગંધી પુષ્પની માળા :** વ્રતરૂપી સુગંધથી યુક્ત
૭. **સૂર્ય :** દ્વાદશાંગીરૂપ તેજસ્વી કિરણની પ્રસ્તુતિ
૮. **ધજા :** આયુષ્ય ક્ષણભંગુર છે તેની દેશના આપનાર
૯. **કળશ :** જ્ઞાન-દર્શન ચારિત્રરૂપ અમૃતરસને ધારણ કરનાર
૧૦.**ક્ષીરસાગર :** સાગર જેવા ગંભીર
૧૧. **રત્નાકર :** શમ-વિવેક-સંવર યુક્ત
૧૨. **દેવવિમાન :** જગત માટે સાર્થવાહ સમાન
૧૩. **રત્નનો ઢગલો :** આત્મગુણોરૂપ રત્નનો ઢગલો
૧૪. **નિર્ધૂમ અગ્નિ :** કેવલજ્ઞાનરૂપ અગ્નિનો પ્રદીપ

- જેને પણ સ્વિમિંગ પુલમા સ્વિમિંગ કરવાની ઇચ્છા થતી હોય તેને મોટે ભાગે આવતા ભવમાં જળચર પ્રાણી તરીકે દરિયામાં ઉત્પન્ન થવાનું લખાયેલું હશે.
- તમે જેટલી અનુકુળતાઓ ભોગવો છો, તેટલો આત્મબળનો નાશ કરો છો, પ્રતિકુળામાં આત્મબળનો વિકાસ અને અનુકુળતામાં આત્મબળનો નાશ છે.
- જગત સુધારવામાં તમારૂં કાંઈ નથી વળવાનું, જાત સુધારવાનું કામ કરો ! તો જલ્દીથી કલ્યાણમાર્ગને પામશો.
- દુન્યવી દુઃખો ઉપર તો બધાને વૈરાગ્ય છે. પણ આ તો એક ભાગનો વૈરાગ્ય કહેવાય, બીજો ભાગ પણ વૈરાગ્યથી વાસિત થવો જોઈએ અને જે છે સંસારના સુખો.
- સંસારના કહેવાતા સુખો પર જેને વૈરાગ્ય થાય, તે તત્ત્વને પામ્યો છે, તેમ કહેવાય, જેને સુખોની બ્લેક સાઇડ પણ નજરમાં આવી ગઈ છે, તે સૂક્ષ્મ બુધ્ધિશાળી મનુષ્ય કહેવાય.
- દેવગતિમાં રહેલા જીવ કરતાં મનુષ્ય વધારે મહાન છે, કારણ કે પાંચ ઇન્દ્રિયથી પરિપૂર્ણ શરીર અને સાથે વિચાર કરી શકે,અને આચાર પાળવા તૈયાર થઈ શકે તેવું મન મળ્યું છે.
- પાંચે ઇન્દ્રિયના સુખોમાં સૌથી વધારે આકર્ષણ આ જીવને સ્પર્શેન્દ્રિયના સુખનું છે, મને લાગે છે કે સ્પર્શેન્દ્રિયમાં જ સૌથી વધારે કાળ આ જીવે વીતાવ્યો છે, માટે એ સુખોનું વધારે ઘેલું છે, હા ! જો એ સુખો નહિ છૂટે તો ફરીથી સ્પર્શેન્દ્રિયમાં જવાનો વારો આવે, શુધ્ધ બ્રહ્મચર્યના પાલનથી જીવને ક્યારેય એકેન્દ્રિયરૂપ સ્પર્શેન્દ્રિયમાં જન્મ લેવો ન પડે.
- આહાર-ભય-મૈથુન-પરિગ્રહ આ ચાર સંજ્ઞા જીવને અનાદિકાળથી ચુડેલની જેમ વળગેલી છે. જેના કારણે જ ચારગતિમાં તેનું પરિભ્રમણ છે.
- આ જીવનો એકેન્દ્રિયપણામાં જેટલો કાળ ગયો તેના અનંતમાં ભાગનો કાળ પણ પંચેન્દ્રિયમાં નથી ગયો. અર્થાત્ દીર્ઘકાળ આ જીવનો એકેન્દ્રિયમાં જ પસાર થયો.
- ૭મી નરક કરતાં પણ વધારે દુઃખદાયી એકેન્દ્રિયની ગતિ છે, ૭મી નરક કરતાં પણ વધારે પાપ કરનારા આત્માને એકેન્દ્રિય ગતિમાં જવું પડે.
- આજે દુનિયામાં જે વેપાર ચાલી રહ્યા છે, તે બધા પ્રાયઃએકેન્દ્રિયના મડદાના વેપાર છે, તમે જે હીરાનો વેપાર કરો છો, તે પૃથ્વીકાયના પથ્થરનું એક મડદુ છે.
- ઘણા લોકોને એમ થાય કે આટલું સાંભળ્યા પછી પણ પરિવર્તન નથી આવતું, તો હવે સાંભળવાનું છોડી દેવું જોઈએ કેમ કે ખોટો ટાઇમ વેસ્ટ કરીને શું ફાયદો ? અરે ! આવો વિચાર ક્યારેય નહિ કરવાનો, શાસ્ત્રોમા લખ્યું છે કે **'શ્રુતં હન્તિ પાપાનિ'** માત્ર સાંભળેલું પણ અનંત જન્મના પાપોને હણી નાખે છે, ક્યારેક તો આ આત્માન ક્લીક થશે ને ! માટે રોજ શ્રવણ કરવું જોઈએ, હકીકતમાં તો શ્રવણ કરે તે જ શ્રાવક કહેવાય ને !

*જિનાજ્ઞા વિરુધ્ધ કંઇપણ લખાયું હોય તો તેનું ત્રિવિધે-ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્ માંગુ છું.*

। શિવ મસ્તુ સર્વજગતઃ ।

। શુભં ભવતુ સર્વજગતઃ ।

। કલ્યાણં અસ્તુ સર્વજગતઃ ।

OOOOOOOOOOO